અનાદિ મુક્તરાજ સ. ગુ.

# શ્રી તદ્રૂપાનંદ સ્વામીની નિત્ય સ્મરણીય વાતો

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૧૨

આદ્ય સંસ્થાપક : અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

નારણપુરા, અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નોઃ**

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ- સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતારહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# અનાદિ મુક્તરાજ
# સ. ગુ. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની
# નિત્ય સ્મરણીય વાતો

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

(૧૨)

આદ્ય સંસ્થાપક : અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**
**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**
**❋ પ્રકાશન સમિતિ ❋**
*: પ્રેરક - માર્ગદર્શક:*
**❋ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ❋**


© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

*દ્વિતીય આવૃત્તિ*
પ્રત : ૨૦૦૦
૧૯૯૯, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૫ મહા વદ અમાસ

*સેવા મૂલ્ય* : રૂ. ૨૦/-

*પ્રકાશક :*
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

*મુદ્રક :*
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

## ભગવાનના લીલા-ચરિત્રો

'જેને ભગવાનની મૂર્તિ અંતરમાં[1] અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને[2] જે જે અવતારે[3] કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી, ને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેને સાથે હેત રાખવું ને એ સર્વેને સંભારી રાખવા. તે શા સારુ જે કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય તોપણ ભગવાને જે જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે ને તે જીવ મોટી પદવીને પામે ને ઘણું રૂડું થાય.'

-ભગવાન શ્રી સ્વામિનારાયણ

(ગઢડા પ્ર. પ્ર. ૩)

૧. અંતરમાં = અંતઃકરણમાં.
આત્માને વિષે શ્રીજીમહારાજની તેજોમય ને સમગ્ર મૂર્તિ અખંડ દેખતા હોય તેને લીલા સંભારી રાખવાનું કહ્યું નથી, પણ અંતઃકરણમાં મૂર્તિ દેખાતી હોય ત્યાં સુધી મૂર્તિ ભૂલી જવાનો સંભવ છે, માટે લીલા સંભારે તો મૂર્તિ સાંભરી આવે.

૨. ભગવાનની મૂર્તિ = શ્રીજીમહારાજની મૂર્તિ.

૩. અવતાર = શ્રીજીમહારાજની સાથે આવેલા સિદ્ધ મુક્તો.

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા **શ્રી સ્વામિનારાયણ** ભગવાનના આદર્શ તત્ત્વજ્ઞાનને સમજાવનારા, એ દિવ્ય સ્વરૂપની સર્વોપરિતા સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા-આ રીતે સમગ્ર માનવકુળ પર મહદ્ ઉપકાર કરનાર


પરમ કૃપાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત.



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા



અનાદિ મુક્ત સદ્ગુરુ શ્રી તદ્રૂપાનંદ સ્વામી

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત -સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી,

આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સંવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ -સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

સ.૨૦૪૨, શ્રીહરિ જયંતી — નારાયણભાઈ ગી. ઠક્કર

એપ્રિલ ૧૮, ૧૯૮૬ — સ્થાપક પ્રમુખ

અમદાવાદ — શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# નિવેદન

'સર્વજીવહિતાવહ ગ્રંથમાળા'ના આ ૧૨માં પ્રકાશનની તૃતિય આવૃત્તિ સમગ્ર સત્સંગ અને મુમુક્ષુવર્ગ સમક્ષ રજૂ કરતાં શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન હર્ષ અનુભવે છે, કારણ કે સ. ગુ. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતોનો ગ્રંથ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં આત્યંતિક મોક્ષકારી ચરિત્રો અને પરાવાણીથી ઉભરાય છે. અનુભવજ્ઞાનનું વર્ણન કરતું આ સુંદર પુસ્તક છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વમુખે ગઢડા મધ્ય પ્રકરણના ૫૮મા વચનામૃતમાં કહે છે કેઃ "પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તે જ પાછલે દા'ડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે." ભગવાને જેમને આવું સાહિત્ય સર્જવાની આજ્ઞા કરી હતી તે મુક્તસ્વરૂપ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને પણ શ્રીહરિએ એક સમયે 'શાંતિ થવાના ઉપાય' તરીકે ભગવાનનાં લીલા-ચરિત્રોનું શ્રવણ-મનન આદિ કરવાનું કહ્યું હતું. આત્મનિષ્ઠ મુક્તસ્વરૂપ સદ્‌ગુરુ સ્વરૂપાનંદ સ્વામીને પણ દેહના મંદવાડમાં 'શાંતિ થવાના ઉપાય' તરીકે ભગવાનનાં ચરિત્રોનું સ્મરણ-મનન કરવા સૂચવ્યું હતું, જેથી જીવની વૃત્તિ પ્રતિલોમ થઈ ભગવાનના દિવ્ય સાકાર સ્વરૂપમાં જોડાઈ જાય.

આ પુસ્તકની વિશિષ્ટતા એ છે કે એમાં સળંગપણે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પાવનકારી ચરિત્રોની સરવાણી વહે છે. શ્રીહરિ સત્સંગમાં ૨૮ વર્ષ, ૫ માસ અને ૨૭ દિવસ સતત વિચર્યા છે. એ વિચરણની કથા શ્રી વચનામૃત, ભક્તચિંતામણિ, શ્રીહરિલીલામૃત, શ્રી પુરુષોત્તમલીલામૃત સુખસાગર ઇત્યાદિ વિવિધ ગ્રંથોમાં લખાઈ છે. એક રાતના વિસામાથી વધુ રહેવાની પ્રકૃતિ ન હતી જેમની એવા પ્રતાપસાગર શ્રીહરિ સત્સંગ સમસ્તમાં ગામડે ગામડે, ઘેર ઘેર ફર્યા છે અને જડ જગતમાં ચૈતન્યની મહાન ગંગા સ્વયંસ્ફૂરિત કરી છે; એ આધ્યાત્મિક જગતનું આશ્ચર્ય છે.

શ્રીજીએ મહાપવિત્ર ધામ મુળી જેને સત્પુરુષોએ બદ્રિકાશ્રમ તુલ્ય કહ્યું છે તેને પોતાના નિવાસથી, કૃપામય આશીર્વાદોથી, લીલાચરિત્રોથી, જ્ઞાનોપદેશથી અને વિશેષે કરીને શ્રી રાધાકૃષ્ણ-હરિકૃષ્ણ મહારાજને પધરાવી અક્ષરધામ તુલ્ય કરી દીધું છે. તેવી જ રીતે ઝાલાવાડ પ્રદેશમાં ગામડે ગામડે શ્રીહરિના વિચરણથી હળવદ, ધ્રાંગધ્રા, મેથાણ, તાવી, દેવળિયા, લીંબડી, કંથારિયા ઇત્યાદિ ગામો ચિરઃસ્મરણીય ને અહોભાગી બની રહ્યાં.

આવી મોંઘામૂલી વાતોરૂપી પ્રસાદ આ પુસ્તકમાં પ્રકાશિત થઈ રહ્યો છે, જે કવિવર્ય મુક્તસ્વરૂપ સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીના પટ્ટશિષ્ય સ. ગુ. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની કૃપાનું અને તેમના દયાળુ સેવક બ્રહ્મચારી કરુણાનંદજીના પરિશ્રમનું પરિણામ છે. સ. ગુ. તદ્રૂપાનંદ સ્વામીએ સત્સંગ સમસ્તના લાડીલા અને શ્રીજીના પ્રિય એવા 'બ્રહ્મમુનિ'નો ચીલો ઉજ્જવલ રીતે જાળવી રાખી સમસ્ત સત્સંગ ઉપર મોટો ઉપકાર કર્યો છે.

એ જ રીતે સ. ગુ. શ્રી તદ્રૂપાનંદ સ્વામીના શિષ્ય સ. ગુ. શ્રી રાધામનોહરદાસજીએ સાચવી રાખેલો આ દિવ્ય ગ્રંથ, તેમના સમર્થ વિદ્વાન શિષ્ય સ. ગુ. પુરાણી ધર્મકિશોરદાસજીને સોંપ્યો, જે આ પ્રકાશનમાં પરિણમે છે. સ. ગુ. સ્વામી પુરાણી ધર્મકિશોરદાસજીએ સંવત્ ૧૯૪૨માં ધ. ધુ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજના હસ્તે સાધુપણાની દીક્ષા લીધેલી. સ્વામીશ્રી આશરે ૯૫ વર્ષ સુધી પોતાની અનેકવિધ સેવાઓથી શ્રી રાધાકૃષ્ણદેવને, હરિકૃષ્ણ મહારાજને રાજી કરી મુળી મુકામે અક્ષરધામ નિવાસી થયા હતા. સ્વામીશ્રીના પરિચયમાં આવેલાને લાગ્યા વિના રહેતું નહિ કે સ્વામીશ્રી સત્સંગની મોંઘી મૂડી હતા, જ્ઞાનની એક ખાણ હતા, એક મહાન વિભૂતિ હતા.

આ ગ્રંથની મૂળ હસ્તલિખિત પ્રતને સ. ગુ. પુરાણી ધર્મકિશોરદાસજીએ સારા અક્ષરમાં ફરી લખાવી સંશોધનની જરૂર જણાઈ ત્યાં તે કરી, સત્સંગ મંડળ, ધ્રાંગધ્રા દ્વારા સં. ૨૦૦૯

(તા.૨૦-૧-૧૯૫૩)માં પ્રથમ આવૃત્તિરૂપે પ્રસિદ્ધ કરાવેલ. સમય જતાં આ ગ્રંથ લાબાં સમય સુધી અપ્રાપ્ય બની જતાં પુનઃપ્રકાશનની જરૂર ઊભી થઈ. આથી આ ચમત્કારી ગ્રંથ સર્વ સુલભ થાય અને શ્રીજીની કૃપાપ્રસાદીનો લાભ સમગ્ર સત્સંગના વિશાળ સમુદાયને મળે એવા શુભ આશયથી તેની બીજી આવૃત્તિનું પ્રકાશન અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કરની પ્રેરણાથી 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' સંસ્થા દ્વારા સં. ૨૦૪૪, ઈ.સ. ૧૯૮૮માં કરવામાં આવ્યું હતું.

આ ગ્રંથની લોકચાહનાને લઈને તેની બીજી આવૃત્તિની નકલો પૂરેપૂરી ખપી જતા 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' દ્વારા અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની દિવ્ય પ્રેરણાથી આ ગ્રંથની તૃતિય આવૃત્તિ સત્સંગ સેવાર્થે પ્રકાશિત થઈ રહી છે.

આ ગ્રંથમાં શ્રીજીકૃપાનું અમી ઊભરાય છે, જે મોક્ષમાર્ગી સર્વે હરિભક્તોને પહોંચાડવાનો અમારો પ્રયાસ છે. મૂળ લખાણમાં જે ઝમક છે તે સચવાય તો જ ખરો લાભ મળે એવી દૃષ્ટિથી મૂળ સ્વરૂપને યથાવત્ જાળવી રાખ્યું છે. આ ગ્રંથની વાતોને અનુલક્ષીને વાચકવૃંદને પૂર્વભૂમિકા તરીકે ઉપયોગી થાય એ હેતુથી 'તીર્થધામ મુળીને મુળીપ્રદેશ શ્રીહરિવિચરણ માહાત્મ્ય' સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરેલ છે. તદ્‌ઉપરાંત દરેક વિશ્રામની વાતોનો સારાંશ સમાવતી વિસ્તૃત અનુક્રમણિકા પણ મૂકેલ છે.

આ ગ્રંથ પ્રકાશનના કાર્યમાં પ્રૂફ સુધારણા, સુંદર મુદ્રણકાર્ય, બાઈન્ડિંગ આદિ છપાઈકામમાં કાળજી રાખી, જહેમત ઉઠાવી સેવારૂપ થનાર સર્વે પર શ્રીજીમહારાજ ને તેમના અનાદિ મહામુક્તોની પ્રસન્નતા સદાય વરસતી રહે એ જ પ્રાર્થના.

૧૯૯૯, ૧૬ ફેબ્રુઆરી<br>
સં. ૨૦૫૫, મહા વદ અમાસ

પ્રકાશન સમિતિ<br>
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન<br>
અમદાવાદ

☆ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની દિવ્ય સ્મૃતિમાં આ પુસ્તક તેઓશ્રીના જન્મદિને [તા.૧૬ ફેબ્રુઆરી] પ્રકાશિત કરવામાં આવ્યું છે.

# તીર્થધામ મુળી અને મુળીપ્રદેશ શ્રીહરિવિચરણ માહાત્મ્યઃ

શ્રી મુળીધામ પુરાતન પ્રસિદ્ધ તીર્થ છે. તે ગામ અને તેની આસપાસના વિસ્તારમાં શ્રીહરિ સહજાનંદજી મહારાજ લાંબા સમય પર્યંત વિચર્યા છે. તેથી આ તીર્થધામ એક આગવું મહત્ત્વ ધરાવે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો સદીઓ પહેલાં અલર્ક નામે એક મહાન શૂરવીર રાજાએ આ મુળી ગામમાં આવેલા પોતાના ગુરુ ભગવાન દત્તાત્રેયના આશ્રમમાં એક સુંદર દર્શનીય વાવ બંધાવી હતી, જે હાલ અલર્ક વાવ તરીકે પ્રસિદ્ધ છે. તદ્ઉપરાંત વાસુદેવ-દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ભગવાન આ આશ્રમમાં છ માસ પર્યંત નિવાસ કરીને રહેલા ને ત્યાં રહીને દ્વારિકા નગરીની રચના વિચારી હતી; ત્યાર બાદ તે અનુસાર દ્વારિકાનું નિર્માણ થયું હતું.

અલર્ક વાવના વિસ્તારમાં શ્રીહરિ ઘણી વાર રહ્યા છે. એકાંતવાસ જેમને અતિ પ્રિય હતો એવા શ્રીહરિ સંવત્ ૧૮૫૯થી શરૂ કરીને અવારનવાર અહીં નિવાસ કરી રહેતા અને તેમને શરણે આવેલા ભક્તોને દર્શન, ઉપદેશ આપી સુખ આપતા. હાલનું મુળી મંદિર આ ઐતિહાસિક અલર્ક વાવની બરાબર સામે જ આવેલું છે. અલર્ક વાવ ઉપર વચ્ચે ઊભા રહીએ તો મંદિરસ્થ શ્રી રાધાકૃષ્ણ-હરિકૃષ્ણ મહારાજનાં દર્શન થાય છે. એ પરથી સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીની અદ્ભુત સ્થાપત્યદૃષ્ટિનો ખ્યાલ આવે છે. ત્યાં ગંગાજળિયો કૂવો છે. તે કૂવા પાસે શ્રીહરિએ મુળીના દરબાર રામાભાઈ આદિ ભક્તોને ઘણા ચમત્કારો બતાવ્યા હતા.

આ મુળી ધામમાં માર્તંડરાય (માંડવરાય)નું મંદિર આવેલું છે.

એક પ્રસંગે શ્રીહરિએ આ ક્ષત્રિયોના કુળદેવ માર્તંડરાયરૂપે દિવ્ય દર્શન આપી રાજા રામાભાઈને સમાધિ સ્થિતિમાં એક અવનવું, ભવ્ય, રમણીય મંદિર બતાવ્યું. સમાધિમાં જાગૃત થયા બાદ આનંદવિભોર થઈ રાજાએ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાના ગામમાં અખંડ નિવાસ કરી રહેવા પ્રાર્થના કરી. તેના પ્રત્યુત્તરરૂપે શ્રીહરિએ તેમને જણાવ્યું કે તેમને સમાધિમાં દેખાયું તેવું જ ભવ્ય મંદિર પોતે પોતાના પ્રિય શિષ્ય સ્વામી બ્રહ્માનંદ પાસે નિર્માણ કરાવશે અને તેમાં અન્ય મૂર્તિસ્વરૂપો સાથે પોતાના સ્વરૂપની પણ સ્થાપના કરાવી તેમનો શુભ સંકલ્પ પૂર્ણ કરશે. તદ્ઉપરાંત પોતાના કુળદેવ માર્તંડરાયના દિવ્ય દર્શનની ઇચ્છા ધરાવતા એવા રાજકુટુંબના અન્ય જનોને પણ શ્રીહરિએ તેમના કુળદેવનું દિવ્ય દર્શન સમાધિ દ્વારા કરાવેલું. શ્રીહરિના આ અલૌકિક પ્રતાપથી પ્રભાવિત થયેલા એવા એ સર્વેને શ્રીહરિને વિષે સર્વાવતારી ભગવાનની નિષ્ઠા થઈ ગઈ.

એક વાર સંવત ૧૮૭૯ના માગશર માસમાં ગામ લોયામાં શ્રીહરિએ એક અનોખો શાકોત્સવ કર્યો હતો. તે સમયે એક મૂર્તિકાર-શિલ્પી તૈયાર મૂર્તિઓ લઈને શ્રીહરિની ઇચ્છાથી ત્યાં આવ્યો. તે સ્વરૂપો શ્રીહરિએ રાખી લીધાં. આ સ્વરૂપો ક્યાં પધરાવવાં એવો વિચાર ચાલતો હતો તે દરમ્યાન શ્રીહરિએ તે મૂર્તિઓ પૈકી એક અતિ સુંદર એવી શ્રી રાધાકૃષ્ણની મૂર્તિઓનું સપ્રેમ પૂજન કરી તેમને ભેટ્યા, આરતી ઉતારી. એ વખતે આ મૂર્તિઓ પણ પ્રતિમાભાવ છોડી શ્રીજીમહારાજને આલિંગન આપી ભેટી પડી. આ અદ્‌ભુત ચમત્કાર જોઈ સૌ દિગ્મૂઢ બની ગયા. મુળીના રાજા રામાભાઈએ જમીનનો લેખ મંદિર માટે યાવચ્ચંદ્રદિવાકરૌ કરી આપ્યો અને પ્રાર્થના કરી કે આ સ્વરૂપો મુળીમાં પધરાવવા કૃપા કરો.

આ પ્રસંગ બાદ એક મહિના જેટલા સમયમાં જ આ પ્રસાદીરૂપ મૂર્તિઓની પ્રતિષ્ઠા, કામચલાઉ બેઠક જે બ્રહ્માનંદ સ્વામીએ તૈયાર કરાવી રાખી હતી તેના પર શ્રીહરિએ સ્વહસ્તે કરી, આરતી ઉતારી. સંવત ૧૮૭૯ના મહા સુદી પંચમી (વસંત પંચમી)ના પવિત્ર દિવસે આ પ્રતિષ્ઠાવિધિ થયો. આ જ મૂર્તિઓ રાજા રામાભાઈએ સમાધિમાં નિહાળેલ મંદિર પ્રમાણે જ તૈયાર થયેલા નવનિર્મિત મંદિરમાં સંવત ૧૮૮૮માં અ. મુ. સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા અ. મુ. સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ પધરાવી પ્રતિષ્ઠાવિધિ કરાવ્યો. એ સમયે દિવ્ય પ્રકાશપૂંજ પ્રગટ થયો ને સૌના આશ્ચર્ય વચ્ચે એ પ્રકાશ શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં વિલીન થઈ ગયો. સર્વત્ર સૌના હૃદયે આનંદ આનંદ છવાઈ રહ્યો.

શ્રી મુળીધામનું હાલ જે મંદિર છે તેનું બાંધકામ ચાલતું હતું ત્યારે શ્રીહરિએ બ્રહ્મમુનિને અનેક વાર દર્શન આપી સહાય કરેલી. પથ્થરની ખાણ તથા પાણીની વાવ એકાએક મળી આવી એ શ્રીહરિએ દર્શન આપીને બતાવેલી. મંદિરના પાયાના નકશામાં જરૂરી મૂળભૂત ફેરફારો પણ શ્રીહરિએ જ બ્રહ્માનંદ સ્વામીને દર્શન આપી સૂચવેલા. આમ શ્રીહરિએ આ મંદિર સ્વયં પોતે જ નિર્માણ કર્યું હોય એવા પડઘાઓ આજે પણ જોનારને પડ્યા વિના રહેતા નથી.

વળી મંદિરના મુખ્ય દરવાજે પધરાવેલ શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની વિશાળકાય મૂર્તિઓ દર્શનાર્થીઓનું ધ્યાન ખેંચે છે. આ મૂર્તિઓ બનાવવા માટે એ સમયનાં ટાંચા સાધનો હોવા છતાં શ્રીહરિના પ્રતાપથી આ બંને દેવોની ચમત્કારી મૂર્તિઓ તૈયાર થઈ ગઈ; પણ હવે પ્રશ્ન એ થયો કે આવડી વિશાળ ભારેખમ મૂર્તિઓ રેંકડામાં ચડાવવી શી રીતે? મહામહેનત કરવા

છતાં તેમ કરવામાં નિષ્ફળતા મળતાં અસહાય બનેલા બ્રહ્મમુનિએ શ્રીહરિને સંભારી પ્રાર્થના કરી કે તરત જ ભારે પથ્થરો હળવા બની ગયા. મૂર્તિઓ સરળતાથી રેંકડામાં ચડી ગઈ ને મંદિરમાં યોગ્ય સ્થાને પ્રસ્થાપિત પણ થઈ ગઈ. આ ઐતિહાસિક સત્ય ઘટના કાંઈ જેવી તેવી ન ગણાય.

શ્રી મુળીધામમાં અવારનવાર પધારતા શ્રીહરિએ ઝાલાવાડ પ્રદેશની ભૂમિને પોતાના મોક્ષદાયી દર્શન આપી પદાંકિત કરી છે. મૂળીને કેન્દ્રસ્થાન બનાવી ગામેગામ વસતા પોતાના પ્રેમી આશ્રિતજનોને તેમનાં આમંત્રણો હેતપૂર્વક સ્વીકારી દર્શન-દાન દીધાં હતાં. તેમાં નીચે જણાવેલાં સ્થાનો મુખ્ય છે.

(૧) હળવદ
(૨) ધ્રાંગધ્રા
(૩) શિયાણી
(૪) મેથાણ
(૫) દેવળિયા
(૬) તાવી
(૭) વઢવાણ
(૮) લીંબડી
(૯) ભદ્રેશી
(૧૦) વાંણા
(૧૧) ભલગામડા
(૧૨) કંથારિયા ઇત્યાદિ

આ ગામોમાં કોઈ જગ્યાએ શ્રીહરિએ રાજકુટુંબોમાં પોતાના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા થાય એવાં અલૌકિક ચરિત્રો બતાવેલાં તથા ધર્મ, જ્ઞાન, ભક્તિ તથા મહિમા સંબંધી વાર્તા કરી હતી; કોઈ જગ્યાએ પોતાના આશ્રિતોની પ્રેમભક્તિને વશ થઈ તેમની વિવિધ

પ્રકારની સેવા અંગીકાર કરી રાજીપો જણાવ્યો હતો. કોઈ ગામમાં ત્યાગાશ્રમને ઇચ્છતા એવા ગૃહસ્થ પુરુષો અને સ્ત્રીઓને સાંખ્યધર્મની દીક્ષા આપી હતી. વળી કોઈ ગામમાં વિદ્વાન જનોને પોતાના સ્વરૂપમાં દિવ્ય દર્શન કરાવી પોતાના સર્વોપરી સ્વરૂપની પ્રતીતિ કરાવી હતી. કોઈક ગામોમાં અનાવૃષ્ટિનાં વર્ષોમાં પોતાના આશ્રિતોની તેમજ અન્ય નિઃસહાય જનોની વિવિધ રીતે રક્ષા કરી હતી.

આમ શ્રીહરિએ સૌને સંસારમાંથી ભગવત્‌સ્વરૂપ પ્રતિ દૃષ્ટિ વળાવી, મોક્ષમાર્ગ દર્શાવતો સત્સંગ કરાવ્યો હતો. મોટા ભાગે શ્રીહરિએ પદયાત્રા કરીને અને સામે ચાલીને પોતાના ભક્તજનોને દર્શન આપ્યાં હતાં. આમ સમગ્ર ઝાલાવાડની ભૂમિ શ્રીહરિનાં પાવનકારી ચરણોથી અંકિત થયેલી છે. તેમાંય મુળીધામની રજેરજ શ્રીહરિના પાદસ્પર્શથી પ્રસાદીરૂપ બની છે, તેની સૌરભ હજી પણ મહેંકી રહી છે. આ તીર્થસ્થાનનો પ્રત્યક્ષ પ્રભુ સાથેનો સંબંધ એવો ગાઢ છે કે એ દિવ્યતાનો અનુભવ અદ્યાપિપર્યંત હરકોઈ યાત્રાળુને થાય છે અને મોક્ષાર્થીની યાત્રા સાર્થક અને સુખરૂપ બની રહે છે.

શ્રી મુળી પ્રદેશમાં શ્રીહરિનું વિચરણ કેટલું રમ્ય અને આકર્ષક હતું તેની કથા જીવને શ્રીજીના દિવ્ય સ્વરૂપમાં ખેંચી જાય છે. તેનો તાદૃશ્ય અનુભવ મુમુક્ષુ વર્ગને હવે પછી શરૂ થતી અ. મુ. સ. ગુ. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતોના વાચન દ્વારા થયા વિના રહેશે નહિ. એ જ આ વાતોની વિશિષ્ટતા છે.

હવે તીર્થધામ મુળીમાં આવેલી દર્શનીય શ્રીજીની પ્રસાદી-સ્મૃતિઓ પ્રતિ દૃષ્ટ કરી લઈએઃ

(૧) મંદિરમાં પ્રતિષ્ઠા કરેલ શ્રી રાધાકૃષ્ણદેવ, હરિકૃષ્ણ મહારાજ આદિ દિવ્ય સ્વરૂપો.

(૨) સભામંડપમાં પધરાવેલ પ્રસાદીના કાષ્ટમાંથી અંકિત કરેલ ચિત્તાકર્ષક શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ; તેની એક બાજુએ મૂકેલા બે બાજોઠ.

(૩) બ્રહ્મચારી-નિવાસમાં આવેલ રંગમહોલ.

(૪) મંદિરના વિશાળ ચોકમાં આવેલી આરસની છત્રી, જ્યાં શ્રીહરિએ રાજા રામાભાઈને સમાધિ કરાવી પોતાના સર્વોપરી સ્વરૂપનું દિવ્ય દર્શન કરાવ્યું હતું.

(૫) શિયાણીનું ગાડું અને બ્રહ્માનંદ સ્વામીની ખાટ.

(૬) શ્રીજીના હજૂરી પાર્ષદ શ્રી ભગુજીનાં પ્રસાદી હથિયારો જેવા કે તલવાર, ઢાલ, કવચ વગેરે.

(૭) ગંગાજળિયો કૂવો ને પુરુષોત્તમ બાગનો લીમડો.

(૮) ભોગવતી નદી, નદીમાં આવેલું ધોળું ખડકું, રેતિયો કૂવો, અલર્કવાવ, ગોરબાઈની વાવ, જ્ઞાનવાવ, જ્ઞાનવાવની ખાણય

(૯) જૂનો દરબારગઢ, પોતાભાઈનો દરબારગઢ, ઘેલા જોષીનું ઘર, દાજીભાઈનું ઘર, ચારણાપાનો ચોરો.

(૧૦) માલાકાનું તળાવ, ભેડાહરનું તળાવ, લાલાહરના હનુમાનજી.

(૧૧) શ્રીહરિની માણકી ઘોડીની વછેરીની વંશપરંપરા.

# વિષયાનુક્રમણિકા


| | વિષય | પાન |
|---|---|---|
| મંગળાચરણ | | ૧ |
| વિશ્રામ ૧ | ધ. ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીપુરમાં બે માસ રહ્યા હતા. તે સમયે શ્રીજીમહારાજની લીલાની વાતો આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સ. ગુ. શ્રી તદ્રૂપાનંદ સ્વામીએ કરી હતી. તેમાં પ્રથમ વિશ્રામમાં શ્રીજીમહારાજ સંવત ૧૮૫૯માં પ્રથમ વાર બ્રહ્મચારીના વેશે મુળીપુરમાં પધાર્યા અને સમાધિ આદિ ઐશ્વર્ય દર્શાવ્યાં તેની વાતો વર્ણવી છે. | ૨ |
| વિશ્રામ ૨ | શ્રીજીમહારાજ મેથાણપુરથી મુળી પધાર્યા અને હરિભક્તોને સત્સંગ સંબંધીવાતો કરી, બે દિવસ ત્યાં રહી લોયા પધાર્યા. | ૬ |
| વિશ્રામ ૩ | સ. ગુ. રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી શ્રીજીમહારાજે સમાધિનું પ્રકરણ ચલાવ્યું હતું. તેમાં ફરતા ફરતા મુળી પધાર્યા અને ત્યાં જુદા જુદા હરિભક્તોને સમાધિ કરાવી તેમના ઇષ્ટદેવનાં દર્શન કરાવ્યાં. અન્ય મુમુક્ષુઓને પણ તેમના ઇષ્ટદેવનાં દર્શન કરાવ્યાં. આ રીતે અદ્‌ભુત ચમત્કારો દર્શાવી, સામર્થ્ય બતાવી શ્રીજી અમદાવાદ પધાર્યા. | ૮ |
| વિશ્રામ ૪-૫ | શ્રીજીમહારાજ હળવદથી ટીકર થઈ મુળીપુર પધાર્યા હતા. તે વખતે વિપ્ર કુબેરજી તથા દયારામે શ્રીજીનાં દર્શન કર્યાં અને રસોઈ કરી જમાડ્યા. તે સમયે શ્રીજીમહારાજના સ્વરૂપમાં | ૧૧ |

| | | |
|---|---|---|
| | ઘણું તેજ દેખાયું અને અક્ષરધામનાં દર્શન થયાં. શ્રીજીએ અલર્કવાવની વાડીમાં ઉતારો કર્યો. દરબારમાંથી રસોઈનું નિમંત્રણ આવ્યું. તે જમ્યા બાદ શ્રીજી ત્યાં રોકાયા. બીજા દિવસે શ્રીજીએ વાતો કરી પોતાના સ્વરૂપમાં લીમલીના મૂળજી શેઠને ૮૪ ચિહ્નો બતાવી ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો. | |
| **વિશ્રામ ૬** | શ્રીજીએ મુળીના દરબારોને વાસનાથી થતી દુર્ગતિ સંબંધી વાતો કરી. | ૧૫ |
| **વિશ્રામ ૭** | શ્રીજીએ ભાડેર ગામના દરબાર પાતલભાઈનાં બેન રાજુબાને વચન આપ્યું હતું તે પ્રમાણે તેમને દર્શન દેવા તેમના સાસરાના ગામ મુળીમાં શ્રીજી પધાર્યા હતા. તે વાત મૂળ મેથાણના પ્રજ્ઞાનંદ સ્વામીએ કરી હતી તેની વિગતો. | ૧૬ |
| **વિશ્રામ ૮** | શ્રીજીએ મુળીમાં શરદ પૂર્ણિમાની રાતે અલૌકિક રાસોત્સવ કર્યો. પોતાના દિવ્ય સ્વરૂપનું અદ્‌ભુત દર્શન કરાવી સર્વ હરિભક્તોને પોતાના સ્વરૂપના સર્વોપરીપણાનો નિશ્ચય કરાવ્યો; અને અનેક સ્વરૂપ ધારણ કરી એકી વખતે સર્વેના ઘેર થાળ જમ્યા. | ૧૯ |
| **વિશ્રામ ૯** | શ્રીજીએ મુળીમાં ધર્મ-નિયમની વાતો કરી માલજી દરબારને યમપુરી બતાવી અને વ્યસનોનો ત્યાગ કરાવી પોતાના આશ્રિત બનાવ્યા. ત્યાર બાદ મેથાણ પધાર્યા. | ૨૨ |
| **વિશ્રામ ૧૦** | શ્રીજી કચ્છમાં જતાં મુળી પધાર્યા. ત્યાં દરબારમાં જામબાને ખબર આપી. ત્યાં એક માસ રહ્યા અને મૂર્તિ દ્વારા ઘણા પરચા આપ્યા. તે જોઈ ઘણી બાઈઓને સત્સંગ થયો. | ૨૩ |
| **વિશ્રામ ૧૧** | શ્રીજી મેથાણથી મુળીપુર પધાર્યા, ત્યાં લીમડા | ૨૫ |

| | | |
|---|---|---|
| | પાસેના કૂવાના ઊંડા જળને પોતાના પ્રતાપથી છલકાવી દીધો. તે જગ્યાએ, હાલ જ્યાં મંદિર છે ત્યાં, મંદિર કરવાનો સંકલ્પ કર્યો. | |
| વિશ્રામ ૧૨ | સિદ્ધપુરથી મુળીમાં પધારી માંડવરાયના મંદિરમાં શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણ સ્વરૂપે તેજોમય દર્શન દીધું અને ઐશ્વર્ય-પ્રતાપ જણાવ્યો. | ૨૭ |
| વિશ્રામ ૧૩ | મુળીમાં પાતલભાઈનાં બેન રાજુબા અને ધમાણકાનાં બાઈબાને તેમની પ્રાર્થના અંતર્યામીપણે સાંભળી શ્રીજીએ તેમને દર્શન દીધાં અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિરના નિર્માણ માટે તેમની સેવા લીધી. | ૨૮ |
| વિશ્રામ ૧૪ | શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી અખંડાનંદ સ્વામી, શ્રી વૈષ્ણવાનંદ સ્વામી આદિ સંતો શ્રીજીની આજ્ઞાથી મંદિર કરવા માટે ભૂજ જતા હતા. રસ્તામાં મુળી ઊતર્યા. તે વખતે દરબાર રામાભાઈએ મુળીમાં મંદિર કરવા પ્રાર્થના કરી મહારાજને ગઢપુર પત્ર લખી ગોર વેલા જોશી સાથે મોકલ્યો. તે વાંચી શ્રીજીએ કહેવરાવ્યું કે લેખ કરી મોકલો તો મંદિર થાય. તે વાંચી દરબાર રામાભાઈ તથા તેમના કાકા રવાભાઈએ લેખ. લખી મોકલાવ્યો અને મહારાજને તેડાવ્યા. તે વાંચી શ્રીજીમહારાજ સંત, પાર્ષદ, હરિભક્તો સાથે મુળી પધાર્યા. | ૨૯ |
| વિશ્રામ ૧૫-૧૬ ૧૭-૧૮-૧૯ ૨૦-૨૧ | મુળીમાં સંત હરિભક્તોના પ્રશ્નોના ઉત્તરો આપતાં દિન દિન પ્રત્યે ત્યાં સૌ હેતવાળા ભક્તોને શ્રીજીમહારાજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સ્વરૂપનિષ્ઠાની વાતો કરી સુખ દેતા હતા. | ૩૩ |

| | | |
|---|---|---|
| વિશ્રામ ૨૨ | શ્રી બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીની આજ્ઞા થતાં તેઓ મુળી મંદિર કરવા આવ્યા. ત્યાં શ્રીજીએ પથ્થરની ખાણ તેમજ પાણીની વાવ બતાવવામાં પોતાની પ્રસન્નતા અને પ્રત્યક્ષપણું બતાવ્યું. | ૪૪ |
| વિશ્રામ ૨૩ | શ્રી બ્રહ્માનંદ સ્વામીની પ્રાર્થના સાંભળી શ્રીજીએ તેમને દિવ્ય દર્શન આપ્યું અને નિર્ધન દેશ ઝાલાવાડમાં ધન, સમૃદ્ધિ ઈત્યાદિ ત્યાંના રહેવાસી ભક્તોને આપી, તેમના દ્વારા મંદિરમાં સારી સેવા કરાવી. | ૪૬ |
| વિશ્રામ ૨૪ | મુળી મંદિરનું ખાતમુહૂર્ત કર્યું અને શ્રીજીએ બ્રહ્મમુનિ સાથે પ્રત્યક્ષપણે રહી પરચા આપ્યા. મોના સલાટના દીકરાને કોગળિયું થયું હતું તેને પુનર્જીવન આપ્યું. વઢવાણ ગામના લોકોની પ્રાર્થના સાંભળી ત્યાં પધાર્યા અને શ્રીજીસ્મરણ સાથે તે ગામની કોગળિયાથી રક્ષા કરી. | ૪૮ |
| વિશ્રામ ૨૫ | મુળીના દરબાર રામાભાઈને બ્રહ્મમુનિના આશીર્વાદથી વખતસિંહજી અને સરતાનસિંહજી એમ બે દીકરા થયા. સમય આવતાં વખતસિંહજીને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અગાઉથી જણાવી શ્રીજીના અક્ષરધામમાં લઈ ગયા. | ૪૯ |
| વિશ્રામ ૨૬-૨૭ ૨૮-૨૯ | મુળી મંદિર કરાવતાં બ્રહ્મમુનિ દ્વારા શ્રીજીમહારાજે અદ્‌ભુત પ્રતાપ જણાવી પોતાના આશરે આવેલા ભક્તો તથા વિશ્વાસી મુમુક્ષુઓની રક્ષા કરી અને ઈચ્છાઓ પૂરી કરી. બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીનાં કીર્તનો અક્ષરધામમાં પહોંચાડે એવા છે એવો મહિમા. | ૫૧ |
| વિશ્રામ ૩૦-૩૧ | શ્રી મુળીપુરમાં હરિકૃષ્ણ મહારાજની તથા | ૫૮ |

| | | |
|---|---|---|
| | રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા અને તે ઉત્સવમાં તેમજ તે દિવ્ય સ્વરૂપોમાંથી અદ્‌ભુત પ્રતાપ- બ્રહ્મમુનિએ રચેલો ‘ધર્મવંશ પ્રકાશ’ ગ્રંથ (સં. ૧૮૮૬). સં. ૧૮૮૮માં બ્રહ્મમુનિનો અક્ષરવાસ થયો તેનો ઉલ્લેખ. (અવિનાશાનંદ સ્વામીએ રચેલ મુળી મહિમાનું ચાર પદનું કીર્તન આ વિશ્રામમાં છે.) | |
| **વિશ્રામ ૩૨** | આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કૃપા કરી સાયલાના રાજા કેસરીસિંગને એક બારોટના ભૂતનું દુઃખ હતું તેનું નિવારણ તે ભૂતને મોક્ષ પમાડીને કર્યું તે પ્રસંગ. | ૬૮ |
| **વિશ્રામ ૩૩** | ગામ કુકડામાં દરબાર પુંજાભાઈને તેમના એક ઉતારામાં ભૂતોનો ઉપદ્રવ હતો તે સ. ગુ. વાસુદેવાનંદ સ્વામી અને તદ્રૂપાનંદ સ્વામીએ, તે ભૂતોનો મોક્ષ કરીને મટાડ્યો. | ૬૯ |
| **વિશ્રામ ૩૪** | મુળીમાં સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીએ જોધપુરના અષ્ટાવિધાની કવિ દેવીદાસને અષ્ટ વિધાન તથા અષ્ટોત્તરશત વિધાન કરી બતાવી તેને શ્રીજીનો આશ્રિત કર્યો. | ૭૧ |
| **વિશ્રામ ૩૫** | મુળીમાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે વસંત પંચમીનો સમૈયો કર્યો તેમાં બંને દેશના મોટા સંતો તથા મુક્તરાજ શ્રી દાદા ખાચર, મોટી બા આવ્યાં હતાં. તેમાં આચાર્ય મહારાજની પૂજા મુ. દાદા ખાચરે કરી અને મુ. મોટીબાએ શ્રી કેશવપ્રસાદજી મહારાજને તેમણે માગેલ શ્રીજીની પ્રસાદીની વસ્તુઓ આપીને તેમને રાજી કર્યા. દાદા ખાચરના કુટુંબે દેશવિભાગ બાદ શ્રીજી આજ્ઞાથી બન્ને દેશમાં પોતાનો સહિયારો ભાગ રાખ્યો હતો તેનો પ્રસંગ. | ૭૩ |

| | | |
|---|---|---|
| વિશ્રામ ૩૬ | ગામ કંથારિયામાં શ્રીજીમહારાજે દરબાર હરિભક્તોની સેવા સ્વીકારી તેમને રાજી કર્યા અને પોતાની દિવ્ય મૂર્તિના મહિમાની વાતો કરી. તેથી ગામમાં ઘણો સત્સંગ થયો. વાંસલ નદીમાં સ્નાન કરી ટીમણ જમ્યા. | ૭૬ |
| વિશ્રામ ૩૭ | મહારાજ સંતો સહિત લીંબડી ગામે પધારતાં ડુંગર તળાવમાં સ્નાન કર્યું. અંકલેશ્વર મહાદેવના મંદિરમાં સમાધિ કરાવી શ્રીજીમહારાજે સૌને પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં. ત્યાંથી ભલગામડે પધાર્યા. | ૭૮ |
| વિશ્રામ ૩૮ | ભલગામડામાં શ્રીજીમહારાજે ધ્યાન કરવાની વિક્તિ ઉપર વાત કરી. | ૮૧ |
| વિશ્રામ ૩૯ | શ્રીજીમહારાજ ગામ શિયાણી પધાર્યા. ત્યાં ધર્મકુળ, મોટા સંતો, મોટેરા હરિભક્તો સૌ સાથે હતા. ત્યાંના શિવરામ ભટ્ટ આદિ હરિભક્તોએ સૌને રસોઈ કરાવી જમાડ્યા. શ્રીજીનો થાળ ભટ્ટજીનાં દીકરી કુંવરબાઈએ કર્યો હતો. તે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં સાંખ્ય યોગ પાળતાં હતાં. શ્રીજીએ કુંવરબાઈને જેતલપુરમાં ગંગામા પાસે મોકલ્યાં.<br>શિયાણીમાં સભામાં ભટ્ટ શિવરામના પ્રશ્નનો ઉત્તર કરી મહારાજે ત્રણ પ્રકારના વૈરાગ્યની વાત કરી. સ. ગુ. અદ્‌ભુતાનંદ સ્વામી (પૂર્વાશ્રમના કલ્યાણદાસ)ના દૃષ્ટાંતથી ઉત્તમ વૈરાગ્યની વાત કરી. મહારાજ શિયાણી પંદર દિવસ રહ્યા અને બહુ સુખ આપી હરિભક્તોને રાજી કર્યા. | ૮૨ |
| વિશ્રામ ૪૦ | મહારાજ ગામ તાવીમાં પધાર્યા. ત્યાં પંદર દિવસ રહ્યા હતા. ત્યાં કુલ સત્તર વખત પધાર્યા હતા. તાવીમાં સભામાં શ્રીજીએ વર્તમાન-નિયમ | ૮૬ |

| | | |
|---|---|---|
| | સંબંધી વાતો કરી તથા ઈર્ષાનું રૂપ કહ્યું. તાવીમાં ઘણા સત્સંગી થયા. | |
| **વિશ્રામ ૪૧** | ગામ તાવીના તેજાભાઈ અને દેવળિયાના વખતાભાઈની વાત. શ્રીજીમહારાજ દેવળિયા પધાર્યા. ત્યાં સંતોને જમાડ્યા. તેમાં શ્રીજીમહારાજે કેડ બાંધીને પંક્તિમાં પીરસ્યું. તેનાં દર્શનથી દરબાર જાલમસિંહજીનાં માતુશ્રી કેશાબાને સમાધિ થઈ, તે જીવનભર ટકી. મહારાજે દરબાર જાલમસિંહજીના પ્રશ્નો ઉત્તર આપતાં માન મૂકી નિર્માનીપણે વર્તવાની વાત કરી. બ્રહ્માનંદ સ્વામીએ બનાવેલ કીર્તન. | ૮૮ |
| **વિશ્રામ ૪૨** | અન્ય પ્રસંગે દેવળિયા શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે કસલીબાએ ઘોડી સંતાડી દીધી, તેમના આગ્રહને વશ થઈ શ્રીજી રસોઈ જમ્યા તેનો ચિરઃસ્મરણીય પ્રસંગ. શ્રીજી દેવળિયામાં કુલ સત્તર વખત પધાર્યા હતા. | ૯૧ |
| **વિશ્રામ ૪૩** | દેવળિયાથી મહારાજ ભાથરિયા થઈ ભડવાણા પધાર્યા. ભડવાણા રાત રહ્યા. વિપ્ર ઈશ્વરને શાલીગ્રામે દર્શન આપી કહ્યું કે આ સ્વામિનારાયણ સ્વયં ભગવાન છે. તરમણિયા થઈ શ્રીજી લખતર તળાવ પર જ્ઞાન-વૈરાગ્ય-ધર્મ સંબંધી ઉપદેશ કરી વણા પધાર્યા. વણામાં દરબાર મનુભા મહાભક્ત હતા. તેમના ઘેર પધારી અને થાળ જમી તેમને રાજી કર્યા. ત્યાંથી ભદ્રેસી સુરચંદ શેઠના ઘેર પધાર્યા. ત્યાં સભા કરી ધર્માદિની વાત કરી. ભદ્રેસીથી મહારાજ વઢવાણ પધાર્યા. | ૯૩ |
| **વિશ્રામ ૪૪** | શ્રીજીમહારાજની વઢવાણમાં પધરામણી અને રાજ્યસત્કાર. સભામાં શાસ્ત્રાર્થ, તેમાં સ. ગુ. ગોપાળાનંદ સ્વામી આદિ બાર સદ્‌ગુરુઓએ | ૯૭ |

| | | |
|---|---|---|
| | વેદના દ્વાદશ મહાવાક્યોના અર્થ કરી બતાવ્યા. જેથી વિદ્વાન બ્રાહ્મણો પ્રસન્ન થયા. ગામના માણસો સત્સંગી થયા. મહારાજ વઢવાણમાં સાત વખત પધાર્યા હતા તેનું પોતે સ્મરણ કરાવ્યું. | |
| વિશ્રામ ૪૫ | શ્રીજી ખેરાલી ગામ પધાર્યા. ત્યાં સરતાનસિંહજી આદિ દરબાર હરિભક્તો અને અન્ય વિપ્ર હરિભક્તોને રાજી કર્યા. | ૧૦૨ |
| વિશ્રામ ૪૬ | શ્રીજી ગામ લીમલી પધાર્યા. ત્યાં દરબાર સામંતસિંહજી અને મૂળજી શેઠ આદિ હરિભક્તોને રાજી કર્યા. મહારાજ ગામ બહાર ભક્ત સગરામ વ્યાધે જવાસા (તૃણ)નો બંગલો કરી રાખ્યો હતો તેમાં મહારાજે ઉતારો કર્યો. સાંજે સભામાં શ્રીજીએ પંચવર્તમાન સંબંધી વાતો કરી. | ૧૦૪ |
| વિશ્રામ ૪૭ | મુળીથી નિમંત્રણ આવતાં મહારાજ મુળી પધાર્યા. ત્યાં સભામાં સગરામ વ્યાધના પૂર્વ જન્મની વાત કરી. | ૧૦૫ |
| વિશ્રામ ૪૮ | મહારાજ કંથારિયા પધાર્યા. ત્યાં પંદર દિવસ રહી દરબાર ડોસાભાઈ ભાણ ખાચરની સાથે યુદ્ધમાં વીરગતિ પામ્યા હતા તેનો શોક નિવારણ કરાવ્યો. ડોસાભાઈના પુત્ર મેઘાભાઈનું નામ ફેરવાવી ભગતસિંહ રખાવ્યું. તે આજીવન શ્રીજીના દઢ આશ્રિત રહ્યા હતા. | ૧૦૮ |
| વિશ્રામ ૪૯ | એક વખત ૧૮૮૨માં મહારાજ કંથારિયા પધાર્યા હતા તે પ્રસંગ. મહારાજને વરસાજીના પુત્ર રઘાભાઈ તથા જસાભાઈના અતિ આગ્રહ કરવાથી ત્યાં રોકાયા. શ્રીહરિનું અતિ તેજોમય સ્વરૂપ જોઈ તેમની પાસે જસાભાઈ બેસી | ૧૧૦ |

| | | |
|---|---|---|
| | શક્યા નહિ. ભક્તોના આગ્રહને વશ થઈ શ્રીજીએ સંતોને પાછા તેડાવ્યા. | |
| વિશ્રામ ૫૦ | સં. ૧૮૮૪માં કર્મડમાં અન્નકોટનો સમૈયો કરી મહારાજ કંથારિયા પધાર્યા. સાથે ગરાસિયા હરિભક્તોની વિનંતીને વશ થઈ બે આચાર્યોની સાથે પધરામણીએ પધાર્યા. સમગ્ર ગામમાં ફરી ગરાસિયા, વિપ્ર, વણિક, સોની આદિ હરિભક્તોને પધરામણી કરી લહાવો આપ્યો. મહારાજની આ કંથારિયામાં ત્રીજી પધરામણી હતી. | ૧૧૨ |
| વિશ્રામ ૫૧ | શ્રીજીમહારાજના લખાવેલા પત્રમાં યાત્રા દરમિયાન ગૃહસ્થ બાઈ-ભાઈ, આબાલવૃદ્ધ તથા ત્યાગીએ પાળવાના નિયમોની આજ્ઞા. | ૧૧૫ |
| વિશ્રામ ૫૨ | શ્રીજીમહારાજના લખાવેલા પત્રમાં ચાતુર્માસમાં ધારવાના નિયમોની આજ્ઞા (સં. ૧૮૮૪ના શ્રાવણ વદ ૯, લિખિતંગ મુનિ અચ્યુતાનંદ) | ૧૧૭ |
| વિશ્રામ ૫૩ | સાધુએ પરસ્પર વાત કરવાની રીત તથા સત્સંગી હરિભક્ત આગળ વાત કરવાની રીતના પ્રકરણની વિગત. | ૧૧૮ |
| વિશ્રામ ૫૪ | ભગવાન સ્વામિનારાયણનો મહિમા, પ્રતાપ, ઐશ્વર્ય આદિ સર્વોપરીપણાની જ્ઞાનવાર્તા; અને ભક્તિ અને સત્સંગ સમાન મોક્ષનું બીજું કોઈ સાધન નથી એ ઉપદેશ. | ૧૨૦ |
| વિશ્રામ ૫૫ | શ્રીજીમહારાજે હીરજીભાઈના પ્રશ્નના ઉત્તરમાં ઝાલાવાડ-કાઠિયાવાડના અઢાર ગરાસધણીને સાધુ થવા માટે આજ્ઞાપત્રો લખ્યા. શ્રીજીમહારાજ ઝાલાવાડમાં થઈ જેતલપુર જતાં ધ્રાંગધ્રા પધાર્યા. ત્યાં રાજ્ય સત્કાર થયો. | ૧૨૫ |

| | | |
|---|---|---|
| | રાજ સાહેબ અમરસિંહજી, રાજકુમાર રણમલસિંહજી અને લધુભાને દર્શન દીધાં. તેમાં રણમલસિંહજીને સમાધિ થઈ તેમાં ૨૪ દિવસ ૨૪ અવતારોરૂપે તથા છેલ્લા ૬ દિવસ અક્ષરધામમાં પુરુષોત્તમનારાયણરૂપે દર્શન આપ્યાં. ધ્રાંગધ્રા એક માસ રહીને મહારાજ મેથાણ પધાર્યા. | |
| **વિશ્રામ ૫૬** | સૌ પ્રથમ સં. ૧૮૫૯માં શ્રીજીમહારાજ ઝાલાવાડમાં પધાર્યા. તે વખતે મેથાણ પધારી દરબાર પુંજાભાઈ તથા કાકાભાઈ અને તેમનાં બહેન જીજીબાઈના ઘેર ઊતર્યા. ત્યાં તેમને પોતાના સ્વરૂપનાં દિવ્ય તેજોમય દર્શન દઈને તેમને પોતાના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરાવ્યો. | ૧૩૧ |
| **વિશ્રામ ૫૭** | સં. ૧૮૬૨માં શ્રીજીમહારાજ મેથાણ પધાર્યા તેની લીલા. મેથાણના અજા પટેલ મહારાજની આજ્ઞાથી સાધુ થયા તે અઢાર સંતો માંહેલા હતા. તેમના ભાણેજ કલ્યાણદાસ કડુના રહેવાસી હતા તે પણ અદ્‌ભુતાનંદ સ્વામી નામે તેઓની સાથે સાધુ થયા હતા. મેથાણમાં ઘણી જાતિઓમાં સત્સંગ દઢ થયો હતો. આ મેથાણના દરબાર પુંજાભાઈ, કાકાભાઈ, બહેન જીજીબાની દઢ નિષ્ઠાની વાતો તથા શ્રીજીએ બતાવેલ અનેક પરચા. | ૧૩૨ |
| **વિશ્રામ ૫૮** | ત્રીજી વાર મહારાજ મેથાણ પધાર્યા ત્યારે એક માસ છાના રહ્યા હતા અને જીજીબા, પુંજાભાઈ, કાકાભાઈ આદિ ભક્તોની સેવા સ્વીકારી હતી. | ૧૪૧ |
| **વિશ્રામ ૫૯** | બીજી કોઈક વાર મેથાણ પધારી મહારાજ એક માસ રોકાયા હતા અને કાકાભાઈ તથા | ૧૪૩ |

| | | |
|---|---|---|
| | પુંજાભાઈના ઘેર રહી વિવિધ લીલા કરી. ચત્રભુજના મંદિરનો જિર્ણોદ્ધાર કર્યો. | |
| **વિશ્રામ ૬૦** | શ્રીજીમહારાજે હળવદપુરમાં નારાયણજીભાઈ જોશીને દર્શન દીધાં. ધનાળામાં બે વિપ્રોને ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો. દેરીઆરીમાં ઝેરી શિંગડિયો વછનાગ જમ્યા. ત્યાંથી સુસવાવ પાસે કેદારિયા, માનસર આદિ સ્થળોએ ફરતા ફરતા મેથાણ પધાર્યા. મેથાણના દરબાર કાકાભાઈ, પુંજાભાઈ, જીજીબાને દર્શન સેવાનો લાભ આપ્યો અને વિવિધ લીલા કરી. કાકાભાઈ ઉપર કૃપા કરી દુષ્કાળમાં રક્ષા કરી. | ૧૪૫ |
| **વિશ્રામ ૬૧** | શ્રીજીએ મેથાણમાં સંત-હરિભક્તોને આગ્રહપૂર્વક ઘી જમાડ્યું. પીપાસરમાં જળક્રિડા કરી. | ૧૫૪ |
| **વિશ્રામ ૬૨** | મહારાજ સાતમી વાર મેથાણ પધાર્યા. ત્યાં કાઠીઓને ગોળ, ચોખા ને ઘી ખૂબ પીરસી જમાડ્યા. પછી મુળી પધાર્યા. | ૧૫૮ |
| **વિશ્રામ ૬૩** | મહારાજ મેથાણ ગામમાં પધાર્યા. કાકાભાઈ, પુંજાભાઈ તથા જીજીબાના ઘેર રહી, ત્યાં સભા કરી. તેમાં ખેડૂતોને વરસાદની ચેતવણી આપી તેમના ધાનના મોલને બચાવી લીધો, એમ અગમવાણી દ્વારા પોતાના પુરુષોત્તમપણાનો પરચો આપ્યો. | ૧૫૯ |
| **વિશ્રામ ૬૪** | મુળીમાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ગણપતિ પૂજનનો ઉત્સવ કરાવ્યો. તેમાં શ્રીજીમહારાજનું દિવ્ય દર્શન થયું. | ૧૬૦ |
| **વિશ્રામ ૬૫** | મુળીમાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જન્માષ્ટમીના સમૈયા બાદ રોકાયા હતા અને જનોઈ બદલવાનો ઉત્સવ કર્યો | ૧૬૩ |

| | | |
|---|---|---|
| | હતો. શ્રીજીમહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજનાં દિવ્ય દર્શન થયાં હતાં ને શ્રીજીનાં પ્રત્યક્ષ દર્શન તુલ્ય સુખ આવ્યું હતું. | |
| વિશ્રામ ૬૬ | મુળીમાં શ્રીજીમહારાજે ઢુવાવાળાં બાઈ (મુળીના પરમાર ભારાજીનાં દીકરી)ને દિવ્ય દર્શન આપ્યાં અને તેમણે માનેલ સેવા શ્રી ઠાકોરજીને કરાવી. તેમજ સેવક બ્રહ્મચારીને દિવ્ય દર્શન આપી માંગીને પાણી પીધું. ઇત્યાદિ પ્રત્યક્ષપણાના પ્રસંગો. | ૧૬૬ |
| વિશ્રામ ૬૭ | શ્રીજીમહારાજે બ્રહ્મમુનિ સાથે ચિતારા છગનને દર્શન દીધાં અને બ્રહ્મમુનિની મૂર્તિ ચિતરાવી. શ્રીજીમહારાજ અને બ્રહ્મમુનિનું એકાત્મ્યપણું છે તે શ્રીજીનું વચન છે. | ૧૬૭ |
| વિશ્રામ ૬૮ | શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા મુળીમાં વસંતોત્સવ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા ઐશ્વર્ય અને મહિમા. મુળી દરબારના મરી ગયેલા ખવાસને દહીં મોઢામાં મૂકી જીવતો કર્યો તે પ્રસંગ. | ૧૬૯ |
| વિશ્રામ ૬૯ | મુળીમાં જન્માષ્ટમીના સમૈયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ઐશ્વર્ય બતાવી નાગર બ્રાહ્મણ બાપુજીને દેહ મુકાવી બોલતા બોલતા અક્ષરધામને પમાડ્યા. | ૧૭૦ |
| વિશ્રામ ૭૦ | મુળીમાં વસંત પંચમીના સમૈયામાં વાસુદેવાનંદ સ્વામી દ્વારા પીપળિયાના રામજી વણિકને વળગેલા પાંચ ભૂત કાઢ્યા તે પ્રસંગ. | ૧૭૨ |
| વિશ્રામ ૭૧ | મુળીમાં જન્માષ્ટમીના સમૈયા વખતે ઘણો વરસાદ થયો હતો. ભોગાવો નદીમાં બે કાંઠામાં પૂર આવ્યું હતું. તે સમયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ શ્રી રામપ્રતાપભાઈ સાથે ત્યાં પધાર્યા | ૧૭૪ |

| | | |
|---|---|---|
| | હતા. શ્રી રામપ્રતાપજી મહારાજે નદીનાં પાણી થંભાવી દીધાં અને સમૈયાના યાત્રાળુને નદી પાર કરવા માટે માર્ગ થયો. તે તથા બીજાં ઐશ્વર્ય ચરિત્રો. | |
| વિશ્રામ ૭૨ | મુળીમાં શ્રાવણ સુદ પૂનમનું ગ્રહણ થયું, તેમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ઐશ્વર્યથી નદીમાં પાણી આવ્યું; તે સમયે ગ્રહણ દરમિયાન ધૂન થતી હતી. તેમાં મહારાજના દિવ્ય દર્શન બંને આચાર્યો અને સદ્‌ગુરુ સંતો સહિત મહારાજની મૂર્તિ દ્વારા થયા. મહારાજ મહિનો મુળી રહ્યા હતા. | ૧૭૭ |
| વિશ્રામ ૭૩-૭૪ ૭૫-૭૬-૭૭ ૭૮-૭૯-૮૦ ૮૧-૮૨ | એક સમયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળી પધાર્યા હતા. એક વખત સભામાં લોયાનું ત્રીજું વચનામૃત વંચાતું હતું. તેમાં નામ લખેલ હરિભક્તોની વાર્તા મહારાજશ્રીની આજ્ઞાથી તદ્રૂપાનંદ સ્વામીએ કરી. તેમનાં નામ : (૧) ગલુજી, (૨) કુશળકુંવરબાઈ, (૩) પર્વતભાઈ, (૪) રાજબાઈ, (૫) લાડુબાઈ, (૬) જીવુબા, (૭) મોટા રામબાઈ, (૮) નાના રામબાઈ, (૯) દાદા ખાચર, (૧૦) માંચા ખાચર. | ૧૭૯ |
| વિશ્રામ ૮૩-૮૪ ૮૫-૮૬-૮૭ ૮૮-૮૯-૯૦ ૯૧-૯૨ | મુળીમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની આજ્ઞાથી તદ્રૂપાનંદ સ્વામીએ (૧) મુક્તાનંદ સ્વામી, (૨) મૂળજી બ્રહ્મચારી, (૩) મૂળજી તથા કૃષ્ણજી, (૪) લાધીબાઈ અને માતાજી, (૫) ગુંદાળીના બે કાઠી હરિભક્તો, (૬) ડોસા વાણિયા, (૭) વાળાક દેશના આહિર સામત પટેલ, (૮) કઠલાલની ડોશી જેકુંવર, (૯) સુંદરજી સુતાર તથા (૧૦) રાણા રાજગરની વાર્તા કરી. | ૨૧૧ |

| | | |
|---|---|---|
| વિશ્રામ ૯૩ | મુળીમાં જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પધાર્યા હતા તે વખતે મૂઢપણું, પ્રીતિ અને સમજણનું અંગ હતા એવા હરિભક્તોની તથા અગિયાર નિયમની તેમણે કરેલી વાતો. | ૨૪૩ |
| વિશ્રામ ૯૪ | શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની હળવદમાં પધરામણી. તેમણે જણાવેલો પ્રતાપ અને તેમણે વરસાવેલો અમૃતરસ. | ૨૪૬ |
| વિશ્રામ ૯૫ | મુળીમાં શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી દ્વારા અનેક ઐશ્વર્ય ચમત્કારો. | ૨૪૭ |
| વિશ્રામ ૯૬ | હળવદમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો રાજ્ય સત્કાર. રાજ રણમલસિંહજીને દુઃખ આપતી પ્રેતની ઉપાધિ ટાળી. | ૨૪૯ |
| વિશ્રામ ૯૭ | હળવદમાં રાજસાહેબ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. તેમને તેમનો દેહ પડવાની અગમચેતી કહી અંતે તેમને ધામમાં લઈ ગયા. (શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પોતે સંવત ૧૯૨૪માં અક્ષરનિવાસી થયા હતા.) | ૨૫૧ |
| વિશ્રામ ૯૮ | મુળીમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જન્માષ્ટમીના સમૈયામાં પધાર્યા હતા. મહારાજશ્રીને શરીરે કસર રહેતી હતી તેથી ગામેગામના હરિભક્તોએ આગ્રહ કરી પધરામણી કરવા વિનંતી કરી, તે માન્ય રાખી મહારાજશ્રી હળવદ પધાર્યા અને રાજસાહેબ, રણછોડભાઈ મહેતા આદિને પધરામણી કરી રાજી કર્યા. અને ત્યાં વીસ દિવસ રોકાયા. | ૨૫૨ |
| વિશ્રામ ૯૯ | શ્રીજીમહારાજે દેશ વિભાગ પોતે કર્યા. તેમાં કોઈ જગ્યાએ મંદિર નહોતાં તે ગણતરીમાં | ૨૫૬ |

| | | |
|---|---|---|
| | લઈ "ધાવા" નાખ્યા, તેમાં ગઢડા ને મુળીનો "ધાવો" નાખ્યો હતો.<br>આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને શ્રીજીમહારાજમાં દ્રઢ નિષ્ઠા અને તેમની સમર્થ સ્થિતિ. | |
| **વિશ્રામ ૧૦૦** | નિર્દોષાનંદ સ્વામી દ્વારા વાંકાનેરમાં મંદિર થયું તેમાંચમત્કાર. | ૨૬૦ |
| **વિશ્રામ ૧૦૧** | નિર્દોષાનંદ સ્વામીએ જોડિયા મંદિર કર્યું, તેમાં શ્રીજી દ્વારા પ્રત્યક્ષપણું અને સહાય. | ૨૬૧ |
| **વિશ્રામ ૧૦૨** | નિર્દોષાનંદ સ્વામીના વચનથી ગામ જાયવામાં બોરડીના કાંટા ખરી ગયા અને થોડાં વરસ બાદ બોરડી ધામમાં ગઈ એમ તેનો મોક્ષ કર્યો. | ૨૬૨ |
| **વિશ્રામ ૧૦૩** | સ. ગુ. દેવાનંદ સ્વામીએ સ્વતંત્રપણે દેહોત્સવ કર્યો. (સંવત ૧૯૧૦) | ૨૬૨ |
| **વિશ્રામ ૧૦૪** | બ્રહ્મચારી ઈશ્વરાનંદ અને બ્રહ્મચારી આનંદાનંદની વાત. | ૨૬૩ |
| **વિશ્રામ ૧૦૫** | શાસ્ત્રી બાળમુકુંદાનંદ સ્વામીને શ્રીજીમહારાજે મંદવાડમાંથી સાજા કરી સત્સંગ સેવા માટે રાખ્યા. | ૨૬૫ |
| **વિશ્રામ ૧૦૬** | પૂર્ણાનંદ સ્વામીનો દેહ મૂકવાનો પ્રસંગ. | ૨૬૬ |
| **વિશ્રામ ૧૦૭** | બ્રહ્મચારી લક્ષ્મીનારાયણાનંદને મહારાજે દર્શન આપી જણાવ્યું કે પોતે રામકૃષ્ણ મહેતાને ધામમાં લઈ જાય છે. તે વાત સત્ય થઈ. | ૨૬૭ |
| **વિશ્રામ ૧૦૮** | લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારીએ જેમને સત્સંગ કરાવ્યો હતો એવા ગોદાવરી ગામના રવાભાઈએ દેહ મૂક્યો તેની વાત. | ૨૬૮ |
| **વિશ્રામ ૧૦૯** | લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારીને કહીને શ્રીજીમહારાજ એક બાઈને ધામમાં લઈ ગયા. | ૨૬૮ |

| | | |
|---|---|---|
| વિશ્રામ ૧૧૦ | લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારીને ઉઠાડીને શ્રીજીમહારાજે કહ્યું કે નારાયણજી જાનીને તેડી જઈએ છીએ. તે સત્ય થયું. મંદિરમાં દરવાજા બંધ હતા છતાંય દિવ્યરૂપે શ્રીજીમહારાજે દર્શન આપીને બ્રહ્મચારીને જણાવ્યું હતું. | ૨૯૯ |

'હરિકે ચરિત્ર હરિ સમ જાના, યહ દોનુમેં ભિન્ન ન માના.'

–સદગુરુ આધારાનંદ સ્વામી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

# અનાદિ મુક્તરાજ
# સ. ગુ. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો

### મંગળાચરણ

भास्वत्कोटिसमप्रभं सुवदनं सत्पद्म पत्रेक्षणं कंठे
कौस्तुभ राजितं च मुरलीं संनादयन्सुस्वरात ।
सर्वालंकृति भूषण सुमुकुटं कर्णोल्ल सत्कुंडलम्
ध्याये दीर्घभुजं रुचिरवसनं श्री वासुदेवंहृदा ।। १ ।।
भातं मौतिक पुष्पहार ततिभि र्भक्तार्पितामिर्गले
हैमं निभृत मुज्वलं च रुचिरं सद्वस्त्र सूत्रं प्रभु ।
तंध्येयं चरणांबुजादिषु मुदा स्वांतेसदाधारयेत्
प्रत्येकं तु प्रथक् प्रथक् दढमति र्योगिचिरं सुस्थिरः ।। २ ।।
मुकं करोति वाचालं, पंगुंलंघयतेगिरिं ।
यत्कृपा तं मंह वंदे परमानंद धार्मिकम् ।। ३ ।।

### મંગળાચરણ શ્લોક અર્થ

કોટિ સૂર્યની કાંતિ સમાન છે મુખારવિંદ જેમનું, શ્રેષ્ઠ કમળ સરખાં છે નેત્રો જેમનાં, કંઠમાં જેમને કૌસ્તુભમણિની માળા શોભી રહી છે, મધુર સ્વરે મોરલી બજાવતા, દરેક પ્રકારના અલંકારો ધારણ કર્યા છે એવા, મસ્તકે સુંદર છે મુકુટ જેમને, કર્ણમાં સુશોભિત છે કુંડલ જેમને, અજાનબાહુ એવા, સુંદર વસ્ત્રો જેમણે પરિધાન કર્યા છે એવા શ્રી વાસુદેવ ભગવાનનું મારા હૃદયમાં ધ્યાન કરું છું. ॥ ૧ ॥

ભક્તજનોએ કંઠમાં પુષ્પના હાર અને મોતીની માળા અર્પણ

કરેલાં છે જેમને એવા સોનાના તારે યુક્ત, કાંતિમાન અને સુંદર વસ્ત્રોવાળા શ્રી હરિનાં ચરણકમળ તથા જુદાં જુદાં અંગોનું દઢમતિ યોગીજનો લાંબા કાળ સુધી ધ્યાન કરીને પોતાના મનને (ભગવાનના સ્વરૂપમાં) સુસ્થિર કરે છે ॥ ૨ ॥

મુંગાને જે વાચાળ કરે છે, પાંગળાને જે પર્વત ઉલ્લંઘાવે છે, એવી જેની કૃપા છે એવા પરમાનંદ ધર્મસ્વરૂપ શ્રીહરિને હું વંદન કરું છું. ॥ ૩ ॥

## વિશ્રામ ૧

એક સમયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીપુરમાં બિરાજમાન હતા, તે સમયે મહારાજશ્રી ત્યાં બે માસ રહ્યા હતા. દેશદેશના હરિભક્તો તથા સર્વે સાધુ, બ્રહ્મચારીની સભા ભરાઈને બેઠી હતી ત્યારે સર્વે સાધુ બ્રહ્મચારી તથા હરિભક્તોએ પ્રાર્થના કરી કહ્યું , "હમણાં અહીં રહી સર્વને દર્શન તથા વાતોનું સુખ આપો."

આવી સર્વની પ્રાર્થના સાંભળી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું "ભલે રહીશું અને સૌ હરિભક્તોને સમાગમ કરવો હોય તો ભલે આવો." એમ કહી તદ્રૂપાનંદ સ્વામીને જણાવ્યું , "સ્વામી! મહારાજની લીલાની વાતો કરો."

પછી જેમ સાધુ-બ્રહ્મચારી ને હરિભક્તો પૂછતા ગયા, તેમ સ્વામીશ્રીએ વાત કરવા માંડીઃ "મહારાજની લીલાની વાતો લખ્યે પાર આવે એમ નથી, તેમાંથી આ તો દિશમાત્ર[૧] લખી છે. જેના ચરિત્રનો શેષ[૨] પાર નથી પામતા અને સરસ્વતી પણ પાર નથી પામતા તો બીજું કોણ પાર પામે? આ તો મારી જેવી મતિ ને સમજણ; એવી રીતે લખી છે. ભગવાનની વાતો સાંભળવાથી

૧. અલ્પ યા થોડી. ૨. પૃથ્વી ધારણ કરનાર શેષનાગ.

ભગવાન સાંભરે એ સારુ લખી છે. એમાં જેવું લખાયું હોય તેમાં રાજી રહેજો."

તદ્રૂપાનંદ મુનિ ઉવાચઃ "આ મુળીપુરમાં પ્રથમ રામાનંદ સ્વામી આવતા અને દરબારમાં ઊતરતા. તે સમયે પરમાર બાપુજી, રઘાભાઈ, રામાભાઈ, અમથાભાઈ, તેમનાં માતુશ્રી મોટીબા, હકુબા તથા દરબાર રામાભાઈનાં માતુશ્રી બાજીબા આદિ હરિભક્તો સેવા કરતા.

શ્રીજીમહારાજ સં. (૧૮૫૯) અઢારસો ઓગણસાઠની સાલમાં શ્રી મુળીપુર મુકામે પ્રથમ બ્રહ્મચારીના વેશે આવ્યા અને ભોગવતી નદીમાં સ્નાનાદિ કરી હરખજી ખત્રી લૂગડાં ધોતા હતા તેને મહારાજે પૂછ્યું "આ ગામમાં ઊતરીએ એવું કોનું ઘર છે?"

ખત્રીએ પૂછ્યુંઃ "આપ કોણ છો?"

મહારાજે કહ્યુંઃ "અમે બ્રહ્મચારી છીએ."

આ જાણી ખત્રીએ જણાવ્યુંઃ "ઘેલા જોશીનું ઘર છે."

શ્રીજીમહારાજ ઘેલા જોશીના ઘેર પધાર્યા.

વિપ્રે પોતાના ફળિયામાં મોટો લીમડો હતો અને જેની નીચે મોટો ચોતરો હતો તેના પર આસન પાથરી આપ્યું; અને બોલ્યો "મહારાજ! રસોઈ કરશો કે અમારે ઘેર જમશો?"

મહારાજે કહ્યુંઃ "આજે તો અમારે એકાદશીનો ઉપવાસ છે."

વિપ્રે કહ્યુંઃ "મહારાજ! ફરાળ લાવું?"

મહારાજ કહેઃ "તમારી મરજી."

વિપ્ર પેંડા લાવ્યા. વિપ્રની સ્ત્રી અમૃતબાઈએ દહીંનો વાટકો ભરી આપ્યો. મહારાજ ફરાળ કરી બેઠા. ત્યાં તેમની પાસે પાંચ-સાત વિપ્ર પણ આવીને બેઠા. અને શ્રીજીમહારાજ વાતો કરતા હતા. એવે સમયે એક બીજા બ્રહ્મચારી આવ્યા. તેને પણ તે જ ચોતરે આસન કરાવ્યું.

તે જમીને બેઠો હતો તે સમયે, એણે યોગની વાત કરવા

માંડી, ત્યારે મહારાજે કહ્યું: "વાતો કરે શું થાય? એ તો જ્યારે સિદ્ધ થાય ત્યારે જ આત્માનું દર્શન થાય!"

વિપ્રે પ્રશ્ન વચમાં જ કર્યો: "હે મહારાજ! આત્મા કોને સિદ્ધ થાય?"

ત્યારે શ્રીજીમહારાજે ચોરાશી આસન, નોળી, કુંજરી ને બે પ્રકારની બસ્તિ, વ્રજોલી, અમરોલી, ખેચરી આદિ યોગ કરી દેખાડ્યો.

તે સમયે પેલા બ્રહ્મચારીએ જાદુ-કપટ કરી ત્રાંબામાંથી સોનું અને રૂપું કરી બતાવ્યું.

આ જોઈ શ્રીજીમહારાજ બોલ્યા: "એ પણ ખોટું છે. મહાત્માનાં વચનોમાં સોનાં અને રૂપાં રહ્યાં છે."

આ સાંભળી પેલા બ્રહ્મચારીએ પૂછ્યું: "શું મહાત્માનાં વચનોમાં સોનાં-રૂપાં રહેતાં હશે?"

શ્રીજીમહારાજ કહે: "મારા મુખ સામું જુઓ." તે સમયે સર્વે બેઠા હતા તેઓએ શ્રીજીમહારાજના મુખારવિંદ સામું જોયું. શ્રીજીમહારાજે મુખારવિંદ ઉઘાડ્યું ત્યારે તેમના મુખમાં સોનામય-ભૂમિ અને અખિલ બ્રહ્માંડની રચના સૌએ નિહાળી અને શ્રીજીમહારાજની ઇચ્છાથી સોનામહોરો અને રૂપિયાના સમૂહ થવા માંડ્યા. આ બધું નિહાળી સૌ વિસ્મય પામ્યા.

તે સમયે શ્રીજીમહારાજે જ્યાં પથ્થરની શીલા હતી, ત્યાં પગ અડાડ્યો જે સોનામય બની ગઈ, ત્યાર પછી શ્રીજીમહારાજના શરીરમાંથી તેજ નીકળ્યું, તે તેજને મધ્યે મૂર્તિ જોઈ સમાધિ થઈ ગઈ.

સમાધિમાં પરમ સુખ પામી સૌને બહુ આનંદ થયો. આ જાણ ગામમાં થઈ; એટલે મોટા મોટા ગરાસિયાઓ આવ્યા. તેઓએ શ્રીજીમહારાજને કહ્યું: "અમારા ઇષ્ટદેવ જે માંડવ

રાય તેને દેખાડો."

શ્રીજીમહારાજ બોલ્યાઃ "મારા સામું જુઓ." આવેલ બધાએ તેમના સામું જોયું. મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળતું જોઈ રાડો પાડવા લાગ્યા.

શ્રીજીમહારાજ કહેઃ "ધીરજ રાખો, શૂરવીર થઈ રાડો શીદ પાડો છો?" ધીરજ રાખીને બાર આદિત્યને (સૂર્ય) મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ જોઈ ઘણું સુખ થઈ ગયું; આમ બહુ આશ્ચર્ય પામીને બધા માંહોમાંહે વાતો કરતા ઘેર ગયા.

વિપ્ર ઘેલા જોશીએ શ્રીજીમહારાજનો આવો દિવ્ય ચમત્કાર જોઈ મનમાં એમ ધાર્યું જે, આ મોટા પુરુષ છે. આપણને એકે દીકરો નથી. જો રાજી થઈ વર આપે તો દીકરો થાય. એમ વિચારી પોતાની સ્ત્રીને કહ્યુંઃ "સવારમાં આપણે રસોઈ કરી દાળ, ભાત, લાડુ, રોટલી, પૂરી, ભજિયાં આદિ કરી મહારાજને જમાડીએ."

બીજે દિવસે બારશના રોજ ગામના લોકો પણ શ્રીજીમહારાજનાં દર્શને આવવા લાગ્યા.

વિપ્રની સ્ત્રીએ વહેલી રસોઈ કરીને પોતાના પતિને કહ્યુંઃ "મહારાજને પારણું કરવા બોલાવો."

વિપ્રે મહારાજને કહ્યુંઃ "મહારાજ! રસોઈ તૈયાર થઈ ગઈ છે. સ્નાન કરો અને જમવા પધારો."

વિપ્રે ઊનું જળ લાવી, પાટલો લાવી આપ્યો. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. ત્રાંબાકુંડીમાંથી જળ લેતા જાય અને સ્નાન કરતા જાય, વિપ્રની દીકરી કશલ પાણી આપતી જાય.

એવી રીતે નાહી રહ્યા પછી વિપ્રે અબોટિયું આપ્યું. તે પહેરી મહારાજ ઘરમાં પધાર્યા. વિપ્રે પાટલો ઢાળી દીધો અને મહારાજને તે પર બેસાડ્યા. ચંદન-પુષ્પે સહિત પૂજા કરી, વિપ્રે થાળ પીરસી શ્રીજીમહારાજ આગળ મૂક્યો. પાણી પીવા લોટો-પ્યાલો મૂક્યાં.

મહારાજ જમતા જાય ને પાણી પીતા જાય. વિપ્ર મહારાજને પીરસે. પ્રાર્થના કરે અને કહે : "મહારાજ! મારે સાત દીકરી છે પણ એકે દીકરો નથી."

આ પ્રાર્થના સાંભળી મહારાજ બોલ્યા: "તમારે ત્રણ દીકરા થશે. તેમાં મોટાનો વંશ રહેશે. દીકરીઓમાં જે નાની કશલ છે તેનો વંશ રહેશે."

આવી રીતે વિપ્ર ઘેલા જોશીને મહારાજે વર આપ્યો તેથી તે બહુ રાજી થયા.

આમ ઘણા પરચા અને ચમત્કાર દેતા થકા શ્રીજીમહારાજ પંદર દિવસ રહીને ચાલ્યા. તે ગામ લીમલી, વઢવાણ, મેમકા, શિયાણી થઈ અમદાવાદ પધાર્યા. આ વાતો સ્વામી કરતા ત્યારે હું પણ પ્રસંગોપાત પૂછતો, માટે "ઈતિ"માં મારું નામ કરુણાનંદ દાખલ કરેલ છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પહેલો વિશ્રામ.

## વિશ્રામ ૨

એક સમયે શ્રી મેથાણપુરથી દેવરામ વ્યાસ અને શ્રીજીમહારાજ મુળીપુરમાં પધાર્યા અને અલર્ક વાવમાં[૧] સ્નાન કરતા હતા. તે સમયે પરમાર દાજીભાઈ ત્યાં આવ્યા અને શ્રીજીમહારાજને જોઈ બોલ્યા: "મહારાજ! અમારે ઘેર પધારો." એમ કહી રૂડા સાધુ જાણી તેઓને પોતાને ઘેર લઈ ગયા.

તેમના માતુશ્રી ફૂલજીબા, જે પરોક્ષના ભક્ત હતાં; તેમણે ચોકમાં ચોતરા ઉપર આસન બિછાવરાવ્યું અને પોતાને ઘેર

૧. આ વાવ મંદિર સામે જ છે.

રામકૃષ્ણ મહેતાને તેડાવીને રસોઈ કરાવી, મહારાજ અને દેવરામને જમવા બેસાડ્યા. ફૂલજીબા દૂધ-દહીં વગેરે લાવ્યાં. દૂધ ગાળી આપ્યું અને રામકૃષ્ણ મહેતાએ પીરસ્યું, મહારાજ જમ્યા.

ત્યાર બાદ શ્રીજીમહારાજ ચોતરા ઉપર ઢોલિયો ઢળાવી બિરાજમાન થયા. ગામના લોકો અને ગરાસિયાઓ મહારાજનાં દર્શને આવ્યા. તેમની સાથે મહારાજે બહુ વાતો કરી. રામકૃષ્ણ મહેતાએ પ્રશ્ન કર્યો: "હે મહારાજ! આ જીવને કેમ કરે તો ભગવાનમાં હેત થાય?"

મહારાજે ઉત્તર આપ્યો: "જે વસ્તુમાં મહત્વ જણાય તેમાં હેત થાય, માટે ભગવાનનો મહિમા જાણે તો હેત થાય, એને સ્વાર્થ જણાય તો સગાંસંબંધીમાં હેત છે તેવું ભગવાન, સંત અને હરિભક્તમાં થાય."

એવી ઘણી વાર્તા કરી મહારાજ પોઢી ગયા.

સવારે નદીમાં રેતીએ[૧] કૂવે નહાવા પધાર્યા. નાહીએ આવ્યા ત્યારે દૂધપાકની રસોઈ કરાવી મહારાજને જમાડ્યા.

તે દિવસે પણ ઘણા લોકો તેમનાં દર્શને આવ્યા. તેઓને પણ ભગવાનની વાર્તાઓ શ્રીજીમહારાજે કહી સંભળાવી.

આમ બે દિવસ રહીને ચાલ્યા અને રામકૃષ્ણ મહેતા તેમને લોયા સુધી મૂકવા સાથે ગયા.

લોયામાં બે દિવસ રહ્યા અને સૌને દર્શનનો લાભ આપ્યો.

મહારાજ બોલ્યા: "ભગત! હવે તમે તમારા ઘેર જાઓ." એમ કહી એક રૂપિયો તથા ધોતિયું આપ્યું. પછી રામકૃષ્ણ મહેતા અને મેથાણના દેવરામ વ્યાસ પોતાને ઘેર ગયા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બીજો વિશ્રામ.

---

૧. આથમણી તરફ નદીના સામે કાંઠે છે.

## વિશ્રામ ૩

શ્રીજીમહારાજ રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી ઘણો ચમત્કાર જણાવતા હતા. ઘણા માણસોને સમાધિ કરાવતા હતા. સોરઠ અને ઝાલાવાડમાં ફરતા ફરતા મુળીપુરમાં આવ્યા. રઘાભાઈના દરબારમાં તેમની ચોપાટે ઉતારો આપ્યો. રઘાભાઈ, બાઈબા, અમાભાઈ અને તેની ભાર્યા જે જામબા તે રામાનંદ સ્વામીના શિષ્ય હતાં. તેમણે તેઓને રામાનંદ સ્વામીના સાધુ જાણી રાખ્યા.

શ્રીજી સાથે પાંચ સાધુ હતા. તેમાં એક સુખાનંદ સ્વામી, બીજા નિર્ગુણાનંદ સ્વામી, ત્રીજા માયાતીતાનંદ સ્વામી, ચોથા અયોધ્યાદાસ, પાંચમા સદાનંદ સ્વામી અને છઠ્ઠા શ્રીહરિ. તે સમયે રઘાભાઈએ પોતાને ઘેર રસોઈ કરાવી. દરબારમાં શ્રીહરિને જમવા સારુ બોલાવ્યા. થાળ લઈ મોટીબાએ મહારાજની આગળ મૂક્યો. પોતે શ્રીહરિને જમાડતા જાય અને મહારાજને પૂછતા જાય, "હે મહારાજ! સમાધિ થાય છે તે કેમ થતી હશે?" મહારાજ કહેઃ "અમે જમીને બેસીશું. પછી તમે જોજો."

મહારાજ અને સાધુ જમીને એમની ઓસરીએ બિરાજમાન થયા. તે સમયે જે મહારાજનાં દર્શન કરે તેને સમાધિ થઈ જાય! તે વાત સાંભળી મોટા મોટા ગરાસિયા આવ્યા. દરબાર રામાભાઈ, રઘાભાઈ, અમાભાઈ, કશલાભાઈ, જીવાભાઈ, ભારાભાઈ, જસાભાઈ આદિ સર્વ ગરાસિયા આવ્યા. તે સર્વેને સમાધિ થઈ. કેટલાક તો ગોલોક દેખતા, કેટલાક વૈકુંઠ દેખતા, કેટલાક કૈલાસને વિષે શંકર-પાર્વતીને ગણપતિ સહિત દેખતા, કેટલાક શ્વેતદ્વીપને વિશે વાસુદેવને, કેટલાક બદ્રિકાશ્રમને વિશે નરનારાયણને દેખતા, કેટલાક ખગોળ અને ભૂગોળને દેખતા,

કેટલાક આત્માને દેખતા, કેટલાક અક્ષરને વિશે રહ્યા જે પુરુષોત્તમ ભગવાન તેને દેખતા હતા. એમ અનેક આશ્ચર્ય જોઈ વિસ્મય પામતા હવા. એવી વાત સાંભળી ગામમાંથી ઘણા માણસો, મહાજન, સોની આદિ સર્વે આવતા હવા.

તે સમયે માનસંગ શેઠ અને સુંદરજી શેઠ એ બે ભાઈ કહે "અમને અમારા તીર્થંકરનાં દર્શન કરાવો." એટલે ચોવીસ તીર્થંકરને દેખાડ્યા. ચોવીસ તીર્થંકરે શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરી તેઓને કહ્યું: "તમારું કલ્યાણ કરવું હોય તો જગતકર્તા આ સ્વામિનારાયણ છે તેનો આશ્રય કરો ને સમાધિમાંથી ઊઠી વર્તમાન ધારો." એમ કહ્યું ત્યારે તેમણે વર્તમાન ધાર્યા.

પછી રૈયા સોની તથા વશરામ એ બે કહે "અમને અમારી વાઘેશ્વરી માતા દેખાડો." એટલે તેઓને વાઘેશ્વરી માતા દેખાડી. એવી હજારો વાઘેશ્વરી માતા શ્રીહરિની સેવામાં જોઈ. વાઘેશ્વરીએ કહ્યું: "મારામાં શું વળગ્યા છો? મોક્ષ જોઈતો હોય તો આ પ્રગટ ભગવાનને વળગો." એટલે ભગવાનમાં હેત કર્યું. આમ વાણિયા અને સોની બંને હરિભક્ત થયા.

તે વાત સાંભળી ગામમાંથી વિપ્ર આવ્યા. એક પ્રભુજી મહેતા, બીજા શંકરજી વાલમ અને જેરામ મહેતા, મોના જોષી, ઘેલા રાવળ, ઘેલા જોષી, કરશનજી દવે એ સર્વે શ્રીજી પાસે આવ્યા અને સમાધિ જોઈ, વિચાર કરીને તે વિપ્ર બોલ્યા: "અમને ગાયત્રીનું ધામ દેખાડો." મહારાજ કહે: "મારા સામું જુઓ." પછી સર્વ મહારાજ સામું જોતા હવા. અને સમાધિમાં તેજોમય એવું સૂર્યનારાયણનું રૂપ જોઈને રાડ પાડવા માંડી. ત્યારે શ્રીજી કહે: "ધીરજ રાખો, આત્મારૂપે થાઓ અને દેહની ભાવના ટાળો. શુદ્ધ સત્ય એવું આત્માનું રૂપ તે મધ્યે રહીએ જુઓ."

સર્વે વિપ્ર બ્રહ્મરૂપ થઈ સૂર્યનારાયણના લોક અને બાર આદિત્ય તેના મધ્યને વિશે રહેલું તેજોમય એવું જે શ્રીહરિનું રૂપ જોઈ આનંદ પામ્યા અને સુખિયા થયા. કોટાનકોટિ સૂર્ય સરખા પ્રકાશમાન અક્ષરના નિયંતા ને આનંદમય તેજોમય એવી શ્રીજીની મૂર્તિ જોઈ ઘણું સુખ પામ્યા. સમાધિમાંથી પાછા આવી અક્ષરની અને સૂર્યલોકની વાત કરવા માંડી, તે સાંભળી સર્વે વિસ્મય પામતા હવા.

તે સમયે એક રાજપૂત કાઠીઆ માલુભાઈ નામે પટેલ હતા, તેમને સમાધિ થઈ. તેમને શ્રીહરિના ચર્તુભુજરૂપ દર્શન થયાં અને ઘણું સુખ પામ્યા. મોટા યોગીને ધ્યાનમાં ન આવતા એવા ને આનંદમય શ્રીહરિની મૂર્તિ જોઈ આનંદિત થઈ ગયા અને કહ્યું: “આવું સુખ તો બ્રહ્માંડમાં ક્યાંય નથી.”

તે સમયે ખત્રી ડાહ્યો અને બીજો હરખજી એ બે ભાઈ મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા એટલે તે બંનેને સમાધિ થઈ. શ્રી રાધાકૃષ્ણનાં મોટાં મંદિર તેને વિશે શ્રીહરિની મૂર્તિ જોઈ રહ્યા. બંનેને મનમાં એમ થયું, “આ રાધાકૃષ્ણ તે જ આ સ્વામિનારાયણ ભગવાન છે” એવું જાણી તરત વર્તમાન ધર્યાં.

ખત્રીએ માવજી સુતારને વાત કરી: “આ તો બહુ ચમત્કાર જણાવે છે” તેથી બહુ મોટા સાંભળી માવજી સુતાર શ્રીજી પાસે આવ્યા. તે સમયે ત્યાં ઘણાને સમાધિમાં જોઈ માવજીને મનમાં એમ થયું: “મને તો રામચંદ્રજીનું દર્શન કરાવે તો ઠીક.” એમ વિચાર કરે છે એટલામાં સમાધિ થઈ ને રામચંદ્રજી, સીતાજી, હનુમાનજીને જોયા. પછી સર્વેને શ્રીજીની મૂર્તિને વિશે લીન થતા જોયા અને ઘણો આનંદ પામતા હવા. સમાધિમાંથી પાછા આવી શ્રીજીના ચરણમાં પડતા હવા અને શ્રીજીનો આશ્રય કરતા હવા.

એવા અનંત ઐશ્વર્ય જોઈ રઘાભાઈ, બાપુજી આદિક

ગરાસિયા એમ માનતા હતા જે આ રામાનંદ સ્વામીથી મોટા છે. તેઓ સ્વયં ભગવાન છે. એમ જાણી શ્રીજીને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરતા હતા. પોતાના ઘેર રાખવાનો આગ્રહ કહી સર્વે પોતાના ઘેર જમાડતા હવા.

એવી રીતે પંદર દિવસ રહી શ્રીજીએ રજા માગી ત્યારે સર્વેએ પ્રાર્થના કરી "પ્રભુ! વહેલા પધારજો." ત્યારે શ્રીજીએ કહ્યું: "જરૂર આવશું, હમણાં અમદાવાદ જવું છે." એમ કહી ચાલ્યા તે ખોલડીઆદ, ટિંબા, સમલા, સિયાણી, દદુકા, મચ્છિયાવ થઈ અમદાવાદ પધાર્યા.

અમદાવાદમાં શ્રીજી "મન તું નારાયણ ભજ રે" એ પ્રકારની ધૂન કરાવતા હવા અને હજારો માણસોને સમાધિ થતી હવી. એવું ઘણું સામર્થ્ય જણાવતા હવા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ત્રીજો વિશ્રામ.

## વિશ્રામ ૪

એક વખત શ્રીજીમહારાજ હળવદથી ટીકર ઉપર થઈ શ્રી મુળીપુરમાં આવ્યા. નદીમાં ધોળા ખડકા પાસે મંદિરની વાડી છે. તેમાં ઓરીઆ આગળ એક મોટો લીમડો હતો. તે નીચે આવી કરીમ ભક્તે સાફ કરીને આસન કર્યું. મૂળજી બ્રહ્મચારી અને શ્રીહરિ આવ્યા, લીમડા નીચે બેઠા. તે વખતે ભગવાન સતવારો કોસ હાંકતો હતો. તે દરમ્યાન સતવારાના ગોર વિપ્ર કુબેરજી તથા દયારામ બંને ભાઈ નહાવા આવ્યા હતા. તેમણે મહારાજનાં દર્શન કર્યાં અને પાસે બેઠા. શ્રીહરિની મૂર્તિ જોઈ એમ થયું જે આ કોઈ મોટા પુરુષ છે. એમ જાણી મૂળજી બ્રહ્મચારીને પૂછ્યું:

"આ કોણ છે?"

બ્રહ્મચારી કહેઃ "આ તો સ્વામિનારાયણ ભગવાન છે."

એવું સાંભળી શ્રીજીના ચરણમાં પડ્યા અને દર્શન કરી મૂળજી બ્રહ્મચારીને પૂછ્યુંઃ "અમે રસોઈનો સામાન લાવીએ? અમારે રસોઈ કરાવવી છે."

બ્રહ્મચારી કહેઃ "ભલે!" પછી તેઓ રસોઈનો સામાન લાવ્યા. બંને ભાઈઓએ લાડુ, દાળ, ભાત, શાક, પુરી કરી. રસોઈ તૈયાર થઈ એટલે શ્રીહરિ, મૂળજી બ્રહ્મચારી, કરીમ ભક્ત એમને જમાડ્યા. જમી રહ્યા બાદ વિપ્રને કહ્યુંઃ "હવે તમે જમો." તેઓ જમીને મહારાજની પાસે બેઠા.

તે સમયે તેઓએ શ્રીજીના શરીરમાં ઘણું તેજ જોયું તથા અક્ષરધામ જોયું. ત્યાં ઘણા મુક્તો જોયા. ત્યારે વિપ્રે પૂછ્યુંઃ "આ સર્વે કોણ છે?"

શ્રીજીએ કહ્યુંઃ "આ સર્વે મુક્તો અહીં ધામમાં નિવાસ કરે છે." આવી ઘણી વાતો કરી. એમ કરતાં સાંજ પડી.

વિપ્ર કહેઃ "હવે ગામમાં પધારો."

મહારાજ કહેઃ "ઉતારો ક્યાં કરીશું?"

વિપ્ર કહેઃ "આ સામે અલર્કની વાડી છે ત્યાં બંગલો છે. તે એકાંતનું સ્થાન છે ત્યાં પધારો."

મહારાજ ત્યાં પધાર્યા. રાત્રે ઢોલિયો ઢાળી આસન કરી આપ્યું અને જે જોઈએ તે દરબારમાંથી સરસામાન પહોંચાડ્યો. દરબારમાંથી કહેવડાવ્યું જે મહારાજને પ્રાર્થના કરજો કે સવારે જાય નહિ. અમારી રસોઈ જમ્યા પછી જવાનું રાખે. આ પ્રમાણે પ્રાર્થના કરી એટલે તે દિવસે શ્રીજીમહારાજ રોકાયા.

ઈતિ શ્રી તદ્રૂપાનદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચોથો વિશ્રામ.

# વિશ્રામ ૫

બીજા દિવસે સવારના પહોરમાં વહેલા ઊઠી મહારાજ અલર્ક વાવના મતવાલા ઉપર બિરાજમાન થયા. આસન વાળી નેતી-ધોતી આદિ કરીને વાવમાં નાહીને મતવાલા ઉપર સંધ્યા પૂજા કરતા હતા. તે વખતે લીમલીના મૂળજી શેઠ વાવે નાહવા આવ્યા. તેમણે મહારાજને મતવાલા પર બેઠેલા જોઈ નાહીને એમની પાસે ગયા. મહારાજના ચરણારવિંદમાં સોળ ચિહ્ન છે. અને શાસ્ત્રમાં બત્રીસ કહ્યાં છે, તે કેવા હશે? તેમ વિચાર કરે છે ત્યાં બત્રીસ ચિહ્ન મૂળજીભાઈએ દીઠાં. પછી વિચાર કર્યો જે ચોસઠ ચિહ્ન કહ્યાં છે તે કેવાં હશે? ત્યારે શ્રીજીના સ્વરૂપમાં ચોસઠ ચિહ્ન દીઠાં. પછી વિચાર થયો જે ચોરાશી ચિહ્ન જેનામાં હોય તે પુરુષોત્તમ કહેવાય. આમ વિચાર કરે છે ત્યાં મૂળજીભાઈએ ચોરાસી ચિહ્ન જોયાં. તે જોઈ એમ નિશ્ચય કર્યો જે આ તો અવતારના અવતારી જેને પુરુષોત્તમ ભગવાન કહે છે તે આ પોતે જ છે.

એવું સમજીને મૂળજી બ્રહ્મચારીને પૂછ્યું: "આ કોણ છે?"

બ્રહ્મચારી કહે: "આ તો સ્વામિનારાયણ ભગવાન છે."

એ સાંભળી મહારાજે પૂછ્યું: "તમે ક્યાં રહો છો?"

મૂળજી શેઠ કહે: "અહીં લીમલી ગામ છે. ત્યાં રહીએ છીએ." પછી તેમણે મહારાજનો આશ્રય કર્યો અને એકાંતિક ભક્ત થયા.

ત્યાર બાદ દરબારમાં જમવા સારુ વિપ્ર પાસે રસોઈ કરાવી મહારાજને જમાડ્યા. પછી મહારાજ બંગલે આવી પોઢી ગયા. સાંજનો સમય થયો તે વખતે દરબાર અને

ગરાસિયા બેસવા આવ્યા.

દરબાર રામાભાઈએ પ્રશ્ન પૂછ્યો: "ભગવાન કેમ કરીએ તો રાજી થાય"

શ્રીજીમહારાજ બોલ્યા: "કોઈ એમ જાણે કે હું ભગવાનને વશ કરું. તેમ તો ભગવાન વશ થાતા નથી. ત્યારે કેમ સમજવું? પ્રથમ ભગવાનને આપણે વશ થવું, તે કેવી રીતે તો પોતાની સર્વ ઇન્દ્રિયો અને અંતઃકરણને ભગવાનના ગમતામાં વર્તાવીએ તો ભગવાન વશ થાય છે. ત્યાં દૃષ્ટાંત છે. જેમ ચાકર હોય તે રાજાની આજ્ઞા અનુસારે વર્તે ત્યારે રાજા ચાકરને વશ થાય છે. એમ જે હરિભક્ત હોય તે ભગવાનની આજ્ઞા અનુસાર વર્તે ત્યારે ભગવાન ભક્તોને વશ થાય છે." એવી રીતે ઉત્તર કર્યો. આવી ઘણી વાત કરી, સર્વેને રાજી કરી પોતે શ્રીહરિ વાવમાં નહાવા પધાર્યા. ત્યાર બાદ બગીચામાં બેસતા હવા. તે સમયે પોતાનાં દર્શને બાઈઓ આવ્યાં અને કહ્યું: "મહારાજ! રાત્રે દરબારમાંથી જમવાનું આવશે."

ધમડકાવાળા દરબારનાં માતુશ્રી બાઈબા અને દરબાર રામાભાઈના ઘરનાં રૂપાળીબા તથા રાજુબાનાં દીકરી કેશાબા અને મોંઘીબા આદિ બાઈઓ ભેગી થઈ મહારાજના થાળ લઈ દર્શન કરવા આવ્યાં. મહારાજને થાળ જમાડ્યો અને મહારાજની વાર્તા સાંભળી રાજી થઈ, હાથ જોડી પ્રાર્થના કરી કહ્યું: "હે મહારાજ! અહીં પંદર માસ રહો." મહારાજે હા પાડી અને કહ્યું: "બહુ સારું. અમો રહીશું." સર્વે બાઈઓ દરબારમાં ગયાં અને મૂળજીભાઈ, વિપ્ર કુબેરજી, દયારામ, રામકૃષ્ણ, પુરુષોત્તમ તે સર્વ શ્રીહરિની સેવામાં રહેતા હવા.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પાંચમો વિશ્રામ.

# વિશ્રામ ૬

ત્રીજા દિવસે બાઈબા અને રાજુબાએ દરબારમાં રસોઈ કરાવી. શ્રીહરિને જમવા માટે બોલાવ્યા. મહારાજ જમવા પધાર્યા. મહારાજને અને મૂળજી બ્રહ્મચારીને જમાડી બાઈએ મુખવાસ આપ્યો. રાજુબાએ દરબારને થાળ પીરસ્યો. દરબારમાં એક ઓરડો હતો. તેમાં ભૂત ઘણાં રહેતાં હતાં. મહારાજને જોઈ ઓરડામાં ઘણો ધમધમાટ થયો.

મહારાજે પૂછ્યું: "આ શું થાય છે?"

ત્યારે દરબાર કહે ઓરડામાં ભૂતો છે. મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, "બ્રહ્મચારી! આ ભૂતોનો મોક્ષ કરો."

મૂળજી બ્રહ્મચારીએ પાણીનો લોટો લઈ ઓરડામાં પાણી છાંટ્યું. ભૂતોએ રાડો પાડી. મૂર્તિમાન પચીસ ભૂતો હતા તે સર્વે આવી મહારાજને પગે લાગ્યાં. શ્રીજીમહારાજનાં ચરણનો

સ્પર્શ કરી ચતુર્ભુજ થઈ શ્રીહરિને પ્રાર્થના કરી અને સૌને જોતાં ગોલોકમાં જતા હવા. તે જોઈ સૌ વિસ્મય પામ્યા.

મહારાજ અલર્ક વાવના બગીચામાં બંગલો હતો ત્યાં આવી પોઢી ગયા. સાંજે ચાર વાગે ઊઠી વાવમાં સ્નાન કરી વાવના મતવાલા ઉપર બિરાજમાન થયા. તે સમે હરિભક્ત મૂળજી અને બીજા ગરાસિયા અને દરબાર સૌ બેસવા આવ્યા. સૌને મહારાજે વાત કરી, પછી કહ્યું: "જેને પૂછવું હોય તે પૂછો."

ત્યારે રઘાભાઈએ પ્રશ્ન પૂછ્યો: "હે મહારાજ! આ જે ભૂત થતાં હશે તેનું શું કારણ હશે?"

મહારાજે કહ્યું: "જે જીવને વિષયમાં વાસના રહે તે ભૂત થાય; સ્ત્રી, દીકરા, રૂપિયા તથા ઘરની મેડી આદિ જેમાં વધુ હેત હોય તે ત્રણે અવસ્થામાં સાંભરે અને તેની વિસ્મૃતિ ન થાય. રાત્રી

દિવસ સંભાર્યા કરે અને એ અરસામાં એનો દેહ પડે તો ભૂત થવું પડે. માટે ભગવાન અને સંત તેમાં હેત રાખવું. બીજે ઠેકાણે હેત ન રાખવું."

એવી રીતે ઘણી વાર્તા કરી તેમાંથી અલ્પ માત્ર લખી છે. પછી દિવસ અસ્ત થયો અને સૌ ઊઠ્યા અને મહારાજ બંગલે પધાર્યા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છઠ્ઠો વિશ્રામ.

## વિશ્રામ ૭

એક વખત મહારાજ ગામ ભાડેર પધાર્યા હતા. તે ગામના દરબાર પાતલભાઈ વાઘેલા હતા. તેમની બેન રાજુબાને મૂળી પરણાવ્યાં હતાં. નાનપણમાં ભાડેરમાં મહારાજનો જોગ હતો. પરણાવ્યા પછી મહારાજનાં દર્શન ન થયાં અને પોતા ભાડેર ગામ ગયાં, ત્યાં મહારાજનાં દર્શન થયાં.

તેમણે શ્રીજીમહારાજને કહ્યું: "તમારાં અમોને દર્શન ન થાય તો અમારે ઘરમાં રહેવાનું શું કામ?"

મહારાજ કહે: "તમારું ક્યું ગામ છે?"

બાઈ કહે: "અમારું ગામ મુળી છે."

શ્રીજીમહારાજ કહે: "મુળીમાં તો અમો બાર મહિનામાં બે વખત આવીએ છીએ."

બાઈ કહે: "અમને ખબર કર્યા વિના આવીને જતા રહો તો શી ખબર પડે?"

પછી મહારાજે કહ્યું: "હવે મુળીપુર આવીશું ત્યારે ખબર આપીશું."

બાઈએ કહ્યું: "મારે ઘેર છ માસ રહેવું એવો વર આપો." ત્યારે શ્રીજીમહારાજે 'વર' આપ્યો. ધમડકાનાં બાઈ જે બાઈબા તેમને પણ 'વર' આપ્યો હતો.

તે બંનેના 'વર' સત્ય કરવા સારુ પોતે મુળીપુરના દરાબમાં છાના રહીને દિન દિન પ્રત્યે છાના જ્ઞાન, વૈરાગ્ય અને તપની વાતો કરતા. દરબારમાં એક બંગલો હતો. તેમાં મહારાજનું આસન હતું. એ દરબારને એવું નિયમ હતું જે એક સાધુને જમાડીને અન્ન લેતા. એટલા સારુ એ બે બાઈઓએ કહ્યું જે, "આ બહુ મોટા સાધુ છે." એમ કહી મહારાજને રાખ્યા.

પાતલભાઈએ કહ્યું કે: "અમારા ગુરુ છે તેથી એમને રાખજો."

તેથી મહારાજને રાખી એ બે બાઈઓ હંમેશાં મહારાજને નવા નવા થાળ કરી જમાડતાં. એવી રીતે ઘણા માસ રહી મહારાજે રજા માગી ત્યારે બાઈઓએ વર માગ્યો: "અમને આવા ને આવા દર્શન દેજો."

મહારાજ કહે: "આંહીં મંદિર કરીશું ત્યારે બિરાજીશું."

બાઈઓએ કહ્યું: "મંદિર ક્યારે કરશો?"

શ્રીજીમહારાજે કહ્યું: "જ્યારે ઝીણાભાઈના ઘેર કરશું ત્યારે તમારે ઘેર કરશું." એવો વર આપ્યો. વળી કહ્યું: "આ ગામમાં ઘણા મુમુક્ષુ છે તે જેમ જેમ સંત સમાગમ થશે તેમ તેમ સત્સંગ થશે."

ત્યારે બાઈઓએ કહ્યું જે, "આ ગામમાં ઘણા ભક્ત ક્યાં છે?"

શ્રીજીમહારાજ કહે: "આ ગામમાં પાંચ હજાર, દસ હજાર અને પંદર હજાર રૂપિયા ખર્ચે એવા હરિભક્તો થશે અને લાખો રૂપિયાનું મંદિર થશે."

બાઈઓ કહેઃ "મહારાજ અમારી મશ્કરી કેમ કરો છો?"

મહારાજ કહેઃ "અમે સાચું કહીએ છીએ. એમાં જૂઠું કાંઈ નથી. સાચે સાચું છે. અમોને તમો કેવા સમજો છો?"

ત્યારે બાઈઓ કહેઃ "તમોને અમો ભગવાન સમજીએ છીએ."

મહારાજ કહેઃ "ભગવાન સમજતા હોય તો અમો કહીએ તે સાચું માનો." અને તે સાચેસાચું તેમ જ થયું.

તે સમયે શ્રીજીમહારાજના કરેલ એક શંકરાનંદ નામે શ્રીપાત અહીં મુળીપુરમાં રહેતા, તેમણે આ સર્વ વાત લખી છે. આ વાત મેથાણના પ્રજ્ઞાનંદ સ્વામીએ અમને વડોદરામાં કહી હતી. પ્રજ્ઞાનંદ સ્વામી કહેઃ "પહેલ વહેલા મેં શ્રીજીમહારાજનાં દર્શન મુળીપુરમાં કર્યાં હતાં. હું લોયા જતો હતો તે સમયે નદીના કાંઠે બાઈઓ વાતો કરતી હતી કે અહીં સ્વામિનારાયણ છે તે તો જાદુગર છે ને દરબારમાં સૌ એમને જ દેખે છે." એવી વાત સાંભળી બાઈઓને પૂછ્યું : "સ્વામિનારાયણ પાસે જવાય છે?" ત્યારે કહેઃ "હા, ભલે જાવ."

દરબારમાં જઈ શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં.

મહારાજે પૂછ્યુંઃ "તમે તો પિતાંબરાનંદના દીકરા થાઓ છો?" તો કહેઃ "હા." મહારાજ કહેઃ "ક્યાં જાઓ છો?" ત્યારે તેમણે કહ્યું કેઃ "હું તમારાં દર્શન કરવા આવ્યો છું." મહારાજ કહેઃ "સારું ત્યારે, ઘેર જાઓ." તો કહેઃ "મારે સાધુ થવું છે." મહારાજ કહેઃ "તમે જેતલપુર જાઓ." પછી તે જેતલપુર ગયા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સાતમો વિશ્રામ.

# વિશ્રામ ૮

એક વખત આસો માસમાં મહારાજ મુળીપુર પધાર્યા. સર્વેએ દર્શન કર્યાં. તે દિવસે પૂર્ણિમા હતી. તે દિવસે દરબારમાંથી બાઈઓ દૂધ-પૌંઆ અને સાકર લઈ મહારાજને જમાડવા સારુ રાત્રે અલર્ક વાવના બગીચામાં આવ્યાં. રાજુબા, મોટીબા, નાનીબા, કસીબા, હકુબા, બાઈબા, બે રાજબા, ચંદીબા, મગજીબા, રૂપાળીબા, જીજીબા, પ્રતાપબા, જામબા, માજીબા, માણેકબા, પાર્વતીબા, જેઠીબા તથા બાપુબા આદિ ઘણી બાઈઓ પોતપોતાને ઘેરથી જમવાનું લઈ આવ્યાં અને મહારાજને જમાડ્યા. દૂધ-પૌંઆ અને સાકર જમી રહ્યા એટલે મુખવાસ, પાનબીડી શ્રીજીમહારાજને આપી. પછી શ્રીહરિએ સર્વેને પાનની અને પૌંઆની પ્રસાદી આપી.

સર્વે બાઈઓને મહારાજે ઘણી વાર વાતો કરી. ધોળી અને અજવાળી રાત્રી જોઈ બાઈઓ બોલ્યાં: "હે મહારાજ! જે રાત્રીએ શ્રીકૃષ્ણ રાસ રમ્યા હતા એવી આ રાત્રી છે. માટે આવી રાત્રીમાં કેમ રાસ રમ્યા હશે તે અમને બતાવો."

મહારાજ કહે: "મારા સામું જુઓ." પછી તેમણે મહારાજ સામું જોયું એટલે અલર્ક વાવની વાડીમાં તેજનો સમૂહ પ્રગટ થયો. તેમાં અનંત ગોપીઓ, અનંત શ્રીકૃષ્ણ તે બે બે ગોપીઓ વચ્ચે એક શ્રીકૃષ્ણ એમ બગીચામાં દીઠા. તે જેમ જમુનાજીનો કાંઠો, તે ઉપર બગીચો તે જાણે વૃંદાવન જ હોય તેમ ઝાડ તથા મોગરા, ચમેલી એવાં જાત જાતનાં ફૂલ એવી ઘણી વાડીની શોભા, તે મધ્યે તેજોમય સિંહાસન ઉપર શ્રીજીમહારાજને બિરાજમાન જોઈ રાસમાં જાણે અમે રાસ રમીએ છીએ તેવું રાસમાં ઘણું સુખ પામી થાકી ગયાં. મહારાજ પાસે આવી બાઈઓ બેઠાં અને

રાસ રમતા હતા જે શ્રીકૃષ્ણ ભગવાન ને સર્વે ગોપીઓ તે શ્રીહરિને વિષે લીન થતાં હવાં. તે જોઈ સૌ વિસ્મય પામ્યા.

તે વખતે મહારાજને શરીરે પરસેવો ખૂબ વળેલો જોઈ તેં બાઈઓએ શ્રીજીને પવન નાખવા માંડ્યો અને કહ્યું: "મહારાજ! તમે બહુ દાખડો કર્યો તે પરસેવો વળી ગયો."

મહારાજ કહે: "તમે દાખડો કરાવ્યો એટલે કરવો પડ્યો." એવું બાઈઓને ઘણું સુખ આપી રાજી કર્યા. શ્રીજીમહારાજને પ્રથમ જેવા હતા તેવા જોઈ બાઈઓ બહુ વિસ્મય પામ્યાં. શ્રીજીમહારાજે પોતે અવતારના અવતારી, સર્વોપરી, સર્વ નિયંતા ભગવાન છે એ પ્રકારનો નિશ્ચય કરાવી સર્વેને રજા આપી. એટલે સૌ પોતપોતાના ઘેર ગયાં.

એવી તો ઘણી લીલા કરી છે પણ આ તો અલ્પમાત્ર લખી છે. જેમ છે તેમ તો કોઈ લખી શકે તેમ નથી તો આપણાથી તો કેમ લખાય? કેમ કે શેષ કે શારદા પણ લખતાં પાર પામે તેમ નથી.

બીજે દિવસે દર્શન કરી શ્રીજીને સર્વે બાઈઓએ પ્રાર્થના કરી: "હે મહારાજ! અમારાં સર્વનાં ઘેર જમવાની હા પાડો. તો અમે જઈએ." એમ ઘણી પ્રાર્થના કરી.

મહારાજ કહે: "અમારે જવાની ઉતાવળ છે તો જમવા સૌનાં ઘેર કેમ અવાય?"

બાઈઓએ કહ્યું: "આપને યોગ્ય લાગે તેમ કરો પણ સૌનાં ઘેર જમવાની હા પાડો તો જ ઘેર જવું છે."

પછી મહારાજે હા પાડી અને સર્વેને કહ્યું જે, "સૌ સાથે રસોઈ કરો, સૌના ઘેર જમવા આવીશું." એટલે સર્વે બાઈઓ ઘેર ગયાં. રસોઈ પોતપોતાના હાથે કરી. બધાને ત્યાં રસોઈ તૈયાર થઈ, ત્યારે તે બાઈઓ શ્રીજીમહારાજને પોતપોતાને ઘેર બોલાવતી

હતી. તે સમયે શ્રીજીમહારાજ સર્વને ઘેર અનેક રૂપ ધારણ કરી એક સાથે પધાર્યા અને સૌના થાળ સાથે જમ્યા અને સર્વને એક સાથે પોતપોતાના ઘેર દર્શન આપ્યાં.

સર્વ બાઈઓએ કહ્યું: "થાળ તો જમ્યા, પણ હજી આજ રાત્રે દર્શન તથા વાતોનું સુખ આપો."

શ્રીહરિ કહે: "ભલે." સાંજે સર્વે હરિભક્ત-વિપ્રો, સોની તથા ગરાસિયા આદિ મહારાજને દર્શને આવ્યા. તેમને ભગવાનની વાતો કરી તેથી શ્રીહરિની મૂર્તિમાં સૌ નિમગ્ન રહેતા હવા. સંધ્યા આરતી કરી સૌ સૌના ઘેર ગયા.

રાત્રીએ બાઈઓ જમવાનો થાળ લઈ અલર્ક વાવની વાડીમાં બંગલે આવ્યાં. શ્રીહરિએ સૌના થાળ જમી પ્રસાદી આપી. તે સૌ જમી શ્રીજી પાસે બેઠાં. શ્રીહરિએ વાતો કરી ત્યારે સર્વેએ કહ્યું જે, "કાલે તમે શ્રીકૃષ્ણ ભગવાન અને ગોપીઓ તે રૂપે રાસમાં દર્શન આપ્યું તે તો સુખ ઘણું પણ તમારી મૂર્તિનું પ્રગટ દર્શન કરાવો, તો અમને એ મૂર્તિ વીસરે નહિ."

એમ કહી સર્વેએ મૂર્તિ સામું જોયું ત્યારે મહારાજે માથે મોરમુકુટ ધારણ કર્યો છે, પિતાંબર વસ્ત્ર ધારણ કર્યાં છે, મોરલી બજાવે છે એવું સ્વરૂપ ધારણ કરી શ્રીકૃષ્ણરૂપે બાઈઓને દર્શન દીધાં.

તે બગીચામાં તેમણે પ્રગટ ભગવાન સાથે રાસ રમી પ્રગટનું સુખ લીધું. તેઓના મનમાં એમ થયું જે હવે તો શ્રીહરિ તેવા દિવ્ય રૂપે દેખાયા. સર્વે બાઈઓના મનોરથ પૂર્ણ કર્યા. તેઓ પોતે તે પૂર્ણકામ છે અને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે.

તે બાઈઓને શ્રીજીમહારાજનાં દર્શન થવાથી મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખાતું નહોતું. એવી રીતે શ્રીજીએ અનંત લીલા કરી છે પણ આ તો અલ્પમાત્ર લખી છે.

પુરુષોત્તમનારાયણના મહિમાનો પાર ન આવે.

જેમ મચ્છર આકાશનો પાર લેવા જાય તો ક્યાંથી પાર પામે? તેમ ભગવાનની લીલા, ચરિત્ર અને મહિમાનો પાર આવે તેમ નથી.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે આઠમો વિશ્રામ.

## વિશ્રામ - ૯

એક વખત મહારાજ રાજકોટ, મઈકા, થાન થઈ ચોરવીરા ગામમાં સુતારને ઘરે રાત રહી ઉમરડે થઈ ભેડાસર તળાવમાં સ્નાન કરી ગંગવે પધાર્યા. ત્યાંથી ગઢાદ થઈ ઘાઘડિયાને ઘરે નાહીને મુળીએ પધાર્યા. રામનાથની દેરીએ શ્રીહરિ બેઠા હતા. તે વખતે પરમાર માલજી તથા માયારામ, જેસીભાઈ, તેજાભાઈ, દેવાજી, કસળાજી, અલુભાઈ, નથુભાઈ, જસાભાઈ, ભારાજી, કલાભાઈ, કેશાભાઈ, અભેસિંહજી, જીઆજી, દેશળજી, આતાભાઈ, મેઘજીભાઈ, પાતાભાઈ, ભાવાભાઈ આદિ ગરાસિયા આવીને મહારાજ પાસે બેઠા હતા.

શ્રીહરિએ વાર્તા કરવા માંડીઃ જે આ લોકમાં જે માણસ, ચોરી, છીનાળી, દારૂ, માટીનો ત્યાગ કરે તેનો ભગવાનના ધામમાં નિવાસ થાય છે. એવી રીતે ઘણી વાતો કરી.

તે સાંભળી ગરાસિયાઓએ નિયમ ધાર્યા. પછી ગરાસિયા બોલ્યાઃ "આ માલજી હિંસા કરે છે, તેને નિયમ લેવડાવો તો ઠીક."

પછી મહારાજે ઘણી વાત કરી કહ્યું જે, "યમપુરીમાં જમના માર ખાવા પડે અને ચૌદ લાખ ચોરાસી હજાર નર્કનાં કુંડમાં

પડવું પડે." એમ કહ્યું.

ત્યારે માલજી કહે: "એ બધું ખોટું છે અને લોકોને બિવડાવવા માટે છે. જમને ભાળે છે જ કોણ?"

એટલામાં દસ જમ આવ્યા. તેઓ માલજીને ઝાલીને યમપુરીમાં લઈ ગયા. ત્યારે તેણે રાડેરાડો પાડવા માંડી અને કહ્યું: "મેં કાળિયાર મૃગો માર્યાં હતાં, તે મૃગો મને શીંગડાં મારે છે." તેમ કહી બોકાહે બોકાહાં નાખવા માંડ્યો અને કહે "હવે મને કોણ મુકાવે?" એમ કહી બોલ્યો જે "હે સ્વામિનારાયણ! હે સ્વામિનારાયણ!" એવી જ્યારે પ્રાર્થના કરવા માંડી ત્યારે શ્રીજીમહારાજે દર્શન આપ્યા અને માલજીને મુકાવ્યો.

માલજી શ્રીજીનાં ચરણમાં પડ્યો અને તરત જ હોકો, અફીણની ડાબલી ફેંકી દીધાં અને મહારાજના ભક્ત થયા. તે દિવસે તેમણે પોતાનાં માતુશ્રી વડુબાને કહ્યું જે, "આ મહારાજ બહુ મોટા છે, માટે રસોઈ કરી જમાડો." પછી તેમનાં માતુશ્રીએ વિપ્ર દયારામ પાસે રસોઈ કરાવી શ્રીહરિને જમાડ્યા.

ત્યાંથી નદીને કિનારે પોતાનો મુકામ હતો ત્યાં રાત રહી શ્રીહરિ સવારમાં મેથાણ જવા માટે દિગસર પધાર્યા. ત્યાં વિપ્રને ઘેર જમી ચાલ્યા તે મેથાણ પધાર્યા.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે નવમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦

એક વાર મહારાજ કચ્છમાં જતા હતા. તે સમયે બોટાદના મોનજી જોશી મહારાજના 'દોઢપાળા' કહેવાતા હતા, તેને સાથે લઈ ચાલ્યા. ત્યાંથી લોયા આવ્યા. પછી સાયલા થઈ મુળીપુર

પધાર્યા. મોનજીની બહેન તથા દીકરી મુળીમાં રહેતાં હતાં.

મોનજી કહેઃ "મારી દીકરીને ઘેર ઉતારો કરીએ."

મહારાજ કહેઃ "દીકરીના ઘરનું અન્ન ન ખવાય."

ત્યારે મનોજી બોલ્યાઃ "હે મહારાજ! મારા જમાઈનું નામ મહાદેવ છે. તેમને ગરાસિયા યજમાન ઘણા છે માટે દીકરીનું ખાવું પડે તેમ નથી." એમ કહી ગામમાં આવ્યા. કેશાભાઈની વાડીમાં બંગલે ઊતર્યા.

મહારાજે કહ્યુંઃ ";ગામમાં કોઈને ખબર આપશો નહિ, સવારે વહેલા નીકળી જવું છે." એમ કહીને મોનજીની દીકરી બેનબાને દરબારમાં જામબા પાસે મોકલ્યાં, એટલે તેમણે દરબારમાં કોઈ ન જાણે એવી રીતે વાત કરી. જામબાએ મહારાજ માટે થાળ કરાવી અને બેનબા પાસે ઉપડાવ્યો અને પોતે મુખવાસ તથા સો રૂપિયા લઈને કોઈ ન જાણે તેમ રાત્રે મહારાજ બંગલે હતા ત્યાં આવ્યાં. મહારાજને થાળ જમાડ્યો અને કહ્યુંઃ "અહીં સર્વને બહુ ભાવ છે માટે રોકાઓ તો સારું."

ત્યારે મહારાજે કહ્યુંઃ "તમને છાની ખબર કરી અને તમે આમ કહો છો. હવેથી વાત નહિ કરીએ."

ત્યારે બાઈએ કહ્યુંઃ "ભલે મહારાજ! આપની મરજી." એમ કહી સો રૂપિયા મહારાજને ખરચીને વાસ્તે આપ્યા. મહારાજને કહ્યુંઃ "વળતાં જરૂર પધારજો, આપને મારે ઘેર એક માસ છાના રાખવા છે."

મહારાજે વર આપી કહ્યુંઃ "કોઈ ન જાણે એમ તમારા ઘેર આવીશું." એમ કહી મહારાજ સવારે વહેલા પધાર્યા.

પછી કચ્છમાંથી પાછા આવીને એક માસ જામબાને ઘેર છાના રહ્યા. બાઈ થાળ કરી જમાડે. આમ શ્રીજીમહારાજે ઘણો લહાવો લેવડાવ્યો. તેમની ભક્તિથી ભગવાન તેમને વશ થયા.

જ્યારે મહારાજને સંભારે ત્યારે દર્શન થાય. સમાધિમાં તો કેટલીયે વાર દર્શન દીધાં છે. થાળ કરેલા પણ ઘણી વાર જમ્યા છે.

એવી એમની ભક્તિથી શ્રીજી તેમને આધીન વર્તતા. એવા શ્રીહરિ પોતે તેમને ઘણી વખત તો ગુલાલ અને રંગ આપી જાય. તે સર્વ બાઈઓ જુએ. પોતાના ઘેર પૂજવા રાખેલ મૂર્તિ કહેઃ "મને ભૂખ લાગી છે તો જમવાનું લાવો." એમ માગી લે!

એક વખત ધનુર્માસમાં વહેલા ઠાકોરજીની આરતી થઈ ને બાઈને નિદ્રા આવી ત્યારે ઠાકોરજી કહેઃ "કેમ સૂતાં છો? થાળનો વખત થયો, અમને ભૂખ લાગી છે." એમ કહી ઉઠાડીને થાળ કરાવીને જમ્યા; સર્વને પ્રસાદી આપી.

એક વખત ગામમાં કેરીઓ બહુ જ વેચાવા આવેલ. તેથી મહારાજે કહ્યુંઃ "આટલી બધી કેરીઓ આવે છે અને અમારા સારુ કેમ લાવતાં નથી?" એમ કહી મોટા નાળિયેર જેવા દસ ફળ આપ્યાં. તે સર્વ બાઈઓ જોઈ ઘણું આશ્ચર્ય પામ્યાં. તે ફળ મંદિરમાં આપ્યાં.

આ પ્રમાણે ઘણી વાર મહારાજે પરચા આપ્યા પણ કોઈને કહે નહિ. છતાં ઘણી બાઈઓને એ જોઈ સત્સંગ થયો. આવા પરચા તો ઘણા છે તે કહેતા પાર આવે તેમ નથી. એ તો પૂર્વના મુક્ત હતા તેથી તેઓને એમ દર્શન થાય. બીજાને એ વાત બનતી નથી અને માન્યામાં પણ આવતી નથી. હરિભક્ત હોય તેને મનાય છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે દશમો વિશ્રામ.

## વિશ્રામ ૧૧

એક વાર મહારાજ મેથાણથી ચાલ્યા તે ગુજરવદી, નગરૂ,

દાણાવડું અને દીગસરમાં વિપ્રને ઘેર રાત રહી, ગામ નાયકે આવ્યા. ત્યાંથી મુળીપુર પધારી મંદિરની વાડીની આથમણી બાજુ ધોળે ખડકે નાહીને ભોરાજીની વાડીમાં ખળા સોંસરા થઈને ચાલ્યા. તે સમે વાડીમાં નથુ કાઠિયા કોશ હાંકતા હતા. તેને મહારાજને જોઈ વિચાર થયો જે આ કોણ હશે? એટલામાં તો મહારાજ તેની પાસે આવી ગયા.

મહારાજને પોતાની નજીક ઊભેલા જોઈ પગમાં પડ્યા. શ્રીહરિ સાથે મૂળજી બ્રહ્મચારી તથા નિષ્કુળાનંદ સ્વામી હતા. તેમને લીમડા તળે ઉતારો કરાવ્યો. પછી બ્રહ્મચારી પાણી ભરવા ગયા. તે દોરી પાણી સુધી ન પહોંચી. મહારાજને કહ્યું જે, આમાં જળ બહુ ઊંડું છે. દોરી પહોંચતી નથી.

તે સમે શ્રીજીમહારાજ કૂવા પાસે આવ્યા. એટલે કૂવો જળથી પૂર્ણ ભરાઈ ગયો. પાણી ઉપરથી છલકાઈ ગયું.

શ્રીજીમહારાજે કમંડલું ભરી સ્નાન કર્યું અને આંબલી તરુ નીચે ચોતરા ઉપર વિરાજમાન થયા. પરમાર માલજીભાઈ, ભારાજી, જશાભાઈ, નથુ કાઠિયા તથા પુરુષોત્તમ મહેતા પાસે બેઠા હતા. તેઓ સીધું લાવ્યા. મૂળજી બ્રહ્મચારીને શ્રીહરિએ આજ્ઞા આપી તે રસોઈ કરવા માંડી.

તે વાડીમાં જેઠીજીના કૂવેથી સામા દલવાડીએ રિંગણા લાવી આપ્યા અને ભડથું કરી મહારાજને તે ગંગાજળિયા પાસે લીંમડો છે તે નીચે થાળ જમવા બેસાડ્યા.

પછી નિષ્કુળાનંદ સ્વામી તથા બ્રહ્મચારી પણ જમ્યા. પ્રસાદી વધી તે નથુ કાઠિયાને તથા સામા દલવાડીને આપી. લીમડા પાસે બગીચો હતો. તેમાંથી નિષ્કુળાનંદ સ્વામીએ ફૂલ લાવી મોટો ગુલાબનો હાર બનાવી મહારાજને પહેરાવ્યો.

બગીચામાંથી સુગંધની બહાર આવતી હતી, તે ચમેલી,

મોગરા, ગુલદાવદી, હજારી એમ અનેક જાતનાં ફૂલ જોઈ મહારાજ પ્રસન્ન થયા. તે દિવસે રાત રહી સવારે કહ્યું જે, "આ સુંદર જગ્યા મંદિર બનાવવા જેવી છે. તો અહીં મંદિર બનાવવું છે." એમ કહી મહારાજ સોરઠ પધાર્યા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અગિયારમો વિશ્રામ.

## વિશ્રામ ૧૨

એક વાર શ્રીજીમહારાજ સિદ્ધપુરનો સમૈયો કરી સોરઠ જતાં ઝાલાવાડ સોંસરા નીકળ્યા અને ફરતા ફરતા મુળીપુરમાં પધાર્યા. ત્યાં માંડવરાયના મંદિરમાં દક્ષિણાદિ રૂપચોકીમાં ઊતર્યા. પછી આરતી થઈ. સૌ દર્શન કરી બેઠાં હતાં. મોતીગર બાવો તથા બીજા ગરાસિયા પણ આવીને બેઠા હતા.

તે સમયે શ્રીજીમહારાજના શરીરમાંથી તેજનો સમૂહ નીકળવા માંડ્યો. તે તેજને વિષે મહારાજે તેજોમય ચતુર્ભુજ શ્રીકૃષ્ણરૂપે દર્શન દીધાં. તે વખતે જેણે જેણે દર્શન કર્યાં તેમના સુખનો તો અંત જ ન આવે અને 'અહો અહો' સૌને થયું. સૌને એમ થયું જે અહીં ઘણા સંત-બાવા આવે છે પણ આ તો બહુ ચમત્કારી છે. એમ સર્વેએ જાણ્યું.

આવી રીતે દર્શન દઈ, રાત રહી સવારમાં ચાલ્યા તે સાયલા, થાન, વાંકાનેર, ધુળકોટ, જીરાગઢ, ભાદરા, જોડિયા બંદર, શેખપાટ, ઉપલેટા વગેરે ગામોએ થઈ સોરઠમાં મહારાજ પધાર્યા. આવી રીતે તો ઘણી વાર પધાર્યા છે. પણ જેમ જેને ખબર તેમ લખ્યું છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બારમો વિશ્રામ.

## વિશ્રામ ૧૩

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા, ત્યારે પાતલભાઈનાં બેન રાજુબાને છ મહિના સુધી મહારાજનાં દર્શન ન થયાં તેથી તેઓ અકળાયાં અને અન્ન ખાવું મૂકી દઈ ધ્યાનમાં બેઠાં અને સ્નેહનાં આંસુ આવ્યાં. મહારાજ દર્શન ન આપે તો દેહનો ત્યાગ કરવો એમ ધારી ધારણા કરી.

શ્રીહરિ ગઢપુરમાં હતા, તે તત્કાળ રોઝે ઘોડે ચઢીને કહે: "અમારે લોયા જવું છે." એમ કહી ચાલ્યા. લોયામાં સુરા ખાચરને ઘેર શાંતિબાઈએ થાળ કર્યો. તે જમી તરત ચાલ્યા. મહારાજને સુરા ખાચરે રોકવા માંડ્યા ત્યારે કહ્યું: "ઉતાવળનું કામ છે માટે રોકાવાશે નહિ."

પછી શ્રીહરિ તત્કાળ મુળીપુર પધાર્યા. દરબારમાં ઘોડો બંધાવ્યો અને પોતે દરબારમાં પધાર્યા. રાજુબાએ થાળ કર્યો અને મહારાજને ઊનું પાણી કરી તેલ ચોળીને નવરાવ્યા અને થાળ જમાડ્યો. લવિંગ, એલચી અને સોપારીનો મુખવાસ આપ્યો. જમ્યા બાદ મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

મહારાજ રાજુબાને કહે: "તમે ત્રણ દિવસ થયાં અન્ન લીધું નથી તો હવે જમો." ત્યારે તેઓ જમવા બેઠાં.

તેમનાં બેન બાઈબા ધમકડાનાં હતાં. તેઓ મહારાજનાં દર્શન કરી દરબાર પાસે ગયા. રાજુબાને મહારાજ કહે: "ટાઢ વાય છે, તો તાપ કરો." બાઈએ તાપ કર્યો અને ઘરમાં જેટલું બળતણ હતું તેટલું બાળી દીધું તો પણ મહારાજ કહે: "હજુ પણ ટાઢ લાગે છે." પછી પોતાના ઘરમાં બાજોઠ હતો તે બાળી દીધો, તો પણ શ્રીજી કહે: "હજુ ટાઢ વાય છે." ઘરમાં સાંગામાંચી હતી તે સળગાવી દીધી. ઘરમાં પૈ હતું તે પણ સળગાવ્યું.

જ્યારે ઢોલિયો સળગાવવા માંડ્યો ત્યારે મહારાજે ના પાડી કહ્યું જે, "હવે ટાઢ ઊડી ગઈ. અમારે સવારે વહેલા જવું છે. વડતાલમાં બ્રહ્માનંદ સ્વામી મંદિર કરે છે તો કડિયાના પગારના પૈસા આપવા સ્વામીએ મંગાવ્યા છે તે મોકલવા છે. તમારા ઘરમાં હોય તો બસો રૂપિયા આપો."

પછી બસો રૂપિયા રોકડા અને એક પાંચસો રૂપિયાનો સોનાનો ચંદનહાર આપ્યો તે લઈ મહારાજ બોટાદમાં ભગા દોશીને આપીને રૂપિયા પાંચસો લઈ ગઢપુર પધાર્યા. કુલ રૂપિયા સાતસો લઈ પાર્ષદને વડતાલ મોકલ્યા.

જ્યારે વડતાલ મંદિરે લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી એટલે રૂપિયા આવ્યા ત્યારે ભગાદોશી પાસેથી ચંદનહાર પાછો લઈ મુળીએ દરબારમાં મોકલાવ્યો.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે તેરમો વિશ્રામ.

## વિશ્રામ ૧૪

એક સમયે ભુજનગરથી સુંદરજીભાઈ, હીરજીભાઈ અને ગંગારામ મલ્લ શ્રીહરિને તેડવા આવ્યા. તેમણે ભુજમાં મંદિર કરવાની પ્રાર્થના કરી. તેથી શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી આદિ સાધુમંડળને ભુજ જવાની આજ્ઞા આપી. તે ભુજ જતા હતા.

તે સમયે તેઓ સર્વે મુળીપુરમાં આવતા હવા. તેમનાં દર્શને દરબાર રામાભાઈ તથા રઘાભાઈ આવ્યા અને ગોપાળાનંદ સ્વામી ને આનંદાનંદ સ્વામીને માટે બગીચાના બંગલામાં ઉતારો કરાવ્યો અને રસોઈ કરાવીને સંતોને જમાડ્યા.

સાયંકાળે દરબાર ગોપાળાનંદ સ્વામી વગેરે સંતોનાં દર્શન કરવા આવ્યા ત્યારે દરબારે પૂછ્યું જે, "ક્યાં પધારો છો?" ત્યારે સ્વામી બોલ્યા જે, "મહારાજ ભુજનગરમાં મંદિર કરવા માટે મોકલે છે તો ભુજ જઈએ છીએ."

દરબાર રામાભાઈ કહે: "અહીં મંદિર બનાવો તો સારું."

સ્વામી કહે: "મહારાજ પાસે જાઓ અને મહારાજ આજ્ઞા આપે તો થાય." દરબારે પોતાના ગોર ઘેલા જોશીને કાગળ લખી આપ્યો. ગોર કાગળ લઈ ગઢપુર ગયા. મહારાજને કાગળ આપ્યો.

શ્રીહરિ પ્રેમરસથી ભરેલ પત્ર વાંચી સર્વેને એ વાત કહેતા હવા. બીજો એક પત્ર દરબારમાંથી શ્રીહરિને બાઈઓએ મોકલ્યો હતો. તે પણ પોતે વાંચ્યો. બીજે દિવસે શ્રીહરિએ દરબાર ઉપર પત્ર લખાવ્યો અને બાઈઓને પોતે લખી આપ્યો. દરબારને કહેજો "જો મંદિર કરાવવું હોય તો લેખ કરી અહીં મોકલજો." એવી રીતનો પત્ર આપ્યો. તે વાંચી મુળીપુરમાં સહુ આનંદ પામ્યા.

રામાભાઈએ ગોપાળાનંદ સ્વામીને તથા આનંદાનંદ સ્વામીને મુળીએ દસ દિવસ રાખી, કથા, વાર્તા, કીર્તનનો લાભ લીધો. સ્વામી ભુજનગરમાં ગયા.

પછી દરબાર તથા તેમના કાકા રઘાભાઈ બન્નેએ વિચાર કરી લેખ લખ્યો જે, "આપને જેટલી જમીન મંદિર કરવા જોઈએ તેટલી તથા ખેતરની જમીન સાંતી બેની, વાડીની જમીન તથા ઠાકોરજીના મંદિર ફરતી સાધુ, બ્રહ્મચારી અને હરિભક્તોને રહેવાને માટે જેટલી જોઈએ તેટલી જમીન તથા તે મંદિરમાં જણશ- ઘી, ગોળ, સાકર, ખાંડ, અનાજ, ચોખા, મગ, બાજરો, જુવાર, તુવેર વગેરે; ઘાસ, લાકડાં, છાણાં વગેરે બળતણ; ઈમારત માટે કાટ વગેરે; લોઢું, લાકડું, કંકર, પથ્થર, હરકોઈ વસ્તુ લાવો અગર વેચો તેમાં અમારું દાણ માફ છે.

"અમારો એમાં કાંઈ દાવો નથી. જેમ અમે ભોગવટો કરીએ છીએ તેમ તમો કરો. મંદિરમાં માણસો આવે તેને ચોકી પહેરો કરવો તે અમારે માથે છે. જાત્રાળુ પાસેથી અમારે કાંઈ લેવું નથી. આપ જે રીતે કહો તે રીતે અમો લખી આપીશું.

આ પ્રમાણે લેખ કરી પરમાર રઘાભાઈ તથા કેશાભાઈ, મેપજીભાઈ તથા ભારાજીને મહારાજને તેડવા મોકલ્યા અને લખ્યું જે "આ તેડવા આવ્યા છે તેમની સાથે આપ જરૂર પધારજો." એમ લખીને મોકલ્યા. રઘાભાઈએ મહારાજને પ્રાર્થના કરી કહ્યું: "હે મહારાજ! મુળી પધારો અને મંદિર કરો." આમ પ્રાર્થના કરી. ત્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી આદિને મહારાજ પૂછતા હવા અને કહ્યું કે: "આ મુળીના દરબારો આવ્યા છે તેમને જવાબ આપો."

તે સમયે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "આપની મરજી." ત્યારે મહારાજે કહ્યું: "સવારમાં સૌ તૈયાર થાઓ." સર્વે તૈયાર થયા. તેમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, સર્વજ્ઞાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, સુકૃતાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, કવ્યાનંદ સ્વામી, શ્વેતદ્વિપાનંદ સ્વામી, હરિપ્રસાદાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, વાસુદેવાનંદ સ્વામી, નારાયણાનંદ બ્રહ્મચારી, અખંડાનંદ સ્વામી, વૈકુંઠાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, જેરામ બ્રહ્મચારી, હરિકૃષ્ણાનંદ સ્વામી;

પાર્ષદ ભગુજી, પાર્ષદ જાલમજી, રતનજી, જોરાજી,

મિંયાજી, દેવા ભક્ત, વીરા ભક્ત, કમા ભક્ત, કરીમ ભક્ત, પાર્ષદ ભીમા ભક્ત, નથુજી, કલા ભક્ત, ગુમાનજી આદિ પાર્ષદ;

હરિભક્ત શિરોમણિ દાદા ખાચર, માંચા ખાચર, સોમલા ખાચર, સૂરા ખાચર, માતરા ધાંધલ, અલૈયા ખાચર, હેમતસિંહજી, ઝીણાભાઈ, પૂંજાજી, જાલમસિંહજી, રાણા જ્યેષ્ઠજીત, અદાભાઈ, અખાભાઈ, સરતાનસિંહજી, પાતલભાઈ, હરિભાઈ આદિ સર્વેને સંગાથે લઈ, સર્વ અસવાર સહિત તૈયાર થઈ આવતા હતા.

પ્રથમ લોયામાં મુકામ કર્યો. બીજે દિવસે નાગડકા મુકામ કર્યો. ત્રીજે દિવસે મુળીપુર પધાર્યા. તે સમયે શ્રીજીમહારાજનું સામૈયું સર્વે મુળીના સત્સંગી કરતા હવા. પ્રથમ વેદની ધૂન કરતા એવા વિપ્ર રામકૃષ્ણ, કુબેરજી, પુરુષોત્તમ, મયારામ, ઘેલા, કૃષ્ણરામ, મહાદેવ, મોનજી, તુલસીરામ, જેરામ, નારાયણ આદિ સર્વ;

દરબાર રામાભાઈ, રઘાભાઈ, માલજીભાઈ, અભેસિંહજી, નથુભાઈ, આતાભાઈ, દેશળજી, જીઆજી, જસાભાઈ, મેપજીભાઈ, અમાભાઈ, બનેસિંહજી, નયાભાઈ, ભાવાભાઈ, બાપુભાઈ, અખાભાઈ, અલુભાઈ, મેવાભાઈ, રવાભાઈ, રાયધણજી, હરભમજી, પાતાભાઈ, મોકાજી, લાખુભા, મનુભા, જીવાભાઈ, કલાભાઈ, જાલમસિંહજી આદિ સર્વે પરમારો;

વણિક મૂળજી, માનસિંહજી, સુંદર, વેલજી, સોની વશરામ, ડાયાભાઈ, દેવચંદ, કાનજી, ખત્રી હરખજી, ડાહ્યા, હીરા, દેવરામ, રત્ના, જીવા, દેવજી;

દેવજાતિ ગઢવી જીવા, પીંગળજી, બના, દલા, કેશર, દાજી, ભઈજી, સામલ, રાઈજી, લાડુ, દેવીદાસ આદિ તથા રજપૂત નથુ, માલજીભાઈ, રાજા, વજા, અમા, લઘુ આદિ તથા દલવાડી ભગવાન, જેરામ, સામા, રૂગનાથ, નાનજી, લાલાભાઈ, ભાણાભાઈ

આદિ; મેરાઈ મૂળજીભાઈ, હીરાભાઈ, ગોવિંદભાઈ; વાણંદ રણછોડ; કોળી નાના, રબારી, કુંભાર, ગંગદાસ આદિ સર્વે હરિભક્તો નાનાં પ્રકારનાં વાહનો, વાજાં, ઢોલ, નગારાં, ત્રાંસાં આદિ વાજિંત્રો લઈ તથા શ્રીફળ, પુષ્પના હાર લઈ સામા આવતા હતા.

વાજતે ગાજતે મહારાજ ગામમાં પધાર્યા અને દરબારમાં ઉતારો કરાવ્યો. સર્વે સાધુને રઘાભાઈને ઘેર ઉતારો કરાવ્યો. કેશાભાઈની વાડીમાં બંગલે દાદા ખાચર, સોમલા ખાચર આદિને ઉતારો કરાવ્યો. ભારાજીને ઘેર ગરાસિયા ઝીણાભાઈ, જેઠીભાઈ આદિને ઉતારો કરાવ્યો અને બ્રહ્મચારીને દરબારનો બગીચો જે અલર્ક વાડી ત્યાં ઉતારો આપ્યો. અમાભાઈના દરબારમાં સાંખ્યયોગી બાઈઓને ઉતારો કરાવ્યો. પછી મોતૈયા લાડુની રસોઈ કરાવીને દરબારમાં સંત-હરિભક્તોને જમાડ્યાં. શ્રીહરિનો થાળ થયો એટલે શ્રીહરિ જમીને પોઢી જતા હવા.

પોઢીને સાયંકાળે ઊઠ્યા તે ગામથી ઉત્તર દિશામાં જે ઠેકાણે શ્રી રાધાકૃષ્ણ તથા હરિકૃષ્ણ મહારાજનું મંદિર કર્યું છે તે સામે લીંબતરુ નીચે સભા થઈ.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચૌદમો વિશ્રામ.

## વિશ્રામ ૧૫

શ્રીજીમહારાજ શ્રી મુળીપુર મધ્યે મહાસુદિ પાંચમને દિવસે નમતા પહોરે લીમડા નીચે વિરાજમાન થવા હવા. સર્વે શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠમાં મોગરાના પુષ્પના હાર પહેર્યા હતા. કાન ઉપર પુષ્પનો ગુચ્છ ખોસ્યો હતો, ગજરા ને બાજુબંધ ધારણ

કર્યા હતા. પાઘમાં પુષ્પના તોરા લટકતા હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા દેશ દેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે શ્રીજીમહારાજે પરમહંસને કહ્યું: "કોઈને પ્રશ્ન પૂછવો હોય તો પૂછો."

ત્યારે વાસુદેવાનંદ બ્રહ્મચારીએ પ્રશ્ન પૂછ્યો જે, "સર્વ શાસ્ત્ર ભણીને ભગવાનને જાણવા એ સિદ્ધાંત છે, તે કેવી રીતે જાણવા? તથા તે મૂર્તિ સુષુપ્તિ પર જે સામ્યાવસ્થા તેથી પર તેજનો સમૂહ તેમાં સદા વિરાજમાન છે, તે તેજોમય ભગવાનનું ધામ છે ત્યાં આ પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન તથા અસંખ્ય મુક્તો રહે છે, તે કેવી રીતે દેખાય? તથા જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાનું રૂપ કેવું હશે?

પછી શ્રીજીમહારાજે તેનો ઉત્તર કર્યો જે, "જાગૃતનું રૂપ નેત્રે કરીને જોવું, કાને કરી સાંભળવું; એ રીતે સર્વ ઇન્દ્રિયોની ક્રિયા કરવી તે જાગૃત અવસ્થા કહેવાય. સ્વપ્નનું રૂપ જે ઇન્દ્રિયોની ક્રિયા કરતાં થાકી જાય અને અંતઃકરણની ક્રિયા રહે છે, એ સ્વપ્ન અવસ્થા છે. અંતઃકરણની ક્રિયા લીન થાય ત્યારે સુષુપ્તિ આવે છે. તે સુષુપ્તિ કેવી છે? તો કાળા પાણીની છીપર હોય તેવી છે અને એ અવસ્થાથી પર થાય એટલે સુષુપ્તિને ઉલ્લંઘે તો બ્રહ્મસત્તાને પામે."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ આશંકા કરી જે, "મહારાજ! અવસ્થા પર થવું તે જીવકર્તા છે કે કોઈ ઈશ્વરકર્તા છે?"

શ્રીજીમહારાજ કહે: "જેમ માછલું જળમાં સામે પૂર ચાલે છે અને આપણાથી ચલાતું નથી, તે કેમ? તો માછલાને જળ તત્ત્વ પ્રધાન છે અને જળનો અધ્યાસ છે, તેણે કરી જળમાં ગતિ કરે છે. જેમ પક્ષી આકાશમાં ઊડે છે તેમ આપણાથી ઉડાતું નથી. પક્ષીને પાંખો છે તેણે કરીને તે ઊડે છે ત્યારે આપણે પાંખો બાંધો

તો પણ ન ઉડાય. પક્ષી ઊડે છે તે તેને તો વાયુ તત્ત્વ પ્રધાન છે, તેણે કરી ઊડી શકે છે. જેમ માછલામાં જળના ગુણ આવ્યા ત્યારે સામે પૂર ચાલે છે અને પક્ષીમાં વાયુના ગુણ આવ્યા ત્યારે આકાશમાં ગતિ કરે છે, તેમ ભગવાનની મૂર્તિનું ચિંતવન, ભજન, સ્મરણ કરે તો ભગવાનના ગુણ તે ભક્તને વિશે પ્રવેશ કરે છે ત્યારે અવસ્થા પર થવાય છે." આટલી વાત કરી વિરામ કરતા હવા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પંદરમો વિશ્રામ.

## વિશ્રામ ૧૬

મહાસુદિ સાતમને દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ મુળીપુર મધ્યે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મોગરાના ફૂલનો દડો ઉછાળતા હતા અને સર્વે સંતોની સભા ભરાઈને બેઠી હતી. તેવી શોભાએ સહિત સર્વે હરિભક્તોને દર્શન આપતા હતા.

તે સમે મોટા મોટા સદ્‌ગુરુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજ બોલ્યાઃ "પ્રશ્ન પૂછવો હોય તો પૂછો."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય ગુણાતીતાનંદ સ્વામી તથા તદ્રૂપાનંદ સ્વામી એ બંને મળી પ્રશ્ન પૂછતા જે, "હે મહારાજ! સાધુઓને એકબીજાનો ગુણ અવગુણ દેખાય છે, તે શા માટ દેખાય છે?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ત્રણ ગુણ છે તે સર્વેને વિષે વર્તે છે. તેમાં ભેદ છે. તે ત્યારે સત્ત્વગુણ પ્રધાનપણે વર્તતો

હોય ત્યારેં પોતાને વિષે અથવા બીજાને વિષે જેવા ત્રણ ગુણ હોય તેવા જ દેખાય છે. રજોગુણ પ્રધાનપણે વર્તતો હોય ત્યારે જેવા ગુણ હોય તેવા જ યથાર્થ ન દેખાય. તમોગુણ પ્રધાનપણે વર્તતો હોય ત્યારે ગુણ માત્ર ન દેખાય; તો કેમ કરવું?"

"તો જ્યારે સત્ત્વગુણ પ્રધાનપણે વર્તતો હોય ત્યારે જેવા ગુણ હોય તેવા દૃઢ કરી લેવા અને કોઈને વિષે અવગુણ દેખાય ત્યારે એમ વિચાર કરવો જે હમણાં મારે વિષે રજોગુણ, તમોગુણ વર્તે છે તેણે કરી અવગુણ દેખાય છે પણ સંતને વિષે તો કાંઈ નથી. એવો જે શુદ્ધ વિચાર કરે તે રજોગુણ ને તમોગુણમાં લોપાય નહિ."

ત્યારે તદ્રૂપાનંદ સ્વામીએ પૂછ્યું જે, "કામની ઉત્પત્તિ રજોગુણ થકી છે. તે ગુણ ઉપર દેખાતો હોય ત્યારે તેને વિષે કામની નિવૃત્તિ કઈ રીતે જાણવી?" તેનો ઉત્તર મહારાજે કર્યો : "જેને સુંદર ખાનપાન પદાર્થ ઉપર માત્ર અભાવ હોય અને માન્-અપમાન તુલ્ય હોય એવા જે સંત તેને કામથી રહિત જાણવા અને એવા સંતના સમાગમથી નિષ્કામી થવાય છે. અને ભગવાનને વિષે હેત પણ એવા સંતના સંગે કરીને જ થાય છે."

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સોળમો' વિશ્રામ.

## વિશ્રામ ૧૭

મહા વદિ બીજને દિવસે શ્રીજીમહારાજ શ્રી મુળીપુર મધ્યે રઘાભાઈના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે પુષ્પના હાર પહેર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ, બ્રહ્મચારી તથા દેશદેશના

હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયે ભાઈ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "સંતને વિષે હેત કેમ નથી રહેતું? એકબીજાને બોલાઈ જવાય છે અને મર્યાદા વિના એકબીજાનાં છિદ્ર દેખાય છે. તે કેમ કરે તો દોષ ન દેખાય?" તેનો ઉત્તર નિત્યાનંદ સ્વામીએ કર્યો જે, "દેહાભિમાન છે તેથી દોષ દેખાય છે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યાઃ "એ તો એમ જણાય છે જે રૂપ રૂપી વિષય આગળ છે તો નેત્ર ઇન્દ્રીય દેખે છે અને રસરૂપી વિષય રહ્યો છે તો જિહ્વા ઇન્દ્રીય ખારો, ખોટો કહે છે. એવી રીતે દશે ઇન્દ્રીયોને વિષય આગળ મૂર્તિમાન છે તે જો ઇન્દ્રીયોની વિક્તિ ન કરી હોય તો શું કરે?

"તેમ જ આગળ સ્વભાવ રહ્યો છે તો કહેવાય; ન રહ્યો હોય તો શું કહે? અને રોકાય પણ શું? તે માટે જેને વિષે જેવો દોષ દેખે તેવું કહે, તેમાં શો બાધ છે?"

ત્યારે દેવાનંદ સ્વામીએ કહ્યું જે, "એવું શા ઉપાયથી મટે? અને સર્વેને વિષે આત્મબુદ્ધિ રહે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "શા માટે ટાળવું પડે? તેમાં શું ખરાબ છે? તે તો કહેવું, સાંભળવું અને આત્મબુદ્ધિ પણ રાખવી અને એવી રીતે કહેવું જ અને કહ્યા વિના કેમ ઠીક આવે?"

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, "કોઈ મોટા હોય અને ભગવાને જેનું પ્રતિપાદન કર્યું હોય તેને કહેવાય તો પાપ લાગે નહિ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "એનું પાપ તો ન લાગે અને તમારે તો આટલાં જ વસ્ત્ર રાખવાં અને આટલા જ નિયમ રાખવા એમ જો ન કહે તો મર્યાદા મૂકીને ચાલે. આ તો મોટા છે તેની મર્યાદાએ કરીને તેમને કહે નહિ તો ભ્રષ્ટ થઈ

જાય. તે માટે એ તો પરસ્પર કહેવું તે સારું છે."

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સત્તરમો વિશ્રામ.

## વિશ્રામ ૧૮

એક વખતે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી મુળીપુર મધ્યે અલર્ક વાવ પાસે બગીચામાં બિરાજમાન હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયે શ્રીજીમહારાજ બોલ્યાઃ "પ્રશ્ન-ઉત્તર કરો."

ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યોઃ "સંતનું સંતપણું તે શું?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આત્મા નિર્વિકારી છે, પૂર્ણ છે અને જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ આદિ જે માયાના ગુણ તે થકી પર છે. તે પોતાના નિર્વિકાર ગુણ તે શું? તો જે ઈન્દ્રીયોને વિષયમાં ન પ્રવર્તાવે.

જે નેત્ર ઈન્દ્રીય તે પણ ભગવાનની આજ્ઞામાં વર્તે, નેત્રને વિકારે રહિત કરી નાખે, તેમ જ દશ ઈન્દ્રીયો, ચાર અંતઃકરણને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવનરૂપ જે ધ્યાન તેણે કરી દેહ સહિત જે ઈન્દ્રીયો તેમને વિકારે રહિત કરી નાખે, તેવા દેહે રહિત એવા સંતમાં ત્યાગ ભાગ સમજવો નહિ.

એમ ન વર્તે તો તેણે તો ભાગ ત્યાગ કરવો જે હું દેહ નહિ, ઈન્દ્રીયો પણ હું નહિ. હું તો આત્મા છું, સાક્ષી છું, એમ વર્તે. તે દેહ તથા ઈન્દ્રીયોને તો ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાવે તે, જે સંત એમ ન રહે તે વિવેકી નથી. એને તો મતિમંદ જાણવો."

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અઢારમો વિશ્રામ.

# વિશ્રામ ૧૯

એક વાર ગામ શ્રી મુળીપુર મધ્યે શ્રી રાધાકૃષ્ણદેવના મંદિર સમીપે લીમડો છે તેના નીચે ગાદી-તકિયે યુક્ત જે રંગત પાટ તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને અગણિત સુગંધીમાન પુષ્પના હાર, તોરા, ગુચ્છ, બાજુ, ગજરા ધારણ કર્યાં હતાં અને સર્વે સંત, વર્ણી, પાર્ષદ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને અતિ પ્રસન્ન થકા વિરાજમાન હતા.

તે સમયે મહારાજ પ્રત્યે બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે "હે મહારાજ! આ સત્સંગને વિષે કોઈ પ્રકારે અવગુણ ન આવે તે કઈ સમજણે અવગુણ ન આવે?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે "પોતાના અંતર સામી દૃષ્ટિ રાખી જે સંકલ્પ થાય તેને જોતો રહે ત્યારે અવગુણ ન આવે."

પછી વાસુદેવાનંદ સ્વામી બોલ્યા જે, "ઘાટ સંકલ્પની નિવૃત્તિ થાય ત્યાર પછી કેવી રીતે વિચાર કરવો?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "રજોગુણ, તમોગુણ વર્તે ત્યારે ઘાટ સંકલ્પ થાય. સત્ત્વગુણ વર્તે ત્યારે ઘાટ સંકલ્પ ન થાય. રજોગુણ તથા તમોગુણ તો લોઢાની બેડી છે. સત્ત્વગુણ તો સોનાની બેડી છે. એમ વિચાર કરે અને જ્યારે સાક્ષીરૂપ થાય ત્યારે એમ વિચારવું જે દેહનો સંબંધ છે તે પણ બંધનરૂપ છે. એ દેહભાવનો ત્યાગ કરી બ્રહ્મરૂપ થાય ત્યારે કોઈને વિષે દોષ ન દેખાય. તેને ભગવાનને વિષે વૃત્તિ રહે."

પછી મહાનુભાવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કોઈને નિષ્કામીપણું પ્રધાન વર્તે અને કોઈને નિઃસ્વાદીપણું પ્રધાન વર્તે અને કોઈને નિર્લોભીપણું પ્રધાનપણે વર્તે છે, કોઈને નિઃસ્પૃહિપણું

પ્રધાન રહે છે, કોઈને નિર્માનીપણું પ્રધાન રહે છે, તેનું શું કારણ છે?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે સમયે સંતનાં દર્શન થાય ત્યારે એમ જણાય જે મને આવા નિષ્કામી સંત મળ્યા છે તે જ્યારે સંત આવા મોટા છે ત્યારે મહારાજનું માહાત્મ્ય અપાર હોય તેમાં શું કહેવું! એવો ગુણ લ્યે છે, તેને પ્રતાપે કરી નિષ્કામી થાય છે અને સંતને વિષે વર્તમાનનો ગુણ લ્યે છે તે ગુણ પ્રધાનપણે વર્તે છે.

"જો સંતને વિષે અને ભગવાનને વિષે કાંઈ દોષ પરઠે છે તો લક્ષ્મણજી જેવા યતિ હોય તો પણ કામી થઈ જાય, માટે સંતને નિષ્કામી જાણે તો તે પોતે કૂતરા જેવો કામી હોય તો પણ શુદ્ધ થઈને સંત જેવો થાય છે."

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ઓગણીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૦

એક સમયે મુળીપુર મધ્યે રામાભાઈના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ સભા ભરાઈને બેઠી હતી. તે સમયે હરિભક્તોએ શ્રીજીમહારાજની પૂજા કરવાની પ્રાર્થના કરી અને મહારાજને સોનેરી પાઘ, સોનેરી શેલું, સોનેરી વાઘો, સોનાનો દોરો, સોનાનાં કડાં વગેરે પહેરાવ્યાં.

તે સમયે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકમુનિ, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, શિવાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, વાસુદેવાનંદ બ્રહ્મચારી,

અખંડાનંદ સ્વામી, નારાયણાનંદ સ્વામી, પાર્ષદ ભગુજી, રતનજી, દેવા ભક્ત, વીરા ભક્ત, જોરાજી, દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, ઝીણાભાઈ, અમાભાઈ, જેઠીભાઈ આદિ ઘણા સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે ભગુજીએ પ્રશ્ન કર્યો જે, "સર્વ અસ્ત્ર છે તેમાં નારાયણ અસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, વિષ્ણુ અસ્ત્ર, પાશુપત અસ્ત્ર એ સર્વે અસ્ત્રો છે તે વસ્તુતાએ શું છે? અને સૌથી બળવાનમાં બળવાન કયું અસ્ત્ર છે?"

પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, "તરવાર, બરછી, બંદૂક જેવા તે અસ્ત્રો નથી, તે તો અસ્ત્રનો પ્રયોગ છે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ તો ઐશ્વર્ય છે. દ્રોણાચાર્યના ઘણા શિષ્યો ભણતા હતા પણ પાત્ર એક અર્જુન હતા. તે માટે સર્વે શિષ્યોને તેમણે પૂછ્યું જે 'ગુરુદક્ષિણામાં શું આપશો?'

ત્યારે બીજા શિષ્યો બોલ્યા જે, 'હે ગુરુદેવ! અમારાથી બનશે તેટલી સેવા કરીશું.'

અર્જુને કહ્યું જે, 'માથું માગો તો માથું પણ આપીશ.' ત્યારે દ્રોણાચાર્ય પ્રસન્ન થયા. એમ જે પાત્ર હોય તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય.

અશ્વત્થામાએ ભણવા સારુ દ્રોણાચાર્યની ઘણી સેવા કરી તો પણ અર્જુનના જેવા પ્રસન્ન થયા નહિ, પરંતુ બહુ જ આગ્રહ કર્યો ત્યારે નારાયણ અસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર એ બે નાખતાં શીખડાવ્યાં પણ પાછું વાળવાનું ન શીખવ્યું કેમ જે એ પાત્ર નહોતો. નાખતાં આવડ્યું એટલે દ્વારિકામાં જઈ સમુદ્રને કાંઠે બેઠો. શ્રીકૃષ્ણ ભગવાનને તેડાવ્યા અને કહ્યું જે તમે એકલા

આવજો. મારે તમને કંઈક આપવું છે.

પછી શ્રીકૃષ્ણ ભગવાન એકલા આવ્યા એટલે અશ્વત્થામાએ કહ્યું, 'નારાયણ અસ્ત્ર તથા બ્રહ્માસ્ત્ર એ બેમાંથી જે તમારે જોઈએ તે હું તમને આપું; તમે મને તમારું ચક્ર આપો.'

શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે 'તમારે જોઈએ તો ચક્ર લઈ જાવ. મારે અસ્ત્ર જોઈતું નથી.' એમ કહી ચક્ર આપ્યું. ચક્ર લઈ ભગવાન સામું નાખવાનો વિચાર કર્યો પણ ચક્ર ઊપડ્યું નહિ. એટલે ભોંઠો પડ્યો.

અર્જુન ભણીને પાંચમે વર્ષે ધર્મરાજા પાસે આવ્યા. ત્યારે ધર્મરાજાએ પૂછ્યું જે 'વિદ્યા ભણ્યા?' ત્યારે અર્જુને હા કહી અને કહ્યું જે, 'કાલે તેનો પ્રયોગ કરી બતાવીશ.' બીજે દિવસે સ્નાન-સંધ્યા કરી બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે બ્રહ્મા આવ્યા. એ પ્રમાણે સર્વે દેવતા આવ્યા અને કહ્યું જે, 'આ પ્રયોગ કોઈ મનુષ્ય ઉપર કરશો નહિ. આ બે બાણ ભાથે કરો તો અમે જઈએ. તમારા ઉપર જે નાખે તેના ઉપર પ્રયોગ કરજો.'

પછી અર્જુને બાણ ભાથે કર્યાં. દેવતા પગે લાગી પધાર્યા. બ્રહ્માસ્ત્ર નાખે ત્યાં કાળ પડે, અગ્ન્યસ્ત્ર નાખે ત્યાં પ્રલય કરે. તે વિદ્યા અર્જુન ભણ્યા હતા. તો પણ ધીરજ રાખી. અશ્વત્થામા પાત્ર નહોતા અને ભણ્યા હતા તો તે શ્રીકૃષ્ણ ભગવાન ઉપર નાખવાને તૈયાર થયા. માટે વિદ્યા આવતાં વાર થતી નથી પણ પાત્ર થતાં વાર લાગે છે.

અર્જુન ભગવાનના ભક્ત હતા અને પાત્ર હતા તો તેના ઉપર ભગવાન રાજી થયા. નારાયણ અસ્ત્ર જેને હાથ થયું છે તેને કાળ, કર્મ, માયા કંઈ કરવા સમર્થ નથી. તે જન્મ-મૃત્યુના ભય થકી મુકાઈ ભગવાનના અક્ષરધામને પામે છે. નારાયણ અસ્ત્રના પ્રતાપે ત્રણ પ્રકારનાં કર્મ તે નાશ પામે

છે. નારાયણ અસ્ત્રનો તો ઘણો પ્રતાપ છે."

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે વીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૧

મુળીમાં પરમાર અમાભાઈ તથા જેઠીભાઈ રહેતા હતા. તેમનાં બહેન કેશાબાએ દેવળિયામાં મહારાજને ઘણી વાર થાળ કરી જમાડેલ. તે સમયે તેમણે શ્રીજીમહારાજને પ્રાર્થના કરેલી જે "હે મહારાજ! હું મુળીમાં હોઉં ત્યારે આપ મુળી પધારો તો સારું." ત્યારે મહારાજ કહે : "બહુ સારું." એમ શ્રીજીમહારાજે વર આપ્યો હતો. તે વર પાળવા અને હરિભક્તોના મનોરથ પૂર્ણ કરવા શ્રીજી વારંવાર મુળીપુર પધારતા હવા.

કેશાબાએ પોતાના પિયરમાં આવી પોતાના ભાઈ અમાભાઈને તથા જેઠીભાઈને કહ્યું : "મહારાજને જ્યાં હોય ત્યાંથી અહીં તેડી લાવો અને મહારાજ આપણે ઘેર નહિ આવે ત્યાં સુધી મારે અનાજ લેવું નથી." એમ કહી સો રૂપિયા બંધાવ્યા અને કહ્યું: "મહારાજ રસ્તામાં પાણી માગે તો દૂધ આપજો. દૂધ માગે તો ઘી આપજો પણ કોઈ રીતે માર્ગમાં અડચણ પડવા દેશો નહિ."

પછી અમાભાઈ જૂનાગઢ ગયા. મહારાજ ભાડેરમાં પાતલભાઈના ઘેર છે એવું સાંભળી ભાડેર આવ્યા. ત્યાં પહોંચ્યા ત્યારે મહારાજ તો પંચાળા ગયા છે એમ સાંભળી ત્યાંથી પંચાળા આવ્યા. ત્યાંથી ધોરાજી-જેતપુર ગયા. ત્યાં મહારાજ મળ્યા. મહારાજને કહ્યું: "મારી બહેન કેશાબા મુળી આવ્યાં છે. તે તમો ત્યાં પધારો તો અનાજ લેશે અને નહિ આવો તો નહિ લે."

એ વચન સાંભળી મહારાજ તૈયાર થયા અને કહ્યું:

"ચાલો." મહારાજ તેમના ભેળા મુળી આવ્યા.

અમાભાઈ, જેઠીભાઈ, તેમની બહેન કેશાબા એ ત્રણેય મહારાજની સેવા કરતાં અને રૂડી રીતે નિત્ય નવીન થાળ કરી જમાડતાં. ચંદન, કેશર, કપૂર, કસ્તુરી અને અત્તર મર્દન કરતાં; ગુલાબ, મોગરાં વગેરે પુષ્પના હાર તેમ જ સોનેરી શિરપાવ પહેરાવી મહારાજ પાસે વર માગ્યોઃ "હે મહારાજ! અહીં આપ નિવાસ કરો."

શ્રીજીમહારાજ કહે "બહુ સારું." એમ કહી કહ્યું જે, "અહીં મંદિર કરશું અને તમારા મનોરથ પૂર્ણ કરશું."

આમ રાત-દિવસ વાતો કરતા અને દિન-પ્રતિદિન સર્વે સત્સંગીને આનંદ આપતા હતા. રાજુબાએ પ્રાર્થના કરી જે, અમારે ઘેર પધારો અને અમારા ઘેર રહો. એમ પ્રાર્થના કરી રાખ્યા. તેઓ દરબારમાં સારી રસોઈ કરી મહારાજને જમાડતા. સૌને આનંદ દેતા એવા જે શ્રી સહજાનંદ સ્વામી મહારાજ તે અનેક જીવના જન્મ-મરણના તાપ નિવારતા અને દર્શન માત્રે કરીને અક્ષરધામને વિષે પહોંચાડતા. એવા જે શ્રીહરિ તેમને મુળીના સર્વેજનો પોતાની શક્તિ પ્રમાણે ધન, ધાન્ય, પશુ, વાહન, વસ્ત્ર એમ અનેક પ્રકારની સામગ્રી અર્પણ કરી પૂજા કરી પ્રસન્ન કરતા હતા.

ઇતિ શ્રા તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકવીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૨

બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે મુળીમાં મંદિર કરવા જાઓ. એવી આજ્ઞા થવાથી સ્વામી મુળી આવ્યા.

મંદિર કરવા પાષાણ ગોતવા માંડ્યા પણ ક્યાંય પત્તો લાગે નહિ. ત્યારે ઉમરડે ગામ ગયા અને પાષાણ લેવાનું નક્કી કર્યું. પણ તે ઉમરડાના કાઠીએ ના પાડી કે અહીંથી પાષાણ નહિ લેવા દઈએ. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ વિચાર કર્યો જે હવે શી રીતે મંદિર થશે?

આમ વિચાર કરી કીર્તન ગાયું કે :

"બ્રહ્માનંદની અરજી ઝીલીએ, રંગીલા નાથ.
આવો એકાંતે વાતું કીજીએ, રંગીલા નાથ."

એવું બ્રહ્મમુનિનું કીર્તન સાંભળી શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામી પાસે આવીને બેઠા અને કહ્યું જે, "શું કામ છે?"

ત્યારે સ્વામીએ કહ્યું જે, "અહીં પાષાણ નથી તો મંદિર શી રીતે કરીએ?"

શ્રીહરિ કહેઃ "હું માલાકાને માર્ગે જાઉં છું અને તમો ભેડાસરને માર્ગે જાઓ. આપણે બન્ને ભેડાસર તળાવ ભેગા થઈશું."

એમ કહી શ્રીજીમહારાજ ચાલ્યા તે શ્રીહરિ માલાકે થઈ ભેડાસર તળાવ આવ્યા, બ્રહ્માનંદ સ્વામી પણ ભેડાસર તળાવ આવી ભેગા થયા.

પછી શ્રીજીમહારાજ અને બ્રહ્મમુનિ ચાલ્યા તે જે ઠેકાણે પાષાણની હાલ ખાણ[1] છે તે જગ્યાએ ઊભા રહી શ્રીહરિને બ્રહ્મમુનિને પાષાણ બતાવ્યા. તે પાષાણ જેમ ઘડી મૂકયા હોય તેવા ને તેવા થાંભલા તથા પાટડા તૈયાર નીકળ્યા. સલાટને જેવા જોઈએ તેવા ઘાટવાળા પથ્થરો નીકળ્યા, તે ખાણની પાસે પાણી પીવાની વાવ[2] છે તે શ્રીહરિએ બતાવી. મુળીનું મંદિર પૂરું થયું ત્યાં સુધી તેવા ને તેવા જ પાષાણ નીકળ્યા. જ્યારે મંદિર પૂરું થયું ત્યારે પાષાણનું વળું ફરીને બીજી રીતનું થયું. એવા

૧. આ ખાણ મુળીથી રેલવે સ્ટેશન બાજુ છ માઈલ દૂર આવેલ છે.
૨. વાવ પણ ત્યા જ આવેલ છે.

અનેક ચમત્કાર જણાવતા હતા.

બ્રહ્માનંદ સ્વામી જ્યારે જ્યારે શ્રીહરિને સંભારે ત્યારે ત્યારે તે સમયે બ્રહ્મમુનિ પાસે શ્રીહરિ આવે. તેમાં એક સમયે મંદિરનું કામ ચાલુ હતું ત્યારે વરસાદની કાંઈક તાણ પડી એટલે મોલ સુકાવા માંડ્યો. મુળીના ગરાસિયાઓ સ્વામી પાસે આવ્યા અને સ્વામીને કહે: "વરસાદ વિના મોલ સુકાઈ જાય છે."

સ્વામીએ કહ્યું: "સાધુને રસોઈ આપો તો વરસાદ થશે." ગરાસિયાઓએ રસોઈ આપી. બ્રહ્માનંદ સ્વામીએ મલાર રાગ ગાયો. તેટલામાં તો એટલો વરસાદ થયો કે નદીમાં પૂર આવ્યું અને જયજયકાર થઈ ગયો. એવી રીતે ઘણા પરચા આપ્યા છે. પણ આ તો અલ્પમાત્ર લખ્યા છે.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બાવીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૩

શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને મુળીપુરમાં મંદિર કરવાની આજ્ઞા કરી હતી. બ્રહ્માનંદ સ્વામી મુળી આવ્યા હતા. ગામમાં ઘણા લોકોને નિર્ધન જોઈ બ્રહ્માનંદ સ્વામીને વિચાર આવ્યો કે આવા નિર્ધન જન અને નિર્ધન દેશમાં મંદિર શી રીતે કરવું?

એવો વિચાર કરી શ્રીહરિની મૂર્તિ સંભારી સિતાર લઈને કીર્તન ગાવા લાગ્યા:

"વહેલા વાલમજી આવો રે ગઢપુરના વાસી."

એ કીર્તન ઉપાડ્યું કે તરત જ શ્રીજીમહારાજ દિવ્યરૂપે આવીને ઊભા રહ્યા અને કહ્યું કે "શું કામ છે?" ત્યારે મહારાજને હસતા જોઈ કહ્યું કે જે, "અમો નિર્ધનિયાનું તમો ધન છો." એમ

કહી બ્રહ્મમુનિ બોલ્યા: "આ દેશ નિર્ધન છે, તો મંદિર શી રીતે કરવું?"

એવું બ્રહ્મમુનિનું વચન સાંભળી શ્રીજીમહારાજે પ્રસન્ન થઈ વર આપ્યો, તેથી આ દેશમાં તથા ગામમાં સર્વ મનુષ્ય ધનવાન થયા અને ધને કરી દેશ પૂર્ણ થયો. રૂપાં તથા સોનાં આદિ દ્રવ્યે કરી લોકો સમૃદ્ધિવાન થયા. જ્યાં સુધી અયોધ્યાપ્રસાદજી મહારાજ બિરાજમાન રહ્યા ત્યાં સુધી સમૃદ્ધિ પૂર્ણ રહેતી હવી.

મંદિરમાં વસ્ત્ર, ઘરેણાં, સિંહાસન, પારણું, હિંડોળો, કમાડ આદિ રૂપાનાં કર્યાં ત્યાં સુધી તે સર્વ સમૃદ્ધિએ યુક્ત રહેતા હવા. જ્યારે મંદિરનું સર્વ કામ પૂરું થયું અને સેવામાં ગૌણપણું કરવા માંડ્યું એટલે સમૃદ્ધિ પણ ઓછી થવા માંડી. આમ દેશો દેશમાં પરચા થતા હતા તે સર્વે જાણતા હતા.

જ્યારે સમૃદ્ધિ થઈ ત્યારે કેટલાક હરિભક્તો હજારો રૂપિયા લાવતા. તેમાં કોઈ દશ હજાર, તો કોઈ પંદર હજાર તેમ બ્રહ્મમુનિ પાસે લાવતા, કેટલાક ધાન્યનાં ગાડાંઓ ભરી લાવતાં, કેટલાક ઘીનાં, સાકરનાં, ગોળનાં, મોદિયાનાં, ગોદડાનાં, ઘઉંના, ચોખાનાં, મગનાં, તુવેરનાં એ આદિ ઘણી વસ્તુઓનાં ગાડાંઓ ભરી લાવતાં. તેમને બ્રહ્મમુનિ સમૃદ્ધિએ કરી પૂર્ણ કરતા. એવી રીતે ઘણા ચમત્કાર જણાવતા. શ્રી સહજાનંદ સ્વામી ભગવાનના મહિમાનો પાર આવે તેમ નથી. તેમનો મહિમા તો અપાર છે.

બ્રહ્મમુનિ મુળી મંદિરમાં સેવા કરાવીને અક્ષરધામનું સુખ આપતા. જે જન આવી સેવા કરતા તેમના મનોરથો પૂર્ણ કરતા; જે ઇચ્છતાં તે તરત જ સંપન્ન થતું. એવી રીતે એકાંતિક ધર્મ નિયમે યુક્ત જનોની ઇચ્છાને પૂર્ણ કરતા હવા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ત્રેવીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૪

મુળીમાં બ્રહ્માનંદ સ્વામીએ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. મોના સલાટને આજ્ઞા આપી એટલે મંદિરનો પાયો ખોદ્યો. તે વખતે શ્રીજીમહારાજે આવી, બ્રહ્માનંદ સ્વામી તથા મોના સલાટને કહ્યું જે, "આવું સાંકડું ન કરવું." એમ કહી શ્રીહરિએ લીટો કર્યો અને કહ્યું જે, "આટલો વિસ્તાર કરો." પછી તે પ્રમાણે મંદિર આદર્યું.

કામ ધમધોકાર ચાલતું હતું. તે કામ વધુ ઝડપથી ચલાવવા વઢવાણથી આવેલા પચાસ સલાટ મિસ્ત્રી મોના સલાટ નીચે કામ કરતા હતા. તે સમે વઢવાણમાં કોગળિયું આવ્યું. મોના સલાટના ઘરનાં જે હીરાબાઈ તથા વચેટ દીકરો શંકર તેને કોગળિયું થયું. તેથી મોના ભક્તને માણસ તેડવા આવ્યો અને કહ્યું જે, આ બંનેને કોગળિયું થયું છે. તે ઊગરે તેમ નથી તો તુરત આવો, નહિતર એમનો દેહ નહિ હોય!

એ પ્રમાણે ખેપિયે આવી કહ્યું. મોના ભક્ત કહેઃ "ભલે બંને મરે, મારે તો કોઈ મરતું નથી."

ત્યારે સ્વામી કહેઃ "એવું હોય તો જવું પડે."

મોના ભક્ત બોલ્યા જે, "સ્વામી! જીવાડવું અને મારવું એ તો સ્વામિનારાયણના હાથમાં છે, તમ જેવા સંત મહાત્માના હાથમાં છે, માટે મારે શા માટે ખોટી થવા જવું પડે?"

પછી બ્રહ્માનંદ સ્વામીએ ધ્યાન કરીને જોયું તો એ બન્ને મરી ગયેલાં દીઠાં. ધ્યાનમાં શ્રીહરિએ બ્રહ્મમુનિ સામું જોયું તો સ્વામીની મરજી તેઓને ધામમાં લઈ જવાની ન દીઠી એટલે શ્રીજીમહારાજ મૂકી ગયા. તે બંને સાજાં થયાં એટલે ગામમાં એમ થયું જે બ્રહ્માનંદ સ્વામીએ દર્શન દઈ, મોના ભક્તના ઘરનાંને અને તેમના

દીકરા શંકરને મહારાજને પ્રાર્થના કરી દેહમાં રખાવ્યા.

એવી વાત ગામમાં લોકોએ જાણી. તે વખતે વઢવાણમાં તો ઘણા માણસો કોગળિયાથી મરતાં. મોના ભક્તની આ વાત સાંભળી વઢવાણના હરિભક્તો તથા મહાજનના ચાર માણસો સર્વે મળી બ્રહ્માનંદ સ્વામીને મુળી તેડવા આવ્યા. સ્વામીને હાથ જોડી પ્રાર્થના કરી કહ્યું: "આપ આ સમયે વઢવાણ પધારો તો ગામ ઊગરે; નહિતર સૌ મરી જાશે."

સ્વામી બહુ દયાળુ હતા, તેડવા આવેલ માણસો સાથે વઢવાણ ગયા. ઠાકોરજીની પ્રસાદીનું જળ સર્વેને પાયું. ગામને દરવાજે પ્રસાદીનું પાણી છાંટ્યું અને તરત માણસ મરતાં બંધ થયાં. સર્વે આશ્ચર્ય પામ્યા. તેઓએ સ્વામીને એક હજાર રૂપિયા મુળી મંદિરમાં સેવા માટે આપ્યા. એવા સમર્થ જે બ્રહ્મમુનિ તે દ્વારાએ શ્રીજીમહારાજ ઘણા ચમત્કાર જણાવતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચોવીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૫

મુળીમાં બ્રહ્માનંદ સ્વામી મંદિર કરાવતા હતા. એક વખત સભા ભરાઈને બેઠી હતી. તે સમે સર્વ ગરાસિયા અને દરબાર આવીને આગળ બેઠા. ત્યાં રઘાભાઈએ બ્રહ્મમુનિને કહ્યું જે , "દરબાર રામાભાઈને દીકરા નથી; તે તમો મહારાજને પ્રાર્થના કરી વર આપો તો થાય."

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "બે દીકરા થશે" એવો વર આપ્યો. પછી પ્રથમ વખતસિંહજી અને બીજા સરતાનસિંહજી એમ બે દીકરા થયા.

વખતસિંહજી તો વાસુદેવાનંદ સ્વામી પાસે સમાગમ માટે આવતા અને વાતું સાંભળતા. સ્વામીએ વાત કરીને કહ્યું જે તમો રઘુરાજાનો અવતાર છો. તમોને પ્રગટની ઉપાસના ન હતી માટે તમારે આટલા જન્મ લેવા પડ્યા. તો હવે પ્રગટની ઉપાસના કરી, સર્વ ઠેકાણેથી વાસના તોડી, ભગવાન સાથે જોડાઓ. વાસુદેવાનંદ સ્વામીએ વખતસિંહજીને પૂર્વજન્મનું જ્ઞાન કરાવ્યું. કેટલી વાર રાજા થયા, કેટલી વાર રાજાનાં સુખ ભોગવ્યાં, સ્ત્રીઓનાં સુખ ભોગવ્યાં, દીકરાનાં સુખ ભોગવ્યાં તે દેખાડ્યું.

એવા સુખ-દુઃખ નજરે જોઈ તેઓ કંટાળી ગયા અને સ્વામીને પ્રાર્થના કરી જે, "હે સ્વામી! આવા દુઃખ તો ઘણી વાર ભોગવ્યાં છે, માટે એ દુઃખથી મુક્ત થવું ઘણું સારું. તેથી તમારો સમાગમ માગું છું. તમારા સમાગમે કરી દેહને વિષે અહમ્‌બુદ્ધિ, રાજને વિષે મમત્ત્વબુદ્ધિ છે તેનો ત્યાગ કરાવી મને સંતનો સમાગમ કાયમ થાય, જેણે કરી આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય એવી કૃપા કરો.

એમ કહી દિન-પ્રતિદિન સમાગમ કરતા અને વંડાની જમીન તથા ખાતરી મંદિરમાં આપી. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે વર આપ્યો જે, "વખતસિંહજી! તમને હું તેડવા આવીશ." મરણને ચાર માસ બાકી રહ્યા ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે આવી રાજા વખતસિંહજીને કહ્યું: "તમારે ચાર માસનું આયુષ્ય બાકી છે. ચાર માસ પૂરા થશે એટલે શ્રીજીમહારાજ સાથે હું તેડવા આવીશ." એમ કહી અદૃશ્ય થઈ ગયા. જ્યારે ચાર માસમાં ચાર દિવસ બાકી રહ્યા ત્યારે આવીને કહ્યું: "પરવારવું હોય ને દાન-પુણ્ય કરવું હોય તો કરી લ્યો."

ત્યારે બ્રાહ્મણોની ચોરાશી કરી. મંદિરમાં રસોઈ દઈ, સાધુને ધોતિયાં ઓઢાડી, ઠાકોરજીને થાળ તથા વસ્ત્ર, ઘરેણાં ચડાવ્યાં.

બ્રાહ્મણને બે-બે હજાર રૂપિયા દક્ષિણા આપી. અષ્ટ મહાદાન આપી સર્વ સાધુને બોલાવી પગે લાગી કહ્યું જે, "મારો અપરાધ હોય તે માફ કરજો."

એવી રીતે વિનય સહિત પ્રાર્થના કરી. ચોથા દિવસે શ્રીજીમહારાજ અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે અનંત વિમાન લઈ તેમને તેડવા આવ્યા. અનંત મુક્ત આવ્યા તે કેટલાક માણસો દેખતાં હવાં. કેટલીક બાઈઓ જોઈને કહે અહો ભગવાનમાં તો અનંત ચમત્કાર છે જ! એવી રીતે ઘણા માણસોએ જોયા. આવી રીતે મુળીપુરના રાજાને શ્રીજીમહારાજ ધામમાં લઈ જતા હવા. આ વાત મેં નજરે જોયેલ છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પચીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૬

એક સમયે બ્રહ્મમુનિ ભુજ જતા હતા ત્યારે હળવદ ગયા. હળવદમાં દવે મહાદેવ હતા. તે કીર્તનિયા બહુ સારા હતા. બ્રહ્માનંદ સ્વામી પાસે કીર્તન બોલ્યા, એટલે સ્વામી રાજી થયા. મહાદેવ દવેએ સ્વામીને કહ્યું કે મારે ઘેર જમવા પધારો.

સ્વામીએ હા પાડી અને કહ્યું: "તમારે ઘેર જમવા આવશું."

મહાદેવ દવેએ રસોઈ કરાવી, સ્વામીને તેડી ગયા અને જમાડ્યા. પછી પ્રાર્થના કરી કહ્યું જે, "સ્વામી! તમે દયા કરો તો મારે ઘેર દીકરો થાય."

ત્યારે સ્વામી બોલ્યા: "મહાદેવ! તારે દીકરા કેટલા જોઈએ?"

તે કહે: "ત્રણ દીકરા જોઈએ."

સ્વામી કહે: "રાધાકૃષ્ણ દેવ તથા હરિકૃષ્ણ મહારાજનાં ત્રણે શિખરના ખર્ચના જે રૂપિયા થાય તે સેવામાં આપો, તો ત્રણ દીકરા થશે." એવો વર આપ્યો.

પછી મહાદેવ દવેને ઘેર ત્રણ દીકરા થયા. એક પ્રાણજીવન, બીજો નારાયણજી, ત્રીજો રૂગનાથજી એમ ત્રણ દીકરા થયા. મહાદેવ દવેએ શિખરના ખર્ચના રૂપિયા સેવામાં આપ્યા.

આ સમયે વીરજી સોની માંદા હતા અને હાથ-પગ ન ચાલે એવા સજ્જડ થઈ ગયા હતા. તે વખતે નાગર સોની કહે કે "સ્વામી! આ વીરજી સોનીને દર્શન આપો તો સારું થાય." પછી સ્વામી દર્શન દેવા તેમને ઘેર પધાર્યા.

સોની સ્વામીને કહે: "મને કંઈ કામ બતાવો."

સ્વામી કહે: "સાજા થઈ ઠાકોરજીને કડાં પહેરાવજો." એમ કહી સ્વામી મંદિરમાં આવ્યા. ત્યાર બાદ વીરજી કહે: "મારે મંદિરમાં સ્વામીનાં દર્શને જવું છે." એમ કહી તરત લૂગડાં પહેરી મંદિર આવ્યા. સ્વામીશ્રીના વચનથી બધું મટી ગયું. સ્વામીને કહ્યું: "આપે જે આજ્ઞા આપી છે તે મુજબ તરત ધર્માદો કરીશ; પણ બીજું સંભારણું મને આપો."

સ્વામી કહે કે: "ધર્માદો ચોખ્ખો વિસમો ભાગ કાઢજો."

ત્યારે સોની કહે "બહુ સારુ." વીરજી સોની જીવ્યા ત્યાં સુધી એ નિમિત્તના રૂપિયા બસો આપતા. સ્વામીના વચનનો વિશ્વાસ હતો તો ઘરમાં પૈસા મૂકવાની જગ્યા ન રહી એવી રીતે સ્વામીએ ઘણાના મનોરથો પૂર્ણ કર્યા છે.

તે સમયે અમરશી ખત્રી આવ્યા ને કહ્યું કે સ્વામી! હરજી માંદો છે. તમે હાથ મૂકી આશીર્વાદ આપો તો સાજો થાય."

સ્વામીએ કહ્યું: "શું માંદો છે?"

અમરશી કહે: "ત્રણ મહિનાથી ઊલટી થાય છે,

ઉધરસ આવે છે."

સ્વામી કહેઃ "એને ઘી પાઓ એટલે મટી જશે." પછી બે દિવસ સુધી ઘી પાયું તે મટી ગયું.

મહાદેવ ભક્તને પગે લગાડ્યા. તેને જોઈ સ્વામી બોલ્યા જે, "અમરશી! મહાદેવ તો વૈરાગ્યવાન છે તે ઘરમાં નહિ રહે." એમ અમરશી ભક્તને સ્વામીએ કહ્યું હતું તેમ જ થયું. તે ઘરમાં ન રહ્યા. એવા મોટા પુરુષનાં વચન બળવાન છે.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છવીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૭

મુળીમાં બ્રહ્માનંદ સ્વામી મંદિરનું કામ કરાવતા હતા. મંદિરના કામમાં કોઈ માણસને નવરાશ નહિ. પથ્થરનાં ગાડાં ઘણાં ચાલે અને ગામડામાંથી પણ ઘણાં ગાડાં આવે. નદીમાં ચીલો (રસ્તો) બાંધ્યા વિનાનો હતો. સ્વામીને આવી ખેડૂતે કહ્યું જે, "સ્વામી! કુચ્ચો હોય તો ચીલો બાંધીએ." તે વખતે મહેતા પ્રભુજી ત્યાં બેઠા હતા તે બોલ્યાઃ "સ્વામી! મારી ગંજી છે તે ચીલામાં નખાવીને માર્ગ બંધાવો."

સ્વામી કહેઃ "તમારા દીકરાને પૂછો, પછી માર્ગ બાંધીએ."

ત્યારે મહેતા બોલ્યાઃ "સ્વામી! તમે આજ્ઞા કરો તો તેઓ પોતાને હાથે રસ્તો બાંધે એવા છે."

તે સમયે પ્રભુજી મહેતાના દીકરા દર્શને આવ્યા. તેમાં એક કુબેરજી, 'બીજા રામકૃષ્ણ, ત્રીજા પુરુષોત્તમ, ચોથા દયારામ, પાંચમા મયારામ તથા ગંગારામ એ છ સ્વામીને પગે લાગ્યા અને બેઠા. સ્વામીશ્રી બોલ્યા જે, "માર્ગ બંધાવવો છે." ત્યારે એ છ

બોલ્યા જે, "સ્વામી! અમારા ઠાગાની ગંજીથી અમે છ ભેગા મળી, બાંધીને કાલે તૈયાર કરશું." એવી હિંમત સાથે છએ મંડ્યા તે સવારમાં ઠાગાની ગંજી નાખી અને રસ્તો કર્યો. તે જોઈ બ્રહ્માનંદ સ્વામી બહુ જ રાજી થયા અને કહ્યું: "પ્રભુજી! તમારા કુળમાં જે મરે તેને હું તેડવા આવીશ." એવો વર આપ્યો. તે હજુ સુધી તેડવા આવે છે.

મંદિરનું કામ ચાલતું હતું ત્યારે પાષાણની સાંધ વચ્ચે 'પવું' નાખવા સારુ સીસમનું લાકડું જોઈતું હતું. સલાટે સ્વામીને કહ્યું જે 'પવું' જોઈએ છે. પ્રભુજી મહેતા સ્વામી પાસે બેઠા હતા, તેઓ ઊઠીને ઘેર ગયા. પોતાનો સિસમનો દંતાલ લાવી માવજી સુતારને આપ્યો અને સ્વામીને કહ્યું જે, "આ સિસમનો દંતાલ છે તેનું 'પવું' કરાવો."

ત્યારે સ્વામી બોલ્યા' "ડોસા! દંતાલ શીદને બગાડો છો?"

ત્યારે પ્રભુજી મહેતા બોલ્યા: "સ્વામી! મંદિરના કામમાં આવે તે બગાડ્યું ન કહેવાય, એ તો સુધાર્યું કહેવાય." એમ કહી માવજી સુતાર પાસે 'પવું' કરાવ્યું.

બ્રહ્માનંદ સ્વામીએ પ્રસન્ન થઈ પ્રભુજી મહેતાને પોતે પહેરેલ હાર આપ્યો અને કહ્યું: "આ તો અભયદાન કર્યું." એમ કહી બહુ પ્રસન્ન થયા. જે સમયે તેમને દુ:ખ પડે અને બ્રહ્માનંદ સ્વામીને સંભારે એટલે રક્ષા કરતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સત્તાવીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૮

બ્રહ્માનંદ સ્વામી મુળીમાં મંદિર કરાવતા હતા. એક સમયે

ગામમાં કોગળિયું બહુ જ આવ્યું અને ગામમાં બહુ માણસો રોજ મરવા લાગ્યા. મંદિરનું કારખાનું ચાલે. તે સમે કડિયા કહેઃ "સ્વામી! હવે અમે અહીં નહિ રહીએ." એમ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું.

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યુંઃ "કંઈ ફિકર કરશો નહિ. મંદિરમાં મરકી નહિ આવે." વળી સ્વામીએ કડિયાને કહ્યુંઃ "હવે મરકીને ગામમાં પણ નહિ રહેવા દઈએ." એમ કહી બ્રહ્માનંદ સ્વામીએ સ્વામિનારાયણ નામ ઉચ્ચારણ કરી ગામ સામું જોયું તે મરકી એમ ને એમ દક્ષિણાદિ ગઈ.

મોના નામે સલાટ મંદિરમાં કામ કરતા હતા. મોનાનો દીકરો ફૂલો માંદો પડ્યો તે દેહ રહે એવું નહિ. સર્વ સલાટ લૂગડાં બદલી કારખાનું બંધ કરી બેઠા. તે વખતે બ્રહ્માનંદ સ્વામી બહાર ગયા હતા. તે પાછા આવ્યા, જોયું અને પૂછ્યુંઃ "કામ કેમ ચાલતું નથી?" ત્યારે નિયમાનંદ સ્વામીએ વાત કરી જે સલાટ મોના ભક્તનો દીકરો દેહ મૂકે તેમ છે, શ્વાસ થઈ ગયો છે અને દેહ રહે તેમ નથી. બધા સલાટ છોકરાને ઘેરી બેઠા છે. તે વખતે મોના ભક્તને સ્વામીએ બોલાવ્યા. બ્રહ્માનંદ સ્વામીએ મોના ભક્તને કહ્યું જે, "આ ફૂલો જીવે તો શું સેવા કરશો?"

મોના ભક્ત બોલ્યાઃ "આપ જેમ કહો તેમ કરીશ."

ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહેઃ "તમારે પાંચ દીકરા છે, તે પાંચનો પગાર ચાલતો રાખવો અને તમારે મહારાજની સેવા-ભક્તિ કરવી." એમનો દીકરો ફૂલો સાજો થઈ ગયો. સ્વામીશ્રીની આજ્ઞા માથે ચડાવી મોના ભક્તે જીવ્યા ત્યાં સુધી મહારાજની સેવા-ભક્તિ કરી.

મુળીમાં પાષાણની ખાણ ચલાવતાં મોના ભક્તને મનમાં એમ થયું જે હનુમાનજી અને ગણપતિની મૂર્તિઓ બનાવવા માટે

પાષાણ કાઢવા છે. એમ વિચારી પાષાણ કાઢવા માંડ્યા. હનુમાનજી તથા ગણપતિની મૂર્તિઓ થાય તેવા લાંબા, પહોળા, ઊંચા બે પાષાણ કાઢ્યા. ગાડામાં પણ સમાય નહિ તેવા મોટા પાષાણો હતા, તેથી આઠ પૈડાની 'રેલ' લાવી પાષાણ ચડાવવા માંડ્યા પણ ચડ્યા નહિ. સૌના મનમાં એમ થયું જે હવે કેમ કરવું? પછી તેઓ સ્વામી પાસે ગયા અને કહ્યું જે પાષાણ રેલમાં ચડતા નથી. સ્વામીએ ખાણે પાષાણ પાસે આવી કહ્યું: "પૂજાવું હોય તો હળવા થાવું જોઈએ." એમ કહી હાથ પાષાણને અડાડ્યો કે તરત જ પાષાણ રેલમાં ચડ્યા. તે ફૂલ જેવા થઈ ગયા અને મંદિરમાં તરત લાવ્યા.

એવા તો ઘણા ચમત્કાર સ્વયં શ્રીહરિ તથા શ્રીહરિજી સ્વામીશ્રી દ્વારા જણાવતા. આવી રીતે શ્રીહરિની અને બ્રહ્મમુનિની એકતા રહેતી. બ્રહ્મમુનિથી શ્રીજી જરાય દૂર ન રહેતા. ઘણી વખત બ્રહ્મમુનિની પ્રાર્થના સ્વીકારી શ્રીહરિ તેમના સંકલ્પ પૂરા કરતા. આ પ્રસંગ નિયમાનંદ સ્વામીએ નજરે દેખ્યો છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અઠ્ઠાવીસમો વિશ્રામ.

## વિશ્રામ ૨૯

મુળીના મંદિરનું કામ ચાલુ હતું તે સમે પથ્થર ખૂટ્યા. નિર્દોષાનંદ સ્વામીએ આવીને સ્વામીને વાત કરી જે, "સ્વામી! પથ્થર જોઈશે." સ્વામી પથ્થર માટે રામપરા ખોલડિયાદ ગયા. રામપરામાં પટેલ ભગવાન તથા દલો સિંધવ, તેજો સિંધવ, વસ્તો ભક્ત, રાજસી ભક્ત, ભાણો રાવત આદિને પથ્થર બાબત કહ્યું અને વ્યાસ ગણેશજીને ઘેર રસોઈ જમ્યા અને પંદર ગાડાંના પૈસા

આપ્યા. સ્વામી પ્રસન્ન થયા. જેઠા જોષીએ હરિભક્તોને કહ્યું જે, "આખા ગામનાં ગાડાં જોડાવજો અને મુળીએ પથ્થર પહોંચાડી આવજો અને સ્વામી રાજી થાય ત્યાં સુધી મુળી મંદિરની સેવામાં રહેજો." સ્વામીએ મુળીથી રજા આપી કહ્યું જે, "આ સર્વેને હું તેડવા આવીશ અને તમારા બળદને પણ ધામમાં લઈ જઈશ." એમ વર આપ્યો. તે રામપરામાં જે સત્સંગી મરણ પામે તેને મહારાજ સાથે બ્રહ્માનંદ સ્વામી તેડવા આવે છે.

જેમ રામપરામાં સ્વામી પધાર્યા તેમ જ ખોલડિયાદમાં પણ પધાર્યા હતા. ત્યાં ખેંગાર સિંધવ, દલો સિંધવ, ગણેશ સિંધવ, મુલો ભક્ત, લાધો સિંધવ અને ભગુ પટેલ આદિ હરિભક્તોને બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું: "રામપરાનાં ગાડાં સેવામાં મંદિરે આવ્યાં છે. તમારે પણ ગાડાં મોકલી સેવા કરવી જોઈએ."

હરિભક્તોએ કહ્યું: "સ્વામી! આ ગાડાં તમારાં જ છે. અમે પણ તમે કહેશો તે સેવા કરશું."

એમ કહી બધાંએ ગાડાં જોડ્યાં.

ભગુ પટેલ તથા ખેંગાર ભક્ત બંનેએ આવી સ્વામીને કહ્યું જે, "સ્વામી! બીજી કંઈ સેવા હોય તથા પૈસાની જરૂર હોય તે કહો અને નહિ કહો તો તમને અમારા સમ છે."

બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું: "ભગુ પટેલ તમારા ઘેર કેટલા રૂપિયા છે?"

તે કહે: "મારે ઘેર બસો રૂપિયા છે તે લઈ આવું ને વધુ જોઈએ તો બીજા ગામમાંથી લાવી આપું."

સ્વામી કહે: "તમારે એવો વહેવાર છે?"

ત્યારે કહે: "હા સ્વામી! આપને પ્રતાપે કહો તેટલા રૂપિયા લઈ આવું." એમ કહી નથુ શેઠને ઘેરથી રૂપિયા ત્રણસો લાવી સ્વામીશ્રીને આપ્યા. પાંચસો રૂપિયા અને પથ્થરનાં ગાડાં આપ્યાં.

સ્વામીએ પ્રસન્ન થઈને કહ્યુંઃ "તમારા કુળનું જે મરશે તેને ધામમાં લઈ જઈશું." એવો વર દીધો.

બ્રહ્મમુનિ ઘણા જનોને મોક્ષનો માર્ગ બતાવતા અને અનેક જીવોનો ઉદ્ધાર કરતા. બ્રહ્મમુનિનાં કીર્તન જેને કાને પડ્યાં હશે તેને અક્ષરધામમાં પહોંચાડે એવો બ્રહ્મમુનિના કીર્તનનો પ્રતાપ છે. જેને એક કીર્તનનું ચરણ આવડતું હોય તો તે જીવ પણ મોક્ષને પામે છે. તે જેમ "સગપણ હરિવરનું સાચું" એ ચરણ વડોદરામાં એક વાણિયણ બાઈ રોજ ગાતી. તેને અંત સમયે મહારાજ તેડવા આવ્યા હતા. એમ શ્રીહરિના મહિમામો પાર આવે તેમ નથી.

બ્રહ્માનંદ સ્વામીના તથા મુક્તાનંદ સ્વામીનાં કીર્તનોનું શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવાથી તો અક્ષરધામમાં પહોંચાય એવા તે દિવ્ય છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ઓગણત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૦

શ્રી મુળીપુરમાં હરિકૃષ્ણ મહારાજ તથા રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા વિધિ થતી હતી તે સમે સભા ભરાઈને બેઠી હતી. સભામાં શ્રીજીમહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ એ ત્રણેનાં દર્શન સર્વ હરિભક્તો કરતા હતા. ત્યાંથી પછી હરિભક્તો જ્યારે યજ્ઞશાળામાં જાય ત્યારે ગોપાળાનંદ સ્વામી પ્રતિષ્ઠા કરતા હતા તે ઠેકાણે પણ શ્રીજી બેઠા છે એવા દર્શન સર્વને થતાં હવા.

બ્રહ્માનંદ સ્વામી જે ઠેકાણે પાકશાળામાં પાક કરાવતા હતા એ જગ્યાએ પણ બ્રહ્માનંદ સ્વામી સહિત શ્રીજીને હરિભક્તો દેખતા હવા. ભગુજી સર્વ સંઘની ચોકી કરતા. ભગુજી ને

શ્રીજીમહારાજ માણકી ઘોડીએ બેસીને સર્વ સંઘની રક્ષા કરતા એવા દર્શન સર્વને થતાં હવા.

એ પ્રકારે શ્રીહરિ ઘણો પ્રતાપ બતાવી એકકાળાવચ્છિન્ન દર્શન દઈ ઐશ્વર્ય બતાવતા હવા અને તેજના અંબારને વિષે તેજોમય શ્રીજીમહારાજની મૂર્તિને જોઈ કેટલાકને સમાધિ થતી હતી.

તે સમે સિદ્ધાનંદ સ્વામી, સુદર્શનાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી; અમદાવાદના દામોદર તથા વૃજલાલ; સિયાણીના પથાભાઈ; ભાદરાના ડોસાભાઈ; વિસનગરના હરજીવનભાઈ; માણસાના નરસીભાઈ; માંડવીના ડોસાભાઈ તથા જેભાઈ; હળવદના શેઠ રણછોડભાઈ, મકનજી, મહાદેવ, શિવ જાની, અમરશી ખત્રી, હરિકૃષ્ણ આચાર્ય; ઘાંટીલાના સુતાર આણંદજી, તેનો દીકરો હરિ, એ બધાને સંઘની સાથે સમાધિ થતી હવી.

જેતપરના ઠક્કર દમાને; માથક્ના સુતાર બેચર; ભદ્રેસીના સુરચંદ્ર શેઠ, લીમલીવાળા મૂળજી શેઠ; ધ્રાંગધ્રાના રાઘવજી, બેચર ઓઝા, મૂળજી દોશી, જેઠા શુકલ, નરસી પારેખ, કરસન સોની, ગોવાભાઈ, મેતા નથુભાઈ, પાઠક કલ્યાણજી તથા કૃપારામ; સાયલાના સોમચંદ પારેખ, હેમચંદ પારેખ, મૂળચંદ પારેખ, મલુકચંદ પારેખ, સોની ડોસા, માવજી ત્રિકમ; વસ્તડીના તરવાડી માલજી, રામકૃષ્ણ, સામત, જાદવ; લીંબડીના સોની હીરા, કલ્યાણ, રણછોડ, નારાયણ, નરભેરામ, શુકલ શિવા, દલા ગાંધી, ડાહ્યાભાઈ વીરા; વઢવાણના સોની સંઘજી, રઘાભાઈ, શેઠ માવજી, વીરપાળ શેઠ, ધના તરવાડી, જેઠાભાઈ વ્યાસ તથા હરિબા, અદીબા, મોંઘીબા, માનબા, સામબા, પાર્વતીબા, કેસાબા આદિ સર્વે સત્સંગી બાઈ-ભાઈને સમાધિ થતી હવી અને અનંત ઐશ્વર્ય દેખતાં હવા.

તે સભામાં શ્રીજીમહારાજની પૂજા ઘણા હરિભક્ત કરતા હતા. ઘણા લોકો તો ખેતર, ઘર, મેડી, હવેલી, વાહન, ઘોડા, વેલું,

રથ, બળદની જોડી, ગાયું, ભેંસો, સોનામહોરો, રૂપિયા, ઘરેણાં, સોનાનાં જડાવ કડાં, કુંડળ, હાર, દોરા, બાજુબંધ પોંચી, હીરા સાંકળી, નાનાં પ્રકારનાં વસ્ત્ર, શેલાં, પાઘ, શાલું, ઊતરી, ડગલી, જામા આદિ વસ્તુ શ્રીજીમહારાજને અર્પણ કરતા હતા.

સાટાની રસોઈ, મોતૈયા લાડુની રસોઈ, કેળાં-રોટલીની રસોઈ, દૂધપાક, શીરાપૂરી, કંસાર, ચૂરમું, બિરંજ એ આદિ નાના પ્રકારની રસોઈ કરી શ્રીહરિને જમાડતા હતા. દેશ દેશના ઘણા હરિભક્ત બાઈ-ભાઈ આવી વિધવિધ પ્રકારની વસ્તુઓ મહારાજને અર્પણ કરતા હતા.

તેમાં કેટલાક મચ્છુ કાંઠાના, ગુજરાતના, કચ્છના, હાલારના, ઝાલાવાડના, કાઠિયાવાડના, ગોહિલવાડના, વાળાક દેશના, સોરઠના, ભાલદેશના, નળકંઠાના, ચુંવાળ દેશના, પાટણના, દંઢાવ્યના, ઈડરના, મારવાડના, કાનમના, ચરોતરના, ખાનદેશના, દક્ષિણ દેશના, હિન્દુસ્તાનના, મેવાડના, ઝાડી દેશના, વાગડ દેશના, વઢીઆર દેશના એ આદિ દેશોદેશના હરિભક્તો આવતા હતા અને શ્રીહરિની સેવા કરતા હતા અને આનંદ ઉત્સવ થતો હતો.

શ્રીહરિની વાતોથી તથા દર્શનથી સંત-હરિભક્તો બહુ સુખ અનુભવતા હતા અને આનંદના સમૂહને વિષે નિમગ્ન થતા હવા. એવી રીતે શ્રીહરિ હરિભક્તોને નિત્ય નવીન સુખ આપતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૧

શ્રી મુળીપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની તથા શ્રી રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા થતી હતી. તે સમયમાં યજ્ઞશાળામાં

પૂર્ણાહુતિ સમયે શ્રીજીમહારાજની મૂર્તિમાંથી ચંદ્ર-સૂર્ય સરખો ઘણોક તેજનો સમૂહ દેખાવા માંડ્યો. તે સર્વ તેજ શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રીરાધાકૃષ્ણદેવની મૂર્તિમાં સમાઈ ગયું. તે સર્વ હરિભક્તો જોતા હતા.

તે મૂર્તિને વિષે એવો ચમત્કાર જણાવતા હતા જે એ મૂર્તિ સામું જોઈ ધ્યાનમાં બેસે ત્યારે પોતાના આત્માને વિષે શ્રીજીમહારાજને દેખે. કેટલાક હરિભક્તો એવો સંકલ્પ કરતા જે આ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ અમ પાસે જે માગે તે આપીએ. એવો સંકલ્પ કરીને જેઓ આવે, તેઓની પાસે મૂર્તિ યોગ્ય સેવા માગે.

એક વખત મારવાડનો વાણિયો ત્રણસો રૂપિયા કેડે બાંધી તીર્થ કરવા ઘણા સ્થાને ફર્યો અને વિચાર કર્યો જે, જે દેવ માગે તે દેવમાં ચમત્કાર હોય માટે તે દેવને આપવા. એમ સંકલ્પ કર્યો અને હરિકૃષ્ણ મહારાજ તથા રાધાકૃષ્ણદેવનાં દર્શન કરતો હતો. તે સમયે હરિકૃષ્ણ મહરાજ તેના પાસેથી તે રૂપિયા માગી લેતા હતા. એવી રીતે તે વણિક્નો સંકલ્પ સત્ય કર્યો.

આવા તો અનેક ચમત્કાર જણાવતા હતા. કેટલાક તો એમ સંકલ્પ કરતા જે મારે દીકરો નથી તો દીકરો થાય તો સારું. તેને દીકરો થતો હતો. તે મૂર્તિનો ચમત્કાર જોઈ હજારો માણસને સત્સંગ થતો હતો. એમ મૂર્તિ દ્વારા અનેકને ચમત્કાર જણાવતા હતા.

કેટલાક તો એવો સંકલ્પ કરતા જે અમારે થાળ કરવો છે તે હું જમતાં દેખું, તો જમતા દેખે. કેટલાક એવો સંકલ્પ કરતા જે સાધુને રસોઈ કરી જમાડું. શ્રીહરિ તથા સાધુ જમે તો જમાડીએ, એવો સંકલ્પ કરીને આવે તો એવી રીતે શ્રીહરિ તથા સંતને જમતા દેખતા હતા. એવી રીતે ઘણાંક જનોને મૂર્તિ

દ્વારાએ પ્રતાપ જણાવતા હતા. એવા જે શ્રીહરિ તે મૂર્તિ પધરાવીને એવો ચમત્કાર મૂકતા હતા. જેણે એક વાર એ મૂર્તિનાં દર્શન કર્યાં હોય, તો તે દર્શન કોઈ દિવસ તેને વિસરે જ નહિ. જ્યારે સંભારે ત્યારે તેવી ને તેવી મૂર્તિ તત્કાળ દેખે. પરદેશી માણસ એક વખત દર્શન કરી ગયો હોય ને જો અંતકાળે મૂર્તિ સાંભરે તો તેની પાસે આવી, દર્શન દઈ, પોતાનું જે અક્ષરધામ તેમાં પહોંચાડે. તે મૂર્તિને થાળ નિમિત્ત તથા ધર્માદા નિમિત્ત જેણે શેર અનાજ પણ આપ્યું હશે, ઘીનો દીવો કર્યો હશે, પુષ્પનો હાર તે મૂર્તિ સારુ કર્યો હશે, તુલસીપત્ર અર્પણ કર્યું હશે અથવા ચંદન, કેસર, નાગરવેલીનું પાન આપ્યું હશે તે તો અક્ષરધામનો નિવાસી થઈ ચૂક્યો છે. તેમાં કાંઈ સંશય નથી એમ નિશ્ચય જાણજો, એમ શ્રીમુખે કહેલ છે.

આ લીલાનાં કીર્તન અવિનાશાનંદ સ્વામીએ કરેલ છે. તે નીચે મુજબ છે.

### રાગ ગરબી

### પદ-૧

એક સમે અલબેલ પોતે મુળીમાં આવિયા જો;
લૈ સંગે મહાસંત બ્રહ્મમુનિ મન ભાવિયા જો. (૧)
થઈ અશ્વે અસવાર પ્રીતે પ્રીતમ પધારિયા જો;
ત્યાંના વાસી નરનાર તેને આનંદ વધારિયા જો. (૨)
આપી આનંદ અનુપ મુળીવાસી નરનારને જો;
જોવા આવ્યા અલર્ક વાવ કરી પ્યારને જો. (૩)
નાહ્યાં તેમાં નરનાથ સાથે લઈને સૌ સંગાથમાં જો;
પહેરી અંબર અલબેલ ત્યાંથી ચાલ્યા ઉમંગમાં જો. (૪)
આવી બેઠા બળવીર વૃક્ષ લીંબતળે હરિ જો;
કે'છે અવિનાશાનંદ કવિ મહિમા હેતે કરી જો. (૫)

પદ-૨

બોલ્યા સુંદર સુખધામ પૂરણ કામ કરુણા કરી જો;
સુણો મુનિબ્રહ્મરૂપ બ્રહ્માનંદ ભાવે ભરી જો. (૧)
આ છે ધરણી અનુપ સુખરૂપ સર્વે થકી જો;
સાત દ્વીપ નવખંડ તેમાં ભૂમિ આવી નથી જો. (૨)
મોટા મોટા મુનિવૃંદ હરિજન રહેશે વળી જો;
ગંગા આદિ અપાર તીરથ રહેશે મળી જો. (૩)
પરમ પાવન અભિરામ પૂરણ કામ મુળી જાણજો જો;
મારે રહેવાનું ધામ સૌથી શ્રેષ્ઠ પરમાણજો જો. (૪)
માટે કરજો વિશાળ મંદિર મુળી ગામમાં જો;
કે'છે અવિનાશાનંદ તોલે નાવે કોઈ ધામમાં જો. (૫)

પદ-૩

કર્યું સુંદર અભિરામ ધામ મુળી સર્વોપરી જો;
જ્યાં રાજે જગદીશ રાધાકૃષ્ણ કૃષ્ણહરિ જો. (૧)
શોભા અધિક અપાર પામે ન શેષજી જો;
ગુણ ગાવે ગણનાથ મુખ ગાવે મહેશજી જો. (૨)
ધન્ય ધરણીના ભાગ્ય ધન્ય મૂળી એ ધામને જો;
સાતપુરી ચાર ધામ તેથી વા'લું ઘનશ્યામને જો. (૩)
મૂકી ગઢપુર નિજદેહ દાસ કરી ઉદાસને જો;
મુળી આવી મહારાજ કરી રહ્યા નિવાસને જો. (૪)
સર્વે ધામનું મૂળ માટે મુળી નામ છે જો;
કે'છે અવિનાશાનંદ પ્રભુ પ્રગટનું ધામ છે જો. (૫)

પદ-૪

પોતે પ્રગટ પરિબ્રહ્મ પૂરણ પુરુષોત્તમ શ્રીહરિ જો;
સ્વામી સહજાનંદ નામ સુખધામ હેતે કરી જો. (૧)



5

કરી રહ્યા નિતવાસ ત્રાસ દાસના કાપવા જો;
અતિ આનંદ અનુપ નિજ ભક્તને આપવા જો. (૨)
કરે દર્શન કોઈ જન આવી મુળી ધામનું જો;
થાય પરમ પાવન પાપ બળે નરવામનું જો. (૩)
સર્વે ધરણીના દેવ તીરથ મુળી આવી રહે જો;
છેટે ભાગે જમદૂત નામ મુળી મુખે કહે જો. (૪)
સર્વ તીરથનું ફળ જન મુળીમાં પામશે જો;
કે'છે અવિનાશાનંદ દુઃખ સર્વે ત્યાં વામશે જો. (૫)

મુળી મંદિરનો મહિમા સૌથી શ્રેષ્ઠ કહેવાનો હેતુ સદ્‌ગુરુવર્ય બ્રહ્માનંદ સ્વામીકૃત 'ધર્મવંશ પ્રકાશ'થી જાણવાની જરૂર છે, કેમ કે શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે : "મંદિરો કરી દેવ પધરાવ્યા પણ જ્યાં પર્યંત અમારી હરિકૃષ્ણ મહારાજ નામની મૂર્તિ નથી પધરાવી, ત્યાં સુધી બધું કાર્ય અમો અધૂરું માનીએ છીએ. મુળીના રાજા રામાભાઈનો પત્ર આવ્યો છે તો તમો મુળી જાવ અને અમારી મૂર્તિ સર્વથી પ્રથમ મુળીમાં પધરાવવી છે તે જ્યારે પધરાવશું ત્યારે અમો કાર્ય પૂરું થયું માનશું." આવું શ્રીજીમહારાજનું વચન સાંભળી બ્રહ્માનંદ સ્વામી કટિબદ્ધ થઈ મુળીપુર પધાર્યા.

મંદિરનો પ્રારંભ કરી, થોડા વખતમાં મંદિર કરી શ્રીજીમહારાજને મૂર્તિઓ પધરાવવા તેડાવ્યા. શ્રીહરિ સર્વે સંત સહિત આવી ત્રણ મૂર્તિઓ જે હરિકૃષ્ણ મહારાજ તથા રાધાકૃષ્ણદેવની પધરાવી દુર્ગપુર પધાર્યા અને મંદવાડ ગ્રહણ કર્યો.

પછી શ્રીજીમહારાજ પોતે અંતર્ધાન થયા. ત્યાર બાદ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને તેડાવી ધર્મભક્તિ, રણછોડ ત્રિકમજીને પધરાવ્યા. સ. ગુ. શ્રી. ગોપાળાનંદ સ્વામીને ધોલેરા મંદિરમાં

મૂર્તિઓ પધરાવવા જવું હતું. તે ટપ્પા ગાડીથી મહાસુદિ પાંચમને બીજે દિવસે ધોલેરા પહોંચ્યા. સાતમને દિવસે ત્યાં મૂર્તિઓ પધરાવી.

શ્રીજીમહારાજે પોતે પ્રતિમંદિર કેટલી મૂર્તિઓ પધરાવી છે તે "ધર્મવંશ પ્રકાશ"ના આઠમા પ્રકરણમાં બ્રહ્માનંદ સ્વામીએ વર્ણવેલ છે:

### દોહા

અમદાવાદ અનુપ પુર, સપ્ત ઋષિન્ કો ધામ;
સરિત વહત સાબરમતી, પઠત વેદ દ્વિજ ગ્રામ. (૨૬)
તહાં મંદિર સુંદર રચ્યો, ઠેરે વિપ્ર પ્રવીણ;
નરનારાયણ દેવકી, મૂર્તિ સ્થાપન કીન. (૨૭)
પ્રભુ આયે વૈરાટપુર, એક સમય અવિનાશ. (૧૨)
રચ્યો ધામ રમણીય તહાં, અતિ હરખિત હોય આપ;
મૂર્તિ રાધાકૃષ્ણ કી, સ્થાપી સહિત પ્રતાપ. (૧૪)
વિમલ ગામ વડતાલ મહિ, મંદિર રચ્યો વિશાલ;
લક્ષ્મીનારાયણ તહાં, સ્થાપન કરે દયાલ. (૧)
પુની પ્રભુ આયે દુર્ગપુર, શોભા નિધિ ઘનશ્યામ. (૩)
રાધા ગોપીનાથ કી, મૂર્તિ સ્થાપી તેહી માંઈ. (૬)
તાપી છે કરુણાનિધિ, ભાલ દેશ શુભ જાન;
ધવલ નગર કે મહીં, રચ્યો મંદિર કો કમઠાન. (૩)
રાધા જુત શ્રીકૃષ્ણ કી, મૂર્તિ સ્થાપી તેહિ માંહી. (૫)
જીરનગઢ મહીં જગપતિ, મંદિર રચ્યો મોરાર;
મૂર્તિ રાધા રમનકી, સ્થાપન કિન ઉદાર. (૯)
રણછોડ ત્રીકમ કી, મૂર્તિ મંગળ રૂપ;
સિદ્ધેશ્વર શિવસુત સહિત, સ્થાપિત મૂર્તિ અનુપ. (૧૦)
કોઉક સમય કરુણાનિધિ, વિચરત ઝાલાવાડ;

મુળી આયે મહાપ્રભુ, કોમળ ધર્મકુમાર. (૧૩)
મૂર્તિ રાધાકૃષ્ણ કી, પુનિ નિજ મૂર્તિ સહિત;
ધર્મ જુક્ત સબ સંત મીલી, પધરાવી કરી પ્રીત. (૪)
મુળીમાં મંદિર ભયો, મંદિર સબકો મોર;
દુજી માનું દ્વારિકા, કીની ધર્મકિશોર. (૬)
કચ્છ દેશ પાવન કરન, ધરી ઇચ્છા હરિરાય;
નરનારાયણ મૂર્તિ કું, સ્થાપેઉ ભુજપુર માંય. (૭)

આ ઉપર લખ્યા મુજબ બધે બબ્બે મૂર્તિઓ અને જૂનાગઢમાં ચાર અને મુળીમાં પોતાની હરિકૃષ્ણ મહારાજ નામની મૂર્તિ તથા રાધાકૃષ્ણદેવ સહિત ત્રણ મૂર્તિઓ પધરાવી અને પોતાનો સંકલ્પ સિદ્ધ થયો માની, બ્રહ્માનંદ સ્વામી ઉપર શ્રીજીમહારાજ બહુ જ રાજી થયા.

આ "ધર્મવંશ પ્રકાશ" પોતે બ્રહ્માનંદ સ્વામીએ સંવત ૧૮૮૬માં કર્યો છે. ત્યાર પછી શ્રીહરિ મંદવાડ ગ્રહણ કરી પોતાના અક્ષરધામમાં પધાર્યા. તે આમાં પાછળ પૂર્તિનો દોહરો નીચે મુજબ છે :

દોહો

સંવત અઢાર છ્યાસી મહીં, તિથિ દ્વિતિયા સુદિ પોષ;
તાદી સંપૂરન કિયો, એહિ સબ ગ્રંથ અદોષ. (૨)

આ ગ્રંથ અઢારસો છ્યાસીના પોષ સુદ બીજને દિવસે પૂરો કર્યો. ત્યાર પછી મહારાજ પાંચ માસ અને આઠ દિવસ આ પૃથ્વી પર વિચર્યા. તે સમય દરમિયાન સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિર્ગુણાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી આદિ સંત તથા ધર્મકુળ તથા આચાર્યોને તેડાવી ભલામણ કરી સંવત ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ના રોજ પોતાના અક્ષરધામ પ્રતિ પધાર્યા.

શ્રીજીમહારાજની કારજવિધિ કરી બ્રહ્માનંદ સ્વામી પોતાની સાથે સાઠ-સિત્તેર સંત તથા ભગુજી આદિ સિત્તેર પાર્ષદો લઈ મુળી આવી, અધૂરું કામ પૂરું કરી, સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને તેડાવી ધર્મભક્તિ, રણછોડત્રિકમજી અને શિવજી તથા સુખશય્યામાં મહારાજની મૂર્તિ પધરાવી સત્સંગીને સુખ આપતા થકા વિચર્યા. સંવત અઢારસો અઠ્યાસીના જ્યેષ્ઠ માસમાં સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિના ધામમાં પધાર્યા.

મૂર્તિઓ પધરાવ્યાનો વિસ્તાર "સત્સંગિભૂષણ"ના ત્રીજા અંશમાં સદ્‌ગુરુવર્ય બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામીએ લખેલ છે. તે પોતે ભેળા રહી દેખેલ તે પ્રમાણે લખ્યો છે. ત્યાંથી વિસ્તાર જાણવો.

શ્રીજીમહારાજ તથા બ્રહ્માનંદ સ્વામી ધામમાં ગયા પછી બીજે બધે મંદિરોમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની તથા બીજી મૂર્તિઓ પધરાવેલ છે. પહેલાં જો પધરાવેલ હોત તો બ્રહ્માનંદ સ્વામી "ધર્મવંશપ્રકાશ"માં લખત, પરંતુ બીજા કવિઓ સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી શ્રીજી અંતર્ધાન થયા પછી ઘણા વખત રહેલા તે સદ્‌ગુરુઓએ કરેલું કાર્ય શ્રીજીમહારાજનું કરેલું માની લખ્યું હશે તેમ જણાય છે. ગઢડા તથા જૂનાગઢમાં તો સંવત ૧૯૧૯માં હરિકૃષ્ણમહારાજની મૂર્તિ પધરાવેલ છે.

બીજાં મંદિરોમાં મહારાજની મૂર્તિઓ શ્રીજીમહારાજ તથા બ્રહ્માનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી પધરાવેલ તે સૌ સૌના હિસાબના ચોપડામાં પધરાવવાનું ખર્ચ જોવાથી માલમ પડશે. જેતલપુરમાં તથા છપૈયામાં અયોધ્યાપ્રસાદજી મહારાજને મંદિર કરાવ્યાં તે સમય પણ લખાયેલ છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૨

એક સમયે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ગામ શ્રી મુળીપુરમાં બિરાજમાન હતા તે અરસામાં સાયલાના દરબાર શ્રી કેસરીસિંહજી મુળીમાં દર્શન કરવા પધાર્યા હતા. તેઓ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનાં દર્શને આવ્યા.

આચાર્યશ્રીને ખાનગીમાં વાત કરી જે, "હે મહારાજ! મારે બહુ દુઃખ છે. આપ મટાડો તો સારું, નહિતર મટે એમ નથી."

આચાર્યશ્રી કહેઃ "શું દુઃખ છે?"

દરબાર બોલ્યાઃ "હે મહારાજ! અમારે દરબારમાં એક ભાટ આવી ગરાસ સારુ મુઓ છે. તે ભૂત થઈને મેડીમાં આગળ આવી ઊભો રહે છે. સૂવા, બેસવા તથા ખાવા પણ નથી દેતો. જ્યારે દૂધ અને ચોખા ખાવા લઈએ એટલે ચોખા જેટલી ઈયળો થઈ જાય. ઘી ઊનું કરીને ખાઈએ એટલે મોવાળા દેખાય એવું મહા કષ્ટ છે. એ વાત કોઈને કહેવાય એમ નથી પણ આપ તો મોટા છો અને ભગવાનના ભાઈના પુત્ર છો માટે આ વાત તમને કહું છું. આપ સાયલા પધારો અને અમોને દુઃખથી મુક્ત કરો."

આચાર્યશ્રી બોલ્યાઃ "બહુ સારું, સમૈયો પૂરો થઈ રહેશે પછી આવીશું."

પછી સાયલા દરબારે પારેખ સોમચંદને પ. પૂ. ધ. ધુ. મહારાજશ્રીને તેડવા સારુ મુળી મોકલ્યા. તેમણે આવી કહ્યુંઃ "મહારાજ, સાયલા પધારો."

આચાર્ય મહારાજ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ લઈને સાયલા આવ્યા. દરબારે પોતાની મેડીમાં ઉતારો કરાવ્યો. દરબારમાં રસોઈ કરાવી સાધુ, બ્રહ્મચારીને જમાડ્યા. સંત-હરિભક્તો મેડીમાં કીર્તન-ભજન કરતા હતા. તે સમયે મરીને ભૂત થયેલ જે બારોટ તેણે

મેડીમાં બૂમ પાડી કહ્યું જે, "હું બળું છું. મારે હવે ક્યાં જવું?" એમ કહી રોવા લાગ્યો: "આપ ધર્મગુરુ થઈ મને કાઢી મૂકશો તો મારે હવે ક્યાં જવું?" એમ કહી મોટેથી રોવા માંડ્યો અને કહે: "મને માર્ગ બતાવો, ત્યાં હું જાઉં." એમ અકળાયો.

ત્યારે મહારાજ કહે: "બારોટજી! બદ્રિકાશ્રમમાં જાઓ, ત્યાં તમારો મોક્ષ થશે." એમ કહ્યું ત્યાં તો બારોટે મેડી ઉપરથી પડતું મૂક્યું, તે અગ્નિની પેઠે તેજનો ભડકો થઈ બદ્રિકાશ્રમમાં ગયો. રાજા કેસરીસિંહજીનું આવી રીતે દુ:ખ મટાડ્યું. એવા સમર્થ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા.

દરબારે આચાર્ય મહારાજ તથા સાધુની બહુ સેવા-પૂજા કરી, સંતોને ધોતિયાં ઓઢાડ્યાં. આચાર્યશ્રીને પુષ્પના હાર, તોરા, હીરા, મોતીનાં ઘરેણાં પહેરાવ્યાં.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૩

સદ્‌ગુરુ શ્રી વાસદેવાનંદ સ્વામી ગામ શ્રી મુળીમાં બિરાજમાન હતા. ત્યારે કુકડા ગામમાં ગરાસિયા પૂંજાભાઈના ઉતારામાં વાણિયે આઢ કર્યો હતો. તે આઢમાં આગ લાગી એટલે ચરખેથી ચરખિયાં નીકળી શક્યાં નહિ. દશ, બાર માણસો મરી ગયાં અને ભૂત થયાં. તે ઉતારામાં કોઈથી જઈ શકાય નહિ. ભૂતાવળ જાગે એટલે ઉતારામાં રાત ન રહેવાય.

એમ જાણી પૂંજાભાઈએ વાસુદેવાનંદ સ્વામીને આવી પ્રાર્થના કરી કહ્યું જે, "આ તો આવું (ઉપર કહ્યા મુજબ) કષ્ટ થયું છે, તો આપ પધારો અને ભૂતનો ઉપદ્રવ મટાડો તો સારું. હે સ્વામી!

આપ વિના એ દુઃખ બીજા કોઈથી ટળે એમ નથી."

સ્વામી કહેઃ "તદ્રૂપાનંદ સ્વામી આવે તો અમે આવીએ."

આથી પૂંજાભાઈએ તદ્રૂપાનંદ સ્વામીને પ્રાર્થના કરી કહ્યું, એટલે સ્વામી કહેઃ "ભલે! સવારમાં ગાડાં મોકલજો." એમ કહેવાથી પૂંજાભાઈ કુકડા ગયા અને સવારમાં દશ ગાડાં મોકલ્યાં. તેથી વાસુદેવાનંદ સ્વામી અને તદ્રૂપાનંદ સ્વામી એ બંને સદ્‌ગુરુઓ સાધુ, બ્રહ્મચારી સાથે કુકડા આવ્યા. તે ઉતારામાં ઉતારો કરાવ્યો. રસોઈ કરાવી, સાધુ-બ્રહ્મચારીને જમાડ્યા અને ધોતિયાં ઓઢાડ્યાં.

તે ઉતારામાં કીર્તન, ભજન કરતાં રાત પડી, એટલે જેટલાં ભૂત હતાં તે આવ્યાં. તેઓ ઉતારાની ચારે બાજુ ફરે પણ ઉતારામાં આવી શકે નહિ. ઉતારાની આસપાસ સૌ ભાળે એમ અગ્નિના ભડકા થાય. તે ભડકા જોઈ બહુ માણસ આવ્યા. તેમણે એમ કહ્યું જે, "આ તો આવ્યા અને બોલે છે." તે સમયે તદ્રૂપાનંદ સ્વામીએ કહ્યું જે, "કોઈ કાંઈ ફિકર રાખશો નહિ. હમણાં નાસી જશે." એમ કહી સ્વામીએ કહ્યું જે, "દેવાનંદ સ્વામીનાં કીર્તન બોલો." ત્યારે સંતો દેવાનંદ સ્વામીનાં કીર્તન બોલવા લાગ્યા. તે સાંભળી ભૂતો બૂમ પાડી ભાગી ગયાં. તેઓએ પાછા આવી સ્વામીને કહ્યુંઃ "અમે ક્યાં જઈએ?"

સ્વામી કહેઃ "તમો સર્વે બદ્રિકાશ્રમમાં જાઓ."

ભૂતો કહેઃ "અમને ત્યાં પેસવા કોણ દેશે?"

ત્યારે તદ્રૂપાનંદ સ્વામીએ તિલકની છાપ ભૂતોને મારી કહ્યુંઃ "સ્વામિનારાયણના નામની ધૂન કરો અને ધૂન કરતા કરતા જાઓ તો પેસવા દેશે." આમ કહી સર્વે ભૂતોને બદ્રિકાશ્રમમાં મોકલ્યા અને મોક્ષ કર્યો.

એવા સદ્‌ગુરુ વાસુદેવાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ તદ્રૂપાનંદ

સ્વામી બેઉ અતિ સમર્થ હતા. તેમણે ભક્તનું દુઃખ આ રીતે નિવારણ કર્યું.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે તેત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૪

સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી મુળીમાં બિરાજમાન હતા. તે સમયે જોધપુરના દેવીદાસ નામે કવિ અષ્ટાવિધાન કરતો અને રાજાઓ પાસેથી શિરપાવ લેતો. તેને કવિપણાનું અને અષ્ટાવિધાનનું માન હતું. તે કવિ કાઠિયાવાડમાં આવતો હતો. તેણે બ્રહ્માનંદ સ્વામીની કવિરાજ સંજ્ઞા સાંભળી તથા સ્વામીશ્રીની કીર્તિ સાંભળી. દેવીદાસ કવિથી સ્વામીશ્રીની કીર્તિ સહન થઈ ન શકી. કવિ દેવીદાસ મુળી ગયા. દરબારમાં ઉતારો કર્યો. મુળી ગામમાં જેટલા ચારણ તેને ભેગા કરી કહ્યું જે, "જેટલા કવિ હોય તે આવે મારે અષ્ટાવિધાન કરાવવું છે."

એ સાંભળી પિંગળશી ગઢવી બોલ્યા જે, "અમે તો અષ્ટાવિધાનમાં નથી સમજતા. અમારા ગુરુ બ્રહ્માનંદ સ્વામી પાસે આવો ત્યારે ખબર પડે જે તમે અષ્ટાવિધાન કરો છો કે બાર વિધાન કરો છો."

ત્યારે કવિ બોલ્યા કેઃ "તમારા ગુરુ ક્યાં છે?"

પિંગળશી ગઢવી કહેઃ "એ તો મંદિરમાં છે."

કવિ કહેઃ "ભલે, મંદિરમાં ખબર આપો."

પિંગળશીએ મંદિરે આવીને સ્વામીને ખબર આપી જે, "દેવીદાસ કવિ મળવા આવે છે."

સ્વામી બોલ્યા જે, "ભલે આવે." પિંગળશી કવિને કહેઃ

"ચાલો મંદિરે! સ્વામીએ કહ્યું છે."

પછી કવિ દેવીદાસ મંદિરે આવ્યા. સ્વામીએ સત્કાર કર્યો. દેવીદાસ સ્વામીને કહેઃ "આપ અષ્ટાવિધાન જાણો છો?"

ત્યારે સ્વામી બોલ્યાઃ "અષ્ટાવિધાન તો નાના છોકરા એવા વૈશ્નવાનંદ છે તે પણ જાણે છે. અમે તો શતાવિધાન કરીએ અને કહો તો સહસ્ત્રવિધાન કરીએ." એમ કહી વૈશ્નવાનંદને બેસાડી અષ્ટાવિધાન કરાવ્યું. તે જોઈ કવિ વિસ્મય પામી ગયા અને ગર્વ હતો તે ઊતરી ગયો.

પછી સ્વામી બોલ્યા જે, "અષ્ટોત્તર શતાવિધાન સાંભળવું હોય તો આવો. જેટલી જાતના છંદ છે તેટલા કવિ સર્વ લખવા માંડો!" અને સર્વેને એમ થયું જે મને લખાવે છે એવી રીતે પાંચ મિનિટમાં છંદ પૂરો થયો.

એવું સ્વામીનું સામર્થ્ય જોઈ અને અષ્ટાવિધાન તથા અષ્ટોત્તર શતાવિધાન સાંભળીને દેવીદાસ વિસ્મય પામ્યા. એમને એમ હતું જે મારા જેવો અષ્ટાવિધાની બીજો કોઈ નથી. પણ અહીં આવી એમ જાણ્યું જે સ્વામિનારાયણ ભગવાન છે તે તો સાચા છે. પણ મને તો આજે બ્રહ્મમુનિ મળ્યા તે જ ભગવાન છે. એમાં કંઈ સંશય નથી. એમ કહી બ્રહ્મમુનિના પગમાં પડ્યા. પોતાનો શિરપાવ હતો તે ઉતારી બ્રહ્મમુનિ પાસે મૂક્યો અને કહ્યું: "આ મારાં કડાં, ઊતરી, ઘરેણું શ્રીજીમહારાજને અર્પણ કરજો." એમ કહી સ્વામીનાં ચરણમાં પડ્યા.

પછી સ્વામીએ કવિને નિયમ ધરાવ્યાં અને તેઓ સત્સંગી થયા. સ્વામી બોલ્યા જે, "પૂર્વાશ્રમમાં તમારાથી પણ અમારે વધુ ગર્વ હતો, પરંતુ સ્વામિનારાયણને દીઠા ત્યારે ગર્વ ગળી ગયો. માટે કવિરાજ! ગર્વગંજન તો એક ભગવાન છે. ગર્વ કર્યો.તે ન રહ્યો. માટે ઈશ્વરના જેવા ગુણ આવે તો પણ ગર્વ ન આવવા દેવો.

ભગવાનમાં તો અનંત ગુણ છે તો પણ નિર્વિકારી છે. માટે ભગવાનના ગુણ જેમાં હોય તે પુરુષ ગર્વ રહિત થાય છે. ભગવાનના ગુણ તો દુર્લભ છે. માટે બારોટજી! સર્વ થકી એક ભગવાન મોટા છે." પછી કવિ ઘેર ગયા.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચોત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૫

અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીપુરમાં વસંત પંચમીના સમૈયા ઉપર પધાર્યા હતા. તે સમૈયે દેશ દેશના સત્સંગીઓ તથા લક્ષ્મીનારાયણ દેશના સંત-હરિભક્તો તથા ગઢડાથી દાદા ખાચર અને મોટીબા પણ આવ્યાં હતાં. તેમાં દાદા ખાચરના દીકરા બાવા ખાચર તથા અમરા ખાચર; નાગ માલાના દીકરા કાંથડ માલા; સુરા ખાચરના દીકરા નાથા ખાચર અને બોટાદના ભગા દોશી, શિવલાલભાઈ આદિ હરિભક્ત આવ્યા. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી આદિ આવ્યા. આ દેશના મોટા સંતો સ. ગુ. શ્રી મહાનુભાવાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામી, ઉત્તમાનંદ સ્વામી, રઘુનાથાનંદ સ્વામી આદિ ઘણા સાધુ અને હરિભક્ત આવ્યા હતા અને સમૈયો બહુ સારો થયો.

પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ સર્વ સંઘને જલેબી, મોતૈયા લાડુ, ઘેબર, મોહનથાળની સારી રસોઈ કરાવીને પંક્તિમાં પીરસતા હતા. તે સમે અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે શ્રીજીમહારાજને પંક્તિમાં ફરતાં દેખી મોટીબા તથા દાદા ખાચર

ઘણો આનંદ પામ્યાં. તે જેમ મહરાજ ગઢપુરમાં બિરાજતા હતા અને જેમ સંતોને જમાડતા ને પ્રેમ હતો તેમ શ્રીજીમહારાજને મુળીમાં પણ સંતોને પ્રેમે જમાડતા જોઈ દાદા ખાચર અને મોટીબાને એમ થયું જે શ્રીજી તો પ્રત્યક્ષ છે. પછી તેઓએ મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજીને પ્રાર્થના કરી કહ્યું જે, "સારી રસોઈ જલેબી તથા સાટાની વગેરેની કરાવો અને જેટલો માલ જોઈતો હોય તેથી બમણો કરાવો, કેમ કે મને શ્રીજીમહારાજે સ્વયં કહ્યું છે. માટે બમણી રસોઈ કરાવો."

બીજી રસોઈ માટે સાટા, જલેબી કરાવ્યાં. અને ત્રીજી રસોઈ માટે ઘેબર બનાવ્યા. પછી ચોક વચ્ચે પંક્તિ કરાવી અને રંગોળી પુરાવી, કેળ્યું રોપાવી, અગરબત્તીના ધૂપ કરાવ્યા. પંક્તિમાં સાધુ પંચ વર્તમાનનું બ્રહ્માનંદ સ્વામીનું કીર્તન બોલે છે. તે સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજે કેડ બાંધી અને શ્રીજીમહારાજે પણ કેડ બાંધી પીરસવા પધાર્યા. તે જોઈ દાદા ખાચર અને મોટીબાને સંશય હતો તે નિવૃત્ત થયો. પોતાના મનમાં એમ રહેતું જે મહારાજ ગઢપુર મેલીને ક્યાંય જતા નથી, એમ હતું તે મટી ગયું અને એમ થયું જે શ્રીજીમહારાજ સર્વવ્યાપક છે અને જ્યાં એમણે મંદિર કર્યાં છે ત્યાં તો પ્રત્યક્ષ છે એમ થયું. પંક્તિમાં ફરતા એવા શ્રીહરિ તેમને મોટીબાએ કહ્યું જે, "ગઢપુરમાં તો બે દિવસની રસોઈ એક દિવસમાં જમાડતા અને અહીં મુળીમાં તો ત્રણ દિવસની રસોઈ એક દિવસમાં જમાડો તો રાજી થાઉં." એવી રીતે મોટીબાએ કહ્યું એટલે બે દિવસની રસોઈ સાટા-જલેબી જમાડી દીધાં. પછી ત્રીજા દિવસની રસોઈ માટે જે ઘેબર બનાવ્યા હતા તે પણ જમાડી દીધા અને સાધુને તો જમાડી ચકચૂર કર્યા અને એમ થયું જે આવું તો કોઈ દિવસ જમાયું નથી. આ તો અદ્‌ભુત પરચો થયો.

પછી મહારાજની પૂજા કરવા સારુ દાદા ખાચરે પ્રાર્થના કરી ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, "હવે તો દેશ વહેંચેલ છે તો કેમ કરશું?"

દાદા ખાચર કહે: "અમે તો બન્ને દેશમાં છીએ. જ્યારે વહેંચણ કરેલ તે દિવસે મહારાજ પાસે અમોએ એ માગેલ છે. તેથી અમે પૂજા કરીએ તેનો તમારે બાધ નથી એમ કહ્યું." એટલે મહારાજે હા પાડી.

બપોર પછી સાંજે સભા થઈ તે સમયે મહારાજને શેલું, પાઘડી, કિનખાબની ડગલી અને સોનાનો દોરો પહેરાવ્યો. સાધુ બ્રહ્મચારીને ધોતિયા ઓઢાડ્યાં. ચંદન, પુષ્પે કરી પૂજા કરી પછી આરતી ઉતારી. એવી રીતે તેમના જે મનોરથ હતા તે પૂર્ણ કર્યા.

મોટીબાએ કહ્યું જે, "આ કેશવપ્રસાદજી મહારાજની મારે પૂજા કરાવવી છે."

કેશવપ્રસાદજી મહારાજ બોલ્યા જે, "હું માગું તે મને આપો તો પૂજા માની લઈશ."

મોટીબાએ કહ્યું: "માગો."

ત્યારે કેશવપ્રસાદજી મહારાજ કહે: "તમે પૂજા કરો છો તે ચરણારવિંદ ને મહારાજનો સુરવાલ, શેલું, રૂમાલ ને હાથમાં રાખતા તે સોટી તેટલી પ્રસાદીની વસ્તુ મને આપો."

ત્યારે મોટીબા કહે: "ભલે." પછી પોતાની પાસે ચરણારવિંદ હતાં તે તરત આપ્યાં અને સુરવાલ આદિ તમે ગઢડે આવશો ત્યારે આપીશ. પછી કેશવપ્રસાદજી મહારાજ ગઢડે ગયા અને મોટીબા પાસેથી પ્રસાદીની વસ્તુઓ લીધી અને જીવા ખાચરના ઘેરથી એક જામો, શેલું, તરવાર એટલી વસ્તુ પ્રસાદીની લાવ્યા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પાંત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૯

એક વખતે શ્રીજીમહારાજ મેથાણ જતા હતા, તે પ્રથમ બોટાદ, કરમડ અને કંથારિયું આવ્યું; ત્યાં ફૂલવાડીમાં ઊતર્યા. રાણા હરિભાઈ, રતનસિંહજી, અજુભાઈ, ભગતસિંહજી, નાથાભાઈ, ખેતાભાઈ તથા રઘાભાઈને ઘેર થાળ જમ્યા.

બીજા દિવસે ભાવસિંહજીને ઘેર થાળ જમ્યા. પછી લાલસિંગને ઘેર (હાલ ત્યાં બાઈઓનું મંદિર છે) આવ્યા. ત્યાં થાળ કર્યો. શ્રીજીમહારાજને તથા સર્વ સાધુને જમાડ્યા. સાંજના સમે તળાવની પાળ ઉપર સર્વ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ લોકમાં દૈવી અને આસુરી એમ બે પ્રકારના જીવ છે.

દૈવી જીવ છે તે દાન, પુણ્ય અને દેવનું અર્ચન-પૂજન કરે છે, મધુર વાણીએ બોલે છે અને કોઈ પ્રાણીને દુ:ખ થાય તેવું કરે નહિ. અને સુપાત્રને દાન દેવું; તીર્થ-જાત્રા કરવી; કન્યાદાન આપવાં, જપ કરાવવાં; વાવ, કૂવા, તળાવ કરાવવાં, સદાવ્રત બંધાવવા ને ઝાડ રોપાવવાં એમ શુભ કર્મ કરવામાં પ્રીતિ હોય. આવા પુણ્યવાળા જે દૈવી જીવ તે ભગવાનના ધામમાં જાય છે.

આસુરી જીવ તો કોઈને કઠોર વાણી કહેવી; ઈર્ષ્યા, મદ્યમાંસનું ભક્ષણ કરવું, ચોરી, પરસ્ત્રીને વિષે આસક્તિવાળા હોય છે. તેનો નરકમાં નિવાસ થાય છે. જમપુરીમાં તેને જમના માર ખાવા પડે છે. આ દેહ ક્ષણભંગુર છે. તેથી પ્રભુ ભજી ભગવાનના ધામમાં જવાય એવો મુમુક્ષુ જીવે પ્રયત્ન કરવો. નરકમાં જવું ન પડે એમ કરવું.

ભગવાનનું સુખ છે તેવું તો ક્યાંય સુખ નથી. સુખના સિંધુ તો એક ભગવાન જ છે. એમ જાણી ભગવાનના સ્વરૂપમાં અનન્ય હેત કરવું. આ લોકના સુખમાં તો કાંઈ સુખ નથી. આ લોકના સુખ કેવળ સંસૃતિ કરાવે એવાં છે. સુખમય તો ભગવાનની મૂર્તિ છે."

એવી રીતે ઘણી વાર્તા કરી. તે વાત સાંભળીને ગરાસિયા, વાણિયા, સોની, કણબી એવા ઘણા માણસોએ વર્તમાન ધાર્યા અને ઘણા સત્સંગી થયા.

પછી મહારાજ ચાલ્યા તે ખાંડિયું, અચારડું ને વાંસલ નદીમાં સ્નાન કરી મગસ નું ભાતું જમ્યા. રાણા બાવાજી ઘઉં વાવતા હતા તેમની પાસે ગયા અને કહ્યું જે, "શું વાવો છો?"

ત્યારે બાવાજી કહેઃ "ઘઉં વાવીએ છીએ."

મહારાજે કહ્યું જે, "લાવો ઘઉં." પછી મહારાજે હાથમાં ઘઉં લીધા અને તે પાછા નાંખ્યા. તે વખતે ત્યાં અચારડા ગામના કસિયાજી ગરાસિયા આવ્યા અને મહારાજને પગે લાગી કહ્યુંઃ "અમારા ગામમાં આપ પધારો અને મારું ઘર પાવન કરો." એ પ્રકારે પ્રાર્થના કરી.

શ્રીહરિએ કહ્યુંઃ "ગામમાં હરિભક્ત કેટલા છે?"

કસિયાજી બોલ્યા જે, "એક આપનો દાસ હું છું, પણ આપને પ્રતાપે થશે તે સેવા કરશું."

ત્યારે શ્રીજીએ કહ્યુંઃ "આ વખતે નહિ આવીએ પછીથી આવીશું." એમ કહી ચાલ્યા તે લીંબડી આવ્યા અને ત્યાં બે દિવસ રહ્યા અને હરિભક્તોને આનંદ ઉપજાવતા થકા ઘણું સુખ આપતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૭

એક સમે લીંબડી પાસે ડુંગર તળાવમાં શ્રીજીમહારાજ અને સર્વ સાધુ, પાર્ષદ અને હરિભક્તો નાહ્યા. ગામના હરિભક્તોને ખબર પડી એટલે સર્વે સામૈયું લઈ સામા આવ્યા. નારાયણભાઈ, કલ્યાણભાઈ, હીરાભાઈ, રણછોડભાઈ, પ્રેમજીભાઈ, કૃષ્ણભાઈ, કાનજીભાઈ, લીલાભાઈ, લવાભાઈ આદિ સોની; દેવશંકર આચાર્ય, દલા આચાર્ય, નરભેરામભાઈ, શિવાભાઈ શુક્લ, મૂળજી શ્રીમાળી, લાધાભાઈ શ્રીમાળી, હરજી ભટ્ટ, રૂખજી ભટ્ટ, રૂપા પટેલ, તેનાં ઘરનાં સોમબાઈ, કારિયાણીનાં દેવબાઈનાં બહેન હતાં તે; ગાંધી ડાયા, વીરા આદિ સર્વે સામા આવ્યા અને વાજતે-ગાજતે શહેરમાં પધાર્યા.

રૂપા પટેલે તેમના ડેલામાં હનુમાનજીના કોઠા પાસે ઉતારો આપ્યો. સંત હરિભક્તો માટે રૂપા પટેલે રસોઈ કરાવી. મહારાજનો થાળ સોમબાએ બ્રાહ્મણ બાઈ હરિબા પાસે કરાવ્યો અને મહારાજને જમાડ્યા. પછી સર્વ સાધુ, પાર્ષદ અને હરિભક્ત જમ્યા.

સાંજે દરબારગઢ પાસે અંકલેશ્વર મહાદેવનું મંદિર છે ત્યાં દર્શન કરવા શ્રીજી પધાર્યા. શિવના મંદિર પાસે સભા ભરાઈને બેઠી હતી, ત્યાં બ્રાહ્મણો પણ બેઠા હતા. તેમણે મનમાં એમ ધાર્યું જે સ્વામિનારાયણ ભગવાન છે તે આપણને કૈલાસ બતાવે અને શંકરનું જેવું રૂપ હોય તેવું બતાવે, એમ સંકલ્પ કરીને બેઠા હતા. એવા વિપ્ર તેમને કૈલાસમાં તેજોમય અને મહામોટો વડ છે તેની નીચે વાઘાંબરના આસન પર રહ્યા એવા શંકરને દેખતા હવા. ત્યારે વિપ્ર કહે જે, "મહારાજ! આ તો શંકર છે પણ એમનું ધામ ક્યાં હશે?" ત્યારે સ્ફટિકમણિનો કિલ્લો જોયો. તેમાં ઘણી મહેલાતું જોઈ. શંકર, પાર્વતી, ગણપતિ, ગંગાજી, કાર્તિક સ્વામી અને કેટલાક શિવનાં ગણ

તેણે સહિત કૈલાસમાં ઘણી સમૃદ્ધિ જોઈ.

સમાધિમાંથી પાછા આવી શ્રીજીમહારાજને પ્રણામ કરી બેઠા એવા વિપ્ર તે સભામાં સૌને સંભળાવતા સતા કૈલાસનું વર્ણન કરતા હતા. તે સાંભળી સૌ વિસ્મય પામ્યા અને શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી જાણી સર્વ વિપ્ર સત્સંગી થયા.

ત્યાર પછી શ્રીમાળી બ્રાહ્મણોએ પ્રાર્થના કરી કહ્યું: "મહારાજ! અમારી કુળદેવી મહાલક્ષ્મીજીનાં દર્શન કરાવો."

મહારાજ કહે: "મારા સામું જુઓ." તેઓએ શ્રીજીના સામું જોયું તેવામાં તેમને સમાધિ થઈ એટલે મહાલક્ષ્મીજી ચતુર્ભુજ ધારી ઊભાં છે ને ચાર હાથમાં પૂજાનો સામાન ધારણ કરીને શ્રીહરિની પૂજા કરી રહેલ છે, એવા દર્શન થયાં.

ત્યારે શ્રીમાળી બ્રાહ્મણોએ મહાલક્ષ્મીજીને પૂછ્યું: "તમે કોની પૂજા કરો છો?" ત્યારે કહે જે, "મારા સ્વામીની પૂજા કરું છું." તે બ્રાહ્મણ બોલ્યા જે, "તમારા સ્વામી કોણ છે?" ત્યારે મહાલક્ષ્મી બોલ્યાં જે, "તમે મને ઓળખો છો પણ મારા સ્વામીને હજુ ઓળખતા નથી." ત્યારે કહે કે: "સ્વામી કોણ?" માતાજી કહે જે, "આ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. માટે કલ્યાણ જોઈતું હોય તો એમનો આશ્રય કરો. અમારામાં તો કંઈ નહિ વળે. એ તો કલ્યાણના દાતા છે." એમ કહી મહાલક્ષ્મીજીએ ઘણો ઉપદેશ કર્યો. તે સમે શ્રીજીના શરીરમાંથી તેજનો સમૂહ નીકળતો જોયો. તે તેજને મધ્યે શ્રીહરિજીની મૂર્તિ જોઈ આનંદ પામ્યા. એવા શ્રીમાળી બ્રાહ્મણ તે શ્રીહરિના આશ્રિત થતા હવા ને વર્તમાન ધારીને ઘેર જતા હવા.

ત્યાર બાદ શહેરના વાણિયા આવ્યા. તેમણે બ્રાહ્મણને પૂછ્યું: "તમે શું જોયું?"

બ્રાહ્મણ કહે: "અમને તો અમારા ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં."

વાણિયાઓએ પોતાના મનમાં ધાર્યું જે અમને તીર્થંકર દેખાડે તો સારું! ત્યાર બાદ સર્વ વાણિયાઓએ શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં અને સભામાં બેઠા. પછી સર્વેએ મહારાજને કહ્યું: "મહારાજ! અમારા તીર્થંકરનાં દર્શન કરાવો."

મહારાજ કહે: "તમારા તીર્થંકરનાં નામ બોલો."

ત્યારે તેઓ નામ બોલ્યા- નેમિનાથજી, મહાવીર સ્વામી, મલીનાથજી, ઋષભદેવજી, અરિહંત સ્વામી આદિ કહ્યા.

મહારાજ કહે: "તમે સર્વે નાસિકાની અગ્ર સામે દૃષ્ટિ રાખો." સર્વએ નાસિકા સામું જોયું તેટલામાં તો સમાધિ થઈ અને તીર્થંકર જોયા. પછી સમાધિમાં શ્રીજીની મૂર્તિ પણ જોઈ બહુ આનંદ પામ્યા. સમાધિમાંથી પાછા આવી શ્રીજીમહારાજનાં દર્શન કરી ઘેર જતા હવા.

સૌએ સૌના ઘેર જે પ્રત્યક્ષ જોયું તેની વાતું કરવા માંડી. તે સાંભળી તેમના ઘરના બધા માણસોએ ગુસ્સે થઈ કહ્યું: "એ તો ઇંદ્ર જાળી છે અને માણસને ગાંડા કરે છે." ગામમાં એમ વાત ચાલી અને વાણિયા શેઠ કહેવાતા હતા તેમણે ઉપાધિ કરાવી. સ્વામિનારાયણ તો ઘણા માણસોને પરણેલી સ્ત્રીઓ મુકાવે છે. માટે તે ગામમાં હશે તો ગામ બગડશે. એવી ઘણી ઉપાધિ જાણી શ્રીહરિ કહે: "અમે તો જઈશું."

સર્વે હરિભક્તોએ આવી કહ્યું: "મહારાજ! અમારી રસોઈ લઈને જાઓ."

શ્રીજી કહે: "અહીં શહેર છે, એટલે વધુ નહિ રોકાઈએ. તમારી રસોઈ ભલગામડે લઈશું." એમ કહી જતા હતા અને સર્વ હરિભક્ત પણ ભલગામડે ગયા.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સાડત્રીસમો વિશ્રામ.

# વિશ્રામ ૩૮

શ્રીજીમહારાજ લીંબડીથી ભલગામડે આવ્યા. તે રાણા બાપુભાઈ તથા ભોજાભાઈ, તેમના દીકરા જેસીભાઈ, બીજા સરદારસિંહજી તથા જાલમસિંહજી એ સર્વે શ્રીજીમહારાજને આવતા સાંભળી સામા ગયા. મહારાજને પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરી જમાડ્યા. સાધુને રસોઈ કરાવી જમાડ્યા.

સાંજને સમે તળાવની પાળે હાલમાં જે ઠેકાણે ઓટો છે તે જગ્યાએ મોટો પીપળો છે તેની નીચે સભા ભરાઈને બેઠી હતી. લીંબડીના હરિભક્ત પણ આવ્યા હતા. તેમણે મહારાજને પ્રાર્થના કરી કહ્યું: "અમારી રસોઈ લઈને ચાલો, પણ રસોઈ લીધા વગર નહિ જવાય." એમ કહી લીંબડીના હરિભક્ત નારણ સોની, કલ્યાણજી સોની, હીરા સોની, રણછોડ સોની, દલાભાઈ આદિ તથા શિવાભાઈ શુકલ, જગજીવન પાઠક, જગજીવન શ્રીમાળી, બેચર શ્રીમાળી, મુલજી શ્રીમાળી, લાધા શ્રીમાળી, નરભેરામ આચાર્ય, ગાંધી ડાહ્યાભાઈ અને બાઈઓમાં હરિબા, ગંગાબા, જમનાબા, પાર્વતીબા, રાધાબા આદિ સરસામાન લઈ ભલગામડે આવ્યાં. મહારાજને પ્રાર્થના કરી રાખ્યા ને મોતૈયા લાડુની રસોઈ કરાવી સૌ સાધુ, પાર્ષદ તથા હરિભક્તને જમાડ્યા.

સાંજને વખતે તળાવ પર સભા થઈ, તે સમે તળાવ પર લીંબડીના હરિભક્ત આવ્યા અને પૂજાનો સામાન લાવ્યા. શિવરામ ભટ્ટે આવી મહારાજની પૂજા કરી. અત્તર, ચંદન, પુષ્પના તોરા, ગજરા, શેલું, પાઘડી, રેંટો તથા નગરની પછેડી લાવી શ્રીહરિને અર્પણ કર્યાં અને રોકડા રૂપિયા ભેટ ધર્યા.

પછી સભામાં નારાયણ સોનીએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, "ભગવાનનું ધ્યાન કેમ કરવું?"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ વાત તો ઘણી કરી તો પણ મહારાજને પૂછ્યું જે, “ધ્યાન કેમ કરવું?”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમનું ધ્યાન કરવું. મૂર્તિ ધ્યાનમાં દેખવામાં ન આવે તો પણ ધ્યાન કરવું અને શ્રીકૃષ્ણ ભગવાનના કારણ એવા જે આ પુરુષોત્તમ ભગવાન તેમનું ધ્યાન મુક્તે યુક્ત કરવું. એવી રીતે ધ્યાનના આગ્રહવાળા છે તેના ઉપર ભગવાન રાજી થાય છે. ને એની ભક્તિએ કરી ભગવાન વશ થાય છે.”

એમ ઘણીક વાર્તા કરી. સંધ્યા આરતી કરી મહારાજ દરબારમાં પોઢવા જતા હવા. સંતો માટે તળાવની પાળે સૌ હરિભક્ત બિછાનાં લાવતા હતા. તેઓ સર્વ ત્યાં પોઢ્યા.

સવાર થતાં મહારાજ તથા પાર્ષદ ઘાઘરેટિયે ગયા. મહારાજ કૂવા પરથી બહિર્ભૂમિ ગયા હતા. તે સમે હળવદના શુકલ મકનજી આદિ આવતા હવા. તેમણે દર્શન કર્યાં અને બહુ રાજી થયા. તેમને કહ્યું જે તમે કાઠિયાવાડમાં જાઓ. પછી શ્રીજીમહારાજ સિયાણી જતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે આડત્રીસમો વિશ્રામ.

## વિશ્રામ ૩૯

એક સમયે મહારાજ સિયાણી આવ્યા, ત્યાં હરિભક્તો શ્રીહરિને આવતા જોઈ સામા ગયા. તેમાં શિવરામ ભટ્ટ, તેમના પુત્ર મોરારજી, રામચંદ્ર ભટ્ટ, વિઠ્ઠલજી પંડ્યા, પુરુષોત્તમ પંડ્યા, દવે નાનજી, દવે પ્રભુજી, કલ્યાણજી પાઠક આદિ વિપ્ર તથા ગરાસિયા પથાભાઈ, વણિક ભીમા વોરા, રૂપા વોરા, મુલજી વોરા,

મેઘજી રાજા પટેલ, મેઘા પટેલ, ડોસા પટેલ, રઘુભાઈ દેપાળા, રતના ભગત, વસ્તા ભગત મીઠો સઈ (દરજી) રાજાભાઈ આદિ હરિભક્ત, તે શ્રીજીમહારાજને વાજતે-ગાજતે સિયાણીમાં પધરાવતા હવા.

સાધુ, પાર્ષદોને ઉતારો કરાવતા હવા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આદિ પાંચસો પરમહંસ ને રામપ્રતાપભાઈ, ઇચ્છારામભાઈ, નંદરામભાઈ, ઠાકોરરામ ગોપાળજી, બદ્રીનાથ, સીતારામ, વૃંદાવનજી, અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ આદિ ધર્મકુળ; દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ, મામૈયા પટગર, નાગમાલા, નાજા જોગિયા, ભગુજી, રતનજી, મિંયાજી, દેવો ભક્ત, જાલમસંગજી, નથુજી, કરમ, કરસન, ભીમજી, કમુ જોરાજી આદિ પાર્ષદો તેણે સહિત સૌને ઉતારો કરાવી શીરા, પૂરીની રસોઈ કરાવી સર્વને જમાડ્યા.

મહારાજનો થાળ શીવરામ ભટ્ટ પોતાની દીકરી કુંવરબાઈ પોતાના ધણીને મૂકી સાંખ્ય યોગ પાળતાં હતાં તેની પાસે કરાવ્યો.

શીરો, પૂરી, લાડુ, બિરંજ, રાયતું, ભજિયાં, તુરિયાનું શાક, દૂધ, દહીં, કેરીનું અથાણું, ગવારનું તથા કોઠીંબાનું અથાણું આદિ પકવાન કરી થાળ કર્યો. મહારાજને બોલાવીને બાજોઠ ઉપર બેસાડ્યા. પછી ઊનું જળ કુંવરબાએ આપ્યું. મહારાજ નાહ્યા અને ભટ્ટજીએ અબોટિયું આપ્યું, જે પહેરીને મહારાજ ઘરમાં પાટલા ઉપર બિરાજમાન થયા. પછી થાળ લાવી કુંવરબાઈએ મહારાજ આગળ મૂક્યો. મહારાજ જમવા બેઠા અને ભટ્ટજી પાણીનો લોટો અને પ્યાલો લાવ્યા. તે મહારાજ જમતા જાય અને રસોઈ વખાણતા જાય.

મહારાજ કહેઃ "થાળ કોણે કર્યો છે?"

ભટ્ટજીના ઘરનાં બૈરાં બોલ્યાં જે, "મારી દીકરી કુંવરબાએ

થાળ કર્યો છે."

મહારાજ કહેઃ "ક્યા ગામ પ ણાવ્યાં છે?"

ભટ્ટજી કહેઃ "મહારાજ! દીકરીન ઘણી ઉપાધિ છે. સાણંદમાં પરણાવી છે. પણ એ તો સાંખ્ય યોગ પાળે છે."

મહારાજ કહેઃ "ગંગામા સાથે મોકલો અને અમારો થાળ કરે અને સાંખ્યયોગી બાઈઓ સાથે રહેશે." એવી રીતે મહારાજ જમીને બહુ રાજી થયા. ભટ્ટજીએ મુખવાસ આપ્યો. મહારાજે તે લીધો. શ્રીજીની આજ્ઞા મુજબ કુંવરબાઈ અને ભટ્ટજી એ બંને ઘર છોડી શ્રીજી પાસે રહેતાં અને શ્રીજીની પાસે રહી મહારાજની સેવા કરી પ્રસન્ન કરતા.

સાધુઓ માટે રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ સાધુને પીરસવા પધાર્યા. મહારાજ, રામપ્રતાપભાઈ, ઇચ્છારામભાઈ એ ત્રણે ખૂબ ઘી ફેરવતા હતા અને સર્વ સાધુ, પાર્ષદો, હરિભક્તો જમતા હવા. પછી દૂધ, દહીં લાવ્યા અને ખૂબ પીરસતા હતા. દૂધ-દહીંની રેલું ચલાવી. પછી મહારાજ રાજા પટેલ અને મેઘા પટેલને ફળિયે બેસતા હવા. તે ગાડાં ઉપર ઢોલિયો નખાવી તેના ઉપર બિરાજમાન થતા હવા.

હાલ મુળી મંદિરમાં સિયાણીનું તે પ્રસાદીનું ગાડું છે. તેની ચારે બાજુ દીવા મૂક્યા. તે મધ્યે શ્રીજીમહારાજ બિરાજમાન થયા. સર્વે હરિભક્ત કેસર, કુમકુમ, પુષ્પના હાર લાવ્યા. શિવરામ્ આદિ વિપ્રો આવ્યા અને મહારાજની પૂજા કરી. ભીમા વોરા આદિ તે મોટા વાણિયા તેમણે પણ પૂજા કરી. પથાભાઈ આદિ જે ગરાસિયા તે પણ પૂજા કરતા હવા. રઘુભાઈ દેપાળા વગેરે બ્રહ્મચારી, સાધુ, પાર્ષદોને ધોતિયાં ઓઢાડતા હવા. સાધુ ઝિલણિયાં કીર્તન બોલતા હવા. એમ નિત્ય નવી લીલા કરતા અને નવી વાતું કરતા. તળાવમાં જળક્રિડા કરતા અને પાળ

પર સોળ થંભી દેરીએ સભા કરતા.

શ્રીજીમહારાજ બોલ્યા જે, "કોઈને પ્રશ્ન પૂછવો હોય તો પૂછો."

ત્યારે શિવરામ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ! ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના જે વૈરાગ્ય તેના શાં લક્ષણ છે?"

મહારાજ કહે જે, "ઉત્તમ વૈરાગ્ય જેને હોય તે પરમેશ્વરની આજ્ઞાએ કરી અથવા પ્રારબ્ધ કર્મે કરીને વહેવારમાં રહે પણ જનક રાજાની પેઠે લોપાય નહિ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ પ્રકારના જે ઉત્તમ વિષય તે પોતાના પ્રારબ્ધાનુસારે પ્રાપ્ત થાય તેને ભોગવે પણ પ્રીતિએ રહિત ઉદાસ થકો ભોગવે. તે વિષય તેને લોપી શકે નહિ. તેનો ત્યાગ મોળો ન પડે, તે વિષયને વિષે નિરંતર દોષ જુએ અને વિષયને તુચ્છ જેવા જાણે. સત્‌શાસ્ત્ર ને ભગવાનની સેવાનો નિરંતર સંગ રાખે. તેને દેશ, કાળ, સંગ આદિ જો કઠણ આવી પડે તો પણ એની સમજણ મોળી ન પડે તેને ઉત્તમ વૈરાગ્યવાળો કહીએ.

જેને મધ્યમ વૈરાગ્ય હોય તે પણ ઉત્તમ જે પાંચ પ્રકારના વિષય તેને ભોગવે પણ તેમાં આસક્ત ન થાય. દેશ, કાળ, સંગ જો કઠણ પ્રાપ્ત થાય તો વિષયને વિષે બંધાઈ જાય ને વૈરાગ્ય મંદ પડી જાય. તેને મધ્યમ વૈરાગ્યવાળો કહીએ.

કનિષ્ઠ વૈરાગ્યવાળો હોય તેને સામાન્ય અને દોષે યુક્ત એવા પંચવિષય જો પ્રાપ્ત થાય તેને ભોગવે તો તેમાં ન બંધાય અને જો સારા પંચ વિષય પ્રાપ્ત થાય તેને ભોગવે તો તેમાં બંધાઈ જાય તેને મંદ વૈરાગ્યવાળો કહીએ."

એવા ઉત્તમ વૈરાગ્યવાળા કડુવાલા અદ્‌ભુતાનંદ સ્વામી જે પોતે, મહારાજે અજા પટેલ વગેરેને તેડાવ્યાનો પત્ર વાંચી,

તેમની સાથે મીંઢળ તોડી ચાલી નીસર્યાં તે ઉત્તમ વૈરાગ્યવળા કહેવાય. એવી ઘણી વાર્તા કરતા એવા જે શ્રીહરિ નિત્ય નવી લીલા કરતા થકા પંદર દિવસ રહી હરિભક્તોને આનંદ ઉપજાવતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ઓગણચાલીશમો વિશ્રામ.

## વિશ્રામ ૪૦

એક સમયે શ્રીહરિ તાવીપુરમાં આવ્યા. ત્યાંના રાણા જેઠીભાઈ, અદાભાઈ, અખાભાઈ, ભારાજી, રઘાભાઈ, દમા શેઠ, વિપ્ર ગંગારામ, શેઠ કલાભાઈ, કોળી કલાજી તથા જીવોભાઈ આદિ હરિભક્ત શ્રીહરિનું સામૈયું કરતા હતા. પોતાની ડેલીમાં સાધુ, પાર્ષદનો ઉતારો આપ્યો. રાણા જેઠીબાઈની ભાર્યા મોટીબા; રાણા અદાભાઈની ભાર્યા અજુબા; રાણા અખાભાઈની ભાર્યા બાજીબા; પંચાળાના ઝીણાભાઈની દીકરી જેનું સગપણ શ્રીજીમહારાજે કરાવ્યું હતું તે બાઈ આદિ મહારાજનો થાળ કરવા સારુ સર્વ સામાન તૈયાર કરીને લાવ્યાં અને શિવરામ ભટ્ટની દીકરી કુંવરબાઈ મહારાજનો થાળ કરતાં હતાં.

ભટ્ટ મોરારજી, રામચંદ્ર, દામોદર આદિ વિપ્રને બોલાવતા હવા. તેની પાસે સંત-હરિભક્તો માટે રસોઈ કરાવતા હતા. રસોઈ તૈયાર થઈ તે વખતે મહારાજનો થાળ પણ દરબારમાં તૈયાર થયો. તે સમયે મોટીબા, અજુબા, બાજીબા અને સર્વ મહારાજના દર્શન કરવા સારુ, કોઈ પાણીનો લોટો અને પ્યાલો લાવતાં, કોઈ દૂધ લાવતું, કોઈ દહીં, કોઈ સાકર, એલચી, લવિંગ, તજ વગેરે મુખવાસ તૈયાર કરી લાવતાં. શ્રીજીમહારાજનાં દર્શન કરવા

સારુ ત્યાં તૈયાર થઈ બેસતાં.

ભટ્ટ શિવરામને મહારાજને બોલાવવા સારુ મોકલ્યા. શિવરામ મહારાજને દરબારમાં જમવા સારુ બોલાવવા આવ્યા. શ્રીહરિનાં દર્શન સારુ દરબારમાંથી બાઈઓ આવ્યાં. તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી ઓરડામાં બિરાજમાન થઈ જમતા હતા. વડીનું ખાટિયું, પાપડ, સેવનો બિરંજ, લાડુ, રોટલી, શીરો, બાજરાનો રોટલો, દાળ, ભાત, શાક આદિ થાળમાં પીરસી કુંવરબાઈએ થાળ મોકલ્યો. મહારાજ જમતા જાય અને બાઈઓ મનુવાર કરતાં જાય. જમી રહ્યા પછી મહારાજ બહાર ઓસરીમાં ચાકળો નાખ્યો હતો તે ઉપર બિરાજમાન થયા.

સૌ બાઈઓ દર્શન કરવા આવ્યાં. જેઠીભાઈના કુંવર ડાયાભાઈને પગે લગાડ્યા.. અદાભાઈના કુંવર કુબેરજીને પગે લગાડ્યા. અખાભાઈના કુંવર કલ્યાણસિંહજીને પગે લગાડ્યા.

સર્વે બાઈઓને મહારાજે વાત કરી જે, "આ લોકમાં પવિત્રપણે રહી પતિવ્રતાનો ધર્મ પાળે છે અને પતિની આજ્ઞા પ્રમાણે વર્તે છે ને પવિત્ર થઈ વ્રત કરે છે તેના પર ભગવાન રાજી થાય છે. અને તેમને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. માટે આવો સમાગમ પામીને લસણ, ડુંગળી ન ખાવાં. પરપુરુષનો સંગ ન કરવો. પાણી, દૂધ ગાળ્યા વગર ઉપયોગમાં ન લેવું. અનાજ શુદ્ધ કરી રાંધવું." એવી ઘણી વાર્તા કરી.

પછી મહારાજ ડેલીએ પધાર્યા ત્યા ગરાસિયા આવ્યા. સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમે શ્રીજીમહારાજ બોલ્યા જે, "કોઈને પ્રશ્ન પૂછવો હોય તો પૂછો."

પૂર્ણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "મહારાજ! ઈર્ષ્યાનું રૂપ શું છે?"

તેનો ઉત્તર શ્રીજીમહારાજે કહ્યો: "જેના હૈયામાં માન હોય, તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે. ક્રોધ, મદ, મત્સર, અસુયા તે પણ માનમાંથી પ્રવર્તે છે. જે પોતાથી મોટો હોય પણ જ્યારે તેનું સન્માન થાય તે દેખી ન ખમાય એવો જેનો સ્વભાવ હોય તો જાણવું જે આના હૃદયમાં ઈર્ષ્યા છે. યથાર્થ ઈર્ષ્યાવાળો હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે નહિ."

એવી ઘણી વાર્તા કરી અને પોતાની પાસે આવતા એવા ગરાસિયા તેને ભગવાનપણાનો નિશ્ચય કરાવતા હવા. ઘણા માણસો વર્તમાન ધારી સત્સંગી થઈ, શ્રીજીમહારાજનું ભજન કરતા હવા. એવી રીતે તાવીપુરમાં પંદર દિવસ રહ્યા અને તળાવમાં નિત્ય નવી નવી લીલા કરતા અઅને બે લીમડા નીચે સભા કરતા હતા. આ પ્રમાણે તાવીમાં સત્તર વખત મહારાજ પધાર્યા છે. તેમની અદ્‌ભુત લીલાનો લખ્યે પાર આવે એમ નથી.

ઈતી શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચાલીશમો વિશ્રામ.

## વિશ્રામ ૪૧

તાવીપુરના તેજાભાઈ અને દેવળિયાના વખતાભાઈ તે આગલા જન્મમાં ક્ષત્રિય હતા. તેઓ તપ કરવા માટે સૂર્યના આશ્રમમાં ગયા. તેમને માંડલ ઋષિએ નારાયણનો જોગ-સમાગમ કરાવી તેમની સેવામાં રહેવાય એવો વર આપ્યો.

તે બંને ગરાસિયા પાસે એક એક સેવક હતા. તે ધૂણી પાણી કરતા. તે બંને સેવક વર માગતા હતા. ઋષિ બોલ્યા જે, "તમે તો તપ નથી કર્યું, તો પણ આ તેજાભાઈ તથા વખતાભાઈ તેમના બે સેવક થાશો અને અડધો સમાગમ થશે. તે બે થઈ

એક સમાગમ થશે." એમ ઋષિએ વર આપ્યો.

પછી તે તાવીમાં વાળંદ થયો અને શ્રીહરિનું વતું કરવા આવ્યો અને શ્રીહરિનું વતું કરતો હતો તે અડધી હજામત (વતું) કરી અને શ્રીહરિએ મનુષ્ય ચેષ્ટા કરી કહ્યું જે, "આ તો વાળંદ નથી સારો." એમ કહી શ્રીહરિએ માથે બાંધી વાળ્યું. ત્યાં દેવળિયાના જાલમસિંહજી હતા તેમણે કહ્યું: "મહારાજ! અમારા ગામમાં સારો વાળંદ છે. તેને બોલાવું?" મહારાજે હા કહી એટલે તેઓ ઘોડીએ ચડી પોતાને ગામ ગયા અને વાળંદને લઈ ડોળી તળાવડીએ ભેગા થયા.

તળાવડીએ પીપળાના ઝાડ નીચે મહારાજ બિરાજમાન થયા. શ્રીહરિએ બાકીની અડધી હજામત કરાવી. મુક્તાનંદ સ્વામી આદિ પાંચસો પરમહંસ સહિત તળાવડીમાં નાહ્યા. મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિને હજામત કરાવવી હતી, પણ મહારાજે ના પાડી અને કહ્યું જે દેવળિયે જાવું છે માટે ત્યાં કરાવજો. એમ કહી ચાલ્યા તે દેવળિયે આવ્યા. દેવળિયાના ગરાસિયા સામા આવ્યા; તે વાજતે-ગાજતે દરબારમાં પધાર્યા.

શ્રીહરિનો ઉતારો બંગલે કરાવ્યો અને સાધુનો ઉતારો ગામમાં કરાવ્યો. દરબારમાં સંત-હરિભક્તોની રસોઈ કરાવી. દરબારમાં મોટો લીમડો છે તેની નીચે મહારાજ બિરાજમાન થયા. શ્રીહરિ માટે થાળ કેસાબાને ઘેર થયો.. શ્રીહરિને જમવા માટે દરબારે બોલાવ્યા. શ્રીહરિએ કહ્યું જે, "સાધુને જમાડીને મારે જમવું છે." સાધુની રસોઈ તૈયાર થઈ એટલે સાધુએ "હરે" કર્યા. દરબારમાં પંક્તિ થઈ. મહારાજ કેડ બાંધીને લાડુ પંક્તિમાં ફેરવતા હતા અને સૌ દર્શન કરતા હતા.

તે સમે કેસાબા દૂધ ગરમ મૂકતાં હતાં. મહારાજ પંક્તિમાં

ફરતા હતા. સાધુ, પાર્ષદ, કાઠી, ગરાસિયા આદિ સૌ હરિભક્તોને જમાડતા હતા. પછી દૂધ તૈયાર થયું તે શ્રીહરિને આપ્યું. તે પંક્તિમાં દૂધ, સાકર લઈ પીરસતા હતા. પાછા ફરીને દહીં, ભાત અને સાકર શ્રીહરિ પીરસતા હતા. તે જોઈને કેસાબાને સમાધિ થઈ જતી હતી. તે જ્યાં સુધી જીવ્યાં ત્યાં સુધી એ મૂર્તિ અને પંક્તિ સંભારે ત્યારે સમાધિ થઈ જાય. એવી શ્રીજીના પ્રતાપથી સ્થિતિ થઈ.

પછી કેસાબાએ થાળ કર્યો ને મહારાજ મેડીએ આવ્યા. થાળ ભરી મહારાજની આગળ મૂક્યો. પાણીનો લોટો, પ્યાલો મૂક્યા. મહારાજ જમતા જાય અને કેસાબા પાસે બેસી મહારાજને પીરસતા જાય. અંગોઅંગ મહારાજનાં ચિહ્ન, મુખારવિંદ, નેત્રકમળ, નાસિકા, કંઠ, છાતી, વિશાળ હૃદયમાં શ્રીવત્સનું ચિહ્ન, વિશાળ અજાનબાહુ, ત્રિવળી યુક્ત ઉદર તે જોઈ શાંતિ પામતા હતા. પોતાની મેડીમાં ઢોલિયો બિછાવી મહારાજને મુખવાસ આપતા હતા.

પછી દરબારમાં લીમડાના ઝાડ નીચે સભા થઈઃ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. શ્રીજીએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠે પુષ્પના હાર પહેર્યા હતા.

શ્રીજીમહારાજ બોલ્યા જે, “કોઈને પ્રશ્ન પૂછવો હોય તો પૂછો.”

જાલમસિંહજીએ પૂછ્યું જે. “માન કઈ જગ્યાએ સારું છે? અને કઈ જગ્યાએ સારું નથી? અને કઈ જગ્યાએ નિર્માનીપણું સારું છે? અને કઈ જગ્યાએ સારું નથી?”

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “સત્સંગીનો દ્રોહી હોય અને પરમેશ્વરનું તથા મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેની આગળ તો માન રાખવું તે જ સારું છે અને ઘસાતું બોલે ત્યારે

તીખા બાણ જેવું એને વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ. ભગવાન અને ભગવાનના સંત આગળ જે માન રાખે છે તે સારું નથી. તેઓ આગળ તો માન મૂકી દાસાનુદાસ થઈ નિર્માનીપણે વર્તવું જોઈએ."

બીજે દિવસે રાત થઈ એટલે સૌને સૂવાની આજ્ઞા આપી. મહારાજ દરબારમાં મેડી હતી ત્યાં પોઢતા હતા. સિયાણીવાળા પથાભાઈની દીકરી જે કસલીબા તેમણે મહારાજને રોકાવા માટે બહુ આગ્રહ કર્યો. મહારાજ રોકાયા. સવારનો પહોર થયો અને શ્રીજીમહારાજ માટે ગરમ પાણી નહાવા માટે મૂક્યું. મહારાજ બહિર્ભૂમિ જઈ આવ્યા. પછી હાથમાં મૃતિકા લઈ હાથપગ ધોયા. રૂડું દાતણ લાવી આપ્યું એટલે પાષાણના બાજોઠ ઉપર બેસી દાતણ કરતા હતા.

ઊના પાણીથી નાહીને મહારાજ મેડી ઉપર ગાદી-તકિયો નાખ્યો હતો તે ઉપર બિરાજમાન થયા; એવા શ્રીહરિ તેમને જમવા સારુ જાદરિયું લાવ્યા. મહારાજ જાદરિયું જમતા જાય ને મુક્તાનંદ સ્વામીને ને બ્રહ્માનંદ સ્વામીને જાદરિયું આપતા જાય. કસલીબાને પણ પ્રસાદી આપી અને બ્રહ્માનંદ સ્વામી પાસે કીર્તન કરાવી ગવરાવ્યાં: "જાવા નહિ દઉં ધર્મકુમાર, તારા દર્શનનો મુને પ્યાર. જાવા નહીં દઉં." એ કીર્તન બ્રહ્માનંદ સ્વામીએ રચીને ગાયું.

ઇતી શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકતાલીસમો વિશ્રામ.

## વિશ્રામ ૪૨

એક સમે મહારાજ ભગુજી આદિ પાર્ષદો, કાઠી તથા સાધુઓ આદિને લઈને દેવળિયા પધાર્યા.

જાલમસિંહજીનાં માતુશ્રી કેસાબાએ દરબારમાં રસોઈ કરાવી જમાડ્યા. કસલીબાએ આવી મહારાજને પ્રાર્થના કરી કહ્યું: "મહારાજ! જેમ કેસાબાના દરબારમાં જમો છો તેમ મારે ઘેર જમ્યા વગર જવા દઈશ નહિ. સૂજે એમ કરો, પણ જમ્યા વગર જવા દઈશ નહિ."

મહારાજ બોલ્યા: "જનાર આગળ રોકનાર કોણ છે?"

ત્યારે બાઈ બોલ્યાં: "રાખનાર આગળ જંનાર કોણ છે?" એમ કહી બાઈ પોતાને ઘેર ગયાં.

જમાડવાનો સામાન તૈયાર કરવા માંડ્યો. વાસણ માંજી સાફ કરી, સીધું સારી પેઠે જોઈ તૈયાર કર્યું. તે સમે મહારાજ સવારમાં જવા માટે ભાતું ગળપાપડીનું કરાવી પાર્ષદ તથા સાધુને બંધાવી સૂઈ ગયા. રાત્રે કસલીબાએ શ્રીજીની ઘોડી છોડી પોતાને ઘેર ઓરડામાં બાંધી દીધી. ઘોડી માટે બાફણું અને લીલી કડબ નાખી.

પછી ઉપાધ્યાય નારાણજી અને ત્રવાડી પ્રાગજી પાસે નહાઈને રસોઈ કરાવી. દૂધપાક, પૂરી, કંસાર, રોટલા, રોટલી, દાળ, ભાત, શાક, બે-ત્રણ પ્રકારની કઢી, ચીભડાનું રાયતું આદિ સામગ્રી કરાવી. પછી ઊનું પાણી મૂક્યું.

મહારાજ જાગ્યા અને ભગુજીને કહ્યું: "ઘોડીએ સામાન નાખો, જવું છે." એમ કહી ભગુજીને જગાડ્યા. ભગુજી ઘોડીનો સામાન લઈ જાય છે, પણ ત્યાં ઘોડી મળે નહિ. "મહારાજની ઘોડી જાય ક્યાં?" એમ કહી વાળંદને બોલાવ્યો અને મશાલ સળગાવીને સગડ કાઢવાનું કરે છે ત્યાં કસલીબા આવ્યાં અને પ્રાર્થના કરી કહ્યું: "ઊનું પાણી તૈયાર છે તો નહાવા પધારો અને ઘોડી ક્યાંય નહિ જાય; જશે તો અમે લાવી આપશું."

એમ કહી મહારાજને ઊનું પાણી તથા દાતણ આપ્યું. મહારાજે સૌને નહાવાની આજ્ઞા આપી. સૌ નહાઈને તૈયાર થયા.

દરબારમાં થાળ થયો તે સૌ સાધુ તથા પાર્ષદોને જમવા સારુ બોલાવ્યા. સર્વે જમવા આવ્યા. પ્રાગજી અને નારાયણજી બંને વિપ્રો પીરસતા હતા.

મહારાજનો થાળ ઓરડામાં મૂક્યો. ત્યાં મહારાજ જમવા બેઠા. તે કસલીબા મનુવાર કરતા જાય અને મહારાજ જમતા જાય. મહારાજે સર્વે સાધુ તથા પાર્ષદને કહ્યું: "ખૂબ જમજો. જવું છે તો ભૂખ લાગશે." એમ કહેતા જાય અને પોતે પણ થાળ જમતા જાય. થાળમાંથી પ્રસાદી આપતા જાય અને રમુજ કરતા જાય. આમ ઘણી લીલા કરી. દેવળિયામાં મહારાજ સત્તર વખત પધારેલ અને ત્યાં ઘણી લીલાઓ કરી સૌને અત્યંત સુખ આપ્યું.

ઈતી શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બેતાલીસમો વિશ્રામ.

## વિશ્રામ ૪૩

મહારાજ જમીને બેઠા એટલે વસ્ત્ર, ચંદન તથા પુષ્પના હાર જાલમસિંહજી તથા કસલીબા એ બંને લાવ્યા અને મહારાજની પૂજા કરી. મહારાજ આગળ રૂપિયા ભેટ મૂક્યા.

તે સમયે ભડવાણાના ઈશ્વર મહેતા બોલાવવા આવ્યા અને મહારાજને વિનંતીપૂર્વક કહ્યું : "અમારે ગામ પધારો તો સારુ. દરબારમાંથી સર્વેએ મને તેડવા મોકલેલ છે."

તે સમે ભાથરિયાના માવજી ગાંધી આવતા હતા. તેમણે પણ મહારાજને પ્રાર્થનાપૂર્વક કહ્યું: "મારે ઘેર પધારો અને મારું ઘર પાવન કરો." બંનેનો આગ્રહ જોઈ મહારાજ પહેલાં ભાથરિયે માવજીભાઈને ઘેર પધાર્યા અને ત્યાંથી ભડવાણે આવ્યા. રાણા

મનુભા તથા મદારસંગજીના દરબારમાં રાત રહ્યા અને એમના ઘેર થાળ જમ્યા.

વિપ્ર ઈશ્વર પ્રત્યક્ષ ભગવાન મેળવવા માટે જગન્નાથજી, કાશી, ગોકુળ, મથુરા, દ્વારિકા, પ્રભાસ, સેતુબંધ, રામેશ્વર, બદ્રિકેદાર આદિ સર્વ તીર્થ ફરતા ફરતા પાછા ઘેર આવ્યા. પોતાને એમ થયું જે હજુ પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન મળ્યા નથી ત્યાં સુધી શાંતિ નથી થતી, એમ વિચાર કરતા હતા. તે અરસામાં તેઓ શાલિગ્રામની સેવા કરતા હતા ત્યારે શાલિગ્રામ બોલ્યાઃ "આ સ્વામિનારાયણ છે તે (પોતે) સ્વયં ભગવાન છે," એમ કહ્યું. ત્યારે તેઓ શ્રીહરિનાં દર્શન કરી શાંતિ અને આનંદ પામ્યા. પોતાના મનનો સંકલ્પ હતો તે પ્રમાણે શાંતિ પામ્યા. પોતાના મનનો મનોરથ પૂરો થયો. મહારાજ એમના મનનો સંકલ્પ જાણી તેમને ઘેર ગયા. જમનાબાઈએ મહારાજનો થાળ કર્યો. મહારાજ જમ્યા અને સૌ સાધુ, પાર્ષદો અને કાઠીને જમાડી મહારાજ તરમણિયા ગયા.

મૂળજી રાવલને ઘેર જમી મહારાજ લખતર પધાર્યા. રાણા દેવાજીએ તળાવ પર કરેલ જે ધર્મશાળા ત્યાં તળાવની પાળ ઉપર મહારાજ બિરાજમાન થયા. રાવલ ભવાનીશંકર મહારાજનાં દર્શને આવ્યા. તેમણે મહારાજને જમવા સારુ થાળ કરાવ્યો અને પોતાને ઘેર રસોઈ કરાવી. મહારાજે સાધુ, પાર્ષદ અને કાઠી આદિને જમાડ્યા. તળાવની પાળ આગળ સભા કરી. ગામમાંથી ઘણા માણસો આવ્યા અને દર્શન કરી સૌ બેઠા. તે સર્વેને મહારાજે જ્ઞાન, વૈરાગ્ય, સ્વધર્મ સંબંધી ઘણો ઉપદેશ કર્યો. જેથી જેશંકર રાવલ, માવજી ભટ્ટ, લવજી પટેલ, જેઠા મેરઈ, નથુ શેઠ, બ્રાહ્મણ, વાણિયા, ગરાસિયા, દાજીભાઈ આદિ ઘણાને વર્તમાન ધરાવ્યાં ને રાત્રિ રહી શ્રીહરિ વણા ગયા.

વણાના દરબાર મનુભા મહાભક્ત હતા. તેમના દીકરા મોતીભાઈ, ગુલાબસિંહજી, લધુભા આદિ તથા દોલુભાના દરબારમાં રાજુબા, સુંદરબા, જામબા, આસુબા આદિ તે શ્રીજીની પધરામણી કરાવતા હતા. પોતાના દરબારમાં રસોઈ કરાવી, સુધીની પંક્તિ કરાવી સૌને જમાડી મહારાજ મનુભાના દરબારમાં થાળ થયો એટલે જમવા પધાર્યા. સાંજે દરબારમાં સભા થઈ. શ્રીજીમહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, વાસુદેવાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી આદિ તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ઝાલાવાડના ઘણા હરિભક્તો પાસે બેઠા હતા. તે સૌ સૌના ગામ પધરામણી કરાવવા લઈ જવા માટે ઘણો આગ્રહ મહારાજને કરતા હતા.

તે સમે ભદ્રેસીથી સુરચંદ શેઠ મહારાજને તેડવા માટે આવ્યા. મહારાજે સુરચંદ શેઠને કહ્યું: "તમે જાઓ, કાલે તમારે ગામ અમો આવીશું." એમ કહી સુરચંદ શેઠને હાર આપ્યો. શેઠ ગયા અને ઘેર આવી સરસામાન તૈયાર કર્યો.

શ્રીજીમહારાજ બીજે દિવસે મનુભાને ત્યાં મોતૈયા લાડુની રસોઈ જમી રહ્યા પછી તેઓશ્રીએ મહારાજની દરબારમાં પધરામણી કરાવી. મહરાજને તોરા, ગજરા, બાજુબંધ, ગુલાબના હાર પહેરાવી એક સાંતીની જમીન અર્પણ કરી તથા શેલાં, પાઘડી, સોનાનો દોરો, હેમનાં કડાં પહેરાવતા હતા. રાજુબાએ પોતાના ઘરની સ 'પાઈ, પટારા સહિત ઘરની સામગ્રી અર્પણ કરી ને બીજો ઓરડો પોતાનો હતો તેમાં તેઓ રહ્યા. પોતાનો દરબાર મહારાજને અર્પણ કર્યો. તે સરસામાન ગ્રહણ કરતા થકા શ્રીજીમહારાજ તૈયાર થયા.

ભદ્રેસીના હરિભક્ત ગાડાં લઈ તેડવા આવ્યા. મનુભા તો શ્રીજીમહારાજ સાથે મુળીએ આવીશ એમ કહી સાથે ગયા.

ભદ્રેસીથી સુરચંદ શેઠ સામા આવ્યા અને વાજતે-ગાજતે ગામમાં પધાર્યા. રસોઈ કરાવી સૌને જમાડ્યા. સુરચંદ શેઠને ઘેર થાળ થયો પછી મહારાજ જમવા બેઠા.

સુરચંદ શેઠની દીકરીએ મહારાજ પાસે આવી દર્શન કર્યાં. મહારાજને પ્રાર્થના કરી કહ્યું: "હે મહારાજ! મારે ગામ પધારો અને અમારે ઘેર થાળ જમો અને મારું સારું થાય તેવી કૃપા કરો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા: "તમારું ગામ કયું?"

બાઈ બોલ્યાં: "વઢવાણ."

મહારાજ કહે: "તમારા ગામમાં ઢૂંઢિયા વાણિયા છે તે તમને ઉપાધિ કરશે."

બાઈએ કહ્યું: "અમને ઉપાધિ કોઈ કરી શકે એમ નથી."

ત્યારે શ્રીજીમહારાજ કહે: "ભલે આવીશું." મહારાજ જમી રહ્યા પછી ઉતારે પધાર્યા. તે સમે સાધુ આગળ કીર્તન બોલતા જાય તેમ પધાર્યા. પછી મહારાજ વસ્ત્ર પહેરી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સર્વે મહારાજ પાસે આવ્યા. તેમને ભગવાનની વાર્તા બહુ કરી અને કહ્યું: "દારૂ, માટી, ચોરી, પરસ્ત્રીનો ત્યાગ એટલું જેઓ કરે તેઓ આ લોક અને પરલોકમાં સુખી થાય છે. ભગવાનને ભજી ભગવાનના ધામમાં જાય છે." એમ ઘણી વાતો કરી.

બીજે દિવસે પુતળીબાના દીકરા ડોપાભાઈ ઘોડી લઈ મહારાજને તેડવા આવ્યા. મહારાજને આવ[illegible] કહ્યું: "મહારાજ! [illegible]રે ગામ વઢવાણ પધારો. મારા પિતાશ્રીએ મને તેડવા મોકલ્યો [illegible] પ્રાર્થના કરી કહ્યું.

[illegible] કહે: "તમે આગળથી જાઓ, અમે આવશું."

[illegible]ને શ્રીજીમહારાજ કહે: "ઉતાવળથી રસોઈ

કરાવજો, આજે વઢવાણ જવું છે."

શેઠે કહ્યું: "રસોઈ તૈયાર છે, જમી લ્યો. સંતો જમવા ગયા છે." ત્યારે શ્રીજીમહારાજ જમવા પધાર્યા. કાઠી, ગરાસિયા, પાર્ષદો આદિ સૌને જમાડ્યાં. તૈયાર થઈ માણકી ઘોડી લાવ્યા. મહારાજ માણકી પર સવાર થયા. કાઠી તથા ગરાસિયા પણ ઘોડે ચડી તૈયાર થયા. ગામમાંથી ગાડાં જોડાવ્યાં. તે ઉપર સર્વ સંતોને બેસાર્યા અને વઢવાણ બોડા તળાવની પાળે વડ નીચે ઊતર્યા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે તેતાલીસમો વિશ્રામ.

## વિશ્રામ ૪૪

તે સમે વઢવાણ ગામમાંથી સામૈયું લઈ સત્સંગી અને દરબારની અસવારી તથા દરબારના કુંવર રાયસિંગજીને નાનીબાએ સામા મોકલ્યા. કુંવરની સાથે તેમના કારભારી જેચંદ અસવારી લઈ સામૈયામાં જવા તૈયાર થયા. સેનાધિપતિ કેસરમિયાં પણ સામૈયામાં સામેલ થયા. ગામના હરિભક્તો જેઠા વ્યાસ, ધના ત્રવાડી, અંબારામ, તુલસી દવે, કરસન દવે, બેચર જોષી, લાધા ઠક્કર, કુબેર આચાર્ય, વાણિયા વીરપાલ શેઠ, માવજી શેઠ, મુલજી શેઠ, રઘુભાઈ, રતનાભાઈ, સોની પૂંજા, સંઘજી, વાલજી, ખોડા, મોહન, સલાટ મોનજી, ભગવાન, હરજીવન, આંબા સુતાર આદિ સર્વે હરિભક્તો સામા આવ્યા. વાજાં લાવ્યા ને પુષ્પના હાર લાવ્યા. શ્રીજીમહારાજને પુષ્પના હાર પહેરાવ્યા. કુમકુમનો ચાંદલો કર્યો. ચોખાથી વધાવ્યા, રૂપિયા અને શ્રીફળ અર્પણ કર્યા. ગુલાબના ઘણા હાર પહેરાવ્યા અને વાજતે-ગાજતે શહેરમાં પધરામણી કરી.

તે સમે શ્રીહરિ શરીરે નવરસ ધારણ કરતા થકા તે સર્વને નવીન દર્શન આપતા હતા. એવા શ્રીહરિને આવતા સાંભળી કેટલાક માણસો તો માળ ઉપર તથા કેટલાક ગઢ ઉપર, કેટલાક ઘરની વંડીઓ ઉપર જોવા ચઢેલા તેઓ શ્રીહરિનું કોટાનકોટી કામદેવના જેવું રૂપ જોઈ મોહ પામતા હતા. જેને જેવો સંકલ્પ તેવી રીતે મનોરથ પૂરા કરતા હતા. બજારમાં મોટા મોટા શાહુકાર ઊઠીને મહારાજને ભેટ ધરતા હતા. મહારાજ સર્વને શાંતિથી દર્શન આપતા હતા. સૌ મહારાજનાં દર્શન કરી શાંતિ પામતા હતા. બ્રહ્મમહોલનું સુખ એક દર્શન માત્રે સૌને પ્રાપ્ત થતું હતું. એવી રીતે બ્રહ્મરસ વરસાવતા થકા વઢવાણ શહેરમાં સર્વ જનોને આનંદ ઉપજાવતા હતા.

મહારાજ શહેરમાં અનેક પ્રકારની શોભાથી ફરીને ઉતારે આવ્યા. બાઈઓ હરિભક્તમાં ફઈબા નામે રાજકુમારી તે નાનપણથી જ સાંખ્યયોગ પાળતાં અને પરણેલ ધણીને મૂકી પ્રભુ સાક્ષાત્ શ્રીહરિને ભજતાં. તેઓ સમાધિનિષ્ઠ હતાં. શ્રીજીના થાળ માટે રામબાઈ, કેસરબાઈ, મોંઘીબાઈ, ગુલાબબાઈ, રેવાબાઈ આદિ સર્વે બ્રાહ્મણ બાઈઓએ રસોઈ તૈયાર કરી હતી.

પુતળીબા આવી મહારાજનો રૂડો થાળ ભરાવી પોતાને ઘેર શ્રીજીને જમવા બોલાવતાં હતાં. રૂપાનો બાજોઠ, રૂપાનો થાળ, વાટકા, જળ પીવાના લોટા આદિ મંજાવી તૈયાર કરાવતાં હતાં. બત્રીસ પ્રકારનાં ભોજન અને છત્રીસ પ્રકારનાં વ્યંજન તૈયાર કરાવ્યાં. ચટણીઓ, ગરમ મસાલા, ધોયેલી સાકર, દૂધ, દહીં વગેરે તૈયાર કરાવી પુતળીબાએ પોતાના દીકરા ડોસાભાઈને મહારાજને જમવા માટે બોલાવવા મોકલ્યા.

મહારાજ તૈયાર થઈ પાર્ષદો સહિત જમવા પધાર્યા. મહારાજને શરીરે અત્તર ચોળી ઊના પાણીથી નવડાવ્યા. જેઠા

વ્યાસ અને મુળજી બ્રહ્મચારી એ બંને જણા થાળ ભરીને લાવ્યા. મહારાજ જમતા જાય અને ફઈબા તથા પુતળીબા વારંવાર મનુવાર કરતા જમાડતા જાય. પછી પાન, સોપારી તૈયાર કરી મહારાજ જમીને બિરાજ્યા ત્યારે પાન, સોપારી આપી. ડોસાભાઈએ શ્રીજીમહારાજને પોતાને ઉતારે સાધુ, હરિભક્તો સહિત જમાડ્યા.

જમીને મહારાજ પોઢી ગયા. સાંજને સમે સભા થઈ. ગામમાંથી વિદ્વાન બ્રાહ્મણો હતા તે પ્રશ્નોત્તર કરવા આવ્યા. સર્વ વિપ્રો સાથે મળીને આવ્યા. તેમણે વેદના દ્વાદશ મહાવાક્યો શ્રીજીને પૂછ્યા. જાણે મહારાજ એ મહાવાક્યનો અર્થ સમજતા નહિ હોય તે કેમ તેનો અર્થ કરશે?

સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, જ્ઞાનાનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી, નિંત્યાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી જે બાર સંતો પણ સભામાં બેઠા હતા તેઓને મહારાજે કહ્યું જે, "દ્વાદશ વાક્યો છે તેનો એક એક સંત ઉત્તર આપો." ત્યારે તે બાર સંતો તેમણે ઉત્તર કરવા માંડ્યા. બ્રાહ્મણો પાનાં લાવ્યા હતા, ઉત્તર સાંભળી તેઓના મનમાં થયું જે આવા વિદ્વાન એમના સાધુ છે તો પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. એમ જાણી કોઈ બોલ્યા નહિ.

પછી મહાજન કહે: "આપ વાર્તા કરો." એટલે મહારાજે વર્ણાશ્રમના ધર્મની વાતો શ્રુતિ-સ્મૃતિ સહિત કરી. તે સાંભળી બ્રાહ્મણો રાજી થયા અને ઘેર ગયા. મહારાજ ઉતારે પધાર્યા.

તે સમે વીરપાળ શેઠ અને માવજી બંને ભાઈ અને જેચંદ શાહ ત્રણેયે આવીને મહારાજને કહ્યું: "દરબારમાંથી નાનીબા, કુંવરનાં માતુશ્રી સવારમાં રસોઈ મોકલશે. કાલે મોતૈયા લાડુની

રસોઈ કરવાની રાજી થઈ અનુમતિ આપો અને દરબારમાં પધરામણી કરવાની વિનંતી કરીએ છીએ તો રાજી થઈ અનુજ્ઞા આપો." ત્યારે મહારાજે હા કહી. પછી મહારાજ પોઢી ગયા ને તે ત્રણે બાઈ પાસે ગયા. બાઈ અને ફઈબાએ મળી રસોઈનો જોઈતો સામાન નોંધાવ્યો ને તે પ્રમાણે સવારમાં આવી કોઠારથી તોલાવી જવાનું કહ્યું.

સવારે સાધુ, પાર્ષદ, બ્રહ્મચારી અને મહારાજ સર્વે ન્હાઈ-ધોઈ તૈયાર થયા અને રસોઈઆને રસોઈ કરવા મોકલ્યા. પછી સભા બેઠી. પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, જ્ઞાનાનંદ સ્વામી આદિ કીર્તન ગાવા બેઠા અને દૂકડ, સરોદા લઈ ગાતા હવા. તે સમે લાધા ઠક્કર આવ્યા. મહારાજ પાસેથી સાચા ઉત્તર જાણવા માટે પ્રશ્નો લખી લાવ્યા અને મહારાજને બતાવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે ગઢડે જાઈએ ત્યારે આવજો, ત્યાં વાંચીશું. એમ કહી મહારાજે શેલું, પાઘડી મંગાવી લાધા ઠક્કરને બંધાવી. જેઠા વ્યાસ પણ મહારાજના મહિમાનું કાવ્ય કરીને લાવ્યા. તેમને પણ પાઘડી બંધાવી. સૌ વિપ્ર આવ્યા તેમને ઘણી ઘણી દક્ષિણા આપી રાજી કર્યા.

રસોઈ તૈયાર થઈ અને સાધુ, પાર્ષદો ન્હાઈને આવ્યા પછી હરે' થયા. સર્વે જમવા બેઠા, મહારાજને પીરસવા બોલાવ્યા. મહારાજ તૈયાર થયા અને "પરમહંસે પંચ વર્તમાનનું કીર્તન બોલવા માંડ્યું. મહારાજે મોતૈયા લાડુ પીરસવા માંડ્યા. સંતો સ્વામિનારાયણ નામ લેતા જાય અને જમતા જાય. એમ સર્વ જમી રહ્યા પછી ડોસાભાઈ મહારાજને જમવા માટે બોલાવવા આવ્યા અને કહ્યું: "મહારાજ! ફઈબા અને ચાંદબાના દરબારમાં થાળ થયો છે તો જમવા પધારો." મહારાજ પાર્ષદને સાથે લઈ જમવા પધાર્યા.

ફઈબાએ રૂપાનો થાળ બત્રીસ વાટકા સાથે બ્રાહ્મણ બાઈ પાસે ભરાવી આગળ મૂક્યો. મૂળજી બ્રહ્મચારી થાળ લાવ્યા અને મહારાજને રૂપાના બાજોઠ ઉપર બેસાડ્યા અને સોનાના બાજોઠ ઉપર થાળ મૂક્યો. થાળ જમીને મહારાજ તૃપ્ત થયા. દરબારમાં ફઈબા અને ચાંદબાને થાળ આપ્યો. મહારાજે કહ્યું: "કેસરમિયાંને થાળ આપજો." એટલે એમને પણ થાળ આપ્યો. મહારાજ જમીને ઉતારે પધાર્યા.

સાંજ થઈ અને દરબારમાં પધરામણી માટે કુંવર તેડવા આવ્યા. હાથી પર મહારાજને બેસાડ્યા. સાધુ કીર્તન બોલતા જાય અને વાજિંત્ર વગાડતા જાય એવી શોભાએ સહિત વાજતે ગાજતે પધાર્યા. મોટા કચેરીખાનામાં મોટા સિંહાસન ઉપર બિરાજમાન થયા. ફૂલના તોરા, બાજુબંધ, હાર પહેરાવી કેસર, ચંદન ચરચ્યાં, શેલું, પાઘડી અને સોનેરી કસબવાળી ડગલી પહેરાવી અને મોતીની માળા પહેરાવી, સોનાનો દોરો તથા સોનામહોરો મહારાજને ભેટ ધરી. સાધુને ધોતિયાં ઓઢાડ્યાં.

તે સમે ... તેમણે પૂછ્યું જે, "ભાગવતમાં
નવરસ કહ...
ત્યારે ... "તેના સ્થાયીભાવ અને
સંસ્થાયીભા... સ્વામીએ નવરસના
સંસ્થાયીભાવ... ...ાડ્યા એટલે તે વિપ્ર
આશ્ચર્ય પા... ...સ્વામિનારાયણને ત્યાં
જેવી વિદ્યા છે... ...શ્રામ ૪... ...છી સભા ઊઠી
અને મહારાજ...
સાંજે ... એમ... શ્રીજીમ...
સર્વે હરિભક્ત ... સર્વને શ્રા...રે ગામ પધાર... તે ગામના
"મહારાજ! થો... સાંજે ૨ આવશું." એમ...ને કહ્યું:
...ાપો."

શ્રીજીમહારાજ કહે: "કાલે મુળી જવું છે."

ત્યારે સર્વે હરિભક્તોએ કહ્યું: "અમારી રસોઈ જમીને જાવ, નહિતર જવા દઈશું નહિ."

મહારાજે કહ્યું: "અમો આ ગામમાં સાત વખત આવ્યા છીએ પણ તમને ખબર ન હતી. અમે એક વખત આવ્યા ત્યારે ભરપૂર ભોગાવો (નદી) આવી હતી તે વખતે ખત્રીનું મંદિર હતું ત્યાં પધાર્યા હતા.

બીજી વખત રામમહોલમાં ઊતર્યા, ત્રીજી વખત ધર્મશાળામાં, ચોથી વખત વાઘેશ્વરીમાં, પાંચમી વખત ધોળી પોળે ધર્મશાળા હતી તેમાં, છઠ્ઠી વખત સિયાણીની પોળે, સાતમી વખત ખારવાના માર્ગ વચ્ચે એક વૈરાગીની જગ્યા હતી ત્યાં, એમ સાત વખત આવ્યા છીએ. તમારો થાળ જમવો છે અને સર્વે હરિભક્તોને રાજી કરવા છે.

પછી બીજે દિવસે ઘણા હરિભક્તોનો ખૂબ ભાવ જાણી રહ્યા. સર્વેએ થાળ જમાડ્યા અને સર્વના ઘેર પધાર્યા. આવી રીતે સૌના મનોરથ પૂર્ણ કરતા હતા. પૂ... પણ ... દીકરા ડોસાભાઈને કહ્યું તે પ્રમાણે તેઓ ત્યાંથી ... મના દીકરા સુંદરજીભાઈ પણ પોતાના ચાર ... સંગી થયા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ ... સંવાદે ચુમાલીસમો વિશ્રામ.

ખેરાલીથી સરતાનસિંહ ... લાવવા આવ્યા અને કહ્યું: "મહારાજ! ...

મહારાજ કહે: "ભલે ... સરતાનસિંહજીને

હાર પહેરાવ્યો. સરતાનસિહજી પોતાની ઘોડી ઉપર બેસીને ઘેર ગયા. પછી મહારાજ સર્વે હરિભક્તની રજા લઈ તૈયાર થયા. એવા શ્રીહરિ તેમને માટે હરિભક્તો ભાતભાતનાં ફળફૂલ તથા ભેટ એમ અનેક પ્રકારની સામગ્રી લાવતા હવા. જાતજાતનાં વાજિંત્ર લઈ વાજતે-ગાજતે સૌ હરિભક્ત વળાવવા આવ્યા. ખાંડી પોળે આવ્યા એટલે મહારાજે સર્વ હરિભક્તોને પાછા જવાની આજ્ઞા કરી.

મહારાજ સર્વે સાધુ અને પાર્ષદ ગરાસિયા-કાઠી સહિત ખેરાલી જતા હતા. તે સમે ગામના હરિભક્તો-ગરાસિયા સહિત સામૈયું લઈ સામા આવતા હતા. પ્રથમ બ્રાહ્મણ આવ્યા, તેમાં ત્રિકમ, ત્રવાડી, નાનજી ત્રવાડી, વિશ્વનાથ પંડ્યા, વ્યાસ હરિ, ગરાસિયા અને સોની સહિત સરતાનસિંહજી વાજતે-ગાજતે મહારાજને પોતાના ઘેર લાવતા હતા. પોતાના દરબારમાં ઉતારો કરાવ્યો અને રસોઈ કરાવી. મહારાજનો થાળ ફૂલજીબાએ કર્યો.

મહારાજ જમવા બેઠા અને તેઓ મનમાં મહા મોટો આનંદ પામ્યાં. મહારાજ સર્વના મનના મનોરથ પૂરા કરતા હતા. તેમના દીકરા ભક્તસિંહજી અને વખતસિંહજી તથા ડોસાભાઈ એ ત્રણેને વર્તમાન ધરાવ્યાં. વખતસિંહજી તો અક્રૂરની જેને ઉપમા છે એવા ભગવદી ને ભગવાનમાં પ્રીતિમાન હતા, તેમ જ તેમની ભાર્યા (પત્ની) બાઈ જામબા તેમને નાનપણથી જ ભગવાન ભજવામાં પ્રીતિ હતી. તેણીનો મુળીમાં પરમાર માલજીએ વખતસિંહજી સાથે વિવાહ કરાવ્યો હતો. પછી બંનેની ભક્તિ જોઈ ભગવાન એમને વશ થયા.

બીજે દિવસે મહારાજનો એમણે થાળ કરાવ્યો. તે જમી સાધુની રસોઈ થઈ એટલે સર્વને શ્રીજીએ લાડુ પીરસ્યા અને જમાડી તૃપ્ત કરતા હતા. સાંજે સભા ભરાઈ અને ગામના

ગરાસિયાઓએ પ્રાર્થના કરી, તે સૌના ઘેર પધરામણીએ પધાર્યા. તે સમે લીમલીથી દરબાર સામંતસિંહજી તથા મૂળજી શેઠ એ બંને ખેરાલીથી મહારાજને બોલાવવા માટે આવ્યા, અને શ્રીજીને પ્રાર્થના કરી કહ્યું: "અમારે ગામ પધારો."

ત્યારે મહારાજ કહે: "સવારમાં આવીશું; સરસામાન તૈયાર કરાવો." એમ કહ્યું.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પિસ્તાળીસમો વિશ્રામ.

## વિશ્રામ ૪૬

સામંતસિંહજી અને મૂળજી શેઠ ઘેર આવ્યા. સરસામાન તૈયાર કર્યો. સવારમાં મહારાજ પધાર્યા. ગામના સર્વે ગરાસિયા તથા હરિભક્ત સામૈયું લઈ સામા આવ્યા ને વાજતે-ગાજતે ગામમાં મહારાજની પધરામણી કરી સૌને ઉતારા કરાવ્યા. કાઠી તથા ગરાસિયાને પણ ઉતારા કરાવ્યા. સાધુઓને મૂળજી શેઠના ઘેર ઉતારો કરાવ્યો. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓને ગામમાં ઉતારો કરાવ્યો.

ગામ બહાર એક તૃણ જે જવાસાનો બંગલો ભક્ત સગરામ પારધીએ કરી રાખ્યો હતો, તેને પાણી છાંટી ઠંડી હવા આવે તે સારુ તે વચ્ચે ઢોલિયો બિછાવ્યો. તેમાં મહારાજ બિરાજમાન થયા હતા.

ગામમાં સાધુની રસોઈ થઈ અને દરબારમાં થાળ થયો. મહારાજને જમવા માટે બોલાવ્યા. મહારાજ જમવા પધાર્યા. મૂળજી બ્રહ્મચારીએ થાળ લાવી શ્રીજીને રૂડી રીતે ભાતભાતના ભોજન અને બત્રીસ પ્રકારનાં વ્યંજન જમાડી મુખવાસ આપ્યો.

સાધુની પંક્તિ થઈ એટલે સાધુ પંચવર્તમાનનાં કીર્તન બોલ્યા. અને શ્રીજીએ પંક્તિમાં લાડુ પીરસવા માંડ્યા. સાધુઓ જમતા જાય અને સ્વામિનારાયણ નામ લેતા જાય. એવી રીતે સાધુને જમાડી મહારાજ હાથ ધોઈ ઉતારે પધાર્યા અને સાધુ પણ ઉતારે ગયા.

સાંજે સાધુઓની સભા થઈ. તેમાં મહારાજ બિરાજમાન થયા. ગામમાંથી સર્વે માણસો-ગરાસિયા આદિ દર્શન કરવા માટે આવ્યાં. શ્રીજીમહારાજે બહુ વાતું કરી અને કહ્યું: "દારૂ, માટી, ચોરી, અવેરીનો ત્યાગ કરી ધર્મમર્યાદા પાળે છે તે સ્વર્ગે જાય છે, તે વર્તમાન પાળી, ભગવાનને ભજતાં ભગવાનના ધામમાં જાય છે. જે મનુષ્ય માણસનો દેહ પામી પરલોકનું સાધન નથી કરતાં તે તો નરક ચોરાશીમાં વારંવાર ફર્યા કરે છે. માટે મનુષ્ય દેહ પામીને આત્માનું શ્રેય થાય તેવું સાધન કરવું. ભગવાનની ભક્તિ કરવી. ભગવાનના ધામમાં જવાય એવું સાધન કરવું પણ મનુષ્ય દેહ ખોઈ નાખવો નહિ. માટે સારાં માણસે તો ભગવાન ભજી સંત સમાગમ કરી લેવો." એવી ઘણી વાર્તા કરી. પછી સંત કીર્તન બોલવા માંડ્યા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છેતાલીસમો વિશ્રામ.

## વિશ્રામ ૪૭

શ્રી મુળીપુરથી દરબારનો અસવાર આવ્યો અને મહારાજને પત્ર આપ્યો. પત્ર વાંચી મહારાજે કહ્યું: "મુળી જવું છે." સામંતસિંહજી તથા અમાભાઈને કહ્યું: "ગાડાં મોકલજો અને સંતોને બેસાડજો." સવાર થઈ એટલે સૌ અસવાર અને શ્રીજીમહારાજ પોતે તૈયાર થયા. તે મુળીએ સવારમાં આવ્યા.

સૌ સંતો તથા ગામના ગરાસિયા, દરબાર આવ્યા અને વાજતે-ગાજતે ગામમાં થઈ મંદિર પધાર્યા અને મંદિરમાં ઉતારો કર્યો.

પછી દરબારે મોતૈયા લાડુની રસોઈ આપી, સૌ સંત-હરિભક્તોને જમાડ્યા. સાંજે સભા થઈ. તે સમે ત્રવાડી ગોપાલજીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું: "સ્વામી! મહારાજે આ સગરામ પારધીને ઘેર ઉતારો કર્યો તેથી લોકમાં તો નિંદા થાય છે, માટે તેનો જેવો અભિપ્રાય હોય તેવો કહો."

બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, "હે વિપ્ર ગોપાલજી! એની પુરાતન કથા સાંભળો." એ કથા આ પ્રમાણે કહેતા હતા.

એક સમે સનકાદિક વૈકુંઠમાં ગયા તે જય-વિજયે રોક્યા. ત્યારે સનકાદિકે જય-વિજયને શ્રાપ દીધો અને કહ્યું: "તમે અસુર થાઓ." જય-વિજયે સનકાદિકને કહ્યું: "તમે પારધી થાઓ." એમ એકબીજાને શ્રાપ દીધા. ભગવાન તે સમે આવ્યા અને બંનેને અનુગ્રહ કરી સનકાદિકને કહ્યું જે કળિયુગમાં સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ પ્રગટ થશે. તેમનો તમારે સમાગમ થશે. માટે કંઈ ચિંતા રાખશો નહિ. એમ સનકાદિકને શ્રાપ આપ્યો હતો તેથી પારધીને ઘેર અવતાર લેવો પડ્યો હતો.

તે ઉપર એક વાત કરું છું. એકાદશ સ્કંધમાં સનકાદિકે બ્રહ્માને પ્રશ્ન પૂછ્યો જે, "ચિત્તને વિષે વિષય રહ્યો છે કે વિષયમાં ચિત્ત રહ્યું છે." ત્યારે બ્રહ્મા મૂંઝાયા, ઉત્તર ન થયો. હંસ અવતાર ધારણ કર્યો. હંસ અવતાર ધારણ કરી બ્રહ્માના અવતાર એવા સાયલામાં મહાશંકર ભટ્ટ-તેમને સગરામ ભક્તે પૂછ્યું એટલે મહાશંકર ભટ્ટ મૂંઝાયા. પછી મહાશંકર ભટ્ટ મુળી આવ્યા અને મહારાજને કહ્યું જે, "આ વાઘરીને પ્રશ્ન શીખવ્યા તે બ્રાહ્મણની આબરૂ પાડે છે માટે એવા પ્રશ્ન શીખવવા નહિ."

ત્યારે શ્રીજી કહે: "અમે આવા પ્રશ્ન શીખવતા નથી અને

એ તો તમારા પુત્ર છે." મહાશંકર ભટ્ટને એમ થયું જે આ પારધી તે મારો પુત્ર ક્યાંથી? એમ વિચાર કરે છે. પછી મહાશંકર ભટ્ટને સમાધિ થઈ. સમાધિમાં શ્રીજીનાં દર્શન થયાં. શ્રીજીએ તે સનકાદિક અને બ્રહ્મા પોતે, તેનું જ્ઞાન કરાવ્યું અને મહાશંકર ભટ્ટને થયું જે આ તો વાઘરી નહિ પણ સનકાદિકનો અવતાર છે. હું બ્રહ્માનો અવતાર છું. એવી રીતે મહારાજે જ્ઞાન કરાવ્યું.

મહાશંકર ભટ્ટે કહ્યું: "એને કંઈ શિક્ષા કરવી જોઈએ." શ્રીજી કહે: "સગરામ! તારી જ્ઞાતિને ઉપદેશ આપ. પણ બીજી જ્ઞાતિને ઉપદેશ ન કરવો. તારી જ્ઞાતિને વાતો કર અને ઉપદેશ આપ તેને બીજા સાંભળે તો વાંધો નહિ." પછી તેમણે મારવાડમાં જઈ ત્યાં સત્સંગ કરાવ્યો. મારવાડમાં ગયા અને ઘણો સત્સંગ કરાવ્યો. મહાશંકર ભટ્ટને સમાધિમાં આત્મજ્ઞાન કરાવી, મોહની નિવૃત્તિ પમાડી તેથી સત્સંગી થઈને ઘેર ગયા. આવી ઘણી વાતો કરી. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીને આ વાર્તા ગોપાલજી ત્રવાડીએ પૂછી. તે સાંભળી સર્વે નિઃસંશય થઈ નિવૃત્તિ પામ્યા.

આવી તો સભામાં ઘણી વાર્તા કરી હતી. સાધુએ કીર્તન બોલવા માંડ્યાં. અને શ્રીજી પોતાને ઉતારે પધાર્યા. થાળ થયો એટલે જમીને પોઢી ગયા. સવારમાં સભા ભરાઈને બેઠી હતી. તેમાં દેશદેશના હરિભક્તો આવ્યા હતા. તેમણે મહારાજને પ્રાર્થના કરી કહ્યું: "અમારે ગામ પધારો." રામપરા, ખોલડીઆદ, ટીંબા, સમલા, મેમકા, અંકેવાળીએ, બલદાણા, લાલીઆદ, ચુડા, વસતડી, સાયલા આદિ ગામના હરિભક્તોએ પ્રાર્થના કરી ત્યારે તેઓને બ્રહ્માનંદ સ્વામી પાસે મોકલ્યા. સર્વે હરિભક્તોએ સ્વામી પાસે આવી કહ્યું જે, "મહારાજ અમારે ગામ પધારે એમ આપ અમારા વતી પ્રાર્થના કરો તો શ્રીજી પધારે."

પછી બ્રહ્માનંદ સ્વામી અને સર્વે હરિભક્તો મહારાજ પાસે

આવ્યા. શ્રીજીને પ્રાર્થનાપૂર્વક કહ્યું જે, "હે મહારાજ! આ સર્વ હરિભક્તોને રાજી કરો અને સર્વેના મનોરથ પૂર્ણ કરો."

ત્યારે મહારાજ કહે: "હાલમાં તો અમો ફરીને આવ્યા છીએ. તે હમણાં તો અહીં રહેવું છે." આ પ્રમાણે કહ્યું ત્યારે દેશદેશના હરિભક્તો શ્રીજીને જમાડતા હતા. એમ આનંદ ઉત્સવ થતો હતો. આવી રીતે મહારાજે ઘણી લીલા કરી છે તે લખ્યે પાર આવે તેમ નથી. કારણ જેના મહિમાનો શેષ પાર પામતા નથી અને વેદ પણ પાર પામતા નથી તો માણસ ક્યાંથી પાર પામે? એ તો અપાર છે.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સુડતાળીસમો વિશ્રામ:.

## વિશ્રામ ૪૮

સંવત (૧૮૬૪) અઢારસો ચોસઠના માગસર માસમાં શ્રીજીમહારાજ કંથારિયા પધાર્યા હતા. તે વખતે મહારાજ સાથે દાદા ખાચર આદિ કાઠીઓના અઢાર સવારો હતા. મહારાજ પોતે પણ રોઝે ઘોડે સવાર થયા હતા. સર્વે જરિયાની વસ્ત્રો ધારણ કર્યાં હતાં. ઘોડાને પણ ભારે સાજથી શણગારેલ હતો.

કંથારિયાના દરબાર બાપુ ગોપાળજીને વરસાજી, વખતાજી, રવાજી અને રૂપાજી એ ચાર પુત્રો હતા. તેમાં વરસાજીના મોટા દીકરા ડોસાભાઈ ભાણ ખાચરની સાથે થયેલા યુદ્ધમાં પરાક્રમ કરી ભાણ ખાચર સામે વિજય મેળવી રણમાં પડ્યા. કંથારિયાના દરબારને ગઢડાના કાઠી-દરબારની સાથે સારો સંબંધ હોવાથી રાણા ડોસાભાઈનો શોક ભંગાવવા સારુ ઉપર વર્ણવ્યા પ્રમાણે કાઠીના સવારો સહિત શ્રીજીમહારાજ પધાર્યા હતા.

મહારાજ આથમણી તરફના ઝાંપાથી પધારી તળાવના કિનારા પર શોભી રહેલા રાજગઢ મધ્યેની ડેલીમાં પધાર્યા. વરસાજી આદિ ચાર ભાઈ તેમનાં પુત્ર-પૌત્રાદિક મહારાજની સેવામાં હાજર રહ્યા હતા. મહારાજની આદર થકી ઘણા પ્રકારની આગતા-સ્વાગતા કરી આનંદ પામતા હવા. મહારાજે સર્વેને દર્શન દીધાં. મહારાજને સુંદર અને મનોહર ફૂલવાડીમાં ઉતારો આપ્યો. દરબારોનો અત્યંત સ્નેહ અને આગતા-સ્વાગતાથી શ્રીજીમહારાજ તથા કાઠી દરબારો આનંદ પામ્યા. તેમનો ભક્તિભાવ તથા આગ્રહ જોઈ શ્રીજીમહારાજ પંદર દિવસ સુધી ત્યાં રહી સર્વેને આનંદિત કર્યા.

એક દિવસ શ્રીજીમહારાજ ડેલામાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા, ત્યાં ડોસાભાઈના પુત્ર મેઘાભાઈ પંદર માસના હતા, એમને લાવી મહારાજની પાસે પગે લગાડતા હતા. મહારાજ પ્રસન્ન થઈ બે હાથે તેડી પોતાના ખોળામાં બેસારી, માથે હાથ મૂકી બોલ્યા જે, "આ કુંવરનું શું નામ પાડ્યું?"

વરસાજી કહેઃ "મહારાજ! એમનું નામ મેઘાભાઈ પાડ્યું છે."

મહારાજ કૃપા કરી પ્રસન્નતાથી બોલ્યા જે, "આ તો અમારા ભક્ત છે. માટે એમનું નામ ભગતસિંહજી પાડો." મહારાજની આજ્ઞાને સૌ દરબારોએ માન્ય રાખી તેમનું નામ ભગતસિંહજી પાડ્યું.

આવી રીતે મહારાજે ઘણી લીલા કરી આનંદ પમાડી ઘણા માણસોને પોતાના આશ્રિત કર્યા. ભગતસિંહજીએ પોતાના જીવિત પર્યંત પોતાના તરફથી ધર્માદામાં બે મણ અનાજ તથા સર્વે દરબારોએ મળી ખળા દીઠા એક મણ અનાજ ધર્માદામાં આપવાનો નિશ્ચય કર્યો. એવી રીતે શ્રીજીમહારાજ આ ગામ

ઉપર ઘણો અનુગ્રહ કરી, સર્વેને આનંદ પમાડી કાઠી દરબારો સહિત શ્રીહરિ ગઢપુર પધાર્યા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અડતાળીસમો વિશ્રામ.

## વિશ્રામ ૪૯

શ્રીજીમહારાજ સંવત ૧૮૮૨માં કંથારિયા પધાર્યા હતા. મહારાજશ્રીએ સુંદરિયાણાનો સમૈયો કર્યો તે વખતે મહારાજને તેડવા સારુ રાણા મૂળુભાઈ તથા જાલમસિંહજી ત્યાં ગયા હતા. રસ્તામાં મૂળુભાઈ કહે જે, "મને મહારાજનો પોતાનો જમેલો થાળ મળે તો ભગવાન જાણું." ત્યારે જાલમસિંહજીએ કહ્યું જે, "મને મહારાજ બોલાવે અને ગુલાબનું ફૂલ આપે તો ભગવાન જાણું." એમ સંકલ્પ કરી મોટી સભા ભરાઈને બેઠી હતી. તેના છેડા પર દૂર બંને ઊભા રહ્યા.

મહારાજે બંનેને તરત પાસે આવવાની આજ્ઞા આપી અને પાસે બેસાડ્યા. પોતાના હારમાંથી ગુલાબનું ફૂલ કાઢી જાલમસિંહજીને આપી પોતાના આશ્રિત કર્યા. કાઠીને ત્યાં બંનેને ઉતારો આપ્યો. મૂળુભાઈ જમ્યા વિના બેઠા હતા. તેમને કાઠી દરબારે કહ્યું: "આ વખતે ઘણા મનુષ્યમાં તમારો ભાવ પૂછશે નહિ; માટે અહીં જમી લ્યો."

મૂળુભાઈ કહે: "મેં સંકલ્પ કર્યો છે જે સ્વામિનારાયણ ભગવાન હશે તો પોતાનો થાળ મને મોકલશે."

આમ વાતચીત કરે છે તેવામાં બે પાર્ષદોને મહારાજે મોકલ્યા તે ઉતારો પૂછી ત્યાં આવ્યા અને થાળ આપ્યો. તે કાઠીના ઘરનાં સહિત મૂળુભાઈ તથા જાલમસિંહજી જમ્યા અને શ્રીજીના

અનન્ય આશ્રિત થયા. પછી કંથારિયે મહારાજને પધારવાની વિનંતી કરી

મહારાજે કહ્યું: "તમે જાઓ, અમો આવશું."

મહારાજ વાગડમાં રાત્રિ રહી કંથારિયે પધાર્યા. મુક્તાનંદ સ્વામી જે સંગરામમાં બેઠા હતા તે મહારાજ હાંક્તા હતા. સર્વે પરમહંસ તથા પાર્ષદ વગેરે મંડળ સહિત મહારાજ સવારમાં કંથારિયે પધાર્યા.

સર્વે દરબારો તથા વિપ્ર કાશીરામ આદિ સત્સંગીઓ સામૈયું લઈ ગામની ભાગોળે આવ્યા. મહારાજે કહ્યું: "અમે રોકાશું નહિ." વરસાજીના પુત્ર રઘાભાઈએ હાલ જ્યાં ગામમાં દહેરી છે ત્યાં બળદની નાથ પકડી રાખી અને જસાભાઈ આડા સૂઈ ગયા અને કહ્યું: "મહારાજ! મારા ઉપરથી હાંકી જાઓ.." પછી મહારાજે રાજી થઈ આવવાની હા કહી. પરમહંસ વગેરેને રજા આપી અને પોતે એકલા ગામમાં પધાર્યા. વાજતે-ગાજતે મહારાજે ઉગમણે ઝાંપેથી પ્રવેશ કર્યો. પ્રથમ કહેલી જે રાજગઢની ડેલી તેમાં ઉતારો આપ્યો.

મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને જસાભાઈને ઢોલિયા ઉપર પોતાની પાસે બેસવાનું કહ્યું. પણ જસાભાઈ મહારાજ પાસે બેસી શક્યા નહિ અને કહ્યું: "મહારાજ! તમારા તેજને લીધે મારાથી ત્યાં બેસી શકાતું નથી." પછી જસાભાઈ મહારાજને કહે : "મહારાજ! પ્રેમાનંદ સ્વામી કીર્તન બહુ સારાં ગાય છે તે સાંભળવાની અમને સર્વને ઇચ્છા છે તો કૃપા કરી સંભળાવો." એવી ગરાસિયાઓની યુક્તિ સાધુઓને તેડાવવાની જોઈ મહારાજ બહુ રાજી થયા. વાસુદેવાનંદ બ્રહ્મચારીને પરમહંસોને તેડી લાવવાની આજ્ઞા આપી. બ્રહ્મચારીએ દેહરી પર ચઢી વાવટો ઊંચો કરી સર્વ પરમહંસને બોલાવ્યા.

પરમહંસે કીર્તન ગાઈ સર્વને રાજી કર્યા. મહારાજે જવાની તૈયારી કરી એટલે દરબારોએ વિનંતી કરી કહ્યું: "મહારાજ!

જમવાની વેળા થઈ છે. માટે જમ્યા વિના જવા દઈશું નહિ. તો આપ કૃપા કરી જમીને પધારો તો સારું."

મહારાજ કહે: "બહુ સારું, દરબાર! રસોઈ કરાવો." કાનજી શાહે આગળથી જ બધી રસોઈની તૈયારી કરી રાખી હતી. એટલે મહારાજ હાલ સ્ત્રીઓનું મંદિર છે ત્યાં નાહ્યા અને ધોવાનું વસ્ત્ર કાનજી શાહને આપ્યું. પ્રથમ તે મંદિર પુરુષોનું હતું અને હાલ પુરુષો માટે નવું મંદિર છે તે મોટું કરેલ છે.

મહારાજ માટે થાળ કર્યો. મહારાજ કાનજી શાહના ઘેર પટારા ઉપર બેસી થાળ જમ્યા. તે પટારો હાલ અમદાવાદના મંદિરમાં છે. મહારાજ જમ્યા પછી પ્રસાદી કાનજી શાહ તથા દરબારોને આપી રાજી કર્યા. પરમહંસની પંક્તિ થઈ. સંતોએ હાથમાં લાડુનું વાસણ ઝાલી રાખ્યું અને મહારાજ લાડુ પીરસતા હતા. મહારાજે વારંવાર પંક્તિમાં લાડુ પીરસી, સર્વને જમાડી તૃપ્ત કરી કાનજી શાહને અને દરબારોને આનંદ પમાડ્યા.

મહારાજની ગામમાં ઘેર ઘેર પધરામણી કરાવી સર્વેએ ઘણો લ્હાવો લીધો. શ્રીજીમહારાજ સર્વને આનંદ ઉપજાવતા થકા તે દિવસે લીંબડી પધાર્યા. વચમાં વાંસળ નદીમાં સ્નાન કરી નદીનો મહિમા શ્રીજીમહારાજે કહ્યો. આમ બીજી વખત, પ્રથમ કરતાં અધિક લીલા કરી ગામ પ્રસાદીનું કર્યું. હરિભક્તોને મનગમતાં સુખ આપતા હતા.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ઓગણપચાસમો વિશ્રામ.

## વિશ્રામ ૫૦

સંવત અઢારસો ચોરાશીની સાલમાં શ્રીજીમહારાજે કરમડમાં અન્નકોટનો સમૈયો કર્યો. તે સમૈયા પર કંથારિયાથી મેઘાભાઈ

આદિ ઘણા આવ્યા હતા. મહારાજ મંચ ઉપર બિરાજમાન થયા હતા. મહારાજની સન્મુખ મોટી સભા ભરાઈને બેઠી હતી. સર્વ હરિભક્તો મહારાજને પગે લાગીને ત્યાં બેઠા. થોડો થોડો વરસાદ આવવા લાગ્યો એટલે સર્વે ઊઠ્યા. મેઘાભાઈ ઉતાવળમાં પોતાની સોનાની મૂઠવાળી તલવાર ભૂલી ગયા. તે મહારાજના જોવામાં આવી. તેથી પાર્ષદ પાસે ગાડાના ભંડારિયામાં મુકાવી. વરસાદ રહી ગઈ." પછી સર્વે હરિભક્તો પાછા આવી સભામાં બેઠા.

મહારાજે મેઘાભાઈને પોતાની પાસે બોલાવી કહ્યું: "દરબાર! તમારી તલવાર ક્યાં છે?"

ત્યારે મેઘાભાઈ કહે: "મહારાજ! ઉતાવળમાં અહીં ક્યાંય રહી ગઈ."

પછી પાર્ષદ પાસે તલવાર મંગાવી મેઘાભાઈને આપી કહ્યું: "તમે ક્ષત્રિય થઈ આવી તલવાર ભૂલી જાવ છો, તો હવે સારી રીતે સાચવજો!" એમ શિખામણ આપી. પછી દરબારોએ મહારાજને કંથારિયે પધારવાની વિનંતી કરી. મહારાજે આવવાનું વચન આપ્યું.

શ્રીજીમહારાજ ત્યાર બાદ થોડા દિવસ પછી બંને આચાર્યો, પરમહંસ તથા સમગ્ર મંડળ સહિત સવારમાં પધાર્યા. ગામમાં ખબર પડી એટલે સર્વે દરબારો, માણસો, મહારાજની સામા ઢોલ, વાજિંત્ર, શરણાઈ, ત્રાંસાં આદિ લઈ વાજતે-ગાજતે ભારે સામૈયું કરી ગામમાં તેડી લાવ્યા.

ગામના મોટા તળાવના વચલા ટેકરા પર ગાડું હતું તે ઉપર લાલસંગજીનો ઢોલિયો નાખી મહારાજ ગાદી-તકિયા ઉપર બિરાજમાન થયા. પરમહંસ વગેરે આજુબાજુની વાડીએ ઊતર્યા. ભીમજી ભટ્ટની માતુશ્રીએ થાળ કર્યો. મહારાજ હાલ જે બાઈઓનું મંદિર છે ત્યાં જમ્યા. કાનજી શાહ તથા દરબારને

પ્રસાદી આપી. પરમહંસ માટે ગામ બહાર વાડીમાં રસોઈ કરાવીને જમાડ્યા.

પછી ગરાસિયાઓની વિનંતીથી બંને આચાર્યોની સાથે પધરામણીએ પધાર્યા. વચમાં મહારાજ અને બે બાજુ બે આચાર્ય એમ મહારાજની પધરામણી ઘેર ઘેર કરાવી. ભારે પૂજા કરી સોનાનાં ફૂલથી વધાવ્યા. તે પ્રમાણે રઘાભાઈ, ભગતસિંહજી, ખેતાભાઈ આદિના દરબારમાં પણ પધરામણી કરાવી અને પૂજા કરી. માવાભાઈના દરબારમાં આંબલીઆના પ્રતાપસિંહજીની પુત્રી નાનીબાએ પણ ભારે પૂજા કરી, સોનાનાં ફૂલે મહારાજને વધાવ્યા. રવાભાઈ, નાથાભાઈ, જાલમસિંહજી, બાવાજી આદિના દરબારમાં તથા કાનજી શાહ, વિપ્ર મંચ્છારામ, વિપ્ર જીવરામ, વિપ્ર કાશીરામ તથા લાલસંગજી, નારણ સોની આદિ ઘણા હરિભક્તોને ઘેર શ્રીજીમહારાજની પધરામણી કરાવી, ભારે ભારે પૂજા કરી સર્વેએ લ્હાવો લીધો.

મહારાજ તળાવની પાળે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સર્વે પરમહંસ તથા હરિભક્તોની મોટી સભા બેઠી હતી. પરમહંસોએ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય આદિ ઘણી વાર્તાઓ કરી. મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ ગવૈયા પરમહંસોએ દૂકડ, સરોદા, સિતાર આદિ વાજિંત્રોથી ભગવાનનાં કીર્તન ગાયાં. શ્રીજીમહારાજ તથા બંને આચાર્ય મહારાજ તથા સમગ્ર સભાની ઘણી પ્રશંસા સર્વેએ કરી. સંધ્યા-આરતી થયા પછી શ્રીજીમહારાજે ઘણી વાર્તાઓ કરી અને પ્રશ્નોત્તરથી ઘણો આનંદ ઉપજાવ્યો.

રાત્રિ રહીને સવારમાં મહારાજ ભલગામડે જવા નીકળ્યા. મહારાજને વળોટાવવા માટે ઘણા હરિભક્તો, ગરાસિયા આદિ વાંસળ નદી સુધી મહારાજની સાથે ગયા. મહારાજ પરમહંસ

સહિત નદીમાં નાહ્યા અને ગંગાજીના તીર્થથી પણ અધિક મહિમા શ્રીમુખે કહ્યો. સર્વે હરિભક્તો પણ નદીમાં નાહ્યા. પછી સામે કાંઠેથી હરિભક્તોએ મહારાજને દંડવત્ કર્યા અને મહારાજે સર્વેને પાછા વાળ્યા. તેમનો આવો નિર્મળ ભક્તિભાવ જોઈ શ્રીજીમહારાજ ઘણા પ્રસન્ન થયા. આવી રીતે મહારાજ કંથારિયામાં ત્રીજી વખત પધાર્યા હતા. પ્રથમ બે વખત કરતાં અધિક લીલા કરી સર્વેને સુખ આપી પોતાનાં આશ્રિત કર્યા. ગામ આખું પરમ પવિત્ર કર્યું.

ભગતસિંહજી આદિ ભાવ સહિત દર્શન કરનારા માણસોને ઘણાં સુખ દીધાં. આવી રીતે અપાર લીલા કરી છે. તે જે મનુષ્ય કહેશે, સાંભળશે, નિત્ય સ્મૃતિ રાખશે તે આ લોકમાં સુખી થઈ ભગવાનના ધામને જરૂર પામશે એવો મોટો મહિમા આ શ્રીજીમહારાજના ચરિત્રનો છે. વાંસળ નદીમાં મહારાજે બે વખત સ્નાન કર્યું હતું. ત્યાં સુકૃતાત્માનંદ સ્વામીએ હનુમાનજી પધરાવ્યા છે. નારાયણ ધરાનો સમૈયો ભાદરવા માસની અમાસને દિને દર વર્ષે થાય છે.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પચાસમો વિશ્રામ.

## વિશ્રામ ૫૧

લિખિતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ, બીજું સત્સંગી સમસ્ત બાઈ-ભાઈને અમારી આજ્ઞા છે જે, લક્ષ્મીનારાયણ, નરનારાયણ તથા શ્વેતદ્વીપવાસી વાસુદેવ એમની જાત્રા કરવા જવું હોય તથા અમારે દર્શને આવવું હોય ત્યારે પોતાના ઘેરથી નીકળી વિધવા બાઈ હોય, સાઠ વર્ષની વૃદ્ધબાઈ હોય, આઠ વર્ષની

બાળકી હોય અને જો છેડા વર્તમાન ાખતી હોય તો તેણે પોતાના સમીપ સંબંધ વિના બીજા પુરુષ માત્રને અડવું નહિ અને અડે તો એક ઉપવાસ કરવો.

જે સત્સંગી ભાઈ વૃદ્ધ હોય, આઠ વર્ષનો છોકરો હોય અને વિધવાને ન અડવાનું વર્તમાન રાખતો હોય તે પણ પોતાના ઘેરથી નીકળે ત્યાંથી પોતાના સમીપ સંબંધી વિધવા વિના બીજી વિધવા ને ન અડે, અને અડી જવાય તો એક ઉપવાસ કરે. શ્રી લક્ષ્મીનારાયણ આદિ દેવ મંદિરના કોટના દરવાજામાં પેઠા પછી કર્મયોગી ગૃહસ્થે પણ બાઈ માત્રને અડવું નહિ. અડી જવાય તો એક ઉપવાસ કરે અને કર્મયોગી બાઈ પણ ભાઈ માત્રને અડે તો એક ઉપવાસ કરે.

આ અમારું વચન બાઈ-ભાઈ નહિ માને તેને જાત્રા નિષ્ફળ થશે અને તે વિમુખ છે અને અમારા સત્સંગમાં નથી.

બીજું સત્સંગી બાઈ-ભાઈ માત્રને એમ આજ્ઞા છે તે જ્યારે ઠાકોરજીને ઓચ્છવે જવું હોય તથા અમારે દર્શને આવવું હોય ત્યારે માર્ગમાં પોતાના સંબંધી સત્સંગી હોય તેને ઘેર પણ જમવું નહિ અને તીર્થને વિષે પણ પારકું અન્ન જમવું નહિ. તે જો સંબંધી સત્સંગી ન હોય તેને ઘેર જમે તેનો બાધ નહિ.

બીજું પરમહંસ માત્રને એમ અમારી આજ્ઞા છે જે ઠાકોરજીને ઓચ્છવે જવું હોય તથા અમારે દર્શને આવવું હોય ત્યારે સત્સંગીના ગામમાં ભિક્ષા કરવી તો ઝોળી માગીને કરવી પણ સત્સંગીના ઘરનું સીધું ન લેવું. સત્સંગી જો વધુ અન્ન ઝોળીમાં નાખે તો તે લેવું નહિ. એક જણ જમે એટલું જ લેવું. જે સત્સંગીના ગામમાં એક મંડળે ભિક્ષા માગી હોય તો તે ગામમાં બીજા મંડળે તે જ દિવસે ભિક્ષા ન માગવી.

જે પરમહંસ આ વચનનું ઉલ્લંઘન કરે તેને એક ઉપવાસ કરવો. સંવત અઢારસો બ્યાસીના બારસને દિવસે આ આજ્ઞા વચન લખેલ છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકાવનમો વિશ્રામ.

## વિશ્રામ ૫૨

લિખિતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ પરમહંસ સમસ્ત તથા સત્સંગી બાઈ-ભાઈ સમસ્ત પ્રત્યે લખવા કારણ એમ છે જે વર્ષોવર્ષ ચાતુર્માસમાં અધિક નિયમ ધારવા. તેની વિગત જે, નિત્ય ભગવાનને તુલસીપત્ર ચડાવવાનો નિયમ રાખવો; પુષ્પ ચડાવવા; સાધુ જમાડવા; ભગવાનના માહાત્મ્ય સહિત જે સત્શાસ્ત્ર-સત્સંગિજીવન તથા વચનામૃત તથા ભક્તચિંતામણિ વગેરે સાંભળવાં તથા પાઠ કરવો, બ્રાહ્મણ જમાડવાનો તથા કીર્તન ગાવાનો તથા પોતાના નિત્ય નિયમ કરતાં વધારે માળા ફેરવવાનો; વધુ પ્રણામ કરવાનો; ભગવાનની માનસીપૂજા કરવાનો; મૂર્તિનું ધ્યાન કરવાનો; સાષ્ટાંગ નમસ્કાર કરવાનો; ભગવાનને પ્રદક્ષિણાઓ કરવાનો; દૂધ, દહીં, સાકર, ખાંડ તે નહિ ખાવાનો; લીલોતરી ખાવી નહિ; મીઠું ન ખાવું આદિ આટલા બધા નિયમોમાંથી જેટલા રાખવાની પોતાની ઇચ્છા હોય અને જેટલા માસ રાખવાની શ્રદ્ધા હોય તેટલા મહિના માટે નિયમ રાખવો.

ગૃહસ્થ સત્સંગીને બ્રહ્મચર્યવ્રત રાખવું અને જો સ્ત્રી રાજી થઈ આજ્ઞા આપે તો બ્રહ્મચર્ય રાખે અને સ્ત્રી પોતાની રાજી ન હોય અને રાખે તો વચનદ્રોહી, ગુરુદ્રોહી છે. ઉપવાસનો નિયમ

લેવો તે તો પરમહંસ બ્રહ્મચારી આદિ ત્યાગી તથા સાંખ્યયોગી બાઈ, વિધવા બાઈ આદિને જો ઉપવાસ કરવાની શ્રાદ્ધ હોય તો એક શ્રાવણ માસમાં ધારણા-પારણા વ્રત કરવાનો નિયન રાખવો અથવા ચાંદ્રાયણ વ્રત કરવાનો નિયમ રાખવોઃ આ બે વ્રત સિવાય ઉપવાસ કરવાનો નિયમ ન રાખવો.

ત્યાગી બાઈ, ભાઈ, પરમહંસ આદિ જેને ચાતુર્માસમાં જેની સાથે ક્રોધ થાય તથા ઈર્ષા થાય, મત્સર તથા માન ઇત્યાદિ એ પણ થાય તો તેને સાષ્ટાંગ દંડવત્ કરવા. સંવત્ (૧૮૮૪) અઢારસો ચોરાશીના શ્રાવણ વદ નવમી લિખિતંગ મુનિ અચ્યુતાનંદના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બાવનમો વિશ્રામ.

## વિશ્રામ ૫૩

સાધુને પરસ્પર વાત કરવાની રીતના જે પ્રકરણ તે લખીએ છીએ. ભગવાન પોતાના અક્ષરધામને વિષે જેવા દિવ્ય ઐશ્વર્ય, દિવ્ય પાર્ષદ, દિવ્ય શક્તિએ સહિત રહ્યા છે તેવા ને તેવા જ પ્રત્યક્ષ પ્રમાણ છે, આદિ ભગવાનના માહાત્મ્યની વાર્તા કરવી તથા સર્વ સુખમય અને સર્વ થકી પર સર્વના નિયંતા, સર્વના કર્તા જાણવા તથા તેમની મોટપનું ગ્રહણ કરી સ્વભાવને ટાળવાની વાર્તા કરવી તથા ત્રણ દેહ, દશ ઇન્દ્રિયો, ચાર અંતઃકરણ તે થકી પૃથક્ જે પોતાના જીવાત્મા તે 'દેહ ઇન્દ્રિયો, અંતઃકરણના જે સંકલ્પ તે સાથે ભળી ગયો' છે તેને પૃથક્ કરવો.

દેહ અને દેહના સંબંધી ખોટા થાય એવી રીતે આત્મનિષ્ઠાની

વાત કરવી. નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય, આત્યંતિક પ્રલય એ ચાર પ્રકારના પ્રલયે કરી સર્વના ભોગ, દેહલોક તે નાશ થઈ જાય અને માયામાંથી થયા જે પદાર્થ માત્રને બધું જે સુખ તે અપાર દુઃખે સહિત છે. તેમ દુઃખ બતાવી વૈરાગ્યની વાત કરવી તથા નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્નેહી, નિર્માની એ સાધુના ધર્મ છે. તે શાસ્ત્રમાં કહ્યા હોય તેણે રાખી તે પ્રમાણે વર્તવું. એમ વાર્તા કરવી.

ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે મન, કર્મ, વચને કરી નિરંતર કરવી, પણ ભક્તિ વિના વ્યર્થ કાળ જવા દેવો નહિ. તે વિના બીજી રીતે જે પોતાના સ્વભાવ અનુસાર પ્રવૃત્તિ હોય તેને ટાળવી. એ અંગની વાર્તા કરવી. સત્ય, અસત્ય એવા દેશકાળાદિક જે આઠની પૃથક્ વિગત તેની વાત કરવી. શ્રીજીમહારાજે સ્થાપન કર્યા જે દેવ મંદિર તથા ધર્મવંશના આચાર્ય તેની ઉત્કૃષ્ટતા થાય એમ વર્તવું, એ પ્રમાણે વાત કરવી.

શિક્ષાપત્રી, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, વચનામૃત, ભક્તચિંતામણિ, પુરુષોત્તમપ્રકાશ, ધર્મવંશપ્રકાશ, સુમતિપ્રકાશ વગેરે આપણા સંપ્રદાયના ગ્રંથ તે ભણવા, ભણાવવાનો અભ્યાસ પોતાની બુદ્ધિ અનુસારે રાખવો. એ અંગની વાર્તા કરવી તથા આ પ્રમાણે જે સાધુને વર્તવાની રીત તેમાં આળસ રહેતી હોય તો તેને ટાળ્યાની વાત કરવી.

શ્રીજીમહારાજ પોતાના ભક્તજનને તત્કાળ સમાધિએ કરી પ્રાણ, ઇન્દ્રિયોનો વિરોધ કરાવીને ઐશ્વર્યયુક્ત એવા બ્રહ્મપુર, ગોલોક, વૈકુંઠાદિક દિવ્ય ધામ દેખાડે છે અને પોતાના ભક્તજનને અંતકાળ સમે વિમાન તથા અશ્વાદિક દિવ્ય વાહન ઉપર બેસી, દિવ્ય પાર્ષદ સહિત આવી, દર્શન આપે છે અને પોતાના ધામમાં લઈ જાય છે. એવા શ્રીજીમહારાજનાં ચરિત્ર

વિસ્તારીને વાત કરવી.

હવે જે સત્સંગી હરિભક્ત હોય તેની આગળ વાત કરવાના પ્રકરણ તે લખીએ છીએ. શિક્ષાપત્રીમાં તથા જનશિક્ષામાં લખ્યા પ્રમાણે પરસ્ત્રી માત્રનો ત્યાગ કરવો. એ આદિક મોટા મોટા નિયમ તેની દઢતા થાય તેવી વાર્તા કરવી, તથા શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે તેવી રીતે ભગવાનના દિવ્ય ભાવનું અને મનુષ્ય ભાવનું વર્ણન કરી ભગવાનના નિશ્ચયની વાર્તા કરવી. શ્રીજીમહારાજે મંદિરોમાં સ્થાપન કર્યા જે દેવ તથા આચાર્ય તેને દર્શને જવું, ઉત્સવ ઉપર જવું, તેમાં શ્રદ્ધા ઉપજે એવી વાર્તા કરવી. વળી પોતપોતાના ગામમાં જે હરિભક્ત હોય તેને નિત્ય પ્રત્યે સાયંકાળે ભેગા મળી પરસ્પર ભગવત્ વાર્તા કરવી, સાંભળવી તથા પ્રત્યક્ષ ભગવાનની વાર્તા તેને વિષે નિષ્ઠાવાળા સાધુ તેના લક્ષણની વાર્તા કરવી. દેશકાળાદિના ઉપદ્રવે કરી સુખદુઃખ આવી પડે તથા હાણ વૃદ્ધિ થાય તેણે કરી સત્સંગમાંથી મોળો ન પડે એવી વાર્તા કરવી. સાધુને સંગે કરી જીવનું કલ્યાણ થાય તેના લક્ષણની વાર્તા કરવી.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ત્રેપનમો વિશ્રામ.

## વિશ્રામ ૫૪

### श्लोक :

घोरे कलौ नैक मुमुक्षु मुक्तये जातः सुधर्मस्वजनांश्च पातुम् ।।
यः छुप्पयस्युत्तर कोशलेषु तं भक्ति धर्मात्मजमीश मीडे ।।१।।

અર્થ : આ ઘોર કળિયુગમાં મુમુક્ષુ જીવો, તેમના પરમ

કલ્યાણને અર્થે અને એકાંતિક ધર્મ તથા પોતાના જનની રક્ષા કરવાને અર્થે; અધર્મ ઉચ્છેદ કરવાને અર્થે, આ પૃથ્વીને વિષે ઉત્તરમાં આવેલા કોશલ નામે દેશમાં છપૈયા ગામમાં દયા કરી પ્રગટ્યા, એવા ભક્તિ-ધર્મના પુત્ર જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની હું સ્તુતિ કરું છું.

અહીં કોઈ એમ શંકા કરે જે આ ઘોર કળિયુગમાં ભગવાનનો અવતાર ન હોય અને આ કલ્યાણ તો નારાયણના નામ કીર્તન માત્રે કરીને છે. આ વાર્તા ભાગવતમાં પણ અજામેલના આખ્યાનમાં પ્રસિદ્ધ છે. તે અજામેલ મહાપાપી હતો, પણ નારાયણના નામ કીર્તન માત્રે કરી મોક્ષને પામતો હતો, માટે નારાયણ નામના અવતારનું શું પ્રયોજન છે? એમ કોઈ પૂછે તો કહીએ છીએ:

જ્યારે કળિયુગમાં ભગવાનના નામ કીર્તન માત્રે કરી મોક્ષ થાય ત્યારે તો કર્મકાંડ, જ્ઞાનકાંડ અને દેવતાકાંડ વિષય એવા જે વેદ તે વ્યર્થ થશે. એ વેદમાં મોક્ષ અર્થે કહ્યાં જે સમગ્ર સાધન એ પણ વ્યર્થ થશે. તો, એમ તો ન થાય; અને અજામેલનો જે મોક્ષ કહ્યો છે તે તો પાપ થકી ને જમદૂતના અસ્ત્રથી મુકાવવું એટલો મોક્ષ કર્યો છે. સાચું જે કલ્યાણ તે તો વિષ્ણુના પાર્ષદ તેને દર્શને કરી તથા ગંગાધારમાં અજામેલે યોગાભ્યાસ કર્યો તેણે કરી થયું છે. તે ભાગવતમાં લખ્યું છે તે વિચારીને જોશો તો જણાશે.

ભગવાન ને ભગવાનના સંત મળ્યા વિના તો કલ્યાણ થવું ઘણું દુર્લભ છે માટે યુગોયુગ ભગવાનનો અવતાર ન હોય એમ કોઈ શાસ્ત્રવેત્તા કે સત્પુરુષ નથી કહેતા. આજે સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાનનો અવતાર છે. એમના અનેક દિવ્ય ચરિત્રને, દિવ્ય ઐશ્વર્યને હજારો મનુષ્યો આ

કળિયુગમાં પ્રગટ જોઈ શકે છે.

પૃથ્વીને વિષે હમણાં સહજાનંદ નામે ભગવાન પ્રસિદ્ધ વર્તે છે. અનુમાનાદિક સમગ્ર પ્રમાણ થકી પ્રત્યક્ષ પ્રમાણ અતિ બળવાન છે. માટે અનુમાનાદિક પ્રમાણે કરીને તે પ્રત્યક્ષ પ્રમાણનો બાદ કરવાને સમર્થ નહિ થવાય.

વળી ભગવાનના અવતારનો બીજો હેતુ પણ કહું તે સાંભળોઃ જે સત્‌શાસ્ત્ર થકી ડાહ્યા પુરુષે પૃથ્વીને વિષે કરી જે ધર્મની પ્રવૃત્તિ તેની ગ્લાનિ થાય છે. ત્યારે ભગવાન પોતે અવતાર ધારણ કરે છે એમ સર્વે શાસ્ત્રમાં કહ્યું છે તે મહાભારતમાં વનપર્વમાં શ્લોક છે જે,

दैत्या हिंसानुरक्ताश्च, अवध्या सुरसंगमैः ।।
राक्षसा अपिलोकेऽस्मिन् यदोत्पद्यति दारुणाः ।।१।।

અર્થ : જે હિંસાદિક પાપકર્મમાં આસક્ત એવા અને મોટા દેવ તેમનાથી પણ ન મારી શકાય એવા તે દારૂણ કહેતાં લોકમાં ભયને ઉપજાવનારા દૈત્ય અને રાક્ષસ તે આ લોકમાં જ્યારે ઉત્પન્ન થાય છે. ત્યાં શ્લોક છે જે,

तदाऽहं संप्रसूयामि, गृहेषु शुभकर्मणाम् ।।
प्रविष्टो मानुषंदेहं, सर्वं संप्रशयाम्यहम् ।।२।।

અર્થ : ત્યારે હું જે તે નવધા ભક્તિ આદિક શુભ કર્મ છે જેનાં એવા ગૃહસ્થને ઘેર અવતાર ધારું છું. તે મનુષ્ય દેહને ધારીને દૈત્ય તથા રાક્ષસનો અધર્મ સહિત નાશ કરી નાખું છું.

એવી રીતે માર્કંડેય ઋષિ પ્રત્યે ભગવાને કહ્યું છે તથા પ્રમાણને મધ્યે અતિ પ્રમાણરૂપ ગીતામાં કહ્યું છે. ત્યાં શ્લોક છે જે,

यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत ।।
अभ्युत्थानम धर्मस्य, तदात्मानं सृजाम्यहम् ।।३।।

અર્થ : હે અર્જુન! જ્યારે ધર્મની ગ્લાનિ જે નાશ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું મારા આત્માને સૃજું છું, કહેતાં અવતાર ધારણ કરું છું. ત્યાં શ્લોક છે જે,

परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम् ।।
धर्म संस्थापनार्थाय, संभावामि युगे युगे ।।४।।

અર્થ : તે અવતાર શા માટે ધારું છું? તો ધર્મશીલ જે સત્‌પુરુષ તેમની રક્ષા કરવાને અર્થે ને પાપકર્મ કરનારા એવા અસુર પુરુષોનો નાશ કરવાનો પોતપોતાના વર્ણાશ્રમને ઘટિત વેદે કહેલ અને મારા આરાધનરૂપ જે ધર્મ તેના સ્થાપનને અર્થે યુગયુગમાં અવતાર ધારણ કરું છું. એવી રીતે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુન પ્રત્યે કહેતા હતા.

વેદ, શાસ્ત્ર અને પુરાણના સારને અતિ બળવાન પ્રમાણરૂપ ઘણા શ્લોક છે. તેમાંથી થોડા લખીએ છીએ. તેમાં પ્રથમ સ્કંધનો શ્લોક છે જે,

यदा ह्य धर्मेण तमो धियो नृपा, जिवंति तत्रैष हिं सत्त्वतः ।
क्लि धते भगंसत्यमृतं दया यशो, भवाय रुपाणि दधद् युगे युगे ।।

અર્થ : જ્યારે તમોગુણી બુદ્ધિવાળા રાજા કેવળ અધર્મરૂપ પાપ કરીને પેટ ભરનારા થાય છે ત્યારે ભગવાન સત્ત્વગુણની સંપત્તિએ કરી જીવના કલ્યાણને અર્થે યુગયુગમાં અનેક અવતારને ધારણ કરતા થકા સર્વજ્ઞતા આદિ જે ઐશ્વર્યને ધારે છે. સત્ય જે યથાર્થ ઉપદેશ કરવાપણાને ધારે છે તથા ભક્ત ઉપર અપરિમિત દયા ધારે છે. યશ જે અનેક આશ્ચર્યકારી કર્મ કરવાં તેને કરીને અદ્‌ભુત કીર્તિને ધારે છે ને પાપી પુરુષ તથા અધર્મનો નાશ કરે છે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યજ્ઞાન સહિત ભક્તિરૂપ એકાંતિક ધર્મનું સ્થાપન કરે છે.

તથા ષષ્ટ સ્કંધમાં શ્લોક ૨૯ને વિષે પણ ભગવાનને યુગે

યુગે અવતાર લેવાપણું કહ્યું છે. ત્યાં શ્લોક છે જે,

योनः सपत्नै र्भृ शमर्द्यमाना न्देवर्षितिर्यङ नृषु नित्य एव ।
कृतावतारस्तनुभिः स्वमायया, कृत्वात्मसात्पाति युगे युगे च ।।

અર્થ : અમારા શત્રુ જે અસુર તેમણે અતિશય પીડા પમાડ્યા એવા અમે તે અમને નિરંતર પોતાના જાણી દેવ, ઋષિ, પશુ, મનુષ્ય તેમને વિષે કૃપા કરીને ધાર્યા છે અનેક અવતાર જેણે એવા તમે, તે તમે જે તે , તે તે અવતારે કરીને યુગેયુગ પાળો છો. એવી રીતે ભગવાન પ્રત્યે દેવતા કહેતા હતા.

આ વાર્તા પર જે કોઈ એમ શંકા કરે જે કળિયુગમાં કોઈ ભગવાનનો અવતાર થયો સાંભળ્યો નથી, તેને એમ કહેવું: વર્ષોવર્ષ જેની કથા કરો છો એવા શ્રીકૃષ્ણ ભગવાન તે ક્યારે પ્રગટ થયા છે? અને જેમ શ્રીકૃષ્ણ બધા અવતારનો ભાવ પોતામાં જણાવવાથી તેમના સર્વોપરી, તેમ જ સ્વામિનારાયણે અવતાર માત્રને પોતામાં લીન કરી બતાવવાથી સર્વેના સર્વોપરી જાણવા, એમ વચનામૃત પંચાળા પ્રકરણના ૯ના ભાવાર્થથી જાણવા. માટે સ્વામિનારાયણ તે સાક્ષાત્ પરમ બ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે.

આજે પૃથ્વીના તલ ઉપર અતિ પ્રતાપ અને ઐશ્વર્ય આદિ સકલ ગુણ તેમણે કરી સર્વોપરી વર્તે છે. તેથી સર્વે મનુષ્યને એ સ્વામિનારાયણનો આશરો કરી ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષા ગ્રહણ કરી અહિંસાદિક અગિયાર નિયમને દૃઢપણે પાળીને એ સ્વામિનારાયણની માહાત્મ્યે સહિત નવધા ભક્તિ કરવી. ભક્તિ અને સત્સંગ સમાન બીજું કોઈ મોક્ષનું સાધન નથી.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચોપનમો વિશ્રામ.

## વિશ્રામ ૫૫

શ્રીજીમહારાજ કચ્છ દેશમાં બિરાજમાન હતા અને ઘણા ચમત્કાર જણાવતા હતા. તે સમે હીરજીભાઈએ કહ્યું જે, "સામાન્ય હોય તે ત્યાગી થાય, પણ મોટા માણસ અને ગરાસના ધણી હોય તે ન માને અને ત્યાગી ન થાય." એમ કહ્યું ત્યારે શ્રીહરિએ ઝાલાવાડ, કાઠિયાવાડમાં અઢાર કાગળ લખ્યા. તેમના નામઃ

માંચા ખાચર, વીરા પટેલ, અલૈયા ખાચર, માતરા ધાંધલ, સોમલા ખાચર, નાજા જોગીઆ, હાથિયા પટગર, મામૈયા પટગર, લાધો, કલો, અજા પટેલ (મેથાણના) તથા રામગ્રીના જીવરાજ પટેલ, કમળશી, મુળજી, વેરાભાઈ, ડોસાભાઈ, અમરા પટગર, સુરા ખાચર આદિ અઢાર આ કાગળ વાંચી જ્યાં હો ત્યાંથી ચાલી નીકળજો. સીમમાં તથા પરગામ જ્યાં આ સમાચાર સાંભળો ત્યાંથી ચાલી નીકળજો. જેતલપુરમાં સ્વામી રામદાસભાઈ પાસે જઈ સાધુ થઈને અમારી પાસે આવજો.

તેઓને કલ્યાણનો ખપ હતો તો તે સૌ કાગળ વાંચી તરત ચાલ્યા. એ પ્રમાણે જેમ ચમક પથ્થર લોઢાને ખેંચે તેમ ચમત્કારી મૂર્તિ પ્રાણી માત્રના મનને ખેંચતા એવા શ્રી પુરુષોત્તમનારાયણ મહાપ્રભુજીનું સાંનિધ્ય પામવા માટે તેમની આજ્ઞા મુજબ પ્રથમ જેતલપુર જઈને દીક્ષા લીધા. તેઓ સાધુ થઈ ભૂજ આવ્યા. મહારાજને ભેગા થયા.

ગામ ખાખરેચી, વાંટાવદર, હળવદ થઈ મહારાજ અઢાર સાધુ સહિત ધ્રાંગધ્રા આવતા હતા. પથ્થરની ખાણોને માર્ગે એક તલાવ છે જેને હાલ જોગાસર કહે છે તે જોગાસર પર ઊતર્યા.

ગામમાંથી હરિભક્તો ખાનપાન લાવ્યા. તેમના નામ મુળજી

લાધા, વસ્તા લાધા, બેચરભાઈ, કલ્યાણજી પાઠક, વીરજી ભટ્ટ, ઈશ્વર વ્યાસ, નાન પંડ્યા, ભવાનીશંકર, મૂળજી ઓઝા તે પોતાના પાંચે દીકરા સહિત આવ્યા હતા; તેમના નામ જેશંકર, જેઠો, ભગવાન, મંગળજી. પ્રભાશંકર; તથા વસ્તાના જગન્નાથ, કલ્યાણજી, નાણાવટીની બંને દુકાન ચાલતી તેમને ત્યાં રાજા અમરસિંહના દીકરા રણમલસિંહજી તથા લધુભા સોનું લેવા ગયા હતા. તે વાત આગળ લખશું.

પછી બાકી રહ્યા હરિભક્તના નામ નથુ બક્ષી, કૃષ્ણ પારેખ, રાઘવજી, ત્રિકમ પારેખ, ખુશાલ દોશી, જેઠાભાઈ તથા વેલશી મણિયાર, ખુશાલ સોની, લીલાધર, ગોવા, અભરામ, સોની રણછોડ, સોની વીરા રવજી, સોની વણારસી, જાડેજા સાંગાજી, શુકલ નરશી, તત્સુત જગજીવન આદિ હરિભક્ત અને બાઈ હરિભક્તનાં નામ : રૂપાબા, કેશાબા, જમનાબા, ગોમતીબા, અવલબા, મીઠીબા, રામબા, ઝકલબા, વણિક ઝમકુબા, બ્રાહ્મણમાં હરકુંવરબા તથા હરિબા આદિ બાઈઓ શ્રીહરિની સેવા કરતાં હવા.

તે સમે રાજકુમાર રણમલસિંહજીને સોનું લેવું હતું તે મૂળજી ઓઝાને બોલાવ્યા હતા અને તેમને કહ્યું જે તમારા ગુરુ સ્વામિનારાયણ બહુ ચમત્કારી છે. ઘણા માણસોને પોતાના વિષે ચમત્કાર જણાવે છે. હાલમાં આપણા મેથાણ ગામના અજા પટેલ અને બીજી અઢાર વ્યક્તિ ત્યાગી થઈ તેમની સાથે ચાલી નીકળ્યા છે. એ વાત અમારા સાંભળવામાં આવી છે, તો અમને સ્વામિનરાયણ બતાવો.

મૂળજીએ કહ્યું: "અમારા ગુરુ તો હાલમાં અહીં બિરાજે છે. તળાવની પાળ ઉપર ઊતર્યા છે. માટે આપને દર્શન કરવાં હોય તો ત્યાં પધારો. બાપુને ખબર ન પડે અને ફરવા નિમિત્તે ત્યાં

પધારો અને એમને જોઈ આવો." તે વાત સાંભળી બંને ભાઈ રણમલસિંહજી તથા લધુભા ઘોડા ફેરવીને આવ્યા. શ્રીજીમહારાજને તથા બીજા સંતોને જોતા હતા.

શ્રીજીમહારાજ વડતળે બેઠા હતા. તેમને જોઈ બંને રાજકુમારો ઘોડેથી ઊતરી, મહારાજને પગે લાગી, તેમની પાસે બેસતા હતા. તે સમે તે મૂર્તિને જોતાં એવું સુખ આવ્યું જે, બ્રહ્માંડમાં બીજે ક્યાંય સુખ નથી. એવું સુખ તો મૂર્તિ જોતાં જ થયું. સર્વ સાધુને યોગાભ્યાસ કરાવતા જોયા. તેમાં કેટલાક તો નોળી, કુંજરી કરતા અને કેટલાક તો ખેચરી ને અમ્રરોલી કરતા, કેટલાક વજ્રોલી કરતા હતા. તે જોઈ રાજકુમારે મૂળજી ઓઝાને બોલાવીને કહ્યું જે, "તમારા ગુરુને જવા દેશો નહિ. સંત-હરિભક્તોને જમાડવાનું જે ખર્ચ થાય તે અમો તમને આપશું. અત્યારે અમારે મોડું થયું છે. કાલે જરૂર આવશું." એમ કહી મહેલે ગયા.

પછી સર્વ હરિભક્તો આવ્યા અને સભા થઈ. શ્રીજીમહારાજે ઘણા પ્રકારની વાત કરી તે વાત સાંભળી ત્રિવિધ તાપથી બળેલ જનના મનને સંતોષ થતો હતો. રાજકુમારો પોતાના દરબારમાં ગયા. રાત્રે વાળુ કરી સૂતા. મહારાજની મૂર્તિ સંભારી ત્યારે તે મૂર્તિનું સુખ સંભારતા સંભારતા રાત વીતી ગઈ. સવાર થઈને એમ થયું જે હવે ક્યારે દર્શન કરવા જઈએ? એવી રીતે મનમાં મૂર્તિ સાથે રટના થવા લાગી. તેઓ પણ પૂર્વના જોગી હોવાથી તીર્થવ્રત ઉપર બહુ રાજી હતા અને પ્રીતિ હતી.

બીજે દિવસે પોતાના બાપુ અમરસિંહજીને પૂછ્યું જે, "સ્વામિનારાયણ આવ્યા છે તો અમારે બંને ભાઈઓને દર્શને જવું છે. આપ રજા આપો તો જઈએ." રાજા અમરસિંહજીએ હા કહી; અસવારી લઈને જાઓ એમ કહ્યું. ત્યારે અસવારી કરી ને

ઘોડા, હાથી ને મીના પાલખી, સરબંધી આરબની બેરખ એવી શોભા સાથે ગયા.

તે સમે શ્રીજીમહારાજે પોતાનું ઐશ્વર્ય એવું દેખાડ્યું કે મોટા મોટા ધોળા હાથી, ઘોડા, વિમાન અને રથ, બિછાના-બેઠક, પુષ્પના હાર, ગજરા, મેવા આદિ દેખાડ્યું. આ લોકથી પર અલૌકિક સમૃદ્ધિ જોઈને પોતાની સમૃદ્ધિ તો તુચ્છ સમજી સર્વ જે દર્શને આવ્યા હતા તે સમૃદ્ધિ જોઈ વિસ્મય પામ્યા.

કુમાર રણમલસિંહજીને શ્રીજીએ ગોલોકધામને મધ્યે રહ્યાં એવાં રાધાજી સહિત મોરલી બજાવતા જે શ્રીકૃષ્ણ તે રૂપે પોતાનું દર્શન કરાવ્યું. તે જોઈ તેઓ આનંદમાં સમૂહમાં નિમગ્ન થઈ ગયા. તે સમાધિ એક ઘડી રહી.

પછી શ્રીજી પાસે સર્વ માણસોની સભા બેઠી હતી ત્યારે શ્રીજીએ વાત કરવા માંડી.

રાજકુમાર રણમલસિંહજી પ્રશ્ન પૂછતા હતા જે, "ભગવાનને શું સાધને કરી પમાય?"

શ્રીજી બોલ્યા જે, "દેવનું અર્ચન કરવું, બ્રાહ્મણનું પૂજન કરવું, નાનાં પ્રકારનાં દાન આપવા, સર્વને મધુર વાણીએ કરી બોલાવવા, હિંસા તથા પરસ્ત્રીનો ત્યાગ કરવો. ચોરી, દારૂ, માટીનો ત્યાગ કરવો. તો તેને પ્રત્યક્ષ ભગવાન મળે અને લોકમાં મોટી કીર્તિ પામે. પરલોકમાં ભગવાનના ધામમાં જાય." એવી ઘણી વાતો કરી.

તે સાંભળી પ્રસન્ન થઈ શ્રીજીની રજા લઈ ચાલ્યા અને વાજતે ગાજતે પોતાના દરબારમાં પાછા આવ્યા. આવીને પોતાના બાપુને સર્વ માણસને દેખાયું હતું તે સર્વે વાત કહી જે, "બાપુ! સ્વામિનારાયણ તો બહુ ચમત્કારી છે. એમની પાસે એવી સમૃદ્ધિ છે જે તેમના આગળ તો આપણે કંઈ હિસાબમાં નથી. તેમની

એક જાજમમાં આપણું રાજ ઊડી જાય એવી તો એક જાજમ હતી. રત્ને જડિત થાંભલા, હીરામોતીથી જડેલ મોટી ચંદની અને બીજા સામાનની શી વાત કહેવી!" એવી ઘણીક વાત કરી.

તે સાંભળી તેમના બાપુને જણાયું જે સ્વામિનારાયણ તો જાદુગર છે. તેમના સિવાય બીજા માણસો તથા રાજકુમાર રણમલસિંહજી અને હરિભક્તો તો એમ માનતા હતા જે એ તો ભગવાનનું સામર્થ્ય છે ને તેઓ ઈશ્વર છે, એમ જાણી શ્રીજીમહારાજને એક માસ રાખ્યા. નિત્ય નવી નવી રસોઈ કરાવીને જમાડતા હતા. હરિભક્તોને વાતુનું બહુ સુખ આપતા હતા.

કુમારો પણ સાંજ-સવારે ત્યાં આવતા ને સાધુ યોગાભ્યાસ કરતા તેને જોઈ તે તળાવડીનું નામ જોગાસર પાડ્યું.

આ તળાવ ગળાવીને રણમલસિંહે બંધાવ્યું છે. શા માટે? તો યોગાભ્યાસનું નામ રહે અને શ્રીજીમહારાજની સ્મૃતિ રહે તે માટે અને શ્રીજીમહારાજના ઉપદેશે કરી તેમણે યોગાભ્યાસ કરવા માંડ્યો.

શ્રીજીમહારાજે કહ્યું: "તમે રાજયોગ કરો છો?"

ત્યારે રણમલસિંહજીએ કહ્યું જે, "રાજયોગ કયો?"

શ્રીજી કહે: "ધર્મનું સ્થાપન કરે અને પ્રજાને પુત્રવત્ પાળે. જનકરાજાની પેઠે રાજ્યમાં છે તો પણ નિર્બંધ છે. માટે રાજ્યમાં રહીને ભગવાન ભજવાં."

એવી રીતે શ્રીહરિએ રાજકુમાર રણમલસિંહજીને ઉપદેશ દીધો. તે ગ્રહણ કરી શ્રીહરિનાં વચન માથે ચડાવ્યાં. શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતા-મૂર્તિ પૂજતા. બ્રાહ્મણની ચોરાસી કરતા. ત્રાંબા-પિત્તળના વાસણની લ્હાણી કરતાં. નિત્ય ગૌદાન આપતાં અને ઝાલાવાડ તથા કાઠિયાવાડમાં ગામેગામના બ્રાહ્મણ જમાડી

ત્રાંબા-પિત્તળનાં વાસણ દાનમાં આપતા, જ્ઞાતિનાં વાસણો કરાવતા હતા. તીર્થાટન જતા અને વ્રત કરતા, ભગવાનનું ભજન કરતા.

રણમલસિંહજી નિત્ય શ્રીહરિનાં દર્શને એક માસ સુધી આવતા. તેમને શ્રીહરિનું નિત્ય નવીન દર્શન થાય તેથી શાસ્ત્રમાં ચોવીસ અવતાર કહ્યા છે તે કેવા હશે? એમ શ્રીજીમહારાજને પૂછ્યું. ત્યારે શ્રીહરિએ પ્રથમ કૃષ્ણરૂપે દર્શન આપ્યાં; પછી રામચંદ્રજી રૂપે દર્શન આપ્યાં; મચ્છરૂપે, કચ્છરૂપે, વારાહરૂપે, હયગ્રીવરૂપે, વામનરૂપે, કપીલરૂપે, દત્તાત્રેયરૂપે, હંસરૂપે, યજ્ઞરૂપે, ધન્વંતરિરૂપે, મોહિનીરૂપે, નરનારાયણરૂપે, ઋષભદેવરૂપે, નારદજીરૂપે, વ્યાસરૂપે, બુદ્ધરૂપે, નૃસિંહરૂપે, પૃથુરૂપે, સનતકુમારરૂપે, પરશુરામરૂપે, બળદેવરૂપે- એવી રીતે ચોવીસ અવતારરૂપે ચોવીસ દિવસ સુધી નિત્ય નવાં દર્શન આપ્યાં અને એક માસમાં બાકીના છ દિવસ સુધી અક્ષરધામને વિષે શ્રી પુરુષોત્તમનારાયણરૂપે દર્શન કરી તે રૂપને વિષે મનની વૃત્તિ ચોંટાડીને મૂર્તિને મનમાં ઉતારવાનો આદર કરી સર્વોપરી શ્રીહરિને જાણ્યા.

એવી રીતે હરિભક્તોને પણ સમાધિ કરાવી દર્શન આપતા હતા. આવી રીતે આનંદ ઉત્સવ થતો, ત્યાર પછી શ્રીજીમહારાજની પૂજા કરવા માટે કુમાર પ્રાર્થના કરતા હતા. ત્યારે પૂર્ણાનંદ સ્વામીને મહારાજને કહ્યું જે અહીં લાવો. વસ્તીમાં તો અમો નહિ આવીએ.

આ પ્રમાણે કહ્યું એટલે તે કહેઃ "બહુ સારું." પછી, બીજે દિવસે ફૂલના ગજરા અને શેલાં, પાઘડી, સોનેરી શિરપાવ, ધૂપદીપ કરી આરતી ઉતારતા હતા. તે સમે તેજનો સમૂહ મહારાજની મૂર્તિમાંથી નીકળતો દેખાવા લાગ્યો ને ઘણું સુખ આપ્યું.

પછી પ્રાર્થના કરી ત્યારે મહારાજ પ્રસન્ન થઈ કહેઃ "અમે

હવે મેથાણ જઈશું. તમે સુખેથી ભગવાન ભજજો. સર્વે હરિભક્તોનું કલ્યાણ કરશું, તેમ તમારું પણ કલ્યાણ કરશું અને ભગવાનના ધામમાં લઈ જઈશું." એમ વર આપ્યો.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પંચાવનમો વિશ્રામ.

## વિશ્રામ ૫૬

સંવત (૧૮૫૯) અઢારસો ઓગણસાઠમાં શ્રીજીમહારાજ પહેલવેલા ઝાલાવાડમાં પધાર્યા હતા.

મેથાણ ગામમાં ઝાલા પૂંજાભાઈ તથા કાકાભાઈ; તેમની બહેન જીજીબાઈના ઘેર પધાર્યા અને મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. જીજીબાઈ ઓરડામાં કમાડની ઓથે રહી મહારાજનાં દર્શન કરતાં હતાં. તેમને રામાનંદ સ્વામીના વખતથી સત્સંગ થયો હતો. રામાનંદ સ્વામી તો શરીરે પુષ્ટ હતા અને મહારાજની મૂર્તિ તો તપે કરી કૃશ થઈ ગયેલાનાં દર્શન કરતાં. જેવી રીતે જીજીબાના અંતરમાં રામાનંદ સ્વામીનો નિશ્ચય હતો તે પ્રમાણે મહારાજનો નિશ્ચય હતો નહિ. અંતરમાં જરા સંશય હતો.

મહારાજનાં દર્શન ઓરડામાં રહી કરતાં હતાં. પછી મહારાજે થોડી વારે જીજીબાને સાદ કરી બોલાવ્યાં. જીજીબાએ ઓરડામાં રહી ફરીથી મહારાજનાં દર્શન કર્યાં. તે વખતે રામાનંદ સ્વામીની મૂર્તિનું તેજ હતું તે મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયું. આવી રીતે મહારાજે જીજીબાના મનનો સંશય મુકાવ્યો. જીજીબા બહાર આવી, મહારાજનાં દર્શન કરી ગદ્‌ગદ થઈ ગયાં. જે વખતે મહારાજની કોરનો અંતરમાં સંશય હતો તે સમે રામાનંદ

સ્વામીની મૂર્તિ દેખાઈ હતી.

મહારાજે કહ્યું: "દર્શન કરવા આવવામાં વિલંબ કેમ થયો? તમને શું ઘાટ થયો હતો?"

જીજીબા મહારાજની આગળ કહેતાં શરમાયાં, પણ મહારાજે આગ્રહ કરી જેવી રીતે રામાનંદ સ્વામીનું મહારાજને પડખે દર્શન થયું અને રામાનંદ સ્વામીની મૂર્તિનું તેજ મહારાજની મૂર્તિમાં સમાયું, તે વાત મહારાજ, પૂંજાભાઈ ને કાકાભાઈ એમ ત્રણેયે જીજીબાને પૂછી.

પછી પૂંજાભાઈ તથા કાકાભાઈને પોતાના પ્રગટ પ્રમાણનો નિશ્ચય કરાવ્યો અને સદાવ્રત મહારાજે બંધાવ્યું અને કહ્યું જે, "સર્વ સાધુને સદાવ્રત અપાવજો." જીજીબા પાસે થાળ કરાવી મહારાજને જમાડ્યા. મહારાજ તે સમે દશ રાત્રી મેથાણ મધ્યે ભક્ત પૂજાભાઈ તથા જીજીબાને ઘેર રહ્યા. ત્યાર બાદ મુળીપુર પધારતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છપ્પનમો વિશ્રામ.

## વિશ્રામ ૫૭

શ્રી પુરુષોત્તમનારાયણને પ્રિય તે મેથાણ ગામમાં દુર્વાસાના શ્રાપથી મુનિઓ પ્રગટ થયા હતા; તે મુનિઓના સ્નેહથી શ્રીહરિ વારંવાર મેથાણ આવતા.

મેથાણ ગામમાં સરોવરની પાળ ઉપર વૃક્ષથી શોભાયમાન દેરી છે. તે ગામમાં આત્મારામ દ્વિજના બે પુત્રો, ગોવિંદરામ તથા દેવરામ; વિપ્ર ગોરધનના પાંચ પુત્રો, ભગવાનજી, ડોસાભાઈ, ભવાનીશંકર, હીરાભાઈ તથા ફૂલજીભાઈ હતા.

તેમાંથી ભવાનીશંકર બ્રહ્મચારી થયા.

તે પુરના અધિપતિ ઝાલા મેઘજીભાઈના બે પુત્રો- વીરાભાઈ અને હાલાજીભાઈ હતા. પટેલ ખેતાભાઈના અજાભાઈ આદિ ત્રણ પુત્રો હતા. તેમાં અજા પટેલ બહુ બુદ્ધિશાળી હતી. શ્રીજીમહારાજમાં અનન્ય પ્રીતિવાળા હતા. શ્રીહરિએ અઢાર જણને સાધુ થવા બોલાવ્યા ત્યારે બ્રાહ્મણે મેથાણ જઈ વજેરીએ પત્ર આપવાથી અજા પટેલ પત્ર વાંચી તુરત ચાલી નીકળ્યા ને કડુ થઈ દીક્ષા લેવા જતા હતા.

ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી, પૂર્વાશ્રમમાં કડુ ગામમાં રહેતા હતા. તેમણે અજા પટેલને પૂછ્યું: "મામા! ક્યાં જાઓ છો?"

અજા પટેલ કહે: "મહારાજે પત્ર લખી તેડાવ્યા છે, તે જેતલપુર દીક્ષા લેવા જવું છે."

ત્યારે ભાણાભાઈ કહે: "મને પત્ર વંચાવો." પત્ર વાંચી હાથે મીંઢળ બાંધેલ હતું તે તોડી નાખી કહે: "હું પણ તમારી સાથે દીક્ષા લેવા આવીશ."

અજા પટેલ કહે: "તમોને ક્યાં તેડાવ્યા છે?"

તો તેઓ કહે: "કાગળમાં 'આદિ' શબ્દ લખેલ છે. તો આદિ'માં હું પણ આવી ગયો." પછી જેતલપુર જઈ શ્રીજીની આજ્ઞા મુજબ સ્વામી રામદાસભાઈ પાસે સાધુ થયા. અજા પટેલનું નામ પૂર્ણાનંદ સ્વામી પાડ્યું. તેમના ભાણેજનું નામ અદ્‌ભુતાનંદ સ્વામી પાડ્યું.

હરજી પટેલના બે પુત્રો જીવરાજ અને પિતાંબર હતા. તેમાં પિતાંબર સાધુ થયા. તેમનું નામ પિતાંબરાનંદ સ્વામી પાડ્યું. પિતાંબરાનંદના પૂર્વાશ્રમના પુત્ર સાધુ થયા. તેમનું નામ પ્રજ્ઞાનંદ સ્વામી હતું. તેઓ નિત્યાનંદ સ્વામીના શિષ્ય થયા.

મેથાણમાં કેશવજી નામે પટેલ હતા તે ત્યાગી થયા. તેમનું

નામ સૂર્યપ્રકાશાનંદ સ્વામી હતું. વળી ભગુ તથા કૃષ્ણ એ બેના નામ સ્વયંપ્રકાશાનંદ તથા અનંતાનંદ હતા. પટેલ જીવાભાઈ તથા હરખાભાઈ, માધવજીભાઈ, કમાભાઈ તેઓ કુટુંબ ત્યાગ કરી પરમહંસ થયા. તેમનું નામ ચૈતન્યાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી એમ અનુક્રમે નામથી વિખ્યાત થયા હતા. તે ગામમાં કૃષ્ણ, અમરા તથા બીજા કૃષ્ણ તે ત્રણ સાધુ થયા. તેમનું નામ શુદ્ધધર્માનંદ, પદ્મનાભાનંદ અને નિયમાનંદ હતા.

જીવા પટેલ જે રામગ્રીમાં રહેતા તેમનું નામ નરોનારાયણાનંદ સ્વામી હતું. તે જીવા પટેલના બે પુત્રો સાધુ થયા. તેમનું નામ યોગાનંદ સ્વામી તથા કૃષ્ણાનંદ સ્વામી હતું. મેથાણથી સિદ્ધપુર જતાં શ્રીજીમહારાજ ગામ રામગ્રી પધાર્યા હતા.

તે ગામમાં પટેલ આંબાભાઈના દીકરા ગોપીભાઈ તથા કેશવજીભાઈ તે બંને શ્રીજીમહારાજના આશ્રિત થયા. શ્રીહરિ પાસે કંઠીઓ બંધાવી. નાતની ઉપાધિ આવવા માંડી, પણ બંને ભાઈઓએ તેને ન ગણકારતાં શ્રીજીનું ભજન કરવા માંડ્યું. તેવામાં એક વખત ત્યાંથી ત્રણ ગાઉ દૂર ગામ ઈંગરાડીમાં કોઈક કણબીએ પોતાના પિતાનું કારજ બહુ સારું કર્યું અને નાત બધીને કંકોત્રીઓ લખી, તેમાં એમ લખ્યું કે, 'ટીલવા' એટલા ન આવે.

ગોપી પટેલના પિતાશ્રી આંબા પટેલ ઈંગરોડી બે-ચાર (દિવસ) દહાડા આગળથી ગયા હતા. કંકોત્રીમાં ઉપર કહ્યા પ્રમાણે આગેવાનોએ લખ્યું હતું એટલે ગામ રામગ્રીમાંથી ગોપી પટેલ તથા કેશવજી પટેલ તથા તેના ઘરના કોઈ માણસ ઈંગરોડી કારજમાં ન ગયા. પછી નાતીલાઓએ તપાસ કરતાં કહેઃ "કોણ કોણ નથી આવ્યું?" એમ ખબર કાઢતાં આંબા પટેલને કહેઃ "તમારા દીકરા બંને તથા ઘરના કોઈ નથી આવ્યા." ત્યારે તેઓ કહે : "ખળાના કામને લઈ નહિ આવ્યા હોય."

તેવામાં કોઈક કણબીએ ત્યાં એમ કહ્યું કે: "આપણે કંકોત્રીમાં લખ્યું છે કે 'ટીલવા' ન આવે." પછી આંબા પટેલ કહે: "હા, હમણાં હિન્દુસ્તાની બાવા જે સ્વામિનારાયણ તે અમારે ગામ આવ્યા હતા ત્યારે તે બે ભાઈ તેમના હાથે વર્તમાન ધારી, તેમના આશ્રિત થયા છે. તે તમોએ 'ટીલવા' એટલે સ્વામિનારાયણના આશ્રિત ન આવે તેમ લખ્યું છે. તેથી નહિ આવ્યા હોય."

પછી ત્યાંથી કાગળ લખીને નાતે માણસ તેડવા મોકલ્યું, પણ તે માણસથી બંને ભાઈ ન આવ્યા. એટલે તે માણસ પાછો આવ્યો. ત્યારે નાતના બે આગેવાન માણસ તેડવા ગયા.

ત્યારે ઘરના કોઈને ન લઈ ગયા અને ગોપી પટેલ તથા કેશવજી પટેલ બંને આવ્યા. તેઓએ નાતમાં જઈ કહ્યું: "કેમ અમને બોલાવ્યા છે?"

ત્યારે નાતીલા કહે: "તમો કેમ કારજમાં ન આવ્યા?"

ત્યારે તેમણે કહ્યું જે, "તમે કંકોત્રીમાં લખ્યું છે કે 'ટીલવા ન આવે' પછી કેમ આવીએ?"

નાતીલા કહે: "તમો જમી લ્યો."

એટલે તે બે ભાઈ કહે: "અમારે જમવું નથી. અમારો શો ગુનો જે નાતીલાએ લખ્યું જે 'ટીલવા ન આવે' તે અમને સમજાવો. પછી અમો જમશું."

વળી તે બંને ભાઈઓએ કહ્યું: "જે દિવસથી અમો સ્વામિનારાયણના આશ્રિત થયા છીએ તે દિવસથી અમો સવારે વહેલા ઊઠી, નાહી, શ્રીહરિની પૂજા કરી, વ્યવહારિક કામ કરવા જઈએ છીએ અને સ્વામિનારાયણે ધરાવેલાં પંચવર્તમાન પાળીએ છીએ. નાતમાં આ પ્રમાણે ધર્મ કેટલા પાળે છે? તે તપાસી જુઓ. સ્વામિનારાયણના આશ્રિતને તમોએ ન આવે

તેમ લખ્યું તે હવેથી તેમ ન લખવું તેમ પ્રબંધ કરો, તો જમવું છે, નહિ તો નહિ જમીએ."

પછી નાતીલા વિચાર કરી કહેઃ "તમો પાંચ વર્તમાન કહો છો તે પાંચ વર્તમાન ક્યાં? તે અમને સમજાવો."

પછી ગોપી પટેલ કહેઃ "દારૂ, માટી, ચોરી, અવેરી, ને વટલવું-વટલાવવું નહિ તે પાંચ વર્તમાન છે."

નાતીલા કહેઃ "તેમાં અમને કાંઈ ખબર પડતી નથી તે સમજાવો."

ગોપી પટેલ કહેઃ "આપણે દારૂ પીવા કોઈ જતા નથી પણ ઘરમાં ગાળ્યા વિનાનું દૂધ, પાણી, ઘી, તેલ વગેરે પ્રવાહી ઉપયોગમાં લઈએ તેને દારૂ તુલ્ય કહ્યું છે.

આપણે માંસ ખાવા નથી જતા, પણ આપણા ઘેર અન્ન શોધ્યા વિના વપરાય તેમાં ધનેડાં, ઈયળો, ભૂડણાં આદિક જીવો ખાવામાં આવે તે માંસ તૂલ્ય કહેવાય. જળ તથા અન્ન ગાળ્યા તથા શોધ્યા વિનાનું ન વાપરવું.

ચોરી કરવા નથી જતા પણ ધણિયાતા ખેતરમાંથી તેના ધણીને પૂછ્યા વિના બાજરીઓ તથા સાંઠા, સિંગો લઈએ તો ચોરી અથવા કોઈની વસ્તુ પડી હોય તે લઈ લઈએ તે ચોરીનું કામ કહેવાય.

અવેરી જે પોતાની સ્ત્રી વિના બીજી સ્ત્રી સાથે વ્યવહાર, કહેતા તેનો સંગ તે વ્યભિચાર કહેવાય. બીજી સ્ત્રીઓને મા, બેન, દીકરી સમાન ગણવી પણ કોઈ પરસ્ત્રીનો સંગ ન કરવો. તે અવેરીનો ત્યાગ જાણવો.

કોઈનું ન ખપતું હોય તેનું રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ ન પીવું તથા પાવું નહિ, અન્ન ન ખાવું અને ન ખવરાવવું. જો મહિમા હોય તો સાકર કે ફળ પ્રસાદીના કરીને લેવા તેમાં

બાધ નહિ. આ પાંચ વર્તમાન પાળીએ છીએ."

ત્યારે નાતીલા કહેઃ "આવો ઉજળો ધર્મ અમે જાણતા નહોતા, હવે તમે ખાઈ લ્યો."

પછી તે બંને ભાઈઓ કહેઃ "અત્યારથી બંદોબસ્ત કરો કે સ્વામિનારાયણના આશ્રિતની કોઈ

દિવસ કંઠી ન તોડાવવી તથા તેમને અડચણ ન કરવી એવો પ્રતિબંધ કરો તો અમારે ખાવું છે."

નાતીલા વિચારી કરી કહેઃ "આટલું પાળે છે અને આપણામાં તો તે પ્રમાણે બધા વર્તનારા નથી તો આવા ધર્મવાળાને આપણાથી કેમ હેરાન કરાય? માટે હવેથી આપણે તેઓને કોઈ જાતની અડચણ કરવી નહિ એવો આજથી પ્રતિબંધ કરવામાં આવે છે."

બંને ભાઈ તેમ નક્કી થવાથી જમીને ઘેર આવ્યા. ગોપીભાઈના દીકરા રાજાભાઈ, તેમના દીકરા મલુભાઈ, તે પરિવારે સહિત સર્વે શ્રીહરિના અતિ દૃઢ આશ્રિત થયા. આ પ્રમાણે રામગ્રી ગામ શ્રીજીમહારાજ પધાર્યાની તથા વર્તમાન ધરાવ્યાની પ્રસંગોપાત વાત કરી.

હવે હું મેથાણ ગામમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યમાં દુર્વાસાના શ્રાપ નિમિત્તે પ્રગટ થયેલા મનુષ્યોનું પ્રિય કરવા તથા સુખી કરવા વારંવાર શ્રીહરિ મેથાણ ગામમાં પધારતા તે ગામની વાત કરું છું.

શ્રીજીમહારાજ કોઈક વખત અસવારે સહિત, કોઈ સમયે સંતમંડળે સહિત, ક્યારેક પાર્ષદ સહિત પધારતા, ક્યારેક મુકુંદવર્ણી સહિત પધારતા. ક્યારેક પંદર દિવસ, ક્યારેક બે માસ, ક્યારેક ચાર માસ આવીને મેથાણ ગામમાં રહેતા.

ક્યારેક ગોવિંદરામભાઈને ઘેર છાના રહેતા હતા- કોઈ વાર તે ગામના તળાવમાં શ્રીહરિ જળક્રીડા કરતા તથા પીપળાનું વૃક્ષ હતું ત્યાં પીપાસરનો આરો પ્રસિદ્ધ છે, ત્યાં

બેસી જ્ઞાનોપદેશ કરતા. કોઈ સમે શ્રીહરિ એકલા પણ મેથાણ ગામમાં આવતા.

મહારાજ એક વખત મેથાણમાં કચ્છમાંથી એકાએક પધાર્યા હતા. ધનાળામાં વલ્લભ સુતારને ઘેર જમી, ત્યાંથી દેરીઆરી તલાવડીએ આવ્યા. જારના ઝાડ પર શિંગિયો વચ્છનાગનો ઝેરી વેલો હતો તે ઉતારી, તેના પાંદડા વાટી, ગોળો કરી જમ્યા. શિવની દેરીમાં બારણે ઓશીકું કરી પોઢી રહ્યા. સવારે ગામ માનસર થઈ હળવદ તળાવની ઊભી પાળે વેદસ્તુતિ બોલતા આવી બ્રાહ્મણોને મળ્યા. નારાયણજીભાઈને ઘેર ગયા અને રાત રહી ધ્રાંગધ્રા થઈ મેથાણ પધાર્યા.

આગલા દિવસની રાત્રીએ જીજીબાને મહારાજ પધારતા હોય એવા દર્શન થયાં હતાં. જીજીબાએ પૂંજાભાઈ તથા કાકાભાઈને ઉઠાડી વાત કરી કેઃ "મહારાજ પધારતા હોય તેવાં મને દર્શન થયાં."

તેઓ કહેઃ "હમણાં કચ્છમાં સંભળાય છે, તો અહીં ક્યાંથી પધારે? પછી તમો કહો તેમ કરીએ."

જીજીબા કહેઃ "તમે ઘોડો લઈ ધ્રાંગધ્રા સુધી મહારાજની સામા જાઓ."

આ પ્રમાણે જીજીબાના કહેવાથી કાકાભાઈ તૈયાર થઈ ઘોડે સામાન નાખીને ગયા. ગાળા ગામની પાદરની ઉગમણી તરફ ગયા. દિવસ ત્યાં ઊગવાનો સમય હતો. મહારાજ ચાલ્યા આવતા હતા. ત્યાં દૂરથી સાધુને આવતા જોઈ કાકાભાઈના મનમાં સંકલ્પ થયો જે આ બાવો ચાલ્યો આવે છે તે કદાચ મહારાજ હોય!

એમ વિચાર કરે છે ત્યાં મહારાજનું મુખારવિંદ જરાક મરક્યું. તેથી દાડમની કળી જેવા દાંતનું તેજ ને સૂર્યની કિરણનું તેજ એક થઈ જતું જોયું. મસ્તકે વાળ જેમ સોનાના તાર ચળકે

તેમ મહારાજના વાળ ચમકતા હતા તે જોવામાં આવ્યું. ત્યાં મહારાજ એકદમ નજીક આવ્યા એટલે ઘોટા ઉપરથી ઊતરી કાકાભાઈ મહારાજને દંડવત્ પ્રમાણ કરી, મહારાજને બાથમાં ઘાલી મળતા હતા. "મારા બાપલિયા પધાર્યા." એમ કહી દર્શન કર્યાં. મહારાજને ઘોડા પર બેસાડી કાકાભાઈ મેથાણ તેડી લાવ્યા.

રસ્તે આવતાં કાકાભાઈના વાંટાને સીમાડે આવી શ્રીજીએ પૂછ્યું: "કાકાભાઈ! અહીંથી તમારા વાંટાનો સીમાડો આવ્યો?"

કાકાભાઈ કહે: "હા, મહારાજ! તમને ક્યાંથી ખબર પડી?" એવી રીતે ચાલ્યા આવે છે તેવામાં મેથાણ નજીક આવતાં ગાયકવાડના ઘોડા ખંડણી લેવા માટે ગાયનું ધણ રોકી રસ્તામાં ઊભા હતા. મહારાજ ત્યાં પધાર્યા અને કાકાભાઈને કહ્યું જે, "આપણે માર્ગે સીધો ઘોડો લઈ જવો છે." ત્યારે કાકાભાઈ કહે: "બહુ સારું!"

એમ કહી પોતાની તરવાર લઈ, સાવચેત થઈ મહારાજની આગળ ગાયકવાડના ઘોડા સોંસરા સીધા ચાલ્યા. ઘોડાવાળાઓએ રસ્તમાંથી ખસી જઈ રસ્તો કરી આપ્યો. મહારાજ ઘોડા ઉપર બેસી ચાલ્યા અને ઘોડાવાળા કાંઈ બોલ્યા નહિ.

પછી કાકાભાઈને કહ્યું: "તમારા વાંટામાં ઝાડ ઘણાં છે પણ વાડીઓ છે કે?"

કાકાભાઈ કહે: "મહારાજ! વાડી તો નથી."

પછી મહારાજ કહે: "ઝાડ બહુ સારાં છે, પાણી મીઠું હશે." એમ કહી ગામની નજીક પધાર્યા.

ગામના માણસો પૂંજાજી સહિત ગાયકવાડના ઘોડા જોવા આવેલ હતા. માણસોએ પૂંજાજીને કહ્યું: "દાજી! પેલો ઘોડો આવે છે તે તમારો લાગે છે પણ ઉપર તો કોઈ બીજું બેઠું હોય એમ લાગે છે. ઘોડા આગળ તો એક માણસ ચાલ્યો આવે છે." આ

સાંભળી પૂંજાજી બોલ્યા: "મહારાજને તેડવા સારુ કાકાભાઈને જીજીબાએ ઘોડો લઈ સામા મોકલેલ છે." એમ ગામના માણસો આગળ પૂંજાજીએ વાત કરી.

કાકાભાઈને તરવાર ઉપર લૂગડાંનો ધજાગરો કરી, ચિચિયારી કરી (બૂમ પાડી) પૂંજાજીને કહ્યું: "ગામના માણસોને ખબર આપો જે મહારાજ પધાર્યા છે. સામૈયું લઈ સામા આવો." તે સાંભળી માણસો એકદમ ગામમાં આવ્યા. જીજીબાને ખબર આપી. જીજીબાએ બાઈઓ તથા ભાઈઓને બોલાવી, મહારાજનું સામૈયું લઈ વાજતે-ગાજતે તેડવા આવ્યાં. મહારાજ ગામની ભાગોળ સુધી પધાર્યા એટલે કુમકુમનો ચાંદલો અને ગુલાબના પુષ્પ વડે વધાવ્યા અને કાકાભાઈ તથા પૂંજાભાઈના ઘેર પધરાવ્યા.

જીજીબાએ મહારાજને થાળ કરી બહુ હેતથી જમાડ્યા. મહારાજ દશ રાત્રી રહ્યા પછી કહ્યું: "અમારે સિદ્ધપુર જઈ, સમૈયો કરી, યજ્ઞ કરવો છે. તમો સર્વે ત્યાં દર્શન કરવા આવજો."

બીજે દિવસે મહારાજ મેથાણથી ચાલ્યા તે ખેરવા, રામગ્રી થઈ વીરમગામ પધાર્યા, ત્યાં તળાવમાં સ્નાન કરી રામપરા ગયા. ત્યાંથી સિદ્ધપુર જઈ કંકોત્રી મોકલી અને જે તિથિએ યજ્ઞ કરવો હતો, તેના ખબર આપ્યા હતા.

કાકાભાઈ તથા પૂંજાભાઈ જીજીબાની રજા લઈ સિદ્ધપુર સમૈયે દર્શન કરવા આવ્યા હતા. મહારાજ ત્યાં હવન-હોમ કરાવે છે; એવામાં દાન કરવાનો વિધિ આવ્યો. તે વખતે શ્રીજીએ પૂંજાભાઈ તથા કાકાભાઈ પાસે માણસ મોકલી એમનો ઘોડો મંગાવ્યો. કાકાભાઈએ ઘોડા પર સામાન તથા પોતાનો ખડિયો, વાસણ, પહેરવાનાં લૂગડાં જે ખડિયામાં હતા તે સહિત માણસ સાથે મોકલી આપ્યો. મહારાજે તે ઘોડો સામાને સહિત બ્રાહ્મણને દાનમાં આપી દીધો.

સંઘમાં એ વાતની ચર્ચા થવાથી કાકાભાઈ તથા પૂંજાભાઈને સવારમાં ખબર પડી જે એમને ઘોડો મહારાજે દાનમાં આપી દીધો, તે સાંભળી બંને ભાઈઓએ મહારાજ પાસે આવી કહ્યું: "મહારાજ! ઘોડો તો ભલે આપ્યો પણ અમારાં રાંધવાનાં વાસણ, લૂગડાં વગેરે ખડિયામાં હતા તે પણ આપી દીધાં? અમે હવે ખાઈશું શેમાં?"

મહારાજ કહે: "સાધુ સાથે બેસી પત્તર લ્યો, બ્રાહ્મણને આપ્યું દાન પાછું ન લેવાય." એમ કહી શાંત કર્યા. આવી રીતે ત્યાં ઘણા દિવસ રહી બ્રાહ્મણ તથા સંઘને જમાડી લીલા કરી. પછી સર્વે હરિભક્તને રજા આપતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સત્તાવનમો વિશ્રામ.

## વિશ્રામ ૫૮

શ્રીજીમહારાજ ત્રીજી વખત મેથાણ પધાર્યા ત્યારે એક માસ સુધી કાકાભાઈ તથા જીજીબાના ઘેર છાના રહ્યા હતા. તે સમે કાકાભાઈની ખવાસણ બાઈ સામને પાણીનું બેડું લઈ આવતી જોઈ. કાકાભાઈને ઘેર આવી સામે જીજીબાને મા કહી બોલાવ્યાં. ત્યારે મહારાજે બાઈ સામને કહ્યું: "તમારે માનું શું કામ છે?"

ત્યારે બાઈ સામ કહે: "મારે પાણીનું બેડું ઉતરાવવું છે."

મહારાજ કહે: "લાવો ઉતરાવું." એમ કહી મહારાજ ઘરમાંથી બહાર આવ્યા અને સામને માથેથી ઘડો લઈ બેડું ઉતરાવ્યું.

સામે મહારાજને પૂછ્યું કે: "મારાં બાઈ ક્યાં ગયાં છે?"

મહારાજ કહે: "બાઈનું તમારે શું કામ છે? તમારી બાઈ

બહાર ગયાં છે."

તેણીએ કહ્યું કેઃ "મારે ખાવું છે."

મહારાજ કહેઃ "લ્યો, હું આપું." એમ કહી કોઠો ઉઘાડી રોટલો અને દહીં લઈ સામને ખાવા આપ્યાં.

સામ બેઠી બેઠી રસોડામાં ખાય છે ત્યાં તેની બાઈ અમઝીબા આવ્યા અને પૂછ્યુંઃ "સામ! રોટલો હાથે લઈ ખાવા બેઠી?"

ત્યારે તેણીએ કહ્યુંઃ "મને મહારાજે કોઠામાંથી લઈને આપ્યો."

અમઝીબાએ મહારાજને પૂછ્યુંઃ "મહારાજ! તમે સામને ખાવા આપ્યું?"

તેઓ કહેઃ "હા."

અમઝીબા કહેઃ "તમને કોઠામાંથી ભલું હાથ આવ્યું!"

ત્યારે મહારાજ કહેઃ "અમને હાથ આવે, એમાં શું આશ્ચર્ય!"

મહારાજ પાસે એક વખત શ્રીફળ તથા સાકર આવેલી. કાકાભાઈની દીકરી બાઈબાની નાની ઉંમર હતી. પૂંજાભાઈના દીકરા દલાજી પણ નાની વયના હતા. બન્નેને નાનાં છોકરાં જાણી મહારાજે પોતાની પાસે બોલાવી કહ્યુંઃ "તમે બન્ને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એમ ધૂન તાળી વગાડી કરો. ધૂન જે વધારે વખત કરશે અને થાકી નહિ જાય તેને અમે આ નાળિયેર અને સાકર આપીશું."

આ પ્રમાણે કહી બાઈબા તથા દલાજી પાસે ઘણો સમય ધૂન કરાવી. ધૂન બંધ કરી દલાજી તો રમવા જતા રહ્યા અને બાઈબા તો ધૂન કરતાં હતાં. તે જોઈ મહારાજ કહેઃ "બાઈ, રાખો. તમે અમને બહુ રાજી કર્યા." એમ કહી શ્રીફળ અને

સાકર બાઈબાને આપ્યાં.

ત્યાં દલાજી આવ્યા ને મહારાજને કહે: "મને પણ શ્રીફળ અને સાકર આપો."

મહારાજ કહે: "તમે અમારા કહેવા પ્રમાણે ધૂન કરી નથી તો તમને નહિ આપીએ. બાઈબાએ તો અમને ધૂન કરી બહુ રાજી કર્યા છે. એટલે એમને આપ્યાં."

પૂંજાભાઈના ફળિયા વચ્ચે લીમડો હતો; તે લીમડા પર દલાજી ચડ્યા અને રાડો નાંખી કહ્યું જે, "મને પ્રસાદી આપો, નહિતર અહીંથી બૂમો પાડીશ કે 'મહારાજ મારા ઘેર છાના રહ્યા છે'."

આ સાંભળી મહારાજે કાકાભાઈ તથા પૂંજાભાઈને કહ્યું: "આ દીકરાને નીચે ઉતારો! નહિતર અમને છાના રહેવા દેશે. નહિ." દલાજીને નીચે ઉતારી સાકર તથા શ્રીફળ લાવીને આપ્યાં. એવી રીતે એક માસ સુધી રહ્યા અને જીજીબા નિત્ય નવા નવા થાળ કરી જમાડતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અઠ્ઠાવનમો વિશ્રામ.

## વિશ્રામ ૫૯

એક વાર શ્રીજીમહારાજ મેથાણમાં એક માસ રહ્યા હતા. કાકાભાઈ, પૂંજાભાઈ તથા જીજીબાના ઘેર રહેતા. સત્તર વાર મહારાજ ત્યાં પધાર્યા છે. ગામમાં થાળ જમી હરિભક્તોને સુખ પણ આપ્યાં છે. ચતુર્ભુજના મંદિરનો ચૂનો દેવડાવ્યો હતો, તે વખતની વાત છે જે,

ચતુર્ભુજની મૂર્તિ જોઈ મહારાજ બાથમાં ઘાલી મળ્યા અને

તે મંદિર પર રહી ચૂનો દેવડાવ્યો હતો. શંકરના મંદિરથી દક્ષિણાદિ બાજુ એક પથ્થર છે. ત્યાં ચાકળો નાખીને બેસીને ચતુર્ભુજના મંદિરને કડિયા લોકો ચૂનો આપનાર સારી રીતે કામકાજ કરે તે સારુ બબ્બે કલાક, કોઈ દિવસ સવારે અથવા સાંજે આવી બેસતા હતા.

કોઈ દિવસ મંડપ આગળ આવી કઠોડા પર બેસતા હતા, મંદિરમાં મંડપને ચાર સ્થંભ મોટા છે. તેમાં ઉત્તરાદિ તરફના બે સ્તંભમાંથી ઉગમણી તરફનો સ્થંભ છે તેને એક દિવસ બાથ ભરી કહ્યું: "અહોહો! આ સ્થંભ બહુ જાડો છે. એવી રીતે ઘણા દિવસ સુધી ચતુર્ભુજના મંદિરમાં ચૂનો દેવડાવ્યો ને સોઝ કરાવ્યું. દરરોજ કાકાભાઈ પોતાના ઘેર એમની બેન જીજીબા પાસે થાળ કરાવી શ્રીજીને જમાડતા હતા.

મહારાજ જમવા જતા ત્યારે પૂંજાભાઈને સાથે લઈ જતા અને પોતાની પ્રસાદી થાળમાંથી જમાડતા હતા. તે ઉપરથી ગામના લોકોએ પૂંજાભાઈને મહારાજના પ્રતાપે ખાવા મળે છે એમ વાતો કરવા માંડી. તેથી એક વાર કાકાભાઈએ પૂંજાભાઈ પર ગુસ્સે થઈ જમવા ટાણે મહારાજની સાથે જવાની ના પાડી.

ઠક્કર દેવરાજને ઘેર મહારાજને થાળ કરી જમવા તેડાવ્યા. મહારાજને ઘેર તેડાવી જમાડ્યા પછી થાળની જમતાં વધેલી પ્રસાદી લઈ કૂતરાંની ચાટમાં ખડકી બહાર કુંડીમાં નાખી. મહારાજ તેમના ઘેરથી ઊઠી બહાર નીકળ્યા. પોતાના થાળની પ્રસાદી કૂતરાંને નાખેલી જોઈ કુરાજી થયા. ત્યાંથી કાકાભાઈ તથા પૂંજાભાઈના ઘેર મહારાજ પધાર્યા.

મહારાજે કહ્યું: "પૂંજાભાઈ! કાકાભાઈએ આજે તમને અમારી સાથે આવવા ન દીધા. અમારી પ્રસાદી તેઓએ કૂતરાંની ચાટમાં નાખી તે ઠીક ન કર્યું."

પૂંજાભાઈ કહે: "મહારાજ! લોકો ખોટી ચર્ચા કરે છે, તેથી હું નહિ આવી શકું."

મહારાજ કહે: "કાકાભાઈ, તમારે પર ગુસ્સે થયા હતા તેથી તમે આવ્યા નહિ. પણ અમારી પ્રસાદી કૂતરાંને ખવડાવી. હવે લોક તો ગમે તેમ કહે, પણ તમારે અમારી સાથે અમો જમવા જઈએ ત્યારે આવવું પડશે." આવી રીતે મહારાજે એક માસ સુધી કાકાભાઈ તથા પૂંજાભાઈના ઘેર મેથાણમાં રહી લીલા કરી હતી.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ઓગણસાઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૦

શ્રીજીમહારાજ ભૂજમાં ગંગારામ મલ્લને ત્યાં વિરાજમાન હતા. તે સમે હળવદ નામે પુરમાં રહેતા નારાયણજીભાઈ જોશી, કોઈ સારા મહાત્માને કહેવે કરી "ઓમ નમો ભગવતે વાસુદેવાય" તે મંત્ર જપ કરો તો ભગવાન મળે, એમ કહેવાથી જપ કરતા હતા. તેના વ્રતની સમાપ્તિ માટે પોતાના સમીપે બેઠેલે મુનિઓને મહારાજ કહે: "તમો કોઈ સોરઠ, કોઈ ગુજરાત, કોઈ પંચાલ આદિ દેશ પ્રત્યે જાઓ. અમો હળવદ નારાયણજીભાઈ અમને પામવા જપ કરે છે; તેને દર્શન આપી, માઘ માસની બારસને દિવસે સિદ્ધપુર આવશું. તમો પણ ત્યાં સર્વે આવજો. શિવરાત્રીનો ઉત્સવ ત્યાં કરીશું."

પછી મુનિઓ તે તે દેશ પ્રત્યે ગયા. મહારાજ ભૂજથી ભચાઉ, વાંઢિયા થઈ માળિયા પધાર્યા. ત્યાંથી મોરબી ગયા. ત્યાં બ્રહ્મવાદીઓનો મત સત્શાસ્ત્રથી ખંડન કરી વિશિષ્ટાદ્વૈત મતથી

સાક્ષાત્ પુરુષોત્તમ દિવ્ય મૂર્તિનું પ્રતિપાદન કરીને ત્યાંથી ચાલ્યા. શ્રીહરિ પોતે દેવળિયા ગામ થઈ ધનાળા ગામ પધાર્યા. ત્યાં સુતાર વલ્લભને ઘેર લીંબવૃક્ષના મૂળ પર બિરાજમાન થયા.

તે સમે જાની ગંગારામ તથા તેના ભાઈ મેઘજી લોટ માગવા આવ્યા. ત્યારે શ્રીજીમહારાજના ચરણારવિંદમાં સોળ ચિહ્નો જોઈ ગંગારામ બોલ્યા કે: "આ કોઈ ભગવાન છે. કેમ કે સામૂદ્રિક શાસ્ત્રમાં લખ્યું છે કે ભગવાનના ચરણારવિંદમાં સોળે ચિહ્ન હોય." એવો ગંગારામને નિશ્ચય થવાથી તેના નાનાભાઈને કહે: "આ નક્કી ભગવાન છે."

ત્યારે મેઘજીભાઈ કહે: "મોટા પુરુષ તો ખરા."

ત્યારે મહારાજ કહે: "ભગવાન હોય તો કેવી રીતે ઓળખાય?"

તે કહે: "ભગવાનની આંખમાં રત્ન ગોળ ફરતું દેખાય."

પછી શ્રીજીમહારાજ કહે: "જુઓને નેત્ર!" ત્યારે નેત્ર જોયાં તો રત્ન ગોળ ફરતું દેખાયું. તેથી મેઘજીભાઈને પણ નિશ્ચય થયો.

મહારાજ કહે અમો સિદ્ધપુર શિવરાત્રીનો ઉત્સવ-સમૈયો કરશું તો તમો જરૂર ત્યાં આવજો."

ગામ ધનાળામાં અંબારામ ત્રવાડી નામે બ્રાહ્મણ હતા. તેને શ્રીજીમહારાજે બ્રહ્મચારી કરી વૈષ્ણવાનંદ નામ પાડ્યું હતું. તે ઘેર હતા. તેઓ સિદ્ધદશાવાળા હતા. ગામમાં ખોડા ભક્ત તથા દેવળિયામાં મૂળજી અઘારો પણ સિદ્ધદશાવાળા હતા.

એક સમે અંબારામ ત્રવાડી તથા ખોડા ભક્ત તથા ગામના બીજા માણસો કાઠિયાવાડમાં બળદ લેવા ગયા. એક નાના ગામમાં રાત રહ્યા. બીજે દિવસે એકાદશી હતી, તેથી રાત્રે રસોઈ કરી જમવું હતું. ગામમાં વાણિયો એક જ હતો. તેની પાસે લોટ, દાળ, ચોખા વગેરે લેવા ગયા ત્યારે તે વાણિયો જૈન હોવાથી દિવસ

અસ્ત થઈ ગયેલ એટલે સીધું આપ્યું નહિ.

તેણે કહ્યું: "ચોવિહાર થઈ ગયા પછી રાત્રીએ વેપાર કરતો નથી." તેને ઘણું સમજાવ્યો પણ સીધું આપ્યું નહિ.

પછી અંબારામ ત્રવાડી ખોડાભાઈને કહે: "આ વાણિયામાં પ્રવેશ કરો તો આપણને સીધું આપે."

ત્યારે ખોડાભાઈ કહે: "જૈનમાં પ્રવેશ કરવાની મહારાજે ના કહી છે."

અંબારામભાઈ કહે: "આવતી કાલે એકાદશી છે, માટે ખાધા વિના ઉપવાસ બધા નહિ કરી શકે."

પછી તેમની મરજીથી ખોડા ભક્તે વાણિયામાં પ્રવેશ કર્યો. જેથી તેનું અંતઃકરણ તુરત જ ફર્યું ને કહે જે, "તમારે જોઈએ તે લઈ જાઓ." એમ કહી લોટ, દાળ, બળતણ, વાસણ વગેરે સામાન આપ્યો.

અંબારામભાઈએ કહ્યું: "તમારા પૈસા લઈ લ્યો."

વાણિયો કહે: "મારે પૈસા નથી લેવા."

સવારે વાસણ આપવા ગયા ત્યારે વાણિયો કહે છે કે: "હું દિવસ અસ્ત થયા પછી કોઈને કંઈ વસ્તુ આપતો નથી. મારા અંતઃકરણમાં ફેરફાર થયો તેનું કારણ શું?"

ત્યારે અંબારામ ત્રવાડી કહે: "આ ખોડા ભક્તે તમારું અંતઃકરણ ફેરવ્યું."

ગામ ધનાળામાં શ્રીજીમહારાજ વલ્લભ સુતારને ઘેર જમ્યા અને તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી પરિપક્વ નિશ્ચય કરાવ્યો.

શ્રીજીમહારાજ સુસવાવ પાસે કેદારિયા થઈ દેરીઆરી તલાવડી પધાર્યા. ત્યાં શિવની દેરી છે તે સામે જારના વૃક્ષ પર શિંગિયો વચ્છનાગનો ઝેરી વેલો હતો; તે ઉતારી પાંદડાં વાટી ગોળો કરી જમતા હતા. તે જોઈ ભરવાડ કહે: "બાવા! આ તો ઝેર

છે તે મરી જશો." તો પણ દેરીના પરથાર પર વાટી ગોળો કરી જમી ગયા અને શિવની દેરીએ બારણાનું ઓશીકું કરી પોઢી રહ્યા.

સવારે ત્યાંથી માનસર ગયા. ત્યાં એક ઘેર છાશ પીધી અને કૂવામાં ઊતરી પાણી પીને ચાલ્યા તે હળવદના તળાવની ઊભી પાળે વેદસ્તુતિ બોલતા ચાલ્યા આવતા જોઈ બ્રાહ્મણો સાંજે સંધ્યા કરતા હતા, તે પગે લાગ્યા અને નારાયણ જોશી મહારાજને પગે લાગી ઘેર તેડી ગયા.

સાંજે દેવની પૂજા કરતા શ્રીજીની આરતી ઉતારી ત્યારે શ્રીજીનું તેજોમય દર્શન થયું તેથી બહુ આનંદ પામ્યા. એકાદશીની રાત્રી શ્રીજી ત્યાં રોકાયા. સવારે પારણા કરવાનું કહ્યું પણ ધ્રાંગધ્રાના માર્ગે ચાલી નીકળ્યા. જોશી પણ પાછળ ગયા પણ પારણું કરવા ન રહ્યા. જોશીએ મહારાજને બહુ પ્રાર્થના કરી પણ તેઓ ચાલી નીકળ્યા.

નારાયણ જોશી પાછા આવી ઠાકોરજીને થાળ ધરે છે ત્યાં તેજના સમૂહમાં મહારાજે દર્શન દીધાં એટલે દર્શન કરી તેઓ બહુ આનંદ પામ્યા. તેમને જમાડવાની તાણ હતી તેથી શ્રીજીમહારાજે ત્યાં દિવ્ય સ્વરૂપે જમીને તેમનો મનોરથ પૂર્ણ કર્યો પછી અદૃશ્ય થઈ ગયા.

ધ્રાંગધ્રામાં ઘેલડી માતાજીના મંદિરના ગોખમાં બેસી, ત્યાંથી અવલબા ભક્ત હતાં, તેમને ઘેર સાંજે જમી, હાલ મંદિર છે ત્યાં નીચે હાટડી (દુકાન)માં પોઢી રહ્યા. સવારે મેથાણ પધાર્યા.

જીજીબાને સ્વપ્નમાં દર્શન થયાં જે શ્રીજીમહારાજ મેથાણ આવે છે. કાકાભાઈને ઘોડો લઈ સામા મોકલ્યા. ગાળા ગામના પાદરની નદીમાં આથમણી બાજુ પ્રકાશ દીઠો, તે જાણે આથમણે તો સૂર્ય હોય! નજીક આવ્યા ત્યારે કાકાભાઈએ શ્રીજીમહારાજને દીઠા. દંડવત્ કરી, અશ્વ પર બેસાડી, ઘેર તેડી

લાવ્યા. શ્રીજીમહારાજે સર્વેને પોતપોતાના ધર્મ પાળવાના કહ્યા. તેનો વિસ્તાર શ્રીહરિલીલામૃતમાં છે.

ગામના હરિભક્તોએ વસંત પંચમીને દિવસે પૂજન કર્યા એવા શ્રીહરિ ત્યાંથી રામગ્રી પધાર્યા, જીવરાજ આદિ ભક્તો સન્મુખ આવી શ્રીહરિનું પૂજન કરી, ચરણમાં નમસ્કાર કરી, પોતાના ઘર પ્રત્યે લઈ ગયા. ત્યાં રાત રહી ગામ ડુમાણા પધાર્યા. ત્યાંથી વિરમગામ ગયા અને મુનસર સરોવરમાં સ્નાન કરી ત્યાંથી રામપુર ગામને પામતા હતા. ત્યાંથી દેત્રોજ થઈ ઝૂંઘતલ ગામ ગયા. ત્યાંથી પુંડરીકાક્ષ, વિજાપુર, હુંડાહવય થઈ સિદ્ધપુર પધાર્યા.

આવી રીતે સંવત (૧૮૬૨) અઢારશો બાસઠમાં નારાયણજીભાઈને મનોરથ સિદ્ધ કરવા ભૂજથી સંતોને બીજા રસ્તે મોકલી પોતે હળવદ આદિ ગામોએ થઈ મેથાણ ગયા ને ત્યાંથી સિદ્ધપુર પધાર્યા.

સંવત અઢારસો અગણોસિત્તેરની (સં. ૧૮૬૯) સાલમાં મહારાજ મેથાણમાં પધાર્યા હતા. ભગુજી પણ સાથે હતા. આવતી વખતે દિવસ આથમ્યો. તળાવના અંગોરમાં દોડીઆની તળાવની પાળે મહારાજ આવ્યા, ત્યાં એક રબારી બકરાં ચારતો હતો. મહારાજે તેને બોલાવી કહ્યું: "આ ગામમાં તમે ગોવિંદરામ તથા દેવરામને ઓળખો છો?"

તેણે હા કહી અને કહ્યું: "આપ કોણ છો?"

મહારાજ કહે: "અમે બ્રાહ્મણ છીએ. અમારે એમનું કામ છે, તો તમે બોલાવી લાવો."

રબારી કહે: "મહારાજ! સાંજ પડી છે. માટે ગામમાં પધારો."

મહારાજ કહે: "અમારે ગામમાં આવવું નથી. મળવાનું જ કામ છે."

રબારી એકદમ દોડી ગોવિંદરામ તથા દેવરામની પાસે આવી કહે કે: "એક બ્રાહ્મણ તળાવની પાળે આવી તમને મળવા માગે છે." એમ સાંભળી બન્ને ભાઈઓએ રબારી સાથે આવી મહારાજનાં દર્શન કર્યાં.

મહારાજે તેમને પૂછ્યું: "કાકાભાઈ, પૂંજાભાઈ તથા જીજીબા ઘેર છે?" તેમણે હા કહી. એટલે

શ્રીજીમહારાજ કહે: "અમારે તમારા ઘેર છાના રહેવું છે તો રહેવાય એવું છે?" ત્યારે કહે : "હા મહારાજ! પધારો." પછી મહારાજ એમના ઘેર પધાર્યા.

દેવરામને ઘેર આવી મહારાજે ભલામણ કરી જે કાકાભાઈ, પૂંજાભાઈ તથા જીજીબાને ખબર પડવા દેશો નહિ. એમ કહી તેઓના ઘેર રહ્યા. ગોવિંદરામના ફળિયામાં ભવાનીશંકરના ઘરની પછીતે માણસ આવે-જાય એવું બાકું (બખોલ) પાડ્યું. બીજી રાત્રીએ મહારાજ કાકાભાઈ તથા પૂંજાભાઈને ગોવિંદરામની પાસે બોલારાવ્યા. કાકાભાઈ તથા પૂંજાભાઈને બોલાવતી વખતે ગોવિંદરામ તેઓને કહે મારે ઘેર ચાલો. પણ મહારાજ એમની ઘેર છે એમ કહેલ ન હતું. બન્ને જણે તેમને ઘેર આવી કહ્યું: "શું કામ છે?" તેઓ પૂંજાભાઈ તથા કાકાભાઈને મહારાજ પાસે લઈ ગયા. તેમણે મહારાજ આગળ ગદ્‌ગદ થઈ દર્શન કર્યાં; પણ ઘણી વાર સુધી મહારાજે તેમને બોલાવ્યા નહિ. એમની સામું કરડી નજર કરી જોયું. જેથી આ બન્નેને એમ થયું જે મહારાજ જ્યારે પધારે છે ત્યારે આપણે ઘેર પધારે છે. આ વખતે આપણે ત્યાં પધાર્યા નહિ માટે મહારાજને આપણો કંઈ દોષ જણાયો હશે. એમ વિચારી ઓશિયાળા (ઝંખવાણા) થઈ વગર બોલ્યા બેસી રહ્યા.

પછી મહારાજે તેમને કહ્યું: "તમો ગઢડા દર્શને આવ્યા હતા

ત્યારે અમોએ મર્મમાં તમો બન્નેને ચેતવણી આપી હતી; પણ તમે કંઈ ધ્યાન આપ્યું નહિ, તેથી અમોએ પાછો ગઢડાથી કાગળ પણ લખી મોકલ્યો હતો: 'જે આ વરસે દુકાળ પડશે. વર્ષ નબળું છે.' એમ કહી બહુ વઢ્યા." તેથી બંને બહુ રોઈને મહારાજ આગળ ઓશિયાળા થઈ ગયા. પછી મહારાજે હિંમત આપી છાના રાખ્યા અને કહ્યું જે, "આ વરસ એવું આવશે કે માણસ માણસને ખાશે તો પણ વરસ કાઢવું કઠણ પડશે. માટે અમે તમને અમારા જાણી કાગળ લખી ખબર આપી પણ કાગળ પર તમે વિશ્વાસ રાખ્યો નહિ અને ગાફલાઈમાં રહ્યા તે માટે અમારે અહીં આવવું પડ્યું છે." પછી બંને ભાઈને ઘેર જવાની રજા આપી.

કાકાભાઈ તથા પૂંજાભાઈએ મહારાજને દીન દીન થઈ અરજ કરી કે: "મહારાજ! અમારે ઘેર પધારો."

મહારાજ કહે: "આજે અમે નહિ આવીએ. કાલે આરતી થયા પછી તમારે ત્યાં આવીશું. તમે જીજીબાને કહેજો જે 'મહારાજ આપણા ઘેર પધારે છે'." બંને જણે જીજીબાને ઘેર આવી મહારાજના કહ્યા પ્રમાણે વાત કહી. બીજે દિવસે આરતી થયા પછી બંને ભાઈ મહારાજને તેડવા આવ્યા. મહારાજે ગોવિંદરામનું અંગરખું તથા પાઘડી પહેરીને કાકાભાઈ તથા પૂંજાભાઈ સાથે ગયા.

તેઓ બજારમાં જતા હતા ત્યારે ઠક્કર વાલજીભાઈ એની દુકાનમાં બેઠા હતા. તેમણે કાકાભાઈ તથા પૂંજાભાઈની પાછળ મહારાજને આવતા જોઈ કહ્યું કે "પાઘડી અને અંગરખુ તો ગોવિંદરામનું પહેર્યું છે પણ ચાલ તો મહારાજની છે." એમ દુકાનમાં રહી બોલ્યા.

"ઠક્કર પાકો હોંશિયાર લાગે છે." એમ શ્રીજીએ કહી કાકાભાઈ તથા પૂંજાભાઈના ઘેર જીજીબાને દર્શન દેવા પધાર્યા.

જીજીબાએ મહારાજને થાળ કરી જમાડ્યા.

પાંચ રાત્રી કાકાભાઈ તથા પૂંજાભાઈના ઘેર રહ્યા. ત્યાર બાદ મહારાજ કાકાભાઈને સાથે લઈ લીમલીએ પધાર્યા. રસ્તામાં જતાં લીમલીના સીમાડે પહોંચ્યા ત્યારે મહારાજની સાથે ભગુજી તથા નાજા જોગિયા મેથાણ તેડવા આવેલ તે પણ સાથે હતા. મહારાજે ભગુજી તથા કાકાભાઈને કહ્યું: "અમને ટાઢ વાય છે તો થોડી વાર સૂઈ રહેવા દો. હજુ ઘણી રાત છે." એમ કહી મહારાજે રોક્યા.

ભગુજી કહે: "મહારાજ! અહીં માર્ગમાં સૂવું તે કરતાં ખેતરમાં જઈ રોકાઈએ તો ઠીક." પછી થોડે દૂર જઈ ખેતરમાં ભગુજીએ મહારાજ માટે ચોફાળ પાથરી આપ્યો. મહારાજ તે ઉપર પોઢી ગયા અને ભગુજીને કહ્યું: "તમે બંદૂક ભરી જામગ્રી સળગાવી, ઊભા રહી, ચોકી કરો અને માર્ગમાં જે કોઈ નીકળે તેને ટપારવો."

એવામાં થોડી વાર પછી મૂળજીભાઈ એક વોળાવિયો સાથે લઈ મહારાજની શોધ કરવા નીકળ્યા. તેમને ભગુજીએ હાકલ કરી બોલાવ્યા.

મૂળજીભાઈ કહે: "અમે છીએ."

ત્યારે ભગુજીએ કહ્યું: "મહારાજ અહીં છે. દર્શન કરવા આવો."

મૂળજીભાઈએ દર્શન કર્યાં. મહારાજને ભગુજી, કાકાભાઈ, નાજા જોગિયા સહિત પોતાને ઘેર તેડી ગયા. મહારાજને થાળ કરી જમાડ્યા. મહારાજે મૂળજી શેઠને દાણાના ભાવ વિશે હકીકત પૂછી. મૂળજી શેઠ કહે દેશાવરમાં હાલ મળે એમ નથી.

મહારાજ ઉદાસ થઈ કાકાભાઈ પર ખૂબ ખિજાયા અને કહ્યું: "અમે તમને બંને ભાઈને ગઢડામાં સભા વચ્ચે દેશકાળ

નબળા વિશે કહ્યું હતું તો પણ તે વાત તમારા ધ્યાનમાં ન રહી. તમને ગઢડાથી કાગળ લખી ખબર આપ્યા તો પણ તમને ચિંતા ન રહી. તો અમે શું કરીએ? તમારું ભવિષ્ય."

મહારાજે એમ કહી કાકાભાઈને રજા આપી પાછા જવાનું કહ્યું. કાકાભાઈએ રોવા માંડ્યું. પણ મહારાજે હિંમત આપી કહ્યું: "કાકાભાઈ! સાત દુકાળ પડશે ત્યાં સુધી તમારી ખબર રાખશું." એમ કહી કાકાભાઈનો બરડો થાબડ્યો અને છાના રાખ્યા. જેતલપુરમાં સ્વામી રામદાસભાઈ ઉપર મૂળજીભાઈ પાસે કાગળ લખાવી કાકાભાઈને દાણા લેવા સારુ મોકલ્યા અને કહ્યું: "ગમે તે દાણા લેજો, કળથી આદિ જે મળે તે તમો લઈ ઘર ભેગા કરજો."

એમ કહી કાકાભાઈને રજા આપી. પછી મહારાજ ખોલડિયાદ પધાર્યા. ત્યાં રૂડા ભક્તના ખેતરમાં વરસાદ વરસાવ્યો અને બાજકો પાક્યો. આવી રીતે કાળમાં હરિભક્તોની રક્ષા કરી.

કાકાભાઈ ઘેર આવી પૈસાની સગવડ કરી, બે ગાડાં જોડાવી પોતે જેતલપુર સ્વામી રામદાસભાઈ પાસે ગયા. દર્શન કરી મહારાજનો કાગળ આપ્યો. કાગળ વાંચી સ્વામી રામદાસભાઈએ કાકાભાઈને રોક્યા અને ડાંગર પાટીદારોના ઘેરથી ખરીદી બે ગાડાં ભરાવી આપ્યાં અને કહ્યું: "તમે આ ગાડાં ઘેર પહોંચાડી તરત પાછા વાળજો. હું તમને ફરીથી બાજરી તથા જુવારનાં ગાડાં ભરાવી આપીશ."

ડાંગરનાં બે ગાડાં લઈ કાકાભાઈ ઘેર આવ્યા અને પાછા ફરી વાર બે ગાડાં જોડી જેતલપુર સ્વામી રામદાસભાઈ પાસે ગયા. વળી સ્વામીએ પાટીદારોના ઘેરથી જુવાર તથા બાજરીનાં ગાડાં કાકાભાઈને ભરાવી આપ્યાં અને રજા આપી. ગાડાં લઈ કાકાભાઈ ઘેર આવ્યા અને એ દાણામાંથી પોતાના વરા (વપરાશ)

જેટલું અનાજ રાખી બાકીના દાણા વેચી પૈસા કર્યા. શ્રીજીમહારાજે કૃપા કરી સારી પેઠે દુકાળમાં નભાવ્યા. પોતાના ભક્તોની ભગવાને કપરા કાળમાં રક્ષા કરી!

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સાઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૧

એક સમે મહારાજ ગામ મેથાણમાં કાકાભાઈ, પૂંજાભાઈ તથા જીજીબાના ઘેર રાત્રે પધાર્યા. તે વખતે મહારાજને જીજીબાએ થાળ કરી જમાડ્યા. પછી સર્વે સંતોને જમાડ્યા. બીજે દિવસે સવારમાં શૌચવિધિ તથા દાતણ કરી મુખ શુદ્ધિ કરી નાહીને પોતાનું નિત્ય કર્મ પતાવી મહારાજ ઢોલણી ઉપર વિરાજમાન થયા. મહારાજ તે પહેલાં પધારેલ ત્યારે ઊનું ઘી જીજીબા પાસે મંગાવી જમતા તેથી આ વખતે પણ જીજીબાએ ઘી ઊનું કરી મહારાજ આગળ મૂક્યું.

મહારાજ કહે: "શું લાવ્યાં, જીજીબા?"

જીજીબા કહે: "ઘી લાવી છું, તો તે જમો."

મહારાજ કહે: "તે વખતે તો અમારે શરીરે ગરમી જણાતી હતી માટે ઘી ઊનું કરી સવારમાં પીતા હતા અને હવે કંઈ સાજા શરીરે પિવાય?" વળી મહારાજ કહે: "ઊના ઘીની અમારે રુચિ નથી. થીનું ઘી હોય તો જમીશું."

કાકાભાઈ કહે: "મહારાજ! ઘી તો આપના પ્રતાપથી ઘરમાં ઘણું છે, તે જમો." એમ કહી ઘીની પાર આગળ મૂકી.

મહારાજ પારમાંથી ઘી લઈ બે હાથે જમતા તે આશરે બશેર અઢીશેર ઘીની પાર હતી. તેવામાં પટેલ મલુ મહારાજનાં દર્શન

કરવા આવ્યા. તેઓ તલી (તલ) કાપવા વગડામાં જતા હતા એટલે તેમની પાસે ભાતાના રોટલા હતા. તેઓ દર્શન કરી પાછા વળ્યા. પછી મહારાજે પટેલને પાછા બોલાવી કહ્યું: "પટેલ! આ તમારી પાસે લૂગડામાં શું છે?"

મલા પટેલ કહે: "મહારાજ! હું તલ કાપવા વગડામાં જાઉં છું, તે રોટલા બાંધ્યા છે."

મહારાજ કહે: "અમને આપશો?"

મલા પટેલે મહારાજને કહ્યું: "લ્યો મહારાજ!" પછી ઢોલણી ઉપર મૂક્યા. તેની મહારાજે ગાંઠ છોડી અંદરથી રોટલા લીધા અને પછેડી પાછી આપી.

મહારાજે કાકાભાઈને કહ્યું: "અમારે ઘી વધારે જોઈશે. અમો એકલા જમશું નહિ. અમારી સાથે સર્વ સખા છે, તેમને જમાડી અમે જમશું."

કાકાભાઈ કહે: "આપના પ્રતાપથી ઘી ઘણું છે; તો સુખેથી સર્વને જમાડો."

મહારાજ કહે: "ભલે લાવો."

કાકાભાઈએ ઘરમાંથી ઘીની પાર લાવી મહારાજ આગળ મૂકી. મહારાજ પારમાંથી ઘી લઈ બે હાથે જમતા હતા. એમ ઘણી વાર પોતે જમ્યા. સર્વે સખાઓને કહે: "લ્યો બશેર, લ્યો અઢીશેર." એમ દરેકને પીરસીને જમાડ્યા. પોતે જમતા હતા તે ઘીની પાર મોટી હતી. શ્રીજીને જમતા જોઈ સુરા ખાચર અલૈયા ખાચરને કહે: "મહારાજ તો રાજાધિરાજ છે ને તું તો ભાણું દુબલડી છે. ડુબુસ ડુબુસ કરે છે, પણ ઘી તો સોંસરું નીકળે તો પછેડી બગડશે, માટે વિચારીને ખાજે."

સુરા ખાચરનું આવું વચન સાંભળી મહારાજે સખાઓને પૂછ્યું: "સુરા ખાચર શું કહે છે?"

ત્યારે તેઓ કહે: "મહારાજ! કાંઈ નહિ. આપ જેમ ભણતા હોય તેમ ભણો."

મહારાજ કહે: "જે વાત હોય તે કહો."

સુરા ખાચર કહે: "મહારાજ! આ દુબલડી અલૈયો ડુબુસ ડુબુસ કરે છે તે પચાવવું કઠણ પડશે. ભણું કાગળની કોથળીમાં ભીંસણ દઈ સાટા ભરીએ તો કેટલા અંદર સમાય? ને કેટલી ભીંસણ ખમે? માટે વિચારીને ખાજે." એમ કહ્યું.

પછી શ્રીજીમહારાજ કહે: "ઘી ખાઈને કોઈ દુઃખી થાય તેવું ન કરશો." એમ કહી ઘણી રમુજ કરી. તે સમે કાના પટેલ મહારાજનાં દર્શન કરવા આવ્યા. એમણે મહારાજને બન્ને હાથે ઘી જમતા જોયા અને મહારાજના મુખથી ઘીના રેલા ગળે ઊતરતા જાય અને બે હાથે ઘીના રેગાડા કોણી પર ઊતરતા જાય. તે જોઈ પોતાના મનમાં સંશય થયો કે ગરાસિયાને ઘી વધારાનું છે તે શા માટે બગાડે છે? અને જેમ તેમ જમે છે એને ભગવાન માની લીધા. એમ કહી પાછા વળ્યા.

ત્યારે કાકાભાઈને મહારાજ કહે: "કોણ પાછું વળ્યું?" કાકાભાઈ પાછળ ગયા અને જોયું તો કાના પટેલ હતા પણ તેઓ પાછા આવ્યા નહિ. કાકાભાઈ આવીને મહારાજને કહે: "એ તો કાના પટેલ હતા." મહારાજે સખાઓને કહ્યું: "ઘી જમતાં કોઈ દુઃખી થાય તેવું કરશો નહિ." પછી જમવું બંધ રખાવી, તાસ મંગાવી, વધેલું ઘી, લોટ તથા ગોળની કુલેરં ચોળી ઘોડાઓને રાતપ અપાવતા હતા.

એવી રીતે લીલા કરી આનંદ ઉપજાવતા હતા. કાકાભાઈને મહારાજ કહે: "તમારું બધું ઘી અમારે જમવું હતું પણ કાઠી થાકી ગયા એટલે જમાણું નહિ." એમ કહી મહારાજ બહુ રાજી થતા હતા. જળ મંગાવી, જળપાન કરી, હાથ ધોઈ મુખારવિંદ ધોઈ

સર્વ સખા તથા હરિભક્તને સાથે લઈ વાજતે-ગાજતે તળાવમાં પીપાસરને આરે પધાર્યા.

ત્યાં ઉતારો કરી, આરાની આથમણી બાજુ લીંબતરુની છાંયે ઢોલિયો ઢળાવી બિરાજમાન થયા. વાળંદને બોલાવી, હજામત કરાવી, શૌચવિધિ કરવા પધાર્યા. લીમડાથી દક્ષિણ બાજુ જરા દૂર આથમણી તરફ મૂળ ઉપર બેસી હાથ-પગ ધોઈ, પીપાસરને કાંઠે સૌ હરિભક્ત ઊભા હતા તે સર્વેને આજ્ઞા કરી કે "આજે તો અમારે જળમાં સ્નાન કરવા જવું છે. સર્વ સાથે નહાવા ચાલો." પછી મહારાજ નહાવા પધાર્યા.

મહારાજ ઘણી વાર સુધી જળમાં સખા સંગાથે તથા હરિભક્ત સાથે જળક્રીડા કરતા હતા. મૂળજીભાઈ મહારાજ સાથે નહાવા ગયેલા તે બહુ ડૂબકી ડોળ રમતા હતા. તેઓ મહારાજને પડકારી કહે: "મહારાજ! હું તમને પકડી પાડીશ." એમ કહી ડૂબકી મારી મહારાજનો પગ પકડ્યો; પણ મહારાજે પગ તરછોડી એમને બરાડમાં ફગાવી દીધા. એવી રીતનું મહારાજનું ચરિત્ર જોઈ તેમને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો.

તેઓ મહારાજ પાસે આવીને કહે: "મહારાજ! આપ તો પૂર્ણ પુરુષોત્તમ સાક્ષાત્ ભગવાન છો." જળમાં નહાતા થાક્યા એટલે કહે: "બહાર પધારો." મહારાજ સર્વ સખા તથા હરિભક્તો સાથે તળાવમાંથી નાહી બહાર નીકળી, વસ્ત્ર ધારણ કરી વાજતે-ગાજતે ગામમાં કાકાભાઈ તથા પૂંજાભાઈના ઘેર પધાર્યા. જીજીબા પાસે થાળ મંગાવી જમતા હતા. મહારાજ પાંચ રાત્રી રહી સર્વ હરિભક્તોને દર્શનનું સુખ આપી મુળી પધારતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકસઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૨

મહારાજ સાતમી વાર મેથાણ પધાર્યા ત્યારે કાઠી તથા પંચાળાવાળા ઝીણાભાઈ સાથે હતા. કાકાભાઈ, પૂંજાભાઈ તથા જીજીબાના ઘેર પધાર્યા હતા. જીજીબાએ થાળ કરી મહારાજને સખા સહિત સર્વને જમાડ્યા. બીજે દિવસે મહારાજે કાકાભાઈ, પૂંજાભાઈ તથા જીજીબાને કહ્યું: "હાલાજીના દીકરા સાથે ઝીણાભાઈની દીકરીનો સંબંધ કરીએ." તેમણે વિચાર કરી કહ્યું: "મહારાજ! તમારી જેવી મરજી હોય તેમ કરો, અમે રાજી છીએ."

મહારાજે સંબંધ કરવા સારુ મુહૂર્ત જોઈ ગોળ ખવડાવ્યો અને પૂછ્યું: "તમારે સંબંધ કર્યા પછી શું જમણ કરવાનો રિવાજ છે? તે પ્રમાણે કરો." કાકાભાઈ તથા પૂંજાભાઈ મહારાજને કહે: "અમારે ચોખા જમાડવાનો રિવાજ છે." મહારાજે ચોખા જમાડવાની રજા આપી કહ્યું: "અમારી સાથે જેટલા મનુષ્ય તથા તમારા ઘરના અને તમારા વંશમાં જે જમવા ઘટિત હોય તે સર્વે સારુ જમણ કરાવજો."

ચોખા રંધાવ્યા, પછી સૌને પંક્તિમાં પીરસી મહારાજે કહ્યું: "કાકાભાઈ! તમે ગોળ પીરસો." મહારાજે ઘીની વાઢી લઈ પીરસવા માંડ્યું. તે ઘી થાળી ઉપરથી છલકાઈને ફરતું વાસણને કુંડાળું પડે એમ એક થાળીએથી બીજી થાળીએ તમામને પીરસતા હતા.

કાઠીઓએ મહારાજને હસી મર્મ કર્યો કે: "મહારાજ! ઘી કેટલું ખવાતું હશે?" મહારાજ કહે જે, "સગપણના કામ છે, તે પ્રમાણે પિરસાય. તમે જમો." એમ સર્વને જમવાની આજ્ઞા આપી. એવી રીતે વારંવાર ગોળ, ચોખા પિરસાવી ઉપર ઘીની

તાણ કરી પીરસીને જમાડતા હવા. જીજીબાને આગ્રહ કરી ચોખા જમાડ્યા. તેઓ હેતે સહિત જમતા હવા. આવી રીતે પાંચ રાત્રી રહ્યા અને ખૂબ લીલા કરી મુળીએ પધારતા હતા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બાસઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૩

શ્રીજીમહારાજ ગામ મેથાણમાં કાકાભાઈ, પૂંજાભાઈ તથા જીજીબાના ઘેર પધાર્યા. જીજીબાએ થાળ કરી મહારાજને જમાડ્યા. પછી મહારાજ કાકાભાઈ તથા પૂંજાભાઈના ઘેર સભા કરી બિરાજમાન થયા. ગામના સર્વે હરિભક્ત પણ મહારાજ આગળ બેઠા હતા. તે સમે મહારાજે સર્વે હરિભક્તોને પૂછ્યું કેઃ "અત્યારે વરસાદ થાય તો તમારે કંઈ નુકસાન થાય?"

સર્વે હરિભક્તોએ કહ્યું કેઃ "મહારાજ! અત્યારે અમારા ધાનના મોલ ખળામાં પડ્યા છે. વરસાદ આવે તો નુકસાન બહુ થાય."

મહારાજ કહેઃ "શી રીતે કરો તો નુકસાન ન થાય?"

સર્વે કહેઃ "ઢગલા સારી રીતે ઊંચા દબાવીએ તો થોડું બગડે."

મહારાજે સર્વેને ઢગલા બરોબર કરવાની આજ્ઞા આપી. તે સમે વાદળું ક્યાંય ન હતું. જેમને મહારાજના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ હતો તેમણે ઢગલા બરોબર સમા કર્યા. જેમને વિશ્વાસ ન હતો અને આળસ રાખી તેમણે ઢગલા બરાબર ન કર્યા.

ત્યાં તો થોડી વારમાં ઉત્તરાદિ તરફથી આવતી વાદળી સૌના જોવામાં આવી અને થોડી વારમાં તો વાદળી એકદમ ઘાટું અંધકાર

કરી ઘણી ફેલાઈ અને વરસાદ થયો. તેથી જેમણે ઢગલા બરોબર નહોતા કર્યા તેઓને નુકસાન થયું. આ વખતે મહારાજ દશ રાત્રી પૂંજાભાઈ તથા કાકાભાઈના ઘેર રહી પોતાના પુરુષોત્તમપણાનો પરચો આપી સર્વે હરિભક્તોને નિશ્ચય દૃઢ કરાવ્યો. પછી મુળી થઈ ગઢડા તરફ પધાર્યા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ત્રેસઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૪

મુળીમાં પ. પૂ. ધ. ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જન્માષ્ટમીનો સમૈયો કરી એકાદશીને દિવસે સભા ભરી વાત કરતા હતા. તે સમયે રાણા અકાભાઈ, રાણા ભોપાલજી, કંથારિયાના ભાવસિંહજી, ખેરાળીના રાણા વખતસિંહજી, વણાના રાણા મનુભા, વસતડીના ત્રવાડી ગોપાળજી, ધ્રાંગધ્રાના જગન્નાથ ઓઝા, ભગવાન ઓઝા, જેતપરના ઠક્કર દમાભાઈ; વાંટાવદરના લાધા ઠક્કર તથા હરજી સુતાર; હળવદના રણછોડ મહેતા, મોતી મહેતા આદિ હરિભક્તો બેઠા હતા.

તેઓએ આચાર્યશ્રીને પ્રાર્થના કરી કહ્યું: "મહારાજ! હાલ અહીં વિરાજો અને સર્વને વાતુનું સુખ આપો." એવી રીતે પ્રાર્થના કરવાથી પોતે સવારમાં વહેલા ઊઠી શ્રીજીની લીલાની વાતો કરતા. ક્યારેક સ્વરૂપાનંદ સ્વામી પાસે વાતો કરાવતા અને કોઈક સમે તદ્રૂપાનંદ સ્વામી પાસે પણ શ્રીજીની લીલાની વાતો કરાવતા હતા.

તે સમે મુળીપુરમાં રહેવાનો નિશ્ચય કરી આચાર્યશ્રીએ કહ્યું જે, "ગણપતિ ચોથ આવે છે, તો ગણપતિ કરવા જોઈશે, તે કોણ કરશે?"

નિર્દોષાનંદ સ્વામીએ કહ્યું જે, "પીતાંબર સુતાર તથા નિષ્કામાનંદ બ્રહ્મચારી એ બન્ને થઈ ગણપતિ કરશે."

આચાર્યશ્રીએ પીતાંબર સુતાર તથા નિષ્કામાનંદ બ્રહ્મચારી એ બન્નેને બોલાવી પૂછ્યું: "તમે ગણપતિ કરશો?"

બંને કહે: "મહારાજ! ગણપતિ અમે કર્યા નથી, પણ આપ કહો તો કરીએ."

મહારાજ કહે: "કરો, આવડશે."

એમ કહી મૃતિકાનું ગાડું મંગાવી આપ્યું. પીતાંબર સુતાર અને બ્રહ્મચારીએ રાતમાં ગણપતિ રંગી, ત્રીજને દિવસે તૈયાર કર્યા. ચોથને દિવસે સવારમાં ગણપતિ જોઈ મહારાજ કહે: "બહુ સારા થયા છે." એમ કહી પીતાંબરને થાળ આપ્યો અને બ્રહ્મચારીને શ્રીજીમહારાજનો થાળ આપ્યો અને કહ્યું: "આ બ્રહ્મચારી બહુ જ બુદ્ધિશાળી છે."

કલા ભગત કહે: "મહારાજ! એ તો શ્રીજીમહારાજની મૂર્તિઓ પણ કરે છે."

પછી આચાર્યશ્રી કહે: "કરેલી મૂર્તિ હોય તે લાવો." એટલે તૈયાર મૂર્તિ લાવી આપી. આચાર્યશ્રી જોઈને બહુ પ્રસન્ન થયા અને કહ્યું: "મૂર્તિ કરતા રહેજો તો હાથ રહેશે."

ચોથને દિવસે મધ્યાહ્નને હળવદવાળા ગોર મોરારજી ગણપતિ પૂજવાનો સામાન લાવ્યા. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહે: "પૂજન કરવું છે?"

આચાર્યશ્રી કહે: "ગણપતિને બેસવા માટે સિંહાસન અને મંડપ બનાવ્યો છે?"

મોરારજી કહે: "હા, મહારાજ!"

તે સમે સર્વે સાધુ તથા હરિભક્તો મળી દર્શન કરવા આવ્યા. મોરારજી ગોર, હળવદના શુકલ પુરુષોત્તમ, શુકલ માધવજી, વ્યાસ

નાગેશ્વર એ સર્વે વેદમંત્ર બોલતા હવા.

તે સમે વાંટાવદરના સોની મહાદેવ, સુતાર હરિભાઈ તથા લાધા ઠક્કર એમને સંકલ્પ થયો જે આ પુરુષોત્તમનારાયણના પુત્ર થઈ ગણપતિનું પૂજન શું કારણથી કરતા હશે?

આમ વિચાર કરે છે તે સમે તેજનો સમૂહ દેખાયો અને તે મધ્યે શ્રીજીની મૂર્તિ તથા ગણપતિ દેખાયા. ગણપતિની પૂજા કરી લાડુના નૈવેદ્ય કરી, આરતી ઉતારી. સર્વ બાઈ-ભાઈને પણ તેજનો સમૂહ દેખાયો અને તે તેજને વિષે શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન થયાં. સર્વનો સંશય મટી ગયો અને એમ જાણ્યું જે, "શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે તેમાં સંશય કરવા જોગ આપણે નથી."

"જો સંશય કરીએ તો બ્રહ્માની પેઠા મોહ પામીએ, માટે જેમ શ્રીજીમહારાજે કહ્યું છે તે ઠીક છે." એમ સૌને નિશ્ચય થયો. એવી રીતે પૂજા કરીને સૌ વિપ્રને દક્ષિણા આપી મહારાજ જમવા પધાર્યા અને સૌ સંતો અને હરિભક્તો માટે પણ 'હરે' થયા.

સાંજને સમે સભા થઈ. આચાર્ય મહારાજશ્રી સભામાં ગાદી-તકિયે બિરાજમાન થયા અને સાધુ કીર્તન બોલતા હતા. સભામાં સર્વે હરિભક્તો બેઠા હતા.

કીર્તન બોલી રહ્યા પછી હરિભાઈ સુતારે પ્રશ્ન પૂછ્યોઃ "મહારાજ! ગણપતિને પૂજવાનો શો હેતુ?"

ત્યારે આચાર્યશ્રી કહેઃ "ગણપતિ તો શ્રીકૃષ્ણનો અવતાર છે તે વ્રતરાજમાં કહ્યું છેઃ 'શ્રીકૃષ્ણ ભગવાને યુધિષ્ઠિર રાજાને તેમનો મહિમા ઘણો કહ્યો છે.' વળી શ્રીજીમહારાજની પણ આજ્ઞા છે માટે પૂજન કરવું, તો એમાં કંઈ સંશય રાખવા જેવું નથી."

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને તો અહોનિશ

શ્રીજીમહારાજ પાસે ને પાસે રહે છે. તેઓશ્રી તેજના સમૂહમાં ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજને દેખે છે તેવા સમર્થ છે. તે જે કહે તે ઠીક જ હોય એમ જાણજો. આ વાત અમે નજરે જોઈ તે લખી છે.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચોસઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૫

એક વર્ષે મુળીપુરમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જન્માષ્ટમીના સમૈયા ઉપર પધાર્યા હતા. ઘણા હરિભક્તો પણ આવ્યા હતા. સમૈયો સારો થયો હતો. જલેબી તથા મોતૈયા લાડુની રસોઈ થતી હતી. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પંક્તિમાં પીરસી સર્વેને જમાડતા અને હરિભક્તોને સુખ આપતા હતા. નિત્યે નવીન કીર્તન ગાતા, ગવડાવતા હતા અને અવિનાશાનંદ પાસે લખાવતા હતા.

તે સમે વસતડીના ત્રવાડી ગોપાળજી તથા હળવદના વેદાંતી મોરારજી આચાર્યશ્રી પાસે આવ્યા અને મહારાજને કહ્યું: “અહીં સર્વે હરિભક્તોને બહુ ભાવ છે તો આપ અહીં રહો અને જનોઈ બદલાવો.” એમ કહી મહારાજને રોકયા.

ભાદરવા સુદ બીજને દિવસ હસ્ત નક્ષત્ર છે. તે દિવસે ત્રવાડી ગોપાલજી, દિનકર વેદાંતી, મોરારજી આચાર્ય, જેઠા વ્યાસ, મંછારામ, જગન્નાથ, ધ્રાંગધ્રાના ઓઝા ભગવાનભાઈ, ઓઝા જેઠાભાઈ, હળવદના મકનજી દવે, નરભેરામ વૈદ્ય આદિ વિપ્ર આવ્યા હતા. સર્વે સંત, બ્રહ્મચારી કેશવાનંદ, શાંતાનંદ સ્વામી, લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારી, જગન્નાથાનંદ બ્રહ્મચારી, કરુણાનંદ

બ્રહ્મચારી આદિ બ્રહ્મચારી તથા હરિભક્તો સહિત આચાર્ય મહારાજશ્રી નદી પર સ્નાન કરવા જતા હતા. નદીમાં બેસી પહેલાં સ્નાન વિધિ કરી, ઋષિને પાટલા ઉપર સ્થાપન કરી, દર્ભને જવ-તલ લઈને ભૂત શુદ્ધિ કરીને પછી તર્પણ કર્યું.

તે સમે સુસવાવના વિભાજી, ડોસાજી, વખતસંગજી તથા તાવીના અખાભાઈ આદિને એમ મનમાં થયું જે, 'આ સાક્ષાત્ પુરુષોત્તમના ઉપાસક છે. વળી તેમના પુત્ર છે તે એમને શા માટે તર્પણ કરવું પડતું હશે?' તે સમે ઋષિને મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ જોતા હતા. મોટા મોટા રાજાઓ થઈ ગયા તેઓને જોતા હતા.

તે સમે ગરાસિયાઓ આવેલ. એમને થયું જે આજે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના દર્શને આવ્યા તેમાં આપણને ઘણો લહાવો મળ્યો. આવા સમર્થ ઋષિઓ, પૂર્વેના રાજા મનુ, દશરથ, માંધાતા, અંબરીષ, જયંત ને જદુ, હરિશ્ચંદ્ર એવા ઘણા રાજાઓ ને ઋષિ તે સર્વે તથા તર્પણનો સમો ને પુરુષોત્તમનારાયણના પુત્ર જે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તેમના સંગે કરી સર્વેનાં દર્શન થયાં અને એમ માનતા હતા જે આમનો મહિમા તો અપાર છે.

સર્વે તર્પણ કરી જનોઈ પહેરતા હતા. તેમાં કેટલાકે સોનાની, રૂપાની વગેરે પહેરાવી પૂજા કરી હતી. પછી સર્વ સાધુ, બ્રહ્મચારી, હરિભક્ત શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની પ્રસાદી કરાવી સૌ પહેરતા હતા. સર્વે બ્રાહ્મણને દક્ષિણા આપતા હતા. જમવાનું બનાવી સાધુ-બ્રહ્મચારીને જમાડતા હતા. સર્વે બ્રાહ્મણો વેદ મંત્ર ઉચ્ચારણ કરતા હતા.

આચાર્ય મહારાજશ્રી મંદિરમાં આવ્યા અને સાંજે સભા થઈ, તે સમે સર્વ સાંખ્યયોગી બાઈઓએ પ્રાર્થના કરી હળવદના રણછોડ મહેતાને આચાર્યશ્રી પાસે મોકલ્યા. તેમણે આચાર્યશ્રીને

કહ્યું જે, "આ બાઈઓને આપને જનોઈ પહેરાવવી છે તો આપ લીમડા પાસે આવો."

ચોકમાં છત્રી છે તે સમીપે પ્રસાદીના લીમડા તળે ખુરશી નાખી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બિરાજમાન થયા અને બાઈઓ જનોઈ લાવતાં જાય અને રણછોડ મહેતા આચાર્યશ્રીને પહેરાવતા જાય. એવી રીતે એકસો પાંચ જનોઈ પહેરાવી, સર્વેના મનોરણ પૂર્ણ કર્યા.

પછી શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સભામાં પધાર્યા જાણી રણછોડ મહેતાએ બાઈઓ આગળ વાત કરી જે વિભાજી જનોઈ પહેરાવવા ગયા ત્યારે પૂર્વે કહ્યું એમ દર્શન થયું હતું. તે વાત સાંભળી બાઈઓને એમ થયું જે અમોને એવા દર્શન શી રીતે થાય? તે વાત રણછોડ મહેતાને કરી.

તે ભક્તે આચાર્ય મહારાજશ્રીને આ વાત કરી. અને બાઈઓને પણ તેવા દર્શન કરવાનો સંકલ્પ છે એમ કહ્યું. તે સમે સભામાં શ્રીજીમહારાજ તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વિરાજમાન થયા છે અને સંતોની સભા ભરાઈને બેઠી છે. તે સમે અઠ્યાસી હજાર (૮૮૦૦૦) ઋષિ ને પૂર્વના મુનિ તથા તનુ રાજા, હરિશ્ચંદ્ર રાજા આદિ ઘણા રાજાઓ પૂજા કરે છે તેવા દિવ્ય દર્શન સર્વે બાઈઓને થયાં. જેથી તેઓના મનમાં એમ થયું જે ભક્ત કહેતા હતા તેમ થયું અને સર્વ આશ્ચર્ય પામ્યા. રણછોડ ભક્તને તેડાવી કહ્યું જે આવા (ઉપર લખ્યા મુજબ) અમને દર્શન થયાં.

સર્વેએ એમ જાણ્યું જે આ અયોધ્યાપ્રસાદજી મહારાજ મળ્યા તે શ્રીજીનાં દર્શન તુલ્ય દર્શન થયાં એમ માનતા હતા. આ વાત અમે નજરે જોઈ છે તે લખી છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પાંસઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૬

મુળીમાં પરમાર ભારાજીનાં દીકરી બાઈજી, તે રાણા ગજુભાઈ ઢુવાવાળાની ભાર્યાને ગઢડે મહારાજ આગળ વર્તમાન ધરાવેલા. તેઓએ મહારાજનો સમાગમ ઘણો કરેલ હતો. જામનગરમાં ગજુભાઈ કારભારું કરતા. તેમને દ્રવ્ય ઘણું મળેલું. પોતાના દેહનું આયુષ્ય આવી રહ્યું જાણી પોતાની ભાર્યાને કહ્યું જે આ મારું દ્રવ્ય છે તે સત્સંગ અર્થે વાપરજો.

બાઈજીબાએ પોતાની માલિકીનું ગામ ઢુવામાં આવેલું એંસી વીઘાનું ખેતર મંદિરમાં આપ્યું, પરંતુ તેમના પતિશ્રીએ રૂપિયા વાપરવાના કહેલ તે ન વાપર્યા. બાઈજીબા મુળી દર્શને આવ્યાં. ઠાકોરજીનાં દર્શન કરી શ્રીજીની મૂર્તિ સામું જોઈ બેઠાં હતાં ત્યારે શ્રીજીમહારાજે દિવ્યરૂપે દર્શન આપી કહ્યું: "તમારા ધણીએ રૂપિયા વાપરવાના કહેલ તે હજુ વાપર્યા નથી, તો ભૂત થવું પડશે."

ત્યારે બાઈજીબા બોલ્યાં: "મહારાજ! શેમાં વાપરું?"

મહારાજ કહે: "હિંડોળો રૂપાનો કરાવો. એમાં દશ હજાર રૂપિયા વાપરો અને સાધુને એક રસોઈ આપો."

તેઓ દર્શન કરી ઘેર આવ્યાં. રાત્રે મહારાજની મૂર્તિ દેખાવા માંડી. જેથી એમ સંકલ્પ કર્યો જે હવે તો સવારમાં રૂપિયા આપી હું હિંડોળો કરાવું. સવારે મંદિરમાંથી કોઠારીને બોલાવી રૂપાનો હિંડોળો બનાવવા માટે રૂપિયા ગણી આપ્યા. બાઈજીબાએ સંતોને રસોઈ પણ આપી. ભારે જરીના વાઘા, શેલા, પાઘડી અને ઘરેણાં ધરાવ્યાં. આવી રીતે શ્રીજી ભક્તોના મનોરથ પૂર્ણ કરતા ને પોતાની મૂર્તિ દ્વારા ઘણા હરિભક્તોનાં કામ કરતા હતા. પ્રગટપણે કેટલીક વાર ભક્તજનને આનંદ ઉપજાવતા હતા. સંકલ્પ મનોરથ પૂર્ણ કરતા હતા.

મુળી મંદિરમાં એક વાર બ્રહ્મચારીએ મહારાજને પાણી પાયા (પિવડાવ્યા) વગર પોઢાડી દીધા. બ્રહ્મચારી સૂવા ગયા પણ તેઓને ઊંઘ આવે નહિ. બ્રહ્મચારીને મહારાજે દર્શન આપી કહ્યું: "પાણી નથી પાયું અને સૂઈ ગયા છો તો તમને ઊંઘ શી રીતે આવે?"

પછી બ્રહ્મચારી લક્ષ્મીનારાયણાનંદે મહારાજને પાણી ધરાવ્યું અને પ્રાર્થના કરી કહ્યું : "મહારાજ! હવે પોઢી જાઓ." આ પ્રમાણે ઘણી વાર મહારાજ માગીને થાળ જમતા, ટાઢપ લાગે તો પાગરણ માગતા હતા.

એક વાર ફરીથી મુળીમાં ગવારની શિંગનું શાક કર્યું. એટલે મહારાજ બ્રહ્મચારીને કહે : "હંમેશાં ગવારની શિંગનું શાક ખાવાથી પેટમાં દુઃખે છે."

બ્રહ્મચારી કહે: "કોઠારી આપે તે કરું." પછી કોઠારીના પેટમાં દુઃખવા આવ્યું.

ત્યારે મહારાજે કોઠારીને દર્શન આપી કહ્યું: "મને તો હંમેશાં પેટમાં દુઃખે છે, અને તમને તો એક વખત જ પેટમાં દુઃખવા આવ્યું. અમને તમે ગવારની શિંગનું શાક હંમેશાં ખવડાવો છો, તે અમોને પેટમાં નહિ દુઃખતું હોય?" એમ કહી કોઠારીને સારું કરી દીધું. આવી રીતે ઘણા પરચા આપી સર્વેના મનોરથ પૂર્ણ કરતા હતા.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છાસઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૭

મુળીમાં બ્રહ્મચારી નિષ્કામાનંદજી તથા કરુણાનંદજીએ વિચાર કર્યો જે, બ્રહ્માનંદ સ્વામીની મૂર્તિ કરાવીએ. તે સમે

પોતાના શિષ્ય પાસે રહેલ ચિત્રકાર છગન જાનીને પૂછ્યું: "તું બ્રહ્માનંદ સ્વામીની મૂર્તિ કરીશ?"

તે કહે: "નજરે જોયા વગર ન ચિતરાય."

બ્રહ્મચારી કહે: "અમે કહીએ તેમ કરો."

પછી ચિત્રકારે નમૂનો કાઢવા માંડ્યો પણ બરોબર થયો નહિ એટલે ચિત્રકાર મૂંઝવણમાં પડ્યો જે હવે મારાથી બ્રહ્માનંદ સ્વામીની મૂર્તિ નહિ થાય. સ્વામીશ્રી સ્વપ્નમાં પણ દર્શન આપે તો ચીતરી આપું- એમ વિચારી ઉદાસ થઈ કહ્યું: "મારે હવે ઘેર જવું છે." જવા તૈયાર થયાં ત્યારે રાત્રે બારેક (બારએક) વાગ્યા હતા અને વિચાર કરવા લાગ્યો ત્યારે નિદ્રા આવી ગઈ. પછી શ્રીજીમહારાજે તથા બ્રહ્માનંદ સ્વામીએ દિવ્યરૂપે દર્શન દીધાં.

શ્રીજીમહારાજે કહ્યું: "બ્રહ્મચારીના મનોરથ પૂર્ણ કર્યા વિના ક્યાં ચાલ્યા? આ બ્રહ્માનંદ સ્વામી. તમે હાથમાં પીંછી લ્યો અને તેમની મૂર્તિ આલેખો." એમ કહી શ્રીજીમહારાજ તેમની પાસે બેઠા. ચિતારા છગને બ્રહ્માનંદ સ્વામીની મૂર્તિ ચીતરી. તેઓ નિંદ્રામાંથી જાગ્યા અને બે વાગે બ્રહ્મચારીને ઉઠાડી કહ્યું: "મને આ રીતે ઉપર વર્ણવ્યા મુજબ દર્શન થયાં છે." બ્રહ્મચારી કહે: "યાદ રહેશે?" તો કહે: "હા, હવે કોઈ દિવસ નહિ ભૂલું."

પછી બ્રહ્મચારીએ દીવો કર્યો અને કહ્યું: "એ તો સ્વપ્નની વાત તે ભૂલી જવાય. માટે અત્યારે ચીતરો તો નહિ ભુલાય." તે વખતે પીંછી લઈ છબી ચીતરી! સૌને થયું જે આ મૂર્તિ ચીતરી તે તો બરોબર છે. બ્રહ્માનંદ સ્વામી તો શ્રીજીમહારાજની મૂર્તિ વિના એક ક્ષણવાર પણ છેટા ન હોય. જ્યાં શ્રીજીમહારાજ ત્યાં તેમને સમીપે બ્રહ્મમુનિ હોય. મહારાજ તો એ બ્રહ્મમુનિની મૂર્તિમાં

બિરાજમાન છે. બ્રહ્માનંદ સ્વામી તો શ્રીજીમહારાજની બે ભુજા છે. શ્રીજીનું સ્વરૂપ છે. આમ મોટા વાતું કહેતા હતા તે સત્ય છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સડસઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૮

પંચમીની સવારમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે વસંત વધાવવા મોરારજીને કહ્યું: "રંગ રમવો છે." એમ વાત કરીને માળિયાના મોડજી દરબારને કહ્યું: "અહીં આવો:" આચાર્યશ્રી ઠાકોરજી પાસે આવ્યા અને વસંત વધાવી નીચે ઊતર્યા. ચોકમાં પાટ ઉપર રંગ રમવા માંડ્યો. એક પાટ ઉપર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને કેશવપ્રસાદજી મહારાજ અને બીજી પાટ ઉપર કાઠી દરબાર. એવી રીતે એક બાજુ ધર્મકુળ અને બીજી બાજુ હરિભક્તો એમ ખૂબ રંગ અને ગુલાલની ધૂમ મચાવી. પછી અવધપ્રસાદજી કીર્તન બોલે અને બીજા ઝીલે. પછી મહારાજ નહાવા પધાર્યા અને સૌ હરિભક્તો તથા સાધુ જમવા ગયા.

સાંજને સમયે સભા થઈ. દરબાર સતાજીએ રૂપાનાં કમાડ રાધાકૃષ્ણદેવને અર્પણ કર્યાં. મૂર્તિને સોનાની ઊતરી, રાધિકાજીને અને ભક્તિમાતાને જવમાળા પહેરાવી. આચાર્ય મહારાજ અને ધર્મકુળની પૂજા કરી. સાધુ બ્રહ્મચારી તથા પાર્ષદને ધોતિયાં ઓઢાડ્યાં. પછી કીર્તન ગાવા માંડ્યાં અને કીર્તનની ધૂમ મચી રહી.

દરબાર સતાજીનો હજૂરી વશરામ ખવાસ માંદો પડ્યો. કારમુક (કાળમુખ) હાથ ધોણું અને નાડી તૂટી જાય એવો બહુ

માંદો થયો એટલે વંડામાં લઈ ગયા. તે વાત કોઈએ આવી આચાર્યશ્રીને કરી જે દરબારનો હજૂરી વશરામ બહુ માંદો થઈ ગયો છે. તે દેહ રહે તેમ નથી, માટે તમો દર્શન આપો તો ઠીક.

આચાર્યશ્રી કહે: "લ્યો, જઈએ." એમ કહી ચાલ્યા તે વંડાને દરવાજે પહોંચ્યા અને માણસ સામો મળ્યો અને કહ્યું: "વશરામે દેહ મેલી દીધો." મહારાજ કહે: "માણસને કોલેરા થાય તો તરત મરે નહિ, માટે ચાલો." એમ કહી તેની પાસે આવ્યા.

અભડાયેલ જે હતા તે કહે: "છેટા રહેજો, નહિતર અભડાશો."

મહારાજે પાસે આવી નાડી જોઈ કહ્યું: "વશરામ!" એમ કહી સાદ કર્યો એટલે વશરામે આંખ ઉઘાડી. મહારાજ કહે: "આને માટે દહીં મંગાવો. ગરમી થઈ છે." દહીં મંગાવી પોતાના હાથે તેના મોઢામાં મૂક્યું અને સાજો કર્યો.

મરી ગયેલ વશરામ ખવાસને જીવતો કર્યો જાણી સર્વે દરબારને થયું જે આ અયોધ્યાપ્રસાદજી મહારાજ બહુ મોટા છે. તે જે કરે તે થાય, એમ સૌને રાજી કર્યા. વશરામ નિમિત્તે દરબારે સંત-હરિભક્તોને રસોઈ આપી. આ વાત મૂએલાને જીવતો કરવો તે આશ્ચર્યકર્તા છે. તે ભગવાનના પુત્ર તેમનો મહિમા બહુ મોટો છે. આ વાત અમે નજરે દીઠેલ છે તે લખી છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અડસઠમો વિશ્રામ.

## વિશ્રામ ૬૯

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જન્માષ્ટમીના સમૈયે મુળીપુર આવ્યા હતા. અમદાવાદના નાગર બ્રાહ્મણ બાપુજી અને

લક્ષ્મણરાય પણ ત્યાં આવ્યા હતા. બાપુજી શરીરે માંદા થયા. તેને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જોવા પધાર્યા. બાપુજીએ મહારાજે કહ્યું જે, "કેમ છે? બાપુજી! અમદાવાદ જવું છે કે અહીં દેહ મૂકવો છે?"

બાપુજી કહે: "મહારાજ! આપ છો ત્યાં અમદાવાદ છે. અમદાવાદમાં આપનાં દર્શનાર્થે જતો હતો પણ આપનાં દર્શન અહીં થયાં. માટે અમદાવાદ જવાની જરૂર નથી."

ત્યારે આચાર્યશ્રી બોલ્યા જે, "તમે અમદાવાદમાં શ્રીજીની પૂજા ને પધરામણી કરી આરતી ઉતારી તે સમયની મૂર્તિ સંભારજો." અને વળી કહ્યું જે, "તમે મને સંભારશો એટલે શ્રીજીમહારાજ સાથે હું આવીશ. તો મૂર્તિ સંભારજો, એટલે હું પાછો આવીશ અને આ બે બ્રાહ્મણ તમારી પાસે મેલું છું; તે એક ગગા મહેતા અને બીજા રામકૃષ્ણ પાઠક." એ બંનેને આચાર્યશ્રીએ ભલામણ કરી કહ્યું: "એમને વધુ કસર થાય તો મને ખબર આપજો." એમ કહી અયોધ્યાપ્રસાદજી મહારાજ સભામાં આવી બેઠા.

પછી વાત કરવા માંડી. તે કલાક સુધી વાત કરી. સભામાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રીજીમહારાજને દીઠા એટલે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ચાલો ઊભા થાવ. બાપુજીને તેડવા જઈએ." એમ કહી શ્રીજી અયોધ્યાપ્રસાદજી મહારાજ સહિત વંડામાં બાપુજી હતા ત્યાં આવ્યા. બાપુજીને દર્શન આપ્યાં. બાપુજીએ કહ્યું: "આ શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે. અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ સાથે છે." એમ કહી પોતાની પત્નીને કહે: "મારી પેટી લાવો. એમાં એક હાથનું કડું છે અને બીજી સાંકળી એ બે લાવો."

ઘરના માણસે બંને વસ્તુ આપી. મહારાજની પૂજા કરી, કડું

અયોધ્યાપ્રસાદજી મહારાજને આપ્યું અને સાંકળી શ્રીજીમહારાજને આપવા માંડી, ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અયોધ્યાપ્રસાદજીની પૂજા કરો, એમ તમને અમોએ કહેલ તે ભૂલી ગયા?" પછી અયોધ્યાપ્રસાદજી મહારાજની પૂજા કરી કહ્યું: "હું શ્રીજીમહારાજ સાથે હવે જાઉં છું." એમ કહી દેહ મૂક્યો.

સર્વની દૃષ્ટિએ શ્રીજીમહારાજ તેમને ધામમાં વિમાનમાં બેસાડી લઈ ગયા. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બ્રાહ્મણોને દેહક્રિયા કરવાની ભલામણ કરી ઉતારે પધાર્યા. આ વાત જાણી સર્વે આશ્ચર્ય પામ્યા અને મનમાં એમ થયું જે, "આ 'બાપુજી' જેવા કોઈ ભાગ્યશાળી નહિ."

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ઓગણસિત્તેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૦

એક સમે વસંત પંચમીના સમૈયા પર દેશોદેશના હરિભક્તો તથા સાધુ- શુકમુનિ, અદ્‌ભુતાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, ઉત્તમાનંદ સ્વામી, બદ્રિનાથાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી આદિ સર્વે સંતો આવ્યા. તે સમૈયો ઘણો મોટો થયો હતો.

ગામ પીપલીઆના રામજી વણિક હતા તેને પાંચ ભૂત વળગેલાં. તેને સમૈયે દર્શન કરાવવા લાવેલ, તે નદી ઊતરી મંદિર સામો ન આવ્યો અને ધૂણવા મંડ્યો અને બોલવા લાગ્યો કે:

"મંદિરમાં હું નહિ આવું, બળું છું." એમ બૂમો પાડી કૂદકા મારે પણ મંદિરમાં પગ ન ભરે. એવી રીતે માંડ માંડ મંદિરમાં

આવ્યો પણ ધૂણતો બંધ ન થાય.

પછી તેને અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે દર્શને લાવ્યા. અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે : "વાસુદેવાનંદ સ્વામી પાસે લઈ જાઓ."

સ્વામી પાસે લાવ્યા અને તે બોલવા માંડ્યો. પછી સ્વામીએ તેને પૂછ્યુંઃ "તું કોણ છે?"

ત્યારે કહેઃ "હું અછૂત છું."

તેને સ્વામીને કહ્યુંઃ "અહીંથી જતો રહે, નહિતર બાળી ભસ્મ કરી નાખીશ."

ત્યારે ભૂત કહેઃ "ભાઈસા'બ! હું તો ચાલ્યો જઈશ." એમ કહે છે ત્યાં બીજો ધૂણવા માંડ્યો.

તેને સ્વામીએ પૂછ્યુંઃ "તું કોણ છે?"

તે કહેઃ "હું તો ખાખી બાવો છું. હું નહિ જાઉં. તમારે જે કરવું હોય તે કરો."

સ્વામીએ પ્રસાદીના પાણીની બે અંજલિ નાખી એટલે બૂમો પાડતો નાસી જ ગયો.

પછી હેડકીઓ વીર આવ્યો. સ્વામીએ પૂછ્યુંઃ "તું કોણ છે?"

તે કહેઃ "હું વીર છું."

તેને સ્વામીએ પૂછ્યુંઃ "તારે જવું છે કે કેમ?"

વીર કહેઃ "હું તો જવા તૈયાર છું, પણ મારો દુશ્મન ક્યાં જવા દે છે?"

સ્વામીએ તેને પૂછ્યુંઃ "તારો દુશ્મન કોણ છે?"

વીર કહેઃ "આ ઊભો એક ખવીસ અને બીજો જન. એ અમારી પાછળ પડ્યા છે, તે નથી જવા દેતા, બાપજી!" એમ કહી રડવા માંડ્યો.

સ્વામીએ પ્રસાદીનું પાણી છાંટી કહ્યું: "આવ."

ત્યારે જન આવ્યો અને કુરાન બોલવા માંડ્યો અને કહે: "મને કોણ કાઢનાર છે? હું તો વાણિયામાં સુખી થયો છું. તેના ભૂકા કરી નાખીશ. કેટલાય કાઢવાવાળા નાસી ગયા. હું જઈશ નહિ. તમે મહેનત કરવી રહેવા દ્યો." એમ કહી અતિ ધૂણવા માંડ્યો.

પછી સ્વામીએ ફરીથી પ્રસાદીનું પાણી છાંટ્યું. ત્યાં તો બૂમો પાડવા માંડી અને કહે: "હવે હું ક્યાં જઈશ? મને માર્ગ બતાવો, તો હું જઈશ."

ત્યારે સ્વામી કહે: "તમે પાંચે ભૂતો બદ્રિકાશ્રમમાં જતાં રહો."

ભૂતો કહે: "વાણિયો સાધુને રસોઈ આપે તો જઈએ." પછી વાણિયાએ સંતોને રસોઈ આપી અને ભૂતોને બદ્રિકાશ્રમમાં મોકલ્યાં.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સિત્તેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૧

શ્રાવણ વદ આઠમે મુળીમાં જન્માષ્ટમીનો સમૈયો હતો. ત્યારે વરસાદ ઘણો થયો. મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી, શ્રી રામપ્રતાપભાઈ તથા મોટા મોટા ઘણા સંતો મુળી પધાર્યા હતા. દેશોદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. વરસાદ ઘણો થયો એટલે લૂગડાં, બિછાનાં તથા ભાતુ પલળી ગયું હતું. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે: "સુખડીના લાડું અને ખીચડી સર્વે સંઘને જમાડો."

તે સમે હાલારના તથા મચ્છુકાંઠાના હરિભક્તો આથમણી બાજુથી આવતા હતા. ભોગવતી નદીમાં પાણી ઘણું એટલે કોઈથી ઊતરાય નહિ. ગાય, ભેંસ કે માણસ જે પડે તે તણાઈ જાય. સામે કાંઠે માણસ ઘણા તે દુઃખી થાય, પણ કોઈ ઉપાય ચાલે એમ ન હતો. તદ્રૂપાનંદ સ્વામી, દેવાનદ સ્વામી, જગજ્જીવનદાસજી, લક્ષ્મીનારાયણદાસજી, જીવા ભગત, ગોપાલજી ત્રાવડી, મોરારજી આચાર્ય તથા હાજર ભગત એ સર્વએ અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે આવી કહ્યું: "મહારાજ! સંઘ બધો સામે કાંઠે રહ્યો છે, વરસાદ ઘણો છે. પાછા જાય તો પેલી બાજુ ખાતરાં ઘણા છે. તેં પણ ઊતરાય એવા નથી. હવે શું કરવું?"

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે: "દાદાને કહો તો દાદા નદી ઉતારે." પછી સર્વે શ્રી રામપ્રતાપભાઈ પાસે ગયા અને કહ્યું: "મહારાજ! આપ તો ભગવાનના ભાઈ છો. શેષનારાયણના અવતાર છો અને બળદેવજી પણ તમે છો, લક્ષ્મણજી પણ તમે છો. તમે તો સમુદ્ર તરવો હોય તો તરાવી નાખો એવા સમર્થ છો." એમ સર્વેએ પ્રાર્થના કરી.

શ્રી રામપ્રતાપભાઈ હાથમાં સોટી લઈ ચાલ્યા અને સર્વે માણસો પણ નદી કાંઠે આવ્યા. નદીમાં મોટા મોટા લોઢ ઊડે તે જોઈ કોઈની ધીરજ ન રહી. તે જોઈ રામપ્રતાપભાઈએ સોટી ઉપાડી કહ્યું: "અરે પાતાળ ભોગવતી ગંગા! ક્યું ઉન્મત્ત હૈ? તુમકો હમ શિક્ષા કરેંગે." એમ કહી હાકલ કરી એટલે પાણી બંને બાજુ થંભી ગયું. રામપ્રતાપભાઈ પોતે સામા કાંઠા તરફ ચાલ્યા અને સર્વે સંઘને દર્શન આપી કહ્યું: "કોઈ બીક રાખશો નહિ. સૌ બાઈ-ભાઈ પેલી બાજુ મારી સાથે આવો." એમ કહી સૌને આ કાંઠે લાવ્યા.

પછી તો એટલું બધું પૂર આવ્યું. તે જોઈ સર્વે હરિભક્તને એમ થયું જે દાદા ન આવ્યા હોત તો સર્વે માણસ તણાઈ જાત. એવો રામપ્રતાપભાઈનો મોટો મહિમા જાણી સર્વેને આનંદ થયો. સર્વેને એમ થયું જે આ તો શેષ નારાયણનો અવતાર છે. તે સંકર્ષણનો અવતાર છે. માટે એમનો મહિમા અપાર છે.

પછી વાંટાવદરના લાધો ઠક્કર, માથકના બેચર સુતાર, ઘાંટીલાના સુતાર હરિ, ખાખરેચીના હરજીવન ભગત, જેતપુરના દમા ઠક્કર આદિ સર્વેએ આવી રામપ્રતાપભાઈને પ્રાર્થના કરી કહ્યું: "આજ તમે અમને સમાધિ કરાવી તેમાં શેષની સજ્યામાં સૂતા એવા નારાયણ તેમનાં દર્શન કરાવો." ત્યારે તેઓને સમાધિ કરાવી, શેષનારાયણનાં દર્શન કરાવ્યાં. તેમની સેવામાં રહ્યા એવા અનંત મુક્ત, એમની સેવા કરતા, એવા ઘણા મુક્તોને જોયા. કેટલાક તો એમના શરીરમાં લીન થતા અને કેટલાક નીકળતા હતા. એમ કરતાં શેષનારાયણમાંથી રામપ્રતાપભાઈ નીકળ્યા અને તેઓ સર્વ હરિભક્તોને લઈ અક્ષરધામમાં ગયા. ત્યાં શ્રી પુરુષોત્તમનારાયણનાં દર્શન કરાવી પાછા લાવ્યા. તેથી સર્વને ઘણો આનંદ થયો.

હરિભક્તોએ રામપ્રતાપભાઈનો મહિમા જાણી પૂજા કરવા માટે પ્રાર્થના કરી. પછી પુષ્પના હાર, કેસર, ચંદન કુમકુમ લાવ્યા અને વસ્ત્ર તથા રોકડા રૂપિયા ભેટ ધરી ભાઈશ્રીની પૂજા કરી સૌ પ્રસન્ન થયા.

અમદાવાદના- હરિભક્ત ગવૈયા, હળવદના મહાદેવ દવે, લીંબડીના કલ્યાણ સોની આદિ હરિભક્તો અને જિષ્ણુદાસજી, બાલકૃષ્ણદાસજી, લક્ષ્મણાનંદજી સ્વામી, વૃજાનંદ સ્વામી આદિ શ્રી રામપ્રતાપભાઈ પાસે આવી બેસી કીર્તન ગાતા. કોઈ રાત્રે બાર વાગે, કોઈ રાત્રે બે વાગે. એવી રીતે રાત-દિવસ

ભક્તિમાં જ સમય નિમગ્ન થતો.

એવી રીતે ભક્તિરસની લહાણી થતી અને રામપ્રતાપભાઈ બહુ સુખ આપતા અને આનંદ થતો. તે વર્ણવી શકાય તેમ નથી.

તે સમે સચાણાના રાણા આહાભાઈ દર્શને આવ્યા; અચારડાના કસીઆભાઈ આવ્યા અને તેઓએ કહ્યું: "અમારે રસોઈ આપવી છે, પણ ભાઈ પીરસે." અને કસીઆજીને સાકર ઉપર ઘી ફેરવવું છે. ભાઈ કહે: "ભલે." પછી લાડુનો દળ કરાવ્યો અને સાકર ધોવડાવી. સર્વ સાધુની પંક્તિમાં રંગોળી પુરાવી, અગરબત્તીનો ધૂપ કરાવી ભાઈએ સાકર અને ઘી ખૂબ પીરસ્યા. દૂધ-ભાત અને સાકર પણ પીરસી.

બીજે દિવસે આહોભાઈની જલેબીની રસોઈ કરાવી. રામપ્રતાપભાઈ અને અયોધ્યાપ્રસાદજી મહારાજ બંને પંક્તિમાં ફરતાં સર્વ સાધુને રમુજ કરાવતા જાય અને પીરસતા જાય, એમ વારંવાર સાધુને પીરસતા જાય. તેવો આનંદ આપ્યો તે વર્ણવી શકાય તેમ નથી.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ઇકોતેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૨

એક સમે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળી પધાર્યા હતા. તે શ્રાવણ સુદ પૂનમનું ગ્રહણ હતું. ત્યારે નદીમાં નહાય એવું પાણી ન મળે એટલે સર્વ અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે આવ્યા.

પછી સાધુ જગજીવનદાસજી બોલ્યા: "મહારાજ નદીમાં પાણી નથી તો નાહીશું ક્યાં?"

તે સમે સાધુ જિષ્નુદાસજી કીર્તન ગાતા હતા. મહારાજ

કહેઃ "મલ્હાર ગાઓ."

ગવૈયા જિષ્ણુદાસજી એ, "આવી ઝૂકી ગગન વા ગરજે" એ કીર્તન ગાયું અને બીજું પદ ઉપાડ્યું ત્યાં તો પાણી પાણી થઈ ગયું.

ભોગવતી નદીમાં પૂર આવ્યું અને સૌને આનંદ થયો. મહારાજ હંમેશાં સવારમાં ગાજતે-વાજતે કીર્તન ગવડાવતા હતા. તે સમે બળેવને દિવસે રાત્રીએ ગ્રહણ હતું તે ચોકમાં સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. મહારાજ વાતું કરતા હતા. પછી ગ્રહણ થયું અને અંધારું થઈ ગયું એટલે મહારાજે ધૂન કરવાનું કહ્યું, સર્વે ધૂન કરે છે. ત્યાં સર્વેને તેજનો સમૂહ દેખાયો. તેજના મધ્યને વિષે મહારાજની મૂર્તિને સમીપે અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, વાસુદેવાનંદ સ્વામી આદિ અનંત મુક્તે સહિત શ્રીજીમહારાજને જોઈ આનંદ થયો. તે જેવું અક્ષરનું સુખ અને અક્ષરનો આનંદ એવો આનંદ થયો. સભા આખીને આશ્ચર્ય થયું.

એવી રીતે એક કલાક સુધી રહ્યું, પછી બંધ થયું. સંતો ઝિલણિયાં દશ કીર્તન બોલ્યા. ગ્રહણ મુકાયા પછી મહારાજ સર્વે સંતો સહિત કીર્તન ગાતા ગાતા નદીએ નહાવા ગયા. નાહીને સૌ બ્રાહ્મણને મહારાજે દાન, દક્ષિણા આપી અને કીર્તન બોલતાં બોલતાં સર્વે મંદિરમાં આવ્યા.

મહારાજે જગજીવનદાસજીને બોલાવી કહ્યુંઃ "સવારમાં અમારી રસોઈ કરજો." એમણે હા કહી. પછી હરિભક્તો આવ્યા. તેમણે આવી કહ્યુંઃ "અમારે રસોઈ આપવી છે."

ત્યારે મહારાજ કહેઃ "તમે સૌ જન્માષ્ટમી સુધી રસોઈ

આપજો." મહારાજ મહિના સુધી રહ્યા. નિત્ય નવી રસોઈ કરાવીને જમાડતા હતા. અને આનંદ ઉત્સવ થતો હતો.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બોતેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૩

એક દિવસ સુસવાવના રાણા ડોસાજી મુળી આવ્યા હતા, ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે પુરાણી ધર્મવલ્લભદાસજી, સાધુ, બ્રહ્મચારી તથા દેશોદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે લોયાનું ત્રીજું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનનો અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું ન થાય! એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.

એમ કહી પછી સર્વ હરિભક્તની વાર્તા એકબીજા કેડે કરી તે ગામ ડડુસરવાળા રજપૂત ગલુજી, ધર્મપુરવાળાં કુશળકુંવરબાઈ, પર્વતભાઈ, રાજબાઈ, દાદા ખાચર, માંચો ભક્ત, મૂળજી બ્રહ્મચારી, ભૂજવાળાં લાધીબાઈ, માતાજી, વાળાક દેશના સામત પટેલ, માનકૂવાના મૂલજી તથા કૃષ્ણજી, ગુંદાળી ગામના બે કાઠી હરિભક્તો, સુંદરજી સુતાર તથા ડોસા વાણિયાની વાત કરી, રાણા રાજગરની વાત કરી, કઠલાલની ડોસી જેકુંવરની વાત કરી. ત્યાર બાદ વચનામૃત પૂરું થયું અને મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજીને ગામ ખેરાલીવાળા રાણા વખતસિંહજી, તાવીના કલ્યાણસિંહજી એ બે પૂછતા હતા જે આ સર્વ હરિભક્તની વાત કહો.

પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, "શ્રી તદ્રૂપાનંદ સ્વામી સર્વ હરિભક્તની વાત વિસ્તારીને કહેશે."

પછી સ્વામી કહે: "ગામ ડડુસરવાળા રજપૂત ગલુજીના ઘેર એક સમે શ્રીજીમહારાજ પધાર્યા અને તેમની માતાએ દેહ મૂક્યો. મૃતદેહ ઢોલિયા પર રાખી મહારાજની સેવા માટે સામૈયું લઈ વાજતે ગાજતે પધરાવ્યા અને જમાડ્યા. રાત રહી મહારાજ સવારમાં ગયા એટલે ગામના માણસે ઉપાધિ કરવા માંડી અને કહ્યું કે ડોસી રાત્રે મરી ગઈ છે. ત્યારે ડોસી બોલી કોણ કહે છે કે ડોસી મરી ગઈ છે? પછી ગામના માણસોને ભેગા કરી સ્વામિનારાયણની ધૂન કરવા માંડી. સર્વે ધૂન કરે છે ત્યાં ડોસી બોલી મહારાજ તેડવા આવ્યા છે. એમ કહી ધામમાં ગયાં.

એક વાર મહારાજે ગલુજીના ઘેર જઈ કહ્યું: "તમારે ગામ જવાનું છે તે કાંઈ વિઘ્ન આવે તો પણ પાછા ન વળશો." એમ કહી મોકલ્યા.

ત્યાં રસ્તામાં વચમાં મોટો સાપ આવી કરડ્યો તો પણ એ તો સામે ગામ જઈ ત્યાંથી પાછા આવી મહારાજને કહે: "હું જઈ આવ્યો."

મહારાજે પૂછ્યું: "તમને કોણ સામું મળ્યું હતું?"

ગલુજી કહે: "એક કાળો નાગ મળ્યો હતો. તે ઊછળીને વળગ્યો. તે ઘેનમાં ને ઘેનમાં સામે ગામ જઈ આવ્યો."

શ્રીજીમહારાજ કહે: "એ તો તમારો કાળ હતો. તે તમને લેવા આવ્યો હતો; પણ તે કાળને છેતરવો હતો તે સારુ અમારા કામમાં તમે પ્રેરાયા, તેથી કાળ કાંઈ કરી ન શક્યો." એમ શ્રીહરિએ ગલુજીની રક્ષા કરી.

પછી ફરી વાર મહારાજ ગલુજીના ઘેર પધાર્યા ત્યારે પૂછ્યું: "તમારે કેટલા માણસનો વરો છે?"

ગલુજી કહે: "દશ માણસનો."

મહારાજ કહે: "તમારા ઘરમાં દાણા કેટલા છે?"

ગલુજી કહે: "એક માસ ચાલે એટલા છે."

પછી મહારાજે કહ્યું: "તમારા ઘરમાં જે રૂપિયા તથા ઘરેણાં હોય તે લાવો." એટલે ગલુજીએ ઘરમાં જે કંઈ હતું તે સર્વનો શ્રીજીમહારાજ આગળ ઢગલો કર્યો.

પછી મહારાજે કહ્યું: "આનું અનાજ લઈ ભરી રાખો." ગલુજી પાસે બસો મણ બાજરી, ત્રણસો મણ જુવાર, એકસો મણ તુવેર, એ પ્રમાણે અનાજ ભરાવી મહારાજ ગયા. ગામના માણસો કહે ગલુજીને તો ભીખ માગતો કર્યો. આજે તો ધૂળના ઢગલે દાણો છે. તે સડીને લોટ થશે. (પણ આગળ તો ઓગણોતેરો આવે છે તેની કોઈને ખબર છે?) એમ ઘણા લોકોએ ઉપાધિ કરી. પણ ગલુજીના મનમાં તો ભગવાનનો દઢ વિશ્વાસ છે. ઓગણોતેરો દુકાળ પડ્યો તેથી અનાજમાંથી ગલુજી ત્રણ હજાર રૂપિયા કમાયા અને પોતાના ઘરનો વરો કાઢ્યો.

એમ જો ભગવાનના વચનનો નિશ્ચય હતો તો તેમણે ઓગણોતેરા જેવો કાળ સુખેથી પસાર કર્યો. એમને માહાત્મ્યે સહિત નિશ્ચય હતો, જેથી મહારાજની આજ્ઞા પ્રમાણે કર્યું.

એક વાર મહારાજ એકાએક સાધુના વેશે ગલુજીના ઘેર આવ્યા. તેમને ઘેર કોઈ ન હતું પણ એકલાં એમનાં દીકરી હતાં, તે ત્યાં રહ્યા. એમનાં (ગલુજીનાં) દીકરી રસોઈ કરે અને મહારાજ જમે. એવી રીતે પંદર દિ' બે જણ એકલા રહ્યાં. તેથી ગામના લોકોએ નિંદા કરવા માંડી અને ન્યાત બહાર કર્યા. પંદર દિવસે ગલુજી આવ્યા.. લોકો તો કંઈ ને કંઈ બોલવા માંડ્યા પણ એમને તો બિલકુલ સંકલ્પ થયો જ નહિ, પરંતુ મહારાજને વધુ એક માસ રાખ્યા. લોકની લાજ મર્યાદા મૂકી પ્રભુ ભજ્યા. જેણે લોક

લાજ મૂકી પ્રભુ ભજ્યા છે તેનાં નામ શાસ્ત્રમાં લખાયાં છે.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચોતેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૪

સમલાના રાણા ભક્તસિંહજીએ કહ્યું જે, "સ્વામી! ધર્મપુરવાળાં કુશળકુંવરબાઈની વાત કરો."

પછી સ્વામીએ કુશળકુંવરબાઈના પૂર્વજન્મની વાત કરી જે, "એક સમે શ્રીહરિ અગિયાર વર્ષ, બે માસ અને બે દિવસની ઉંમરે ઘર છોડીને ચાલી નીકળ્યા. સરજુ નદી ઊતરી બુટોલપુરમાં ચાતુર્માસમાં સંન્યાસીના વેશે ગયા. ગામનો રાજા મયાદત્ત હતો તે ચતુર્માસ રાખતો અને સૌને દૂધપાક, માલપૂઆ જમાડતો. તે સમે શ્રીજીમહારાજ પણ બુટોલપુર પધાર્યા. તેઓ સર્વ વૈરાગી સાથે રહેતા.

મહારાજ ગામમાં જતા હતા ત્યારે રાજાની બહેન માયાવતી મેડીના ગોખમાંથી મહારાજને જોઈ મોહ પામી. કિશોર અવસ્થાવાળા કોટાનકોટી કામદેવને મોહ પમાડે એવા રૂપવાન શ્રીહરિને જોઈ, પોતાના માણસને મોકલ્યો અને કહ્યું જે, "પેલો બાવો નાનો છોકરો છે, તેને બોલાવી લાવ." નોકર ગયો અને કહે: "મહારાજ! અમારાં બાઈ દરબારમાં આપને બોલાવે છે."

શ્રીહરિ દરબારમાં પધાર્યા અને માયાવતીએ ગાદલું નાખી આપ્યું. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. બાઈ કહે: "તમારે શું દૂધ છે?"

શ્રીજીમહારાજ કહે: "વડ, પીપરને દૂધ હોય."

ત્યારે બાઈ કહે: "તમારી જ્ઞાતિ શી છે?"

શ્રીજીમહારાજ કહે: "અમારે જ્ઞાતિ નથી. અમે તો આત્મા છીએ."

બાઈ કહે: "આત્મા હો તો ભલે, પણ દયા કરી કહો તો સારું."

શ્રીહરિ કહે: "બ્રાહ્મણ છીએ, તમારે શું કામ છે?"

બાઈ કહે: "તમારા આવા કોમળ શરીરે તપ ન હોય. મારું રાજ્ય છે તે હું આપું. મારે બે કન્યા છે; તે તમને પરણાવું."

શ્રીહરિ કહે: "અમારે સ્ત્રી, ધન અને રાજ્યની જરૂર નથી."

બાઈ કહે: "હજુ આપ નાના છો, પણ જુવાની જ્યારે આવશે ત્યારે જોઈશે."

શ્રીહરિ કહે: "અમે જુવાન અવસ્થા આવવા નહિ દઈએ." એમ કહી શ્રીહરિ ઊઠવા તૈયાર થયા.

ત્યારે બાઈ કહે કે: "મહારાજ! મારે બ્રાહ્મણના પગ ધોઈ પાણી પીવાનું નિયમ છે. તો આપ જ્યાં સુધી અહીં રહો ત્યાં સુધી હંમેશાં અહીં આવશો એવો વર આપો."

ત્યારે શ્રીહરિ કહે: "ભલે આવશું." એમ કહી પોતાનાં ઉતારે પધાર્યા.

બાઈ મનમાં વિચાર કરતી હતી જે શી રીતે આ વશ થાય? પુરુષને વશ કરવો એ સ્ત્રી માટે કંઈ કઠણ નથી, એમ વિચાર કર્યો. મહારાજ દરબારમાં નિત્ય પધારતા. બાઈ સોનાના બાજોઠ પર તેમને બેસાડી પગ ધોઈ ચરણામૃત પી ચંદન, પુષ્પ વડે પૂજા નિત્ય કરતાં, સારી મીઠાઈ લાવી આપતાં. કેળાં, કેરીઓ, જાંબુ, જામફળ, સંતરા, લીલી દ્રાક્ષ, ભાતભાતનાં ફળો તથા ભાતભાતનાં મેવા મીઠાઈ તેમને આપતા. અત્તર, ચંદન અને નાના પ્રકારના હારતોરા, ફૂલના મુગટ, ટોપી એવી રીતે નિત્ય નવીન પહેરાવી એક રોકડો રૂપિયો શ્રીહરિને બાઈ આપતાં. તે સર્વે લઈ મહારાજ

બહાર જઈ બ્રાહ્મણને આપી દઈ ચાલી નીકળતા.

એવા નિર્મોહી સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ પોતે કરુણાકટાક્ષે કરી અનંત બ્રહ્માંડને મોહ પમાડે એવા છે. એમને કોણ મોહ પમાડી શકે? એવી રીતે માયાવતીએ મહારાજની ચાર માસ સેવા કરી. દિવાળી આવી ત્યારે સર્વ સાધુ, સંન્યાસી તથા વૈરાગીને ચાદર ઓઢાડી પૂજા કરી રજા આપી. શ્રીહરિને રોકાવા માટે આગ્રહ કરી કહ્યું: "તમે તો અહીં આપણો બગીચો છે તેમાં રહો અને આનંદ કરો અને અહીં દર્શન આપો."

ત્યારે શ્રીહરિ કહે: "અમારે ઘણું કામ છે તો રોકાવાય એમ નથી."

ત્યારે બાઈ બોલ્યાં જે, "જુઓ, અમારે રાજ, પાટ, છૈયા-છોકરાં તે નિવૃત્તિ ન મળે. તમારે શું? બાવો ઊઠ્યો ને બગલમાં હાથ. તે કોઈની ન જુએ વાટ, ને ઊભી વાટે ઉતારો. જે જ્યાં જાય ત્યાં પૂજાય. ઘર મેલ્યાં તો ય શાંતિ ન મળે." બાઈએ હાસ્ય વચન કરી મહારાજને પ્રાર્થના કરીને વધુમાં કહ્યું: "અહીં અમારા બગીચામાં મુકામ કરી, આંહી રહો." એમ મહારાજને રાખવા ઘણો આગ્રહ કર્યો.

શ્રીજીમહારાજ કહે: "અમારે તીર્થ કરવા જવું છે. તમારો મનોરથ પૂર્ણ કરી, દિવ્ય ગતિ આપીશ."

એમ કહી શ્રીહરિ ચાલવા તૈયાર થયા. તે સમે માયાવતીએ ભારે વસ્ત્ર, શાલ, ઘરેણાં આપી મહારાજની પૂજા કરી. તે સર્વ વસ્ત્ર અને ઘરેણાં બ્રાહ્મણમાં બાળકોને આપી મહારાજ ચાલી નીકળ્યા. તે વખતના બ્રહ્માનંદ સ્વામીનાં કીર્તન છે જે, "સુણી માયારાણીનાં વેણ મર્મનાં રે, લીધી જોગદશા ઘનશ્યામ, બલિહારી નવલ ઘનશ્યામને રે." વળી, "બોલો બોલો રે જોગી બાલુડા" એવાં ઘણાં પદ છે. પછી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા.

શ્રીહરિના ગયા પછી બે-ત્રણ દિવસે માયાવતીએ દેહત્યાગ કર્યો. તેની ઉમર ચાળીસ વરસની હતી. પણ શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ જોડાઈ હતી માટે ॥ या मति सा गति भवेत् ॥ જેવી મતિ તેવી ગતિ થઈ. તેમણે ઝાલાવાડમાં ઝાલા ગરાસિયા લખતર ભાયાતનું ઓળક ગામ છે ત્યાં ફરી અવતાર ધારણ કર્યો. ચૌદ વર્ષની વયે ધર્મપુરમાં પરણાવ્યાં હતાં. સત્તરમે વર્ષે પુત્ર થયો અને અઢારમે વરસે તેમના પતિ મરણ પામ્યા.

તે કુશળકુંવરબાના પુત્ર નાના હતા. તેથી તેણી પોતાની સત્તાએ રાજ્ય કરતાં હતાં. તેમને પરમચૈતન્યાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો. ત્યારે પરમચૈતન્યાનંદ સ્વામી ત્યાં રહ્યા અને રાજાના કારભારી થયા.

મહારાજ બિરાજમાન હતા, ત્યારે કુશળકુંવરબાઈએ સારી કેરીઓ મંગાવી સાકરીઓ મુરબ્બો કરાવ્યો. કેરીના પાંચ ઊંટ ભરી મહારાજ ગઢપુરમાં જ્યાં બિરાજમાન હતા ત્યાં મોકલ્યા. સાથે કેરીનું અથાણું, મુરબ્બો અને બીજો શિરપાવ શ્રીજી માટે મોકલ્યો.

ગઢડામાં શ્રીજીમહારાજ કેરીનું અથાણું જમતા જાય, વખાણતા જાય અને બહુ રમુજ કરતા જાય ને હસતા જાય. એમ ઘણી રમુજ જોઈ દેવા ભક્તે મહારાજને કહ્યું જે, "તમે બહુ રમુજ કરો છો તે અમને સમજાતું નથી."

ત્યારે મહારાજે દેવા ભક્તને કહ્યુંઃ "તું ન સમજ્યો?"

દેવા ભક્ત કહેઃ "મને સમજાવો."

ત્યારે મહારાજે કુશળકુંવરબાઈની પૂર્વની વાત કરી કહ્યું જે, "અમારા તેઓ પૂર્વના ભક્ત છે. તે અમને ત્યાં તેડાવે છે, તો જવું પડશે."

કેરી લઈ આવનાર માણસને કાગળ લખી આપ્યો. એક જોડ ચાખડી અને એક રૂમાલ આપ્યો અને કહ્યુંઃ

"કુશળકુંવરબાઈને આપજો." તે લઈ માણસ ગયો અને બાઈને પ્રસાદીની ચાખડી તથા રૂમાલ આપ્યા. તે જોઈ ઘણાં રાજી થયાં. તે ચાખડી અને રૂમાલને પૂજતાં અને વર્ષોવર્ષ મહારાજની સેવા કરતાં ને શિરપાવ, શેલાં તથા પાઘડીઓ મોકલતાં હતાં.

જ્યારથી મહારાજે રૂમાલ તથા ચાખડી આપી તે દિવસથી કુશળકુંવરબાઈ શ્રીજીની મૂર્તિ ધર્મપુરમાં રહ્યા છતાં પ્રત્યક્ષ દેખતા હતા. એક સમે બાઈએ પરમચૈતન્યાનંદ સ્વામીને કહ્યું જે, "આપણે મહારાજને તેડાવીએ. જેમ દાદા ખાચરના ઘેર મહારાજ ઉત્સવ, સમૈયા કરે છે તેમ આપણા શહેરમાં કરે અને સાધુ, બ્રહ્મચારી તથા હરિભક્તોને તેડાવી સમૈયો કરે."

પછી અસવાર સાથે પત્ર લખી મોકલ્યો. માણસે ગઢપુર આવી મહારાજને પત્ર આપ્યો.

મહારાજે પત્ર વાંચ્યો. પ્રેમરસ સ્નેહેયુક્ત પત્ર જોઈ શ્રીહરિ બહુ રાજી થયા. તે માણસની સરભરા, સન્માન તથા ઊતરવા, જમવાની વ્યવસ્થા કરાવી બે દિવસ રાખ્યો. પછી રજા આપી પત્ર લખી આપ્યો જે 'જ્યારે અમે વડતાલ જઈશું ત્યારે ત્યાં આવશું.' વડતાલ જવા તૈયાર થયા. સર્વેને સાથે લઈ વડતાલ આવ્યા અને સમૈયો કર્યો. સમૈયામાં બાઈએ મહારાજને તેડવા માટે ધર્મપુરથી મુનિબાવાને મોકલ્યા.

પછી મુનિબાવાએ આવી કહ્યું જે, "ધર્મપુર આવ્યા વિના ચાલે તેમ નથી." સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા કાઠી હરિભક્તોએ સહિત શ્રીજીમહારાજ ચાલ્યા તે સુરત થઈ ધર્મપુર આવતા હતા.

બાઈને ખબર આપવા માણસ અગાઉથી મોકલેલ; તેમનો હરખ તો માતો ન હતો. શહેરમાં તથા દરબારમાં સુધારો કરાવી ધામધૂમ કરાવ્યા. જે રસ્તે શ્રીજી આવવાના હતા તે રસ્તામાં દેશ કરાવ્યા અને તે દેશમાં ખાનપાન અને વસ્ત્ર તૈયાર કરાવ્યા.

દરવાજા સુધી પોતે સામા આવ્યા અને સર્વ રાજ્યની અસવારીના હાથી, ઘોડા, મીનારથ, પાલખી, સરબંધી, વાજા આદિ ઘણી શોભા સાથે સામૈયું લાવ્યાં. પૂજાનો સામાન તૈયાર કરાવ્યો. જ્યારે મહારાજ પધાર્યા ત્યારે તોપના અવાજ થયા અને વાજતે-ગાજતે પધરામણી કરાવતા હતા.

મહારાજ દેશમાં પધાર્યા. મહારાજને અત્તર તથા ચંદન ચોળી નવરાવ્યાં. પછી શરીર લૂછી નવીન વસ્ત્રો પહેરાવ્યાં. દરબારમાં મેવા મીઠાઈ લાવી જમાડ્યા. મહારાજ જમીને તૈયાર થયા એટલે જરિયાની વસ્ત્ર, હેમકડાં, ઘરેણાં, મોતીની માળા પહેરાવી અને ફૂલના હાર પહેરાવ્યા. મહારાજ હાથી ઉપર બિરાજમાન થયા અને બાઈ મીનારથમાં બેસી આગળ ગયાં. વાજતે-ગાજતે અસવારી શહેરમાં આવી અને પોતાના દરબારની મેડી પાસે દરબારને રહેવાના બંગલામાં મહારાજને ઉતારો આપ્યો. રસોઈ તૈયાર કરાવી જમાડ્યા. મહારાજનો થાળ પોતે દૂધથી બનાવ્યો.

પોતાનો આત્મા જેણે પ્રગટ પુરુષોત્તમ ભગવાનમાં જોડ્યો છે એવાં તે દેહનું ભાન ભૂલી ગયાં એવાં, કુશળકુંવરબાઈ તે શ્રીજીમહારાજને સોનાના થાળમાં બત્રીસ પ્રકારનાં શાક અને છત્રીસ પ્રકારનાં ભોજન ભરી જમાડતા હતા. તે શ્રીહરિ જમતા જાય અને બાઈ પીરસતાં જાય. જમ્યા બાદ નાગરવેલીના પાનની બીડી આપી. તે સમયનો બ્રહ્માનંદ સ્વામીનો થાળ છે જે “બ્રહ્માનંદના નાથજી દીજે મુખડાં તંબોળનાં દાન” એ કીર્તન છે. પ્રેમાનંદ સ્વામીની બીડી છે તેમાં “મુખમાં મેલું હું પાસે આવી.” એમ બીડીનું પદ છે. તે પ્રમાણે જમ્યા. તે બાઈ પૂર્વનાં મુક્ત હતાં. પૂર્વની ઘણી ભક્તિએ કરી વશ થયા હતા, એવી સેવા કરી.

સાંજના સમે દરબારમાં સભા ભરાઈને બેઠી હતી. સાધુ-હરિભક્ત કીર્તન ગાન કરતા હતા. મહારાજે પ્રભુ ભજવાની

ઘણી વાત કરી. તે સાંભળી કેટલાક તો એમ જાણતા જે ભગવાન વિના આવી વાત ન હોય. કેટલાક અભણ માણસ એમ બોલતાં જે સ્વામિનારાયણ છે તે તો જાદુગર છે અને કાઠીઓને વશ કરી લીધા છે. આ બાઈને પણ વશ કરી ગાંડી કરી છે. આમ જેમ તેમ લોકો બોલતા હતા..

સભા ઊઠી અને સંતો સૌ સૌના ઉતારે પધાર્યા. મહારાજ દરબારમાં પધાર્યા. બાઈએ થાળ કર્યો હતો તે લાવ્યા. મહારાજ કપડાં ઉતારી જમવા બેઠા. જમ્યા બાદ પાન બીડી આપી અને પ્રસાદીનો થાળ દરબારમાં આપી દીધો. બાઈ મહારાજ પાસે બેઠાં અને વાતું કરતાં હતાં તે સમે બાર વાગ્યા અને પોઢી ગયા. પાછલી રાતના ચાર વાગ્યા ને બાઈ ઊઠીને પાણી ઊનું મુકાવી દાતણ તૈયાર કરાવતાં હતાં. તે સમે શ્રીહરિ ઊઠ્યા અને બહિર્ભૂમિ જવાનો લોટો લઈ જઈ આવ્યા.

શ્રીહરિને હાથ-પગ ધોવડાવી દાતણ આપ્યું. દાતણ કર્યા પછી શરીરે અત્તર ચોળી ઊનું પાણી લઈ નવડાવ્યા અને સુંદર શ્વેત વસ્ત્રથી શરીર લૂછી ધોતિયું પહેરી મેડી પર આવી પલંગ ઉપર બિરાજમાન થયા. પછી સુંદર સોનેરી વસ્ત્ર પહેરાવી, ચંદન, પુષ્પથી પૂજા કરી. મહારાજ સારુ મેવા લાવ્યા. મહારાજ તે જમ્યા. બીજા સર્વેને મેવાનાં ટોપલાં ભરી આપ્યાં. સૌ સાધુ તથા હરિભક્તોના ઉતારે મોકલાવ્યા. પછી રસોઈનો સામાન પરમચૈતન્યાનંદ સ્વામી પાસે કરાવતા હતા.

તે સમે સભા ભરાઈને બેઠી હતી અને હરિભક્તો દર્શને આવતા હતા. ત્યારે બાઈએ પ્રાર્થના કરી કહ્યું જે, "દાદા ખાચર, મોટીબા અને જીવુબાને ઘેર જેમ ઓચ્છવ સમૈયો કરો છો તેમ અહીં કરો. સર્વે સંત હરિભક્ત બાઈ-ભાઈ અહીં આવે તે સર્વનું ખર્ચ જે થાય તે મારે આપવું છે પણ અહીં સર્વને બોલાવો."

શ્રીજીમહારાજ કહે: "અહીં પરદેશમાં આવવું ઘણું કઠણ છે. માર્ગમાં લૂંટાઈને હેરાન થાય, માટે કેમ કરી આવી શકાય?"

બાઈ કહે: "એક એક ગાઉ દૂર ચોકી મોકલું અને કોઈની પણ એક પૈસાની વસ્તુ જાય તેને એકસો રૂપિયા આપું." એમ કહ્યું.

શ્રીહરિ કહે: "રેવા, મહી આદિ નદીઓ ઊતરવી પડે તો કાઠિયાવાડના ઘોડા કેમ આવી શકશે?"

બાઈ કહે: "નદીમાં વહાણોનો પુલ બંધાવું પણ સૌને બોલાવો."

મહારાજ કહે: "ભલે સાધુને મોકલશું."

બે સાધુને તૈયાર કર્યા અને ખાનગીમાં જે કહેવું હતું તે કહ્યું. પછી સર્વે સાધુ માટે જમવાનું તૈયાર થયું. મહારાજનો થાળ થયો એટલે જમવા પધાર્યા. દરબારમાં શ્રીજીને પૂજવાનો, થાળ કરી જમાડવાનો તથા ચરણરજ માથે ચડાવવી એવી ઇચ્છા હતી તે પૂરી કરી.

તે દિવસે અસવારી કરી હનુમાનજીનાં દર્શન કરવા પધાર્યા. હાથી ઉપર શ્રીજીમહારાજ તથા બાઈના કુંવર બેઠા. સર્વ સાધુ-હરિભક્ત સહિત પધાર્યા. હનુમાનજીનાં દર્શન કરી પાછા વળ્યા ને સામો તાયફો આવ્યો. તે આગળ ગાતો જાય. તેથી સાધુઓને મહારાજે આજ્ઞા આપી જે તમે ઉતારે જાઓ. અમે શહેર સોંસરા થઈ ઉતારે આવશું. મહારાજ શહેરમાં થઈ દરબારમાં પધાર્યા. રાત્રે કુંવરે ગાવણું કરાવ્યું. મહારાજને બોલાવ્યા અને મહારાજ પધાર્યા. સાથે દેવાનંદ સ્વામીને લઈ ગયા. પછી મહારાજે દેવાનંદ સ્વામીને કહ્યું જે, "ગાઓ." પછી દેવાનંદ સ્વામીએ એવું સારું ગાયું તે સર્વ ગાંધર્વ ગાતા હતા તેમનો ગર્વ ઉતારી નાખ્યો. તેથી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈ પોતાનો જામો પહેર્યો હતો તે દેવાનંદ

સ્વામી ઉપરથી ઉતારી ગાંધર્વને આપી દીધો.

મહારાજ દરબારમાં પધાર્યા. બાઈ થાળ કરાવીં મહારાજના જમવાની વાટ જોઈ બેઠાં હતાં. મહારાજ થાળ જમ્યા અને પોઢી ગયા. સવારે ચાર વાગ્યા એટલે બાઈ નહાઈને મહારાજ માટે ઊનું પાણી લઈ દાતણ કરાવી ક્રિયા કરાવતાં હતાં. મહારાજ નહાઈ, ધોઈ મેડી પર બિરાજમાન થયા અને સાધુને તેડાવ્યા.

પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામી અને કીડીસખી એવા ઘણા ગવૈયા સાધુઓને બોલાવીને ગાવણું કરાવવા માંડ્યું. આગલે દિવસે ગાતા હતા તે સર્વનો ગર્વ ઊતરી ગયો અને કુંવર ગાવણું સાંભળી ખુશ થયા. ત્યાર પછી રસોઈ તૈયાર થઈ અને સાધુ જમવા પધાર્યા. મહારાજનો થાળ થયો એટલે દરબારમાં જમવા પધાર્યા.

બાઈ થાળ જમાડતાં જાય અને મહારાજને પૂછતાં જાય કેઃ "મહારાજ! આપણો ડુંગર ઉપર ખજાનો છે, તો આપ ત્યાં પધારો."

મહારાજ કહેઃ "ભલે." પછી જમી રહ્યા અને પાન બીડી આપી મહારાજની પ્રસાદીનો થાળ જમ્યાં. પછી મીનો મંગાવ્યો. તેમાં બેસાડી મહારાજને ઉપર મોકલ્યા. ત્યાર પછી બાઈ પોતે મીનામાં બેસી ડુંગર ઉપર ગયા. ખજાનાની કૂંચી લઈ બાઈ પોતે તથા શ્રીજીમહારાજ બંને ગઢમાં ગયા. ખજાનો ઉઘાડી સોનાના તથા હીરા-મોતીના, રૂપિયાના ઢગલા બતાવી મહારાજને કહે જે, "આ સર્વ ખજાનો છે તે તમો લઈ જાઓ અને યજ્ઞ કરો, તથા ધર્મને અર્થે વાપરો."

બાઈનાં વચન સાંભળી મહારાજ બોલ્યા જે, "તમે કોણ છો? અને આ ખજાનો શાનો છે? આ ખજાનો નથી પણ પાપ છે તે જોવું છે? કે આત્મા જોવો છે?"

બાઈ બોલ્યાં જે, "ખજાના પાછળ પાપ હોય તે બતાવો અને પછી આત્મા બતાવો."

પછી મહારાજ કહે: "ખજાના સામું જુઓ!" ત્યારે તે સમે મહામોટો ફરસ્તાન જમ જોયો. તે કેટલી બ્રહ્મહત્યા, કેટલી ગૌહત્યા તથા માણસની હત્યા, એવા અનંત પાપ જોઈ બાઈ તો વિસ્મય પામ્યાં અને બીક લાગી તે રાડે રાડ પાડવા માંડી અને કહ્યું: "મારે હવે જોવું નથી." એમ કહી મહારાજને પ્રાર્થના કરવા માંડી જે "મને આમાંથી મુક્ત કરો."

મહારાજે કૃપા કરી તેથી પોતાના સ્વરૂપમાં પાછી વૃત્તિ વળી તેથી મહારાજની મૂર્તિ જોઈને સુખ થઈ ગયું. મહારાજ બોલ્યા જે, "આ રાજ્ય તમારું નથી. આ ખજાનો અને આ દેહ તમારા નથી. આ તો કેવળ ભ્રમણા થઈ છે. માટે આત્મા સામું જુઓ. આ તમારું કાંઈ નથી અને આયુષ્ય પણ નથી. માટે તમે તો બ્રહ્મ છો, આત્મારૂપ છો. આનંદમય જે આત્મા તે તમારું સ્વરૂપ છે અને આ રાજ્ય તમારું નથી. તમારો પૂર્વે બ્રાહ્મણનો દેહ હતો. આ માન્યતા પણ દેહની છે. માટે તે માન્યતા મૂકી, અક્ષર સ્વરૂપ થઈ, પુરુષોત્તમનારાયણનું રૂપ જોઈ આનંદના સમૂહમાં ઝીલતા રહો."

બ્રહ્મસુખ એક ક્ષણ માત્ર ભોગવ્યું હોય તો જાણીએ જે ઘણા યુગ સુધી સુખ ભોગવ્યું છે. પછી તે બાઈ તે સુખ જોઈ, શ્રીજી પ્રત્યે બોલ્યા જે, "આમાં મારું કંઈ નથી. આપની મરજી હોય ત્યાં સુધી રાખો અને ધામમાં લઈ જવું હોય તો લઈ જાઓ." એવું એમને આત્મજ્ઞાન થયું. મહારાજ અને બાઈ બંને ડુંગર ઉપરથી નીચે ઊતર્યાં અને દરબારમાં પધાર્યા.

મહારાજે આવી વાત કરી જે દેહ અને દેહના સંબંધી તે રાજ્યની સમૃદ્ધિ તેમાંથી મમતા તોડવી ને આત્મા તે મારું સ્વરૂપ

છે ને અક્ષર મારું સ્વરૂપ છે. હું દેહરૂપ નથી. અછેદ્ય, અભેદ્ય, અમર અને નિર્વિકારી એવું મારું સ્વરૂપ છે; માટે મને તો ઘરમાં કંઈક ભ્રમણા છે, માટે એથી જુદો જે આત્મા તે છું. એવી ચોખ્ખી આત્માની રીત સમજી ભગવાન શ્રી પુરુષોત્તમનારાયણને વિષે પ્રીતિ જોડી બીજેથી પ્રીતિ તોડવી. એવી રીતે પંદર દિવસ જ્ઞાનની વાતો કરી રજા માગતા હતા.

મહારાજની પૂજા કરી દસ હજાર રૂપિયા ભેટ કર્યા; તે સર્વ મહારાજે મેડી ઉપરથી ઉડાડી મૂક્યા અને એક રાંકને આપી ગરીબપણું ટાળ્યું. એવા શ્રીહરિને ઓળખી પોતાનો મનોરથ પૂર્ણ કર્યો અને આનંદ પામ્યા. રૂપિયા આપ્યા એટલે ગામના માણસે એમ ધાર્યું જે બાઈને ગાંડી કરી રાજ્યને પાયમાલ કરી નાખ્યું. એવી રીતે લોકો મનમાં આવે તેમ બોલતા. જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેને સંશય ન થાય. જેને આ વાત અંતરમાં ન ઊતરે તેને નિશ્ચય નથી. જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું ન થાય? એને અર્થે લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે. એવી રીતે સર્વ સુખનો ત્યાગ કરે અને પ્રભુમાં જોડાય. એવી રીતે બાઈને સુખ આપી મહારાજ રજા માગી ચાલ્યા. પરમચૈતન્યાનંદ સ્વામી કહે હવે અહીં રહેવું નથી. આ બાઈની બે માસની આવરદા છે. પછી જે રીતે સામૈયું કર્યું હતું તે રીતે વળાવવા બે ગાઉ સુધી ગયા અને પ્રાર્થના કરી કહ્યું જે, "આ સર્વ ઉપાધિમાંથી મુક્ત કરી, આપના ચરણમાં નિવાસ આપજો ને આવી મૂર્તિ રાતદિવસ નજરે રહે અને ત્રણે અવસ્થામાં તથા ત્રણે શરીરમાં સાભરે." એવો વર માગ્યો. ત્યારે શ્રીજી કહેઃ "થોડા દિવસમાં દિવ્ય ગતિને પામશો."

એમ કહી મહારાજ વાંસદા થઈ વડતાલ થઈ ગઢપુર આવ્યા. ત્યાર પછી બાઈ દેહનો ત્યાગ કરી દિવ્ય ગતિ પામ્યા. એવી રીતે ધર્મપુરવાળા કુશળકુંવરબાઈની વાત સાંભળી સૌને ઘણો આનંદ થયો.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચુંમોતેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૫

સમલાના રાણા મઘાભાઈએ તદ્રૂપાનંદ સ્વામીને કહ્યું જે, "સ્વામી! પર્વતભાઈની વાત કરો." પછી સ્વામીએ કહ્યું જે, "તેમણે શ્રીજીની તથા સાધુની સેવા કરી છે તે વિસ્તારીને કહું છું જે, પર્વતભાઈ તો પૂર્વના મુક્ત હતા. તેમનો નિવાસ જૂનાગઢ શહેર નજીક ગામ અગત્રાઈમાં હતો. તેઓ પ્રથમ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. મહારાજને વિષે એમને સાધુભાવ હતો. રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી સર્વે સાધુને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો.

પર્વતભાઈને સંશય થયો જે પહેલા સર્વ રામાનંદ સ્વામીને ભગવાન કહેતા અને વળી હવે સરજુદાસને ભગવાન કેમ કહેતા હશે? એમ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું. મુક્તાનંદ સ્વામી કહે જે, "ભક્તો! આ તો અવતારના અવતારી છે. સર્વના કારણ છે." એવું મુક્તાનંદ સ્વામીનું વચન સાંભળી, મનમાં વિચાર કર્યો, તે સમે ચોવીસ અવતાર જોયા અને તે સર્વે નમસ્કાર કરી શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા. એકલા મહારાજ જ રહ્યા. ત્યારે પર્વતભાઈને થયું જે આ અવતારના અવતારી શ્રીહરિ સ્વયં છે, એમ જાણી માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય થયો.

પ્રથમ મહારાજે આજ્ઞા આપી જે તમારે સદાવ્રત આપવું અને સાધુને રાખી સેવા કરવી. સાધુઓ જેટલા માંદા થયા હોય જેટલા ઘરડા હોય.તેને તમારે ઘેર રાખવા. તે સદાવ્રત આપે અને સાધુની સેવા કરે તેમાં નવરા ન થાય. વહેવારમાં ચિત્ત ન લાગે. બાર મહિને બે વરસની ખેડ આવે તે રીતે ઘણાં વરસ સેવા કરી.

સાધુ પર્વતભાઈના ઘેર રહેતા. તે સમે શ્રીજી ત્યાં આવ્યા. સાધુને રસ્તામાંથી બે શેરડીના સાંઠા જડ્યા તે ઘેર લઈ આવ્યા. એક કણબીએ સાંઠા જોઈ કહ્યું જે આ તો અમારા વાઢના છે, તમે તે ક્યાંથી લાવ્યા છો? પછી તે કણબીએ મહારાજ આગળ આવી કહ્યું જે, "સાધુ મારા વાઢના સાંઠા લાવ્યા છે, તો પૂછ્યા વગર લાવે તે ઠીક નથી." પછી મહારાજે આજ્ઞા કરી જે, "શેરડીમાંથી જે થાય તે સાધુએ ન ખાવું."

સાધુએ બાર મહિના સુધી ગોળ તથા રસ ન ખાધા અને આજ્ઞામાં રહ્યા. પર્વતભાઈને ચાર વાઢ હતા પણ શેરડીનો સાંઠો કે ગોળની કાંકરી મોઢામાં ન નાંખે. બાર મહિના પછી જ્યારે મહારાજ આવ્યા ત્યારે કોઈએ વાત કરી જે પર્વતભાઈ બાર માસ થયા ગોળ તથા શેરડી ખાતા નથી. મહારાજે પર્વતભાઈને પૂછ્યું તયારે પર્વતભાઈ કહે જે, "મહારાજ! સાધુ નથી જમતા તો અમે શી રીતે સાધુને મૂકીને જમીએ?" પછી મહારાજે શેરડીના ભારા મંગાવ્યા અને સાધુ તથા પર્વતભાઈને આપ્યા તે જમ્યા. પર્વતભાઈ એવા વર્તમાન પાળતા હતા. એવી રીતે સાધુને વિષે આત્મબુદ્ધિ હતી.

સાધુને જે ઓસડ જોઈએ તે લાવી આપે. લૂગડાં પણ લાવી આપતા. ઘરના સર્વ માણસને પાણી ભરવું, દળવું, રસોઈ કરી આપવી એવી રીતે દશ વરસ સદાવ્રત આપ્યું અને સાધુને રાખ્યા.

એમ રાખતાં વહેવારે કંઈક દુર્બળપણું આવી ગયું પણ એમની ટેક તથા સાધુની સેવામાં કાંઈ ફેર પડ્યો નહિ.

શ્રીહરિ આવ્યા અને ભક્તને પૂછ્યું જે, "વહેવારે કંઈ દુઃખી જણાઓ છો?"

પર્વતભાઈ બોલ્યા જે, "આવું હોય ત્યારે પ્રભુ બહુ સાંભરે."

મહારાજ કહે: "એ તો તમારી ધીરજ જોવી હતી, પણ હવે સારો વહેવાર થાશે." પહેલા જેવો સરસ વહેવાર હતો તેવો પાછો થઈ ગયો. ભગવાનને અને સંતને વાસ્તે એવું ને એવું ખર્ચ કરવા માંડ્યું અને બધું દેવું પતી ગયું.

એક દિવસ મહારાજ કાઠીના અસવાર સહિત અગત્રાઈ આવી પર્વતભાઈના ઘેર બિરાજમાન થયા. પર્વતભાઈ પણ દર્શન કરી મહારાજ પાસે આવી બેઠા.

તે સમે મહારાજે કહ્યું જે, "કેમ બેઠા છો? સર્વને ખડ તથા દાણા આપો!"

પર્વતભાઈ બોલ્યા જે, "શેઠ આવે ત્યારે વાણોતરને શું? તમે શેઠો છો. ઘરના ધણી પણ તમે છો. અમે તો વાણોતર કહેવાઈએ. આપ જેમ બતાવશો તેમ કરશું." પોતાના ઘરના દાણાના કોઠારિયા ને ખડનો ફરજો ઉઘાડો મૂક્યો. ઘીનાં કુડલાં અને ગોળના કોઠા ઉઘાડા મૂકી કહ્યું: "જેમ જોઈએ તે પ્રમાણે વાપરો."

એવી રીતે પોતાનું ઘર મહારાજને સોંપીને બેઠા. મહારાજે કાઠીના ઘોડાના તોબરા હાથે ભરી આપ્યા અને વ્યવહારની સર્વ ખબર મહારાજને રાખવી પડી. એવી રીતે પર્વતભાઈના ઘેર ઘણી લીલા કરી હતી. તેઓ તો ત્રણે અવસ્થામાં મહારાજને જન્મથી જ જ્યાં હોય ત્યાં દેખતા હતા, પણ મનુષ્યની ચેષ્ટાની રીતે વર્તે. તેમ જેને આવી રીતે માહાત્મ્ય જ્ઞાને સહિત

નિશ્ચય હોય તેને એવું શું પદાર્થ છે તે ભગવાનને અર્થે ન થાય? એ તો સર્વ થાય.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પંચોતેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૬

એક દિવસ મુળીમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સભા ભરીને બેઠા હતા તે સમે સમલાના રાણા હાલુભાઈએ સ્વામીશ્રીને કહ્યું જે, "રાજબાઈની વાત કરો." પછી સ્વામી કહેઃ રાજબાઈ પૂર્વનાં વૃંદાસ્યાયન્ નામે તુલસી હતાં. તે તુલસીનો અવતાર હતાં અને મહાતપસ્વી હતાં. તેમણે હાથમાં કંકણ પહેર્યાં નહોતાં તથા માથે વાળ વધાર્યાં નહોતાં તથા આંખમાં આંજણ આંજ્યું નહોતું અને સદા નાના પ્રકારની ભગવાનની ભક્તિ કરતાં.

એકાદશી વ્રત, ધારણા, પારણા, ચાંદ્રાયણ વ્રત કરતાં અને કેવળ મીઠા વગરનું અનાજ જમતા. તે પણ દિવસમાં એક વાર. ઘી, ગોળ, સાકર, દહીં, દૂધ તો કોઈ દિવસ દેહે અડકાડ્યું ન હતું. જાડાં ખાદીનાં વસ્ત્ર, ગજિયા વિના બીજું વસ્ત્ર નહિ અને કોઈ ધાતુને હાથે કરી કદી અડ્યાં ન હતાં. પોતાનો કરી એક પૈસો રાખ્યો ન હતો. પાણી પીવાની તુંબડી તથા કઠારી રાખતાં હતાં. કાછલીમાં પાણી પીતાં અને મૃતિકાના વાસણમાં તથા કાષ્ઠના વાસણમાં જમતાં.

રાત્રે પૃથ્વી પર પાથર્યા વિના સૂઈ રહેતાં હતાં. કોઈ પુરુષનું મુખ અથવા શરીર જોવાઈ જાય તો ઉપવાસ કરતાં. વીસ હાથથી પુરુષ પાસે આવે તો ઉપવાસ કરતાં. શ્રીજી વિના કોઈ પુરુષ સાથે દેહ ધરીને બોલ્યાં નથી, એવો ત્યાગ

રાખતાં હતાં. જેટલાં વ્રત ધર્મશાસ્ત્રમાં કહ્યાં છે તેટલાં પોતાના દેહે કરીને કર્યાં હતાં. ત્યાગનાં કીર્તનો ગાતાં અને વાંચતાં. શ્રીજીમહારાજ રાજી થઈ થાળ આપે તો તે થાળમાંથી એક ભાતની પ્રસાદી જમતાં.

મહારાજ ગુજરાતમાં ગયા ત્યારે એક ચોફાળ અને રૂપાનો પ્યાલો મહારાજે રાજબાને મોકલી આપ્યાં. તે રાજબાએ લીધા પણ પછી મોટીબાને તે આપી દીધા. એવી રીતે ઘણો ત્યાગનો અને કલ્યાણનો ખપ હતો. જેમ મહારાજ રાખે એમ રહેતાં. જ્યારે ઠાકોરજીના થાળ માટે સીધું જોવું હોય, દળવું હોય તે સર્વે સરસામાન પોતાના હાથે શોધન કરી આપતાં. શાક પણ પોતે સુધારી આપતાં. સાધુને અર્થે સેવાભક્તિ કરી ધ્યાનમાં બેસતાં. એવો એમનો ત્યાગ હતો પણ એમ જાણતાં જે આવા મહારાજ અને આવા કલ્યાણકારી સાધુ તો બ્રહ્માંડમાં ક્યાંય નથી.

એવો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હતો. જેમ મહારાજ કહે તેમ કરતાં. શરીરમાં અસ્થિ અને નાડીઓ ઉઘાડી દેખાતી. દેવહુતિએ અને પાર્વતીજીએ તપ કરી શરીર કૃશ કરી નાખ્યું હતું તેવું તેમણે કરી નાખ્યું. એવી તો એમની કેટલી બધી વાતું છે જે વર્ણવી શકાય નહિ. આ તો સંક્ષેપ્તમાં થોડી વર્ણવી છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છોતેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૭

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કંથારિયાના રાણા મેઘાભાઈએ આવી કહ્યું જે, "લાડુબાઈની વાત કરો અને ભગવાનને અર્થે એમણે શું શું કર્યું હતું તે કહો."

ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તદ્રૂપાનંદ સ્વામીને કહે જે, "સ્વામી! મેઘાભાઈને લાડુબાઈની વાત કરો."

સ્વામીએ વાત કરતા કહ્યું જે, એમણે ભગવાનને રાજી કરવા સારુ સાધનો કર્યાં તે આપણાથી વર્ણવી શકાય એમ નથી, પણ કંઈક સ્મૃતિ પ્રમાણે કહું. લાડુબા અને જીવુબા બંને સગી બહેનો હતાં. મોટાં રામબા તથા નાનાં રામબા એ ચારે જણાએ નાનપણથી વિચાર કર્યો જે ભગવાન ભજવા છે અને ભગવાન વિના બીજા કોઈ પુરુષનો છેડો અડવા દેવો નથી.

તે ચારે જણાએ નિયમ પોતાને હાથે લીધાં જે, હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, શ્વાસોચ્છ્‌વાસે ભગવાનમાં ચિત્ત રાખવું. એમ ચારે જણાએ વિચાર કર્યો. વળી આપણે ચારમાંથી કોઈએ પરણવું નહિ. બાળબ્રહ્મચર્ય રાખવું. બાળ અવસ્થામાં બાળમુકુંદજીની પૂજા કરતાં અને થાળ કરી જમાડતાં હતાં. એમના સગપણ બાબત જો કોઈ વાત કરે તો ઉદાસ થઈ જાય અને રોવા લાગે. એવી રીતે દશ સગપણ પાછાં ગયાં એટલે સગાસંબંધીઓને થયું જે બે દીકરીઓ છે તેને પરણાવ્યા વિના ન ચાલે.

સગાંસંબંધીઓએ આવી મહારાજને વાત કરી. મહારાજ તે બાઈઓને કહે જે, "પરણ્યા વિના રહે તે વચનદ્રોહી, ગુરુદ્રોહી છે. તે અમારા સત્સંગમાં નહિ." એવી રીતે મહારાજે કહ્યું એટલે બાઈઓ ઉદાસ થઈ, ખાવું-પીવું બંધ કરી દેહનો ત્યાગ કરી દેવો; એમ સંસારમાંથી ઉદાસ થઈ ગયાં.

શ્રીહરિ તેઓની પાસે આવ્યા અને કહ્યું: "કેમ મુંઝાઓ છો? તમારી રક્ષા અમારે કરવી છે. તમારાં બ્રહ્મચર્યનું રક્ષણ અમારે શિર છે, માટે ચિંતા ન કરશો." પછી તેઓ બધાના મનમાં શાંતિ થઈ.

સગપણ આવ્યું તે લાડુબાનું સગપણ કર્યું અને વિવાહનો સામાન તૈયાર કર્યો અને લગ્ન લીધાં. જાન આવી. જે રાતે

પરણવાનું હતું તે રાતે વરને તાવ આવ્યો. તાવમાં ને તાવમાં પરણાવ્યાં. તાવમાં ત્રણ દિવસ રહી ઘેર ગયા અને લાડુબાનું રૂપ વાઘના જેવું જોયું. વરે પોતાના માતા-પિતાને કહ્યું જે, "મારા જીવનો ખપ હોય તો આને એના ઘેર મોકલી આપો. લૂગડાં કે ઘરેણું આપણા ઘેર કંઈ રાખશો નહિ." પછી વેલ જોડી લાડુબાને પાછાં મોકલ્યાં.

લાડુબા સાસરાથી ગઢપુર પોતાને ઘેર પાછાં આવ્યાં. માર્ગમાં માંદા સાધુને લોહીખંડ પેટ બેસણું હતું એટલે સાધુને પોતાની વેલમાં બેસાડી પોતે ચાલ્યાં અને સાધુના લૂગડાં બગડે તે કાઢી નાખે અને રેશમી ગોદડી પાથરી આપે. વળી બગડે તો પાછી ગોદડી કાઢી નાખે. એમ કરતાં ચાલીશ ગોદડી બગાડી ગઢડે આવ્યાં.

પગે ભંભોલાં પડી ગયાં. એવી રીતે પોતે ચાલ્યાં અને સાધુની સેવા કરી ગઢડે આવ્યાં. મહારાજને આવી પગે લાગ્યાં. મહારાજે કહ્યું જે, "તમારું રક્ષણ અમે કર્યું છે." બાઈ કહે : "હા મહારાજ." બાઈના પગે ભંભોલાં જોયાં અને સાધુની સેવા કરેલ જોઈ મહારાજ બહુ રાજી થયા. સો સો રૂપિયાની એક એવી રેશમી ગોદડીઓ સાધુને અર્થે વાપરી, તે એમને ધન્ય છે. સાધુનું એવું માહાત્મ્ય જાણ્યું કેમ જે ભગવાન ને ભગવાનના ભક્તથી કંઈ વહાલું રાખ્યું નહિ.

એવી રીતે લાડુબાના રક્ષા કરી અને લોકો તો કાંઈ ને કાંઈ બોલતા, પણ ભગવાનના જે જન તેની સામું અન્ય પુરુષ ક્યાંથી જોઈ શકે? તેની દૃષ્ટિએ કરી બીજા પુરુષ તો બળીને ભસ્મ થઈ જાય. તે એક ક્ષણ પણ ભગવાન વિના રહે નહિ. એમને વિષે કોઈ બીજો ભાવ કરે તો ભસ્મ થઈ જાય. એ તો શ્રી પુરુષોત્તમ ભગવાન અનંત જીવોના ઉદ્ધાર કરવા આવ્યા છે તે તેમની સાથે તેડી લાવ્યા છે. તે

જ્ઞાની-અજ્ઞાનીને ભગવાનની વાતો કરીને સ્વધર્મ, વૈરાગ, જ્ઞાન સહિત ભગવાનની ભક્તિ કરાવતાં.

પોતાની સમૃદ્ધિ સાધુને અર્થે તથા ભગવાનને અર્થે વાપરતા. મહારાજને અર્થે અનેક વાર ઉત્સવ, રસોઈઓ, અન્નકોટ, જન્માષ્ટમી તથા હુતાસણી આદિમાં વાપરતાં હતાં. જ્યારે મહારાજને તથા સાધુને જમાડવા હોય ત્યારે દરબારમાં મોટીબાને પૂછાવે ત્યારે એમને પણ આનંદ થાય. તેથી તેઓ જલેબી, મોતૈયા લાડુ, માલપૂવા, ઘેબર, સૂતરફેણી, મગજ, મોહનથાળ, મેસૂબ, હરીસો બિરંજ આદિ જે જે જાતનાં ભોજન તે સર્વની રસોઈઓ કરી થાળ જમાડતાં.

સગાંસંબંધી તે એક જ શ્રીહરિ અને સાધુ વિના સંસારમાં 'બીજું કોઈ સગું નથી એમ જાણી પોતાનું જીવિતવ્ય ભગવાનને અર્થે કરી ભગવાન ભજતાં. તેને લોક-લાજ, રાજ્ય, સુખ અને ધન, તેમાં ભગવાન વિના ક્યાંય ચિત્ત ન ચોટે. એવા ભગવદી જે ભગવાનના ભક્ત, તેને 'સંત સગાં કે હરિભક્ત સગાં અંતકાળમાં રામ, તુલસી આ સંસારમાં તીન કોર વિશ્રામ.' એવી લાડુબાની દૃઢતા જેવી બીજા કોઈની નહિ. એવી રીતે હોય તેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય કહેવાય. એમની ભક્તિએ કરી ભગવાન એમને વશ થઈ ગયા. એમની વાત કહેતાં પાર આવે તેમ નથી.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સિત્તોતેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૮

ચોથે દિવસે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીમાં સભા કરી બિરાજમાન હતા. તે સમે કંથારિયાના રાણા ભાવસંગજી

અયોધ્યાપ્રસાદજી મહારાજને પૂછતા હતા જે, "જીવુબાની વાત કરો અને ભગવાનને અર્થે એમણે શું કર્યું તે કહો." ત્યારે મહારાજે તદ્રૂપાનંદ સ્વામીને તે વાત કરવાની આજ્ઞા કરી.

સ્વામી કહેઃ મહારાજે કહ્યું જે, "ન પરણે તે વચનદ્રોહી અને ગુરુદ્રોહી છે અને અમારા સત્સંગમાં નથી.' તે મહારાજનું વચન લોપાય નહિ અને કૃષ્ણ વિના બીજો ધણી કેમ કરાય એમ મોટી શંકામાં પડ્યાં.

મનમાં એમ વિચાર થાય જે, હવે કાઠીને ઘેર જન્મ થયો તો કાઠી કાંઈ ધણી ન થાય. એ તો જેમ લાડુબાનું રક્ષણ કર્યું એમ મારું પણ રક્ષણ કરવું એમના હાથમાં છે એમ વિચાર કરી બેઠાં. તે સમે જીવુબાનું સગપણ કરવા આવ્યા ને સગપણ કર્યું. જાન આવ્યા પહેલાં ત્રણ દિવસથી ઉદાસ થઈ શ્વાસ ભરાય. એમ બીજો દિવસ બાકી રહ્યો ને મારે હવે શું કરવું? એવી રીતે વલોપાત કરે છે. તે સમે મહારાજ આવ્યા અને કહ્યુંઃ "તમારું બાળબ્રહ્મચર્ય રાખવું એ તો અમારા હાથમાં છે. તમે શા માટે ચિંતા કરો છો? માટે કાંઈ ફિકર રાખશો નહિ. તમારી રક્ષા અમે કરશું." એમ કહી ધીરજ આપી.

બીજે દિવસે જાન આવી, માહ્યરામાં વરને પેટમાં વાઢ આવી તે રહેવાય નહિ. બ્રાહ્મણે હથેવાળો કરાવવા માંડ્યો. વરનો તો જીવ જાય અને જીવુબાને જુએ તો જાણે અગ્નિ હોયને શું? બીજા જાનૈયાને તે કહેઃ "આ તો કન્યા નથી પણ બળતો અગ્નિ નજરે જોઉં છું. તમે ભલે કન્યા જોતા હો, મારે તો ચૉરીએ નથી ચડવું. મારો જીવ લેવો હોય તો ભલે, પણ હું ચૉરીએ નહિ ચડું." એમ કહી રડવા લાગ્યો. તેઓ વેલ લઈ પાછા ગયા. એવી રીતે જીવુબાની રક્ષા કરી.

મહારાજ કહેઃ "આ જોગમાયાને પુરુષોત્તમ ભગવાન વિના

બીજો ભરથાર નથી એવાં, એમની સામે બીજો પુરુષ જોવા સમર્થ ન થાય. તેઓ મહાતપસ્વી છે." જેનું રૂપ જોઈ મોહ પામ્યા જે કોટાનકોટી અસુર તેને પોતાની દૃષ્ટિએ કરી બાળી ભસ્મ કરી નાખ્યા, એવા જેના એક શ્રીહરિ પુરુષોત્તમ પતિ છે એમનો મહિમા મુખે વર્ણવ્યો પાર આવે તેમ નથી. એમના મહિમાને તો ભવ બ્રહ્માદિક પાર નથી પામતા અને શેષ પણ પાર નથી પામતા. એમને શ્રીજીને વિષે જેવી પ્રેમલક્ષણા ભક્તિ હતી તેવી કોઈમાં ન મળે. રાત-દિવસ સ્નેહથી શ્રીહરિની મૂર્તિમાં જ નિમગ્ન રહેતાં. ભગવાનને જેમ રાજી કરવાં જોઈએ તેમ રાજી કરતાં. ત્યાં સાધુ રહેતા એમની ખાન-પાનની તથા માંદા સાધુને કાંઈ ખાવાપીવા જોઈતું હોય તેની પોતે ખબર આપતાં. મહારાજનો થાળ કરે તેમાં કાંઈ ફેરફાર ન પડે. પોતાના દેહનું કંઈ ભાન જ નહિ. શ્રીજીની સેવામાં જ રાત અને દિવસ જાય અને પ્રેમભાવે મૂર્તિમાં જોડાઈ રહેતાં. એક ક્ષણ પણ મૂર્તિ વિના ન રહેતાં.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અઠ્ઠોતેરમો વિશ્રામ.

## વિશ્રામ ૭૯

પાંચમે દિવસે અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીપુરમાં સભા કરી બિરાજમાન હતા. ત્યાં કંથારિયાના રાણા ઉનડભાઈએ મહારાજને કહ્યું જે, "મોટાં રામબાઈની વાત કરો. એમણે ભગવાનને અર્થે શું શું કર્યું તે કહો."

સ્વામી કહેઃ "સાંભળો, રામબાઈ શ્રીમાળી બ્રાહ્મણ હતાં. તેમનું સગપણ રાણપુરમાં કર્યું હતું. લાડુબાને મહારાજે કહ્યું હતું કે જે ન પરણે તે વચનદ્રોહી તથા ગુરુદ્રોહી છે એમ જાણી પોતે

પરણવાની હા પાડી, પણ મનમાં એમ જે કોઈ પુરુષનો આપણે હાથ પકડવો નથી.

પછી લગ્ન લખી મોકલ્યાં અને વિવાહની ધામધૂમ ચાલે છે અને રામબાઈના મનમાંતો એમ જે આપણે પુરુષનો હાથ પકડવો નથી. એવી ભગવાનને પ્રાર્થના કરી. જાન આવી તે દિવસે રાત્રે શ્રીમાળીના છોકરાને હાથે રતવા નીકળ્યો. તે રહેવાય નહિ અને બળતરા થાય. જાન આવી તે વિવાહ કર્યા વિના ન ચાલે એમ કહીને જે દિવસે જાન આવી તે દિવસે રાત્રે શ્રીમાળીને તો આઠ ફેરા ફેરવી દીધા. પછી આઠ દિવસ જમે, રમે અને જે વર થઈને આવ્યો હતો તે તો તરત અકળાયો અને કહ્યું અહીંથી હવે ઘેર ચાલો. પછી જાન જોડાવી પાછા ઘેર ગયા.

રાણપુર આવ્યા. ગામમાંથી સામૈયું લઈ વાજતે-ગાજતે આવ્યા અને સાંજ પડી ગઈ હતી. વરને માણસો જોવાં આવ્યા હતા તે સમે અંધારું થઈ ગયું. રામબાઈ તો જેતપુરથી ગઢડા ભેગાં થઈ ગયાં. તે ખબર પડવાથી શ્રીમાળી બ્રાહ્મણો ભેગા થઈ આવ્યા અને નિશ્ચય કર્યો જે રામબાઈને બાંધીને લઈ જવી, કેમ જે સ્વામિનારાયણે તેને ભરમાવી છે. તે આપણે મરવું, નહિતર તેને મારવા.

એમ વિચારી શ્રીજી ગઢડામાં સભા કરી બિરાજમાન હતા ત્યાં આવ્યા. શ્રીમાળી બ્રાહ્મણો શ્રીજીને કહે: "અમારું માણસ લાવો."

મહારાજ કહે: "તમારું માણસ હોય તો લઈ જાવ. અહીં તો અમારા માણસો છે." તે સમે બાઈઓની પણ સભા ભરાઈને બેઠી હતી. તેમાં રામબાઈ બેઠાં હતાં. ત્યાં પણ તેમણે તપાસ કરી પણ રામબાઈને ક્યાંય ન જોયાં.

મહારાજ કહે: "પાકું સીધું લ્યો અને લાડુ કરીને જમો."

શ્રીમાળી બ્રાહ્મણો કહે: "અમારે કાંઈ ન ખપે. અમારે લાડુ જમવા નથી. જો અમારું માણસ આપો તો લાડુ જમીએ."

મહારાજ કહે: "તમારું માણસ આ ગામમાં હોય તો શોધી કાઢો, અહીં શું છે?"

હવે આ બાજુ વર તો મરવા લાગ્યો. રાણપુરથી માણસ ગઢડા આવ્યા અને કહે ઘેર ચાલો, વર તો મરી ગયો છે. શ્રીમાળી બ્રાહ્મણો ઘેર આવ્યા અને વર પણ મરી ગયો હતો.

આવી રીતે રામબાઈની ટેક મહારાજે રખાવી. આ સંસારના સુખથી ઉદાસી અને ભગવાનના સુખે કરી સુખિયા થયાં.

તેમ, માહાત્મ્યે સહિત નિશ્ચયવાળા ભગવાન વિના બીજું સુખ નહિ એવાં જે રામબાઈ તેની રક્ષા શ્રીજીમહારાજે કરી.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ઓગણ્યાએંસીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૦

ગામ શ્રી મુળીપુરમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બેઠા હતા. તે સમે કંથારિયાના રાજા ગજાભાઈએ કહ્યું જે, "નાનાં રામબાઈની વાત કરો."

સ્વામી કહે: "નાનાં રામબાઈ ઔદિચ્ય-બ્રાહ્મણ હતાં અને મોટીબા જે જીવુબા તેમના પાસે રહેતાં અને તેમની માફક પ્રભુ ભજતાં તેવો જ વૈરાગ્યનો રંગ લાગી રહ્યો હતો. માટે તેમણે વ્યવહાર કરવાની ના પાડી અને કહ્યું જે, 'મારે પરણવું નથી. એમ ટેક લઈ બેઠાં."

શ્રીજીમહારાજને તેમના સંબંધીઓએ આવી કહ્યું જે, "આને સંમજાવો તો પરણે. નહિ તો અમારી લોકમાં લાજ જશે. માટે

તેમની પાસે હા પડાવો તો વિવાહ કરીએ."

મહારાજે હા કહેવડાવી પણ નાનાં રામબાઈ તો અન્ન ખાય નહિ અને ઉદાસીમાં ફરે. મહારાજ કહે: "ઉદાસીપણું મૂકી પ્રભુ ભજો. ભગવાન તમારા બ્રહ્મચર્યની રક્ષા કરશે." એમ કહી ધીરજતા આપી.

રામબાઈનાં લગ્ન નિરધાર્યાં. વિવાહ કરવા માંડ્યો ને જાન આવી અને પરણાવ્યા. પોતાના ગામ નાગનેશ આવ્યા. સાંજને સમે ગામમાંથી સામૈયું આવ્યું. તે સમે રામબાઈની ચોકી રાખી અને જેમ જેતપુરથી મોટાં રામબાઈ નાસી ગયાં હતાં તેમ ભાગી ન જાય તે માટે બ્રાહ્મણો બહુ ખબર રાખતા. વાજતે-ગાજતે માંડવે આવી પોંખ્યાં અને ઘરમાં ગોત્રીજ પૂજી સૌ સૌને ઘેર ગયા ને ત્યાં રહ્યાં જે રામબાઈ તે તો ધ્યાનમાં બેઠાં અને સમાધિ થઈ ગઈ.

સાસુ તથા નણંદે બોલાવવા માંડ્યાં પણ બોલે નહિ. સર્વે ભેગા થયા, પછી સમાધિ ઊતરી ગઈ. વળી રાત પડે ને સમાધિ થાય તે જેમ મડદું હોય તેવા થઈ જાય. એમ ત્રણ દિવસ રહ્યાં. એટલે બ્રાહ્મણો કહે: " આ તો દંભ કરે છે. તે એને બાંધો અને ગઢ ઉપરથી નાખી દ્યો તો દંભ મૂકશે." એમ કહી એક-બે જણાએ પગ ભેગા કરી બાંધ્યા અને રામબાઈને ગઢ ઉપર ચઢાવ્યાં. તે સમે રામબાઈએ વાયુ તત્ત્વની ધારણા કરી એટલે સૌના દેખતા ઊડીને આકાશ માર્ગે ગઢપુર મહારાજ પાસે આવ્યાં!

બ્રાહ્મણોને થયું જે આ શું થયું? તેમના વરને ત્રણ દિવસ પછી કોલેરા થયો અને મરી ગયો.

રામબાઈ તો જીવ્યાં ત્યાં સુધી મોટીબાની સેવામાં રહ્યાં. સુખેથી પ્રભુ ભજતાં માટે જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેની ભગવાન સહાય કરે છે. ભક્તની ભગવાને સહાય કરી છે

અને કરશે એવી રીતે નાનાં રામબાઈની રક્ષા કરી.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એંશીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૧

ગામ શ્રી મુળીમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વિરાજમાન હતા તે સમે અચારડાના રાણા નારસંગજીએ કહ્યું જે, "હે મહારાજ! દાદા ખાચરની વાત કરો."

મહારાજે તદ્રૂપાનંદ સ્વામીને કહ્યું જે, "દાદા ખાચરની વાત કહો."

પછી સ્વામી બોલ્યા જે, દાદા ખાચરની વાતોનો તો પાર આવે એમ નથી પણ થોડી મોટી મોટી વાત કહીએ છીએ તે સાંભળો.

દાદા ખાચરના અઢાર વખત આપત્કાળ આવ્યા અને અઢારે વખતે ધીરજતા રાખી. તેમનો ગરાસ હતો તે શ્રીજીમહારાજે મોટીબાને લખાવી આપ્યો અને દાદા ખાચરના ભાવનગર નોકરી કરવા મોકલ્યા.

એક વખત ચોમાસામાં વરસાદ આવ્યો, તે તીર્થવાસી માટે પ્રથમ કોડ્ય ખાલી કરવાનું કહ્યું. તે ગયા; પણ વરસાદમાં બળદ કોડ્યમાંથી બહાર નીકળ્યા નહિ. ત્યારે મહારાજ કહે : "તમારા ઓરડામાં તીર્થવાસીને રાંધવા આપો અને તમે બીજે જાવ. પછી દાદા ખાચરે ઓરડો તીર્થવાસીને કાઢી આપ્યો અને પોતે બહાર જઈ રહ્યા.

પછી જન્માષ્ટમીનો સમૈયો બહુ સારો થયો. માણસોને ગામમાં ઉતારો ન મળે. મહારાજને આવી જે હોય તે કહે કે

"ઉતારો આપો." મહારાજ દાદા ખાચરને કહે. માણસ દાદા ખાચરને કહે ઉતારો આપો, નહિતર અમે જઈએ છીએ. પછી પોતાના ઓરડામાં જઈ પોતાની નવી સ્ત્રી અને પોતે બહાર રહ્યાં. પછી પાછળ માણસ જોવા મોકલ્યા જે એ મનમાં કચવાતા હોય તો ચાલ્યા જઈએ. મહારાજને માણસે આવી કહ્યું જે, એ બંને માણસ તો એમ વાત કરે છે જે હરિશ્ચંદ્ર રાજા તો વેચાયા હતા અને આપણને તો ઘરમાં રાખે છે. આપણા ઓરડામાં તો માણસોનો ઉતારો કરાવે છે. એવી ઘણી વાર ધીરજતા જોઈ મહારાજ જેમ કહે તેમ કરે એમની મરજી વગર કંઈ ન કરે તે લખીએ તો પાર આવે તેમ નથી.

એક સમે વડોદરાથી દિવાન બે હજાર માણસ લઈને આવ્યા હતા અને દાદા ખાચરને કહેવડાવ્યું જે ગામ ગરાસ ખાવો હોય તો સ્વામિનારાયણને તમારા ઘેરથી કાઢી મૂકો; નહિતર તમારો ગરાસ લઈ લેશું. દાદા ખાચર કહે: "તમારે ગરાસ લેવો હોય તો ભલે લ્યો, પણ સ્વામિનારાયણ તો નહિ જાય."

ગામના લોકો કહે: "જો શ્રીજી નહિ જાય તો તમારો ગરાસ લઈ લેશે."

દાદા ખાચર કહે: "એવા શ્વાન ઘણા ભસતા હશે." પછી તેઓને એવું સામર્થ્ય બતાવ્યું જે મને મારી નાખશે. એમ જાણીને ચાલ્યો ગયો.

વળી બીજી વાર ભાવનગરથી ત્રણ હજાર મારવાડા લઈ ગેબી આવ્યો. હથિયાર બાંધી હલ્લા કરીને આગળથી કહી મોકલ્યું જે સ્વામિનારાયણને તમારા ઘેરથી કાઢી મૂકો, નહિતર તમારો ગરાસ જશે ને હમણાં ગામમાં ફોજ આવશે એમ કહેવડાવ્યું. તો પણ દાદા ખાચરને એ વાતનો જરાપણ સંશય ન થયો. ગામના માણસોએ વાત સાંભળી હાલકલોલ ગામમાં થયું. તે હલ્લા ગામમાં

આવીને જ્યારે બજારે આવ્યા ત્યારે શ્રીજીમહારાજે એવું સામર્થ્યપણું જણાવ્યું જે હજારો માણસ ભરાયાં છે તે જોઈ ગેબી તથા તેના માણસો નાસી ગયા ને ઉતારે ઊભા ન રહેવાયું. પડી પડીને ભાગી ગયા. દાદા ખાચરને તો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હતો, તે જરાય ડગ્યા નહિ.

ત્રીજી વખત ભાવનગરનો કારભારી આરબની બેરખ લાવ્યો અને દાદા ખાચરને કહેવડાવ્યું જે સ્વામિનારાયણને નહિ કાઢો તો તમારો ગરાસ લઈ લેશું; એમ કહી ઉપાધિ કરાવી. ગામ ઉપર જપ્તી કરી. ગામમાં જવાનો હુકમ પણ નહિ. આરબની બેરખ લઈને તે દાદા ખાચરના માણસો સાથે લડાઈ કરવાનો આરંભ કરી બંદૂક ભરી મારવા તૈયાર થયા. તે સમે દાદા ખાચના માણસો નીકળ્યા. આરબના શિંગણામાંથી પલિતો ઊડ્યો તે એકબીજાને માંહોમાંહી લાગી ને એકબીજાને મારવા માંડ્યા અને નાસીને જીવા ખાચરના દરબારમાં ભરાઈ ગયા. એમ મહારાજે દાદા ખાચરની રક્ષા કરી.

એવી તો હજારો વખત રક્ષા કરી છે. તેમને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય તે મનમાં જરાય શંકા નહિ. ત્યાર પછી જીવા ખાચરે પોતાની નાતમાં ઉપાધિ કરાવી નાત બહાર મૂક્યા. માણસો ન બોલાય એવું બોલે. પણ એમને તો સ્વામિનારાયણનો પક્ષ તે ન મૂકે. એવી રીતે નાતની, જગતની ઉપાધિ તથા લોક લાજ મૂકી, ગણના ન કરી ભગવાન અર્થે શું ન થાય? ભગવાન શ્રીહરિને અર્થે પોતાનું રાજ્ય, સગાં, તન, મન, ધન, યત્કિંચિત્ પદાર્થ મહારાજની સેવામાં આપે એમ તે સર્વે ભગવાનને અર્થે કરી રાખતા ને જેમ ભગવાનની મરજી હોય તેમ વર્તતા. પોતાના મનનું ગમતું મૂકી જેમ કહે તેમ કરતા તો ભગવાન એમના ઘેર રહ્યા અને રાજી થયા. એમનાં સર્વે કામ કર્યાં ને વશ થઈને રહ્યા.

જીવા ખાચરે માંડવધારમાં ત્રણસો માણસની મેલ કરાવી મહારાજને પકડવાનો વિચાર કર્યો. મહારાજને કહે તમે અહીંથી નાસી જ જાઓ. મહારાજ કહેઃ "સારું." પછી સાંજે ગાડું જોડાવી, તૈયાર થઈ બહાર નીકળ્યા. તે દિવસ આથમ્યો અને પાછા જઈ માંડવધાર ગયા. ત્રણસો માણસોને નસાડી પાછા દાદા ખાચરના ઘેર આવ્યા. એવી રીતે અનેક વિઘ્ન આવ્યાં પણ ભગવાને રક્ષણ કર્યું એમ દાદા ખાચરનાં ઘણાં કામ કર્યાં છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકાશીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૨

મુળીમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બિરાજમાન હતા. તે સમે તાવીપુરના રાણા કાયાભાઈએ કહ્યું જે, "માંચા ખાચરની વાત કરો." ત્યારે મહારાજે તદ્રૂપાનંદ સ્વામીને કહ્યું જે, "તમે વાત કરો."

સ્વામી બોલ્યા જે, "માંચા ખાચર પ્રથમ માર્ગીના પંથમાં હતા. નાનપણથી બ્રહ્મચર્ય રાખતા અને રામચંદ્રજીનું ભજન કરતા ને સદાવ્રત આપતા. પોતાના ઘેર જોગી આવ્યો, તેણે ત્રાંબામાંથી સોનું કર્યું અને પારામાંથી રૂપું કર્યું. માંચા ખાચરને કહેઃ "આ કીમિયો તમને શીખવું, જેથી તમારે સદાવ્રત છે તેમાં કામ આવે." એમ જોગીએ કહ્યું. ત્યારે કીમિયાવાળાને લાકડી લઈ ગામ બહાર કાઢી મૂક્યો.

માંચા ભક્તને થયું જે આ સંસારમાં કાંઈ સુખ નથી. જ્યાં સુધી પ્રગટ ભગવાન નથી મળ્યા ત્યાં સુધી કાંઈ કર્યું નથી, એમ જાણી ગિરનાર પર્વતમાં કોઈ મોટા જોગી મળે તો ઠીક, એમ

વિચારી ભોજા ભક્ત નામે એક ચારણને સાથે લઈ ગિરનાર પર્વત પર ગયો. દામોદર કુંડમાં નાહી, દર્શન કરી, રેવતી કુંડમાં નાહીને પઠી બેઠા. તેં સમે માધવદાસ નામે રામાનંદ સ્વામીના સાધુ બેઠા હતા તેને પગે લાગ્યા. માંચા ભક્તને સાધુએ પૂછ્યું જે, "ક્યાં જાઓ છો?" તો કહે: "અમે તો ભગવાન શોધવા નીકળ્યા છીએ. તો ગિરનારમાં કોઈ મોટા સિદ્ધ હોય અને ભગવાન બતાવે એટલા માટે આવ્યા છીએ."

માધવદાસ કહે: "પ્રગટ ભગવાન તમારે જોઈતા હોય તો લોજ ગામ તથા માંગરોળમાં છે. આ ડુંગરમાં તો પથ્થર છે. કોઈ ભગવાન નથી." માંચા ભક્ત લોજ ગામમાં જઈ શ્રીજીનાં દર્શન કરી આનંદ પામ્યા. મહારાજને જોઈ નાના પ્રકારના સંકલ્પ વિકલ્પ થતા હતા તે નિવૃત્ત પામ્યા. દર્શનમાત્રે પૂરણકામ થયાં, દર્શન કર્યાં પછી સમાધિ થઈ ને એવું સુખ આવ્યું કે આખા બ્રહ્માંડમાં ક્યાંય ન મળે તેવું ભગવાનનું સુખ પામ્યા. શ્રીજી વગર કોઈ ભગવાન નથી એવો નિશ્ચય થયો.

પછી સંસારમાં સુખ નથી એમ જાણી ભગવાન વિના બીજે વ્યવહારમાં ચિત્ત દીધું નહિ. ગરાસ તથા ગામના ધણી હતા પણ સંસાર ન કર્યો અને સાંખ્યયોગી રહ્યા. ભગવાન ભજવાનું સાધન કર્યું. ભગવાન વગર એક ક્ષણ પણ વ્યર્થ ન જાય. પોતાની મિલકત તથા ધન ભગવાનને અર્પણ કરી દીધાં. માટે જેને ભગવાન ભજવા હોય તેને મહારાજ રાજી થાય એમ કરવું.

એક સમે મહારાજ સરધારમાં ચાતુર્માસ મુક્તાનંદ સ્વામીની જગ્યાએ રહ્યા. ત્યાં માંચા ભક્ત પોતાના ઘેરથી સામાન, ઘી, ગોળ, ચોખા, મગ, ઘઉં આદિ બે માસનું સીધું ગાડામાં લઈ સાધુને જમાડવા સારુ સરધાર ગયા અને શ્રીજીનો સમાગમ કર્યો, ભગવાન જેમ રાજી થાય એમ કર્યું. હંમેશાં મહારાજને પ્રાર્થના

કરી કહે જે, "મહારાજ! મારા ઘેર પધારો." મહારાજ બે માસે પ્રસન્ન થયા અને રાજી થઈ કહ્યું જે, "તમારે ઘેર આવશું." પછી મહારાજ માંચા ભક્તના ગામ પધાર્યા ને પોતાનું ધન, માલ સર્વ શ્રીજીને અર્પણ કર્યું.

ગામના લોકો તો કહે જે, "આ ભગતડો થઈ ગાંડો બની ગયો છે અને સંસારમાંથી નીકળી ગયો. સંસાર ન આવડ્યો ને વ્યવહાર બગડી ગયો." એમ સર્વ લોકો કહેવા માંડ્યા, તો માંચે ભક્તે એમ જાણ્યું જે આપણું તો સુધર્યું અને આ લોકમાં તો સુધર્યું તો પણ બગડ્યું છે, માટે આ લોકમાં કાંઈ વળે એમ નથી. ભગવાન ભજવા જીવતર કર્યું તે ખરું. જેને ભગવાંનને પોતાને ઘેર રાખી વશ કર્યા અને ભગવાન રાજી થાય એવું સાધન કર્યું; તે તો કૃતાર્થ થયો કહેવાય.

આવી તો ઘણી વાત કહી તે લખ્યે પાર આવે એમ નથી; માટે માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેણે ભગવાનને અર્થે શું ન થાય? રાજનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે, સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે, એમ માહાત્મ્ય સહિત નિશ્ચયવાળાનાં અંગ છે. તે મેં તમોને કહ્યું. આ માંચા ભક્તે કેવી રીતે કર્યું તે વિચારો.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બ્યાશીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૩

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીમાં બિરાજમાન હતા, તે સમે લાલીઆદના રાણા રતનસિંહજી પૂછતા હવા જે, મુક્તાનંદ સ્વામીની વાત કરો. ત્યારે આચાર્યશ્રીએ તદ્રૂપાનંદ સ્વામીને કહ્યું

જે, "મુક્તાનંદ સ્વામીની વાત કરો."

પછી સ્વામી બોલ્યા જે, "મુક્તાનંદ સ્વામી તો માર્ગી સાધુ હતા. તો પણ બાળપણમાં બ્રહ્મચર્ય રાખ્યું. એમના જેવો બીજો કોઈ રૂપાળો પુરુષ નહિ. એમને જોઈ કોઈ સ્ત્રી મોહ પામ્યા વિના ન રહે, પણ સ્વામી તો એવા નિર્મોહી કે કોઈ સ્ત્રીને જોઈ તેમને વિકાર સહેજે પર્ણ ન થાય.

જ્યાં સ્ત્રી અને ધનનો જોગ થાય એવો પ્રસંગ ઉદ્ભવે તો સ્વામી ત્યાંથી તુરત ચાલી નીકળે. એવા તો અઢાર રામમહોલમાંથી ચાલી નીકળ્યા હતા, જે નીચે મુજબ છે.

તે પ્રથમ રામમહોલ સરધારનો, બીજો રાજકોટનો, ત્રીજો મોરબીનો, ચોથો વાંકાનેરનો, પાંચમો ધ્રાંગધ્રાનો, છઠ્ઠો વઢવાણનો, સાતમો લીંબડીનો, આઠમો ચુડાનો, નવમો રાણપુરનો, દશમો બોટાદનો, અગિયારમો ધોલેરાનો, બારમો ભાવનગરનો, તેરમો અમદાવાદનો, ચૌદમો દોરાનો, પંદરમો જંબુસરનો, સોળમો વિસનગરનો, સત્તરમો આબુરાજનો અને અઢારમો તુલસીશ્યામનો. આવા અઢાર રામમહોલમાં સ્ત્રી અને ધનનો જોગ જોઈ સ્વામી ત્યાંથી નીકળી ગયા અને કેવળ પ્રભુ ભજવાને અર્થે ચાલી નીકળ્યા.

સ્વામી ઘણે ઠેકાણે ફર્યા, ત્યારે છેવટે રામાનંદ સ્વામીનો મેળાપ થયો; મનમાં શાંતિ થઈ. એમની પાસે રહી પ્રભુ ભજવાનું સાધન કર્યું. તે સમે મુક્તાનંદ સ્વામીનાં બહેન તેમને તેડવા આવ્યાં. સ્વામીએ એમને ઉપદેશ આપી કહ્યું જે, "શ્રીહરિને ગમવાનો ઇચ્છો માનુની, ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો." એ કીર્તન રચી-ગાઈ ઉપદેશ આપ્યો. મુક્તાનંદ સ્વામીના ઉપદેશમાં ભગવાનના મહિમાની જ વાતો હોય. જે માણસ સ્વામીની પાસે આવી તેમની વાતું સાંભળે તો તેને તુરત શાંતિ

થઈ જતી. ગમે તેવો ક્રોધી તથા રીસે બળેલ હોય તેને પણ સ્વામી શાંતિ પમાડી આનંદ આપતા, એવું તો એમની વાણીમાં અમૃત હતું.

કેટલાક મતવાદીઓ તો 'મારો મારો' કરતા સ્વામી પાસે આવે પણ તેઓ સ્વામીને જોઈને જ શાંત થઈ જાય. મોટા મોટા પંડિતો, શાસ્ત્રીઓ, પુરાણીઓને શાસ્ત્રવાદે કરી સરળ રીતે સમજાવીને શાંતિ પમાડી ભગવાનના આશ્રિત કરતા. કેટલાક તો મુક્તાનંદ સ્વામીને મારવા માટે આવ્યા હતા પણ તેને ભગવાનના મહિમાની વાતો કરી, અલૌકિક સુખ આપી, શાંતિ પમાડ્યા હતા.

એક સમયે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી એ બંને ગામ કોરેલીમાં આવ્યા. વેરાગીએ બંનેને ઓરડામાં પૂરી દીધા. છરી લઈ બંનેના નાક, કાન કાપવા છે એમ બોલતો જાય અને છરી ઘસતો જાય. તે વખતે મુક્તાનંદ સ્વામીએ કીર્તન ઉપાડ્યાં. તે કીર્તન સાંભળી જત આવ્યો અને બારણું ખોલ્યું. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને બહાર કાઢી કહ્યું જે, "તમને કોણે પૂર્યા?"

ત્યારે વેરાગી છરી ઘસતો હતો, તે કહેઃ "એમને મારવા માટે બાવાજી તલવાર લેવા ગયા છે."

જતે સ્વામીની સેવા કરી અને વેરાગીને તથા બાવાજીને મારવા માંડ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે, "અમને મારો પણ બાવાને મારશો નહિ." એવા દયાળુ! પોતાને મારવાનો જે સંકલ્પ કરતા હતા તેને મારવા ન દીધા. કૃપાના સમુદ્ર મુનિ તેમની શી વાત! એ તો અનાદિમુક્ત હતા. તેમને શ્રીજીનો માહાત્મ્યે સહિત નિશ્ચય હતો. આવા તો અનેક પ્રસંગ છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ત્યાશીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૪

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીપુરમાં બિરાજમાન હતા. તે સમયે બ્રહ્મચારી લક્ષ્મીનારાયણાનંદજીએ કહ્યું જે, "મુળજી બ્રહ્મચારીની વાત કરો." ત્યારે આચાર્યશ્રીએ તદ્રૂપાનંદ સ્વામીને કહ્યું જે, "તમે વાત કરો."

તદ્રૂપાનંદ સ્વામી બોલ્યા જે, "મુળજી બ્રહ્મચારી મચ્છિયાવના ઔદિચ્ય બ્રાહ્મણ હતા. એમને રામાનંદ સ્વામીના વખતથી સત્સંગ હતો. તે પછી શ્રીજીમહારાજનો સમાગમ થતાં તેમના અનન્ય આશ્રિત થઈ રહ્યા."

શ્રીજીમહારાજની મૂર્તિ જોઈ ત્યારથી મૂર્તિ વિના એક પણ ક્ષણ ન રહી શકે. જેને વાત કરે તો તે પણ મહારાજના મહિમાની જ વાત કરે. શ્રીજીની વાતો કરતા સમાધિ થઈ જાય અને શરીરનું ભાન પણ ન રહે, એમ એક ઘડી રહે પછી સમાધિ ઊતરે. દરબારને ખબર પડી તે કોઈએ કીધું જે મુળજીએ બહેનને સમાધિ કરાવી ને તેમને શરીરનું ભાન રહ્યું; માટે મુળજીને દરબારમાં આવવાનું બંધ કરાવી દ્યો. ગામમાંથી મુળજીને રજા આપી, તેમનો ગરાસ અને ખોરડાં (ઘર) દરબારે પડાવી લીધાં.

મુળજી બ્રહ્મચારી તો મહારાજ પાસે આવ્યા અને એમની પાસે સેવામાં રહ્યા. તેમને ગયા ચાર માસ થયા પછી મચ્છિયાવમાં વરસાદ ન વરસ્યો અને બે માસમાં વાયરો વાયો; એટલે માણસો બોલવા લાગ્યા જે, "મુળજી બ્રહ્મચારીને ગામમાંથી, તેમનો ગરાસ ખોરડાં પડાવી લઈને કાઢી મૂક્યા એટલે વરસાદ નહિ વરસે." એમ દરબારને કહ્યું.

દરબાર કહેઃ "તો મુળજીને પાછા બોલાવો. એમનો ગરાસ

તથા એમનાં ખોરડાં પાછાં આપો." એમ કહી મહારાજ પાસે એક માણસ મોકલ્યો.

માણસે મહારાજ પાસે આવી વિનંતી કરી કહ્યું જે, "આ મુળજી બ્રહ્મચારીનો અપરાધ દરબારે કર્યો છે, તેથી અમારા ગામમાં વરસાદ નથી વરસતો. માટે એમને મચ્છિયાવ પાછા મોકલો તો વરસાદ થાય અને ગામના માણસો સુખ, શાંતિ પામે." એમ કહ્યું. પત્રમાં પણ એમ લખ્યું હતું જે મુળજી બ્રહ્મચારી અહીં આવશે તો જ વરસાદ થશે અને અમે ઊગરીશું.

પત્ર વાંચી શ્રીજીએ મુળજીને કહ્યું: "તમે મચ્છિયાવ જાઓ."

શ્રીજીની આજ્ઞા માથે ચડાવી મુળજી મચ્છિયાવ ગામ આવ્યા. દરબારે તેમનો સારો સત્કાર કર્યો. ઘર તથા એમના બે-ત્રણ ઓરડા તેમ જ ગરાસ પાછાં આપ્યાં. પછી વરસાદ બહુ થયો. મુળજી પાછા ગઢડા જવા તૈયાર થયા.

દરબારે કહ્યું જે, "તમે માગો તો આપીએ પણ હવે તો અહીં જ રહો."

મુળજી કહે: "મારે તો અહીં નથી રહેવું. પણ મારું એક વચન માનો તો સુખી થશો. તમે સત્સંગ કરો તો આ સર્વોપરી, સર્વાવતારી, પૂર્ણબ્રહ્મ, પૂર્ણપુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન છે, તે તમોને આ લોકમાં તથા પરલોકમાં સહાય કરશે અને સુખી થાશો." એમ કહી દરબારને તથા ગામમાં સત્સંગ કરાવ્યો.

મુળજી બ્રહ્મચારી ગઢડા જવા તૈયાર થયા એટલે દરબારની બાઈઓ વિનંતી કરી કહે : "તમારે અહીંથી ન જવું. તમને દરબાર ખાનપાન આપશે, માટે અહીં રહો." મુળજીનું રાજ થકી સન્માન ઘણું કર્યું અને બહુ આગ્રહ કરી રોકાવાનું કહ્યું. પણ મુળજીના મનમાં તો એમ જે ક્યારે મહારાજને મળું? એમ ધારી

ચાલી નીકળ્યા અને મહારાજ પાસે આવ્યા.

મહારાજની જેમ મરજી હોય તેમ તેઓ વર્તતા. કોઈ વખતે મહારાજ ગુસ્સે થાય અગર કાઢી મૂકે તો પણ મનમાં બિલકુલ સંકલ્પ-વિકલ્પ ન કરે. પરંતુ મહારાજની મરજી પ્રમાણે જ વર્તતા.

શ્રીજી અને મુળજી બંને એક સમયે કચ્છ દેશમાં જતા હતા. માર્ગમાં જતાં ચોર મળ્યો. ચોરે લૂંટી લીધા. મુળજીએ એક રૂપિયો જોડામાં તારવી દીધો; જે મહારાજ ભૂખ્યા થશે ત્યારે કાંઈક જમાડશું. શ્રીજી ચોરને કહેઃ "આણે જોડામાં રૂપિયો સંતાડ્યો છે." એમ કહી મુળજી પાસેથી ચોરને રૂપિયો અપાવ્યો. ત્યાંથી ચાલ્યા તે ગામમાં ગયા. શ્રીજી મુળજીને કહેઃ "ભૂખ લાગી છે તે ખાવાનું આપો."

મુળજી ગામમાં માગવા ગયા પણ કોઈએ લોટ ન આપ્યો. પાછા મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, "ગામમાં કોઈ લોટ આપતું નથી."

શ્રીજી કહેઃ "તમને માગતાં નથી આવડતું, તો બીજું શું આવડે? તમો નજીકમાં બ્રાહ્મણનું ઘર પૂછીને જાઓ. તે બ્રાહ્મણની સ્ત્રી અને બ્રાહ્મણ બંને આપણા માટે રસોઈ કરીને આપણને જમાડવા માટે આપણી વાટ જુએ છે, તો તેને ઘેર ખબર કાઢો." એમ કહી મુળજીને ગામમાં મોકલ્યા. બ્રાહ્મણ રસોઈ તૈયાર કરી સામે તેડવા આવ્યો. શ્રીજી તથા મુળજી બ્રહ્મચારીને લઈ જઈને લાડુ, દાળ, શાક, ખીચડી, કઢી, દૂધ, દહીં વગેરે આપ્યાં અને જમાડ્યાં. શ્રીજીએ મુળજીને કહ્યું જે, "એક રૂપિયામાં લાડુ ન મળત, પણ આ તો ભગવાને લાડુ જમાડ્યા." એમ મુળજીને કહ્યું.

મહારાજ તથા મુળજી બ્રહ્મચારી બંને કચ્છમાં જતા હતા.

સાથે કોઈ ન હતું. ચાલતાં ચાલતાં રાત થઈ એટલે વગડામાં રાત રહ્યા. મહારાજ પોઢી ગયા અને મુળજીને કહે: "તમે જાગજો." પછી અડધી રાત થઈ તે શ્રીજી જાગ્યા અને મુળજીને કહે: "હવે તમે સૂઈ જાઓ." એમ કહી મુળજીને સૂવડાવ્યા અને પોતે ત્યાંથી ચાલી નીકળ્યા. મુળજી જાગ્યા અને ચારે તરફ શ્રીજીને ગોતે, પણ ન મળે અને મુળજી એકલા રહ્યા. તેઓ મહારાજને શોધવા નીકળ્યા.

ખોળતાં ખોળતાં મહારાજ પાછળ ગયા. મહારાજ મળ્યા અને મુળજીને શ્રીજી કહે: "મારી પાછળ તમે કેમ લાગ્યા છો?" એમ કહી મુળજીને કાઢી મૂક્યા. મુળજી બહાર જઈ બેસી રહ્યા. તે બે ઘડી થઈ તો પણ બહાર બેસી રહ્યા. પછી મહારાજ કહે: "મુળજી ક્યાં છે?"

ત્યારે કોઈએ કહ્યું જે, "આ બહાર બેસી રહ્યા છે."

મહારાજે મુળજીને બોલાવ્યા અને કહ્યું: "આપણા બેની રસોઈ કરો ને આપણે જમવાનું કરીએ." એમ કહી બોલાવ્યા અને મળ્યા. પછી બાથમાં ઘાલી મુળજીને કહ્યું જે, "મારા બાપલીઆ! તું ક્યાં જતો રહ્યો?" એમ કહ્યું ત્યારે મુળજી બ્રહ્મચારીને આંસુ આવ્યાં. પછી રસોઈ કરી બંને જમીને ચાલ્યા ને માર્ગમાં વાતો કરતા જાય.

મહારાજ કહે: "તમે મને કેવા જાણો છો?"

મુળજી કહે: "હું તમને ભગવાન જાણું છું."

મહારાજ કહે: "તમને ભગવાન બનાવું?"

મુળજી કહે: "મારે ભગવાન નથી બનવું. માર ખવરાવો તો પણ ભગવાન નથી થાવું ને પૂજાવો તો પણ ભગવાન નથી થાવું!"

ત્યારે મહારાજ કહે: "એ તો બંને વાનાં હોય" એમ કહી

માળા આપી અને અંજાર આવ્યા. બહાર ઊતરી મુળજીને ગામમાં મોકલ્યા અને કહ્યું: "આ માળા જેને અડકાડશો તેને સમાધિ થશે."

મુળજી ગામમાં ગયા અને જેને માળા અડાડે તેને સમાધિ થાય, એવી રીતે દશ-બાર માણસને સમાધિ કરાવી. ગામમાં મુળજીનો મહિમા બહુ વધ્યો. ભાટિયાના છોકરાને સમાધિ કરાવી, તે ઊતરી નહિ. પછી તેઓ મુળજીને પકડી મારવા લાગ્યા. એટલે મુળજી નાસીને મહારાજ પાસે આવ્યા. મહારાજે મુળજીને મુકાવ્યા. મુળજીની પાછળ જે આવ્યા હતા તે સર્વેને સમાધિ થઈ. નાડી-પ્રાણ ખેંચાવા માંડ્યા.

તે વખતે ગોલોકમાં રહ્યા જે શ્રીકૃષ્ણ ભગવાન તે મોરલી બજાવે છે અને જેમ વૃંદાવનમાં વિહાર કરતા હોય એમ જાણી ઘણું સુખ પામ્યા. આનંદ આનંદમય થઈ ગયા. સમાધિમાંથી ઊઠી સૌ પોતપોતાના ઘેર ગયા. ભાટિયાના દીકરાને પણ સમાધિ ઊતરી ગઈ. ગામમાં મહિમા બહુ વધ્યો. મહારાજ કહે: "મુળજી! તમે ગામમાં જશો નહિ." એવી રીતે મહારાજ અને મુળજી ઘણી વખત સાથે ગામેગામ પધાર્યા છે.

એક વાર મહારાજ અને મુળજી શ્રીનગર આવ્યા. મહારાજ મુળજીને કહે જે, "સમાધિ કરાવો."

મુળજી કહે: "ના, મહારાજ! મારે માર નથી ખાવો."

મહારાજ કહે: "હવે માર નહિ ખવરાવીએ." એમ કહી મુળજીના હાથમાં ધોકો આપ્યો. તે એક બાજુ જરાક અડાડે તો સમાધિ થાય અને બીજી બાજુ અડાડે એટલે સમાધિમાંથી જાગૃત થાય.

ગામમાંથી સૌ મહારાજ પાસે આવે અને કહે જે, "મને સમાધિ કરાવો."

મહારાજ કહે: "અમને એ નથી આવડતું. આ બ્રહ્મચારી પંજાબી આવ્યા છે તે સમાધિ કરાવે છે." એવી રીતે મુળજી દ્વારા ઘણો ચમત્કાર જણાવતા અને ઘણાં ઘણાં કામ કરાવતાં. એવા શ્રીહરિજીએ મુળજીને નિષ્કામી કરી નાખ્યા હતા.

શ્રીજીએ મુળજીને નિર્વિકારી કર્યા હતા. તેઓ હનુમાનજીનો અવતાર કહેવાતા. હજારો સ્ત્રીઓમાં જાય તો પણ નિષ્કામી જ હોય. મહારાજે આજ્ઞા કરી તેથી જ્યાં સુધી મહારાજ રહ્યા ત્યાં સુધી બાઈઓ સાથે બોલતાં. પુરુષપણાનો વિકાર ન હતો. તેમના જેવો કોઈ નિર્વિકારી પુરુષ નથી. હજારો સ્ત્રીઓ હોય ને ધનના ઢગલા પર બેસે તો પણ મુળજી બ્રહ્મચારીને વિકાર ઊપજતો નહિ. મહારાજની એમના ઉપર આવી અસીમ કૃપા હતી. એમને શ્રીજીના વચનને વિષે કદાપિ સંશય થતો નહિ.

શ્રીજી કેટલીક વખત વઢે ને ખિજાય, તો પણ શ્રીજીની મૂર્તિ વિના તેઓ ન રહી શકે. શ્રીજી કેટલીક વાર તેમની ધીરજતા જોવા પરીક્ષા કરતા; પણ મુળજીને તો મહારાજને વિષે પૂરેપૂરી આત્મબુદ્ધિ, તે કદાપિ રીસ ન ચઢે.

એક વાર શ્રીજીએ મુળજીને વગર વાંકે કહ્યું જે, "અહીંથી નાસી જાઓ." એમ કહી ગુજરાત મોકલ્યા. તેઓ ડભાણમાંથી કેરીનો કરંડિયો બે, ત્રણ મણનો લઈ શ્રીજી પાસે આવ્યા ને શ્રીજીને આપ્યો. બાઈઓ મહારાજને રસ કાઢી જમાડતાં અને મુળજી તો ગામમાં લોટ માગી ખાય. ત્યારે બાઈઓ બોલ્યાં જે, "પેલો બિચારો મુળજી સાઠ ગાઉથી માથે ઉપાડી કેરી લાવ્યો છે. તેને તમો બોલાવતા પણ નથી. તે ગામમાંથી માગી ખાય છે, હવે બોલાવો તો સારું." પછી શ્રીજીએ મુળજીને પોતાની પાસે દરબારમાં બોલાવ્યા અને પાસે રાખ્યા. એવી રીતે ઘણી વાર ધીરજતાની પરીક્ષા કરી, કૃપાપાત્ર જાણી પોતાની પાસે રાખી,

અલૌકિક સુખ આપતા હતા.

મમ ગુરુ મુળજી બ્રહ્મચારીના કેટલા ગુણ ગાઈએ? (બ્રહ્મચારી કરુણાનંદજી કહે છે) તે જેટલા ગાઈએ તેટલા મહાગુણના પાત્ર હતા. જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા અને ભગવાનના મહિમાએ સહિત નિષ્કામ ભક્તિવાળા હતા ને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા હતા. એમનું જીવન ફક્ત ભગવાનને રાજી કરવા અર્થે જ હતું. તે તો અક્ષરસ્વરૂપ હતા. શ્રીજી જેમ રાખે તેમ રહેતા.

એક વાર શ્રીજીએ મુળજી બ્રહ્મચારીને બાઈઓ સાથે બોલવાની ના પાડી. તો તેઓ કહે : "બહુ સારું." પછી બાઈઓએ મહારાજના થાળ કરવા માટે મુળજી બ્રહ્મચારીને પૂછ્યું. ત્યારે તેઓ કહે: "મહારાજે મને બાઈઓ સાથે બોલવાની ના પાડી છે."

ત્યારે મહારાજ કહે: "જો એ બાઈઓ સાથે બોલે છે." એમ કહી કહ્યું જે, "એમને બાઈઓનું ભાન નથી. એ તો શુકજી જેવા નિર્વિકારી છે. હજારો બાઈઓમાં જાય તો પણ સ્ત્રીનો મોહ ન થાય એવા છે." આ મુળજી બ્રહ્મચારીના ગુણ લખવાથી પાર આવે તેમ નથી.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચોરાશીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૫

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીમાં સભા ભરી વિરાજમાન હતા. બલોલના પટેલ કલાભાઈ અને રામપરાના પટેલ ભગવાનભાઈ એ બંને આવી દર્શન કરી કહ્યું જે, "મુળજીની તથા

કૃષ્ણજીની વાતો કરો." આચાર્યશ્રીએ તદ્રૂપાનંદ સ્વામીને તેમની વાતો કહેવાની આજ્ઞા આપી. સ્વામી બોલ્યા જે, "મુળજી અને કૃષ્ણજી એ બંને સગા ભાઈ હતા."

તેઓ માનકૂવા(કચ્છ)ના કણબી હતા. શ્રીજી એક સમે માનકૂવામાં બિરાજતા હતા અને હાથમાં કાતર લીધેલ તે કહેઃ "આજે જેટલા હરિભક્ત દર્શને આવે એટલાને સાધુ કરવા છે." તે સમે જે જે હરિભક્તો દર્શને આવે તેમને પૂછતા જે, "તમે હરિભક્ત છો?" તેઓ કહેઃ "હા." ત્યારે મહારાજ કહેઃ "આવો, સાધુ કરીએ." ત્યારે હરિભક્તો ના પાડી કહેતાં જે અમો સાધુ થઈએ એવા હરિભક્ત નથી. મહારાજ કહેઃ "તો તમે ચાલ્યા જાવ અને સાધુ થવું હોય તો બેસો." પછી સર્વે નાસી ગયા.

મુળજી અને કૃષ્ણજી બંને-ભાઈ શ્રીજીનાં દર્શને આવ્યા ને પગે લાગ્યા. શ્રીજીએ એમને પૂછ્યું જે, "તમારે સાધુ થવું છે? જો સાધુ થવું હોય તો બેસો અને સાધુ ન થવું હોય તો ચાલી નીકળો."

મુળજી તથા કૃષ્ણજીએ માથા ઉઘાડાં મૂક્યાં અને કહ્યુંઃ "લ્યો, અમને સાધુ કરો."

મહારાજ કહેઃ "આ બે જ હરિભક્ત છે અને બીજા હરિભક્તો તો ઉપરથી દેખાડવાના છે. આ બે જ સાચા છે." ત્યાર બાદ મહારાજ ગઢડા પધાર્યા. મુળજી તથા કૃષ્ણજી પણ શ્રીજીની પાછળ પાછળ ગયા અને કહ્યું જે, "અમને સાધુ કરો."

પછી પાળાને મહારાજ કહેઃ "આ લોકોને કાઢી મૂકો." પાળાઓએ તેઓને કાઢી મૂક્યા.

તેઓ ઘેલે જઈ રાત્રે કીર્તન બોલવા માંડ્યાઃ "દઢતા જોઈને રે, તેની મદદ કરે શ્રીહરિ."

એ કીર્તન સાંભળી મહારાજ કહેઃ "કીર્તન કોણ બોલે છે?"

પાળાએ કહ્યું: "પેલા કચ્છી હરિભક્ત છે તે બોલે છે."

મહારાજ કહે: "એમને બોલાવો."

મુળજી તથા કૃષ્ણજીને પાળા બોલાવી લાવ્યા. શ્રીજીએ તેમને પૂછ્યું જે, "કેમ આવ્યા છો?"

તો કહે: "અમારે સાધુ થાવું છે."

મહારાજ કહે જે, "તમારે ઉપાધિ છે, તે ભાદરે જઈ ડોસાભાઈનું સાંતી હાંકો."

તેઓ પછી ડોસાભાઈને ઘેર સાત મહિના સાંતી હાંકી ગઢડે પાછા આવ્યા.

મહારાજે તેઓને કહ્યું: "તમો કચ્છમાં તમારા ગામ પાછા જઈને તમારા પોતાને ઘેર ભિક્ષા માગો. તે ઘરના ભિક્ષા આપે. એક કોપીન પહેરી તમારે ઘેર જવું પણ બીજું વસ્ત્ર ન રાખવું." એમ કહ્યું. મુળજી પોતાના ઘેર જઈ પોતાનાં સગાંને તથા પોતાની સ્ત્રીને જઈ કહે: "મૈયા! ભિક્ષા આપો." મુળજીના ઘરના કહે: "લ્યો, બાપજી! અમારું તો આ લોકમાં અને પરલોકમાં સારું થાય એમ કરજો. જ્યાં ભગવાનનું ધામ હોય ત્યાં અમને લઈ જજો." એમ કહી ભિક્ષા આપી.

કૃષ્ણજીએ એક કોપીનભર પોતાના ઘેર જઈ ભિક્ષા માગી કહ્યું: "મૈયા! ભિક્ષા આપો." ઘરનાંએ (બૈરાંએ) કહ્યું: "હવે, મને પરણીને ક્યાં જશો? જ્યાં જશો ત્યાં પાછળ આવીશ." એમ કહી તેમને બાઝી પડ્યાં અને ઘરમાં પૂરી દીધા. કૃષ્ણજીએ ઇન્દ્રિયને ભસ્મ કરી અને કહ્યું: "તારે આનો ખપ છે, માટે લે." એમ કહી ચાલી નીકળ્યા. તે ગઢડા શ્રીજી પાસે આવ્યા.

મુળજીનું નામ સર્વજ્ઞાનાનંદ સ્વામી પાડ્યું. તેઓ મહાતપસ્વી ને મહાત્યાગી હતા. તેઓ અમદાવાદમાં મહંત હતા. તેઓ નાના-મોટા સાધુની સેવા કરતા. જે સાધુ માંદા થાય તેનું માથું દાબે,

પગ દાબે અને વારે વારે રસોઈ કરી આપે. કોઠારનું કામ કરે અને આચાર્ય મહારાજશ્રી જે સત્કાર્ય બતાવે તે પણ કરતા.

એક વખત અમદાવાદ મંદિરમાં વૈરાગી આવ્યા અને કહે: "મહંતજી કહાં હૈ, હમને ઉસકા દર્શન કરના હૈ."

એમ વૈરાગી બોલતા આવ્યા. તે સમે સર્વજ્ઞાનાનંદ સ્વામી હાથમાં સાવરણો અને ટોપલો લઈ ચોક વાળતા હતા. તે કહે: "આ મહંત છે."

બાવાજી કહે: "તુમ લાંઠી મત કરો, મહંતજી દિખાવો."

પછી સ્વાંમી સાવરણો અને ટોપલો મૂકી ગાદી-તકિયે જઈ બેઠા ત્યારે વૈરાગી આશ્ચર્ય પામ્યા.

એવા સર્વજ્ઞાનાનંદ સ્વામી મહામોટા સંત હતા. તેઓએ શ્રીજીને અર્થે ઘણાં ઘણાં દાખડાં કર્યાં. અયોધ્યાપ્રસાદજી મહારાજના આ સર્વજ્ઞાનાનંદ સ્વામી તો હાથ-પગ છે; એમ શ્રીજીમહારાજ કહેતા.

હવે કૃષ્ણજી શી રીતે સાધુ થયા તે સાંભળો: કૃષ્ણજીનું નામ ઘનશ્યામાનંદ સ્વામી પાડ્યું. તે શ્રદ્ધાવાળા બહુ હતા. જ્યારે મહારાજ વડતાલ તથા અમદાવાદ જતા હતા ત્યારે માર્ગમાં આગળ ચાલે. પાણીનું મોટું તુંબડું, લગભગ અડધો મણ પાણી સમાય એવું, તે સાથે રાખતા હતા ને સર્વેને નવડાવતા. કૂવા ઉપર ઊભા રહી સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિભક્તો જે આવે તેને પાણી સિંચી નવડાવે અને રસોઈ કરી જમાડે. જૂનાગઢમાં ઊંડા કૂવામાંથી પાણી કાઢી નવડાવે, પછી પૂજા કરે; એવી શ્રદ્ધા હતી. એવા સાધુ થવું તો દુર્લભ છે. એમનાં દર્શન પણ દુર્લભ છે. માટે એવા સાધુ તો અનાદિમુક્ત છે. તેમના ગુણ લખ્યે પાર આવે તેમ નથી.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પંચાશીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૯

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીમાં બિરાજમાન હતા. તે સમયે વઢવાણના સોની સંઘજીભાઈ તથા સોની વાલાભાઈ એ બંને ભાઈઓ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનાં દર્શને આવ્યા અને પછી કહે: "મહારાજ! લાધીબાઈ અને માતાજીની શી વાત છે તે કરો." મહારાજશ્રીએ તદ્રૂપાનંદ સ્વામીને કહ્યું જે, "તમો આ વાતો કહો." ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, "મહાજન! તમે સાંભળો."

કચ્છ દેશમાં ભૂજનગરમાં કાયસ્થ નથુભાઈ નામે રહેતા હતા. એમને રામાનંદ સ્વામીના વખતથી સત્સંગ હતો. એમને બે દીકરા નામે શિવરામ અને હરજીવન અને એક દીકરી લાધીબાઈ નામે થયાં હતાં. તેઓ નાનપણમાં રામાનંદ સ્વામીની વાત સાંભળતાં. બાઈઓની તથા ભાઈઓની સભા ભરાઈને બેસતી હતી. રામાનંદ સ્વામી આત્મા-પરમાત્માનું વિવેચન કરતા. દેહ મિથ્યા અને જડ, દુ:ખરૂપ, અસત્ય, મળમૂત્રની ક્યારીરૂપ છે, એવી એવી ઉપદેશની વાતો કરતા હતા. તે સમે સોળ વર્ષની એક અતિ રૂપાળી બાઈ ત્યાં આવી. તેણીને જોઈ માણસો મોહ પામતા હતા. તેથી સ્વામીની વાતમાં કોઈને ચિત્ત રહ્યું નહિ.

રામાનંદ સ્વામીએ તે બાઈને ચરણામૃતમાં રેચ નાખી પાયો, જેથી મોઢે તથા પાછળ રેચ લાગ્યો અને કોઈથી રહેવાય નહિ એવો અભાવ સર્વને કરાવી નાખ્યો. તે સ્ત્રી પુરુષ સામું ન જુએ અને પુરુષ તે સ્ત્રી સામું ન જુએ એવો અભાવ એકબીજાને કરાવ્યો. લાધીબાની ઉંમર તે વખતે આઠ વરસની હતી. એમને પુરુષ સંબંધી વાતો ત્યારથી જ ન ગમતી અને કોઈ પુરુષ સંબંધી વાતો કરે તો પેટમાં ખાધુ અનાજ ન રહે.

સગાંવહાલાં પરણાવવાનું કહે ત્યારે કહે મારે પરણવું નથી. ભગવાન ભજવા છે. સગાંવહાલાં પરણાવવાનો આગ્રહ બહુ કરે. લાધીબાના મનમાં જે હરકોઈ મનુષ્યના દેહમાં મળ, મૂત્ર, માંસ, રૂધિર, હાડકાં, આંતરડાં અને પાચ-પરુ ભરેલ છે તે એમાં એક પણ વસ્તુ સારી ન મળે. માટે વરવા જેવા તો એક ભગવાન જ છે. આ લોકમાં તો કોઈ પુરુષ વરવા જેવો નથી એમ માનતાં પણ સગાંવહાલાં તો કહે અમારી લાજ જાય, એમ કહી તેમના વિવાહ નક્કી કર્યાં, જેથી તેઓ ઉદાસ થઈને બેઠાં.

લાધીબાને થયું જે બધાએ ભેગા મળી મને કારાગૃહમાં નાંખી. તે મારો એવો શું અપરાધ હશે? એમ વિચારી મા-બાપને કહે: "મારે સાસરે નથી જવું. જો મને પરાણે મોકલશો તો હું મરી જઈશ."

રામાનંદ સ્વામી ત્યાં આવ્યા. એમને સર્વેએ કહ્યું જે લાધીબા સાસરે જતાં નથી.

સ્વામી કહે: "શા માટે સાસરે જતાં નથી?"

ત્યારે સગાંવહાલાંઓએ કહ્યું: "આપશ્રીએ તે બાઈને રેચ આપીને અભાવ કરાવ્યો છે, તે દિવસથી તેમના મનમાં પુરુષ પ્રત્યે અભાવ આવ્યો છે. તેમને પુરુષ માત્ર દીઠા ગમતા નથી."

સ્વામી કહે: "બીજા કોઈને અભાવ ન થયો અને એમને જ કેમ થયો? માટે એ પૂર્વના મુક્ત છે; તો ભલે ભગવાનનું ભજન કરતાં." જેટલાં શાસ્ત્રમાં વ્રત કહ્યાં છે, તે પ્રમાણે ધારણાં-પારણાં, ચાંદ્રાયણ એવાં ઘણાં વ્રત તેઓ અવારનવાર કરતાં. રામાનંદ સ્વામીએ તેમને આ સંસારના પ્રવાહમાંથી ઉગાર્યાં, એમ જાણી તેઓ ખૂબ જ રાજી થયાં.

વાલાભાઈ તથા સંઘજીભાઈ બંનેએ પૂછ્યું જે, "તેઓ શી રીતે ભગવાન ભજતાં હતાં?"

સ્વામીશ્રીએ કહ્યું જે, "રામાનંદ સ્વામીને વિષે એમને ભગવાન જેટલો ભાવ હતો. રામાનંદ સ્વામીએ સરજુદાસને (શ્રીજીને) ધર્મધુરા સોંપી. મહારાજ ગાદીએ બેઠા. રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી શ્રીજીએ સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું. મુક્તાનંદ સ્વામી કચ્છમાં આવ્યા. હરિભક્તોને ત્યાં ઉપદેશ આપે છે. તે સમે એવી ખબર આવી જે રામાનંદ સ્વામીની ગાદીએ સરજુદાસને બેસાડ્યા છે, તે તો સમાધિ કરાવે છે. તે સાંભળી સૌને આશ્ચર્ય થયું.

તે વાત લાધીબાએ પણ સાંભળી. લાધીબાએ મુક્તાનંદ સ્વામીને કહેવડાવ્યું. જે, "સ્વામી અંતર્ધાન થઈ ગયા અને પાછળથી ગાદીપતિ દંભ કરે છે. માટે તમે જાઓ અને કહો; કાં તો અહીં બોલાવો." એમ કહી મહારાજને ભૂજ બોલાવ્યા.

મહારાજ ભૂજ આવ્યા. સર્વે હરિભક્તો સામા ગયા અને વાજતે-ગાજતે પધાર્યા. સાંજના સમયે માણસ આવી મહારાજનાં દર્શન કરી સભામાં બેસે તેને સમાધિ થઈ જાય. તે જોઈ લાધીબા ઊભાં થઈ મહારાજને વઢવા લાગ્યાં. એટલામાં લાધીબાને સમાધિ થઈ ગઈ અને સ્થિર થઈ ગયાં. સમાધિમાં રામાનંદ સ્વામીને મળ્યાં અને દર્શન કર્યાં. સ્વામીએ કહ્યું જે, "સાક્ષાત્ ભગવાન અક્ષરાતીત પુરુષોત્તમ એ છે ને કલ્યાણના દાતા છે. તો હું જે કહું છું તે તમે માનજો."

એમ કહ્યું ત્યાં શ્રીજીની મૂર્તિમાંથી તેજ નીકળ્યું અને આનંદ પામ્યાં. આનંદના સમૂહમાં અતિશય સુખ પામી સમાધિમાંથી ઊઠ્યાં. એમને સમાધિ થતી. તે જીવ્યાં ત્યાં સુધી મહારાજની મૂર્તિ સદા દેખતાં હતાં. લાધીબાને નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ હતી. મહારાજ સમૈયા તથા ઉત્સવ જ્યાં કરે તે બધાના લાધીબા ઘેર રહ્યાં. નજરે દર્શન કરતાં હતાં. શ્રીજીમહારાજની મૂર્તિ વિના એક

ઘડી રહેતાં નહિ અને સદા મૂર્તિમાં નિમગ્ન રહેતા.

હવે માતાજીની વાત કહું છું, તે સાંભળો. માતાજી મૂળ ઇડર દેશનાં હતાં. એમનું પિયર પરવટ ગામમાં હતું. સાસરું જોધપુર શહેરમાં હતું. એમને લાખ રૂપિયાનો કરિયાવર કર્યો હતો. તેમના પતિ જોધપુરમાં ઠાકોર હતા. તે રાજ્યમાં જેમ તેઓ કરે તેમ થાય. તે સમે ભાયાત્માનંદ સ્વામીનું મંડળ ત્યાં ગયું હતું. સ્વામી ભગવાનના મહિમાની વાતો કરતા હતા. વાતોમાં એવો ચમત્કાર હતો જે પ્રગટની વાતો સાંભળે તેને સમાધિ થઈ જાય અને ભગવાનની મૂર્તિ નજરે દેખે, માતાજીને પણ અવું થઈ ગયું.

રાત-દિવસ ભગવાનની મૂર્તિ સાંભર્યા કરે અને સંસાર સુખમાંથી વૃત્તિ ઊઠી ગઈ અને રાત-દિવસ ભગવાનનું ભજન કરે. રાજાના મનમાં થયું જે આ ભગતડી થઈ છે તે આપણને વગોવશે. તેથી તેને ઝેર આપ્યું, પણ તે અમૃત થઈ ગયું. માતાજીને મારવાના ઘણા ઉપાય કર્યા પણ એ મર્યાં નહિ. રાણો પોતે તરવાર લઈને કહેઃ "એને મારી અને નાક, કાન કાપી કાઢી મૂકું." એમ ધારી રાણો માતાજી પાસે આવ્યો અને તરવાર કાઢી બાઈ ઉપર ઘા કર્યો ત્યારે માતાજી તો એકનાં બે સ્વરૂપે થયાં. બીજો ફરી ઘા કર્યો તો બેનાં ચાર સ્વરૂપો થયાં. જેમ ઘા કરતા ગયા તેમ ચારનાં આઠ થયાં, આઠનાં સોળ થયાં, એવી રીતે જેમ જેમ ઘા કરે તેમ તેમ બમણાં થતાં જાય. એમ અનેક સ્વરૂપ જોઈ રાણો શરમાઈ ગયો અને વિચાર કર્યો જે આ શું હશે? અને કહે કે ભૂત હશે? એમ જાણી કહે કે આને એક ઓરડામાં પૂરી ખાવા-પીવાનું આપવું નહિ. પાણી પણ ન આપવું.

માતાજીને પૂર્યા, એટલે બે દિવસ રહી શ્રીજીની મૂર્તિ કેડે ચાલ્યાં તે પાછળ બસો અસવાર ખોળવા મોકલ્યા. રાણાએ કહ્યું જે, "એને અહીં લાવશો નહિં. બહાર ખોળી નાક, કાન કાપી

કાઢી મૂકજો." એવો હુકમ કર્યો. ચારે તરફ અસવાર ફરતા પણ ભગવાનને પ્રતાપે કોઈ માતાજીને જોઈ શક્તું નહિ. એવી રીતે માર્ગમાં ચાલતાં ચાલતાં વણઝારાની પોઠ સાથે વિસનગર આવ્યાં અને ત્યાંથી ત્યાંની બાઈઓ સાથે ગઢડા આવ્યાં અને મહારાજનાં દર્શન કરી પૂર્ણ આનંદ પામ્યાં.

મહારાજે એમને રાખ્યા અને એમનું નામ માનબાઈ હતું, તે મહારાજે માતાજી નામ પાડ્યું અને કહ્યું જે, "આ જોધપુરના રાણાનાં ઘરનાં છે. તેમને લાધીબા પાસે મોકલો. બંને પૂર્વના મુક્ત છે અને ભગવાન ભજવા આવ્યા છે; માટે એમને ભૂજ મોકલો." એમ મહારાજે કહ્યું.

ત્યારે માતાજી બોલ્યાં જે, "મહારાજ! તમારા માટે રાજ્યનો ત્યાગ કરી આવી છું. તો જેમ તમારાં દર્શન થાય તેમ કરો." એમ કહી મહારાજને પગે લાગીને બેઠાં.

મહારાજે કહ્યું જે, "સદાય મારી મૂર્તિનાં દર્શન થશે. જે ઠેકાણે ઉત્સવ-સમૈયા થશે તે તમો ત્યાં બેઠા નજરો જોશો. હું તમારાથી એક ઘડી પણ વેગળો નહિ રહું." એમ મહારાજે વરદાન આપ્યું અને ભૂજ મોકલ્યા.

માતાજી તથા લાધીબા બંને સાથે રહેતાં અને ભગવાન ભજતાં. તેમને માહાત્મ્યે સહિત નિશ્ચય હતો તો શ્રીજી જેમ કહે તેમ તેઓ કરતાં અને ભગવાન રાજી થાય તેમ વર્તતાં.

તે સમે લાધીબા કહેઃ "મારે દેહત્યાગ કરવો છે."

માતાજી કહેઃ "મને મહારાજે તમારા પાસે મૂકી છે તે પ્રથમ મને દેહત્યાગ કરાવો."

તે દેહત્યાગ કરવો હતો ત્યારે માતાજીને જોગ ધારણ કરાવી અંતરમાં જોઈને અંગની ધારણા કરાવી અને પંચભૂતનો દેહ દગ્ધ કરીને આત્મારૂપે ધારણા કરી ભગવાનની મૂર્તિમાં લીન

થઈ ગયા. તેમ અક્ષરધામને પામ્યાં.

પછી લાધીબા દેહત્યાગ કરવા તૈયાર થયાં અને જોગ ધારણ કરી તે સમે તેમના સંબંધીએ કહ્યું જે, "દેહની ક્રિયા અમે બંનેની કરશું." એવી સંબંધીની વાત સાંભળી દેહત્યાગ કરી અક્ષરધામને પામ્યાં. એવા બંને મહામુક્તો હતાં તેઓથી ભગવાનને અર્થે શું ન થાય?

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છ્યાશીમો વિશ્રામ

## વિશ્રામ ૮૭

ગામ શ્રી મુળીમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સભા કરી બિરાજમાન હતા. તે સમે ગામ ખોલડીઆદના પટેલ લાધાભાઈ તથા પટેલ ભગુભાઈએ કહ્યું જે, "મહારાજ! ગુંદાલીના બે કાઠી હરિભક્તોની શી વાત છે? તે વિસ્તારીને કહો." ત્યારે મહારાજે તદ્રૂપાનંદ સ્વામીને કહ્યું જે, "સ્વામી! વાત કરો." પછી સ્વામી કહે જે ગુંદાલી ગામમાં મેપો અને નાથો નામે બે કાઠી હતા. તેમને બ્રહ્માનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યાં હતાં.

બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ જંતા હતા ત્યારે બે કાઠીઓએ સ્વામીને રોકાવા કહ્યું. સ્વામી કહેઃ "હાલ ઉતાવળ છે, તો વળતા આવશું." આમ કહીને ચાલ્યા.

કાઠીઓએ બહુ આગ્રહ કર્યો ને કહ્યુંઃ "જરૂર વળતા આવજો." પછી પાછા વળતા સ્વામી આવ્યા અને ઘર પૂછતાં પૂછતાં એમના ઘેર ગયા. બંને ભાઈ ગામથી બહાર ગયા હતા. તેઓની માતુશ્રી તથા સ્ત્રીઓએ ઉતારો કરાવી, સીધું સામાન આપી, રસોઈ કરવા કહ્યું. ત્યાં ગામધણી જે કાઠી હતા તેમને

માણસોએ આવી કહ્યું જે, "આ ગામમાં સ્વામિનારાયણના સાધુ આવ્યા છે તે ગામ બગાડશે, માટે કાઢી મૂકો." ગામધણીએ માણસ મોકલી કહેવડાવ્યું જે સાધુને અહીંથી કાઢી મૂકો."

ઘરના માણસ કહે જે રસોઈ કરે છે તે જમીને જશે. પાછા ગયેલ માણસે આવી કહ્યું રસોઈ પડતી મૂકો અને જાઓ. એમ કહ્યું ત્યારે સાધુ જમ્યા વિના ચાલ્યા ગયા. મેપાની માતુશ્રીએ તથા સ્ત્રીએ પણ અન્ન ખાધું નહિ. ત્યાં બંને ભાઈ ઘેર આવ્યા. એટલે તેમની માતુશ્રીએ કહ્યું જે સાધુને જમ્યા વગર ગામધણીએ કાઢી મૂક્યા. અમે પણ કોઈએ ખાધું નથી. એ વાત સાંભળી મેપો અને નાથો ભાલા અને તરવાર લઈ ગામધણી ચોરે બેઠો હતો તેનો પગ પકડ્યો ને નીચો નાખી ભાલેથી મારી બહારવટું કર્યું.

એમ સાધુનો પક્ષ રાખી, વિમુખનો પક્ષ ત્યાગ કર્યો. ગામ, ગરાસ તથા ઘરનો ત્યાગ કર્યો. એમ માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો શું ન થાય?

જેણે ભગવાન ને ભગવાનના ભક્ત સાથે હેત કર્યું છે તે આ લોકમાં છે, તો પણ ભગવાનના ધામમાં બેઠા છે. માટે ભગવાન અને સંત સાથે હેત રાખવું એનાથી મોટી પ્રાપ્તિ કોઈ નથી. આવો જેને પક્ષ છે તે પોતે કૃતાર્થ થયા છે અને તેના મા-બાપને ધન્ય છે.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સત્યાશીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૮

એક સમયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીમાં બિરાજમાન હતા. ત્યાં કંથારિયાના રાણા રવાભાઈએ કહ્યું: "ડોસા વાણિયાની શી વાત છે, તે કહો." મહારાજે સ્વામીને કહ્યું જે

વાત કરો. સ્વામી બોલ્યા જે, "ડોસો વાણિયો બંધિયાનો રહેવાસી હતો. એમને ઘેર મહારાજ પધાર્યા હતા. ડોસા શેઠ રાત્રે મહારાજ પાસે બેઠા હતા. તે સમે મહારાજે કહ્યું જે, "ડોસા શેઠ! તમારા ઘરમાં જેટલા દાગીના, ઘરેણાં, રૂપિયા હોય તે લાવો."

ડોસા શેઠે પોતાના ઘરમાંથી રૂપિયા, કોરીઓ અને જેટલાં ઘરેણાં હતાં તે સર્વ લાવી મહારાજ આગળ મૂક્યું. અડધી રાત થઈ ત્યારે મહારાજે તે સર્વ ઘરેણું વગેરે ડોસા શેઠ પાસે ઉપડાવીને ગામથી એક ગાઉ દૂર કૂવો હતો તેમાં સર્વ નખાવી દીધું અને પછી બંને ગામમાં પાછા આવ્યા.

શ્રીજી ડોસા શેઠને કહેઃ "તમે કાશી જાઓ." એમ કહી એમને કાશી મોકલ્યા. તે ચાલતાં ચાલતાં વડોદરા આવ્યા ત્યાં મુક્તાનંદ સ્વામી મળ્યા. તેમણે ડોસા શેઠને પૂછ્યું જે, "ક્યાં જાઓ છો?"

ત્યારે ડોસા શેઠ કહેઃ "મહારાજે કાશી જવાની આજ્ઞા કરી છે."

મુક્તાનંદ સ્વામી કહેઃ "એક કાગળ મહારાજને આપી આવો અને પછી જજો."

એમ કહી મુક્તાનંદ સ્વામીએ કાગળ લખી આપ્યો જે, "પ્રગટ પુરુષોત્તમ ભગવાન મળ્યા અને શા માટે માણસને બીજે ગોથાં ખવડાવો છો?" એવો પત્ર લખી આપ્યો. પત્ર લઈ ડોસાભાઈ મહારાજ પાસે આવ્યા અને સ્વામીને પત્ર આપ્યો. પત્ર વાંચી ડોસાભાઈને કાશીએ જવાની મહારાજે ના પાડી. ત્યારે શેઠ કહેઃ "ભલે, જેમ આપની મરજી." પછી શ્રીજીએ આજ્ઞા કરી જે, "તમે ઘેર જાઓ અને સાખ્યયોગ પાળજો." પછી તેઓ તેમ વર્તતાં હતાં. છ માસે મહારાજ તે ગામમાં પાછા આવ્યા.

આવી રીતે માહાત્મ્યે સહિત નિશ્ચય હતો તો એનાથી શું

ન થાય! જેમ ભગવાન કહે તેમ કરે અને મહારાજની કોઈ વાતમાં સંશય ન થાય.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અઠ્ઠાશીમો વિશ્રામ.

## વિશ્રામ ૮૯

મુળીપુરમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બિરાજમાન હતા. તે સમે હળવદના મહેતા રણછોડભાઈએ મહારાજને કહ્યું જે, "મહારાજ! વાલાક દેશના હરિભક્ત આહિર પટેલ સામતની વાત કહો." મહારાજની આજ્ઞાથી તદ્રૂપાનંદ સ્વામી બોલ્યા જે, "વાલાક દેશમાં સામત પટેલ હતા તે મોટા હરિભક્ત હતા. એમને તેમની નાતે કહ્યું જે આપણી નાતમાં કોઈ નહિ અને તમે બીજો ધર્મ કર્યો તો તે ધર્મ મૂકી નાતમાં રહો.

પટેલ કહે ભલે હું નાત બહાર રહું પણ સ્વામિનારાયણનો ધર્મ તો નથી મૂકવો. એમને નાત બહાર મૂક્યા. તે નાતવાળાએ ઉપાધિ કરાવી અને કોઈ દેવતા પણ તેમને ન આપે. પાણી પણ ન પાય. દીકરા-દીકરી પણ ન વળાવે. દીકરાનું સગપણ કર્યું હતું તે પણ તોડી નખાવ્યું. દીકરાને કુંવારો રાખ્યો. દીકરીને સાસરે પણ ન તેડે. ઘાસની ગંજી પણ બાળી દીધી. મોલ હતા તે ગુંદી નાખ્યા. આવી રીતે ઘણું નુકસાન કર્યું. ખોટાં ખોટાં કલંક ચઢાવ્યાં. સામત પટેલે ઉપાધિને ગણી નહિ. માથા સાટે સત્સંગ રાખ્યો અને ભગવાનને મૂક્યા નહિ.

કોઈએ આવી એમની ઉપાધિની બધી વાત કરી. તે સાંભળી સાધુ તથા હરિભક્તોએ શ્રીજીમહારાજને સામત પટેલને ઉપાધિ આવી તે સર્વ કહી. તે સાંભળી શ્રીજી બહુ રાજી થયા અને કહ્યું

જે, "હવે એમની ઉપાધિ મટી જશે." એમ કહી હાર પહેરાવ્યો. તે ઉપાધિ મટી ગઈ. જ્યાં દીકરીનું સગપણ કર્યું હતું તે દીકરીને તેડવા આવ્યા અને દીકરીને વોળાવી (મોકલી) આપી. એમની ધીરજતા જોઈ ભગવાને સહાય કરી. દીકરાને પરણાવ્યો. દીકરાની વહુને તેડવા ગયા ત્યારે વેવાઈએ મશ્કરી કરી જે, "દીકરાને તો બાયડી નથી જોઈતી અને એમને જોઈએ છીએ." એમ કહ્યું તે પોતે તો શૂરવીર હતા, તે કોઈનું વચન સહન ન કરે. આવું કટુક વચન સાંભળી પોતાની ઇન્દ્રિયને ભસ્મ કરી નાખી.

તે જોઈ સગાંવહાલાં લજ્જા પામ્યાં અને એમ નક્કી કર્યું જે હવેથી આમની મશ્કરી ન કરવી. એવા સ્વભાવે બહુ આકરા હતા. પોતાનામાં સાચ હતું તેથી કોઈથી હલકું વેણ ન કહેવાય. જેટલું દુઃખ થાય તે સહન કરતા પણ ધીરજતા ન મૂકતા. ભગવાનનો મહિમા પૂરેપૂરો સમજતા ને શૂરવીરનું અંગ હતું, તે કોઈની છાયામાં દબાય નહિ. તે બેઠા હોય ત્યાં હલકું વચન બોલાય નહિ, એવા પ્રતાપી હતા. તેઓ માહાત્મ્યે સહિત નિશ્ચયવાળા હતા ને ભગવદી હતા.. એમની ધીરજતાનો અને શૂરવીરપણાનો તો લખે પાર આવે એમ નથી.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે નેવ્યાસીમો વિશ્રામ.

## વિશ્રામ ૯૦

એક સમે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીમાં સભા કરી બિરાજમાન હતા ત્યારે સૌકાના રાણા ભૂભ્રતસંગજી તથા દેશલજી એ બંને આવી કહે જે મહારાજ, કઠલાલની ડોસી જેકુંવરની વાત કરો. મહારાજે તદ્રૂપાનંદ સ્વામીને કહ્યું જે, "સ્વામી! વાત કહો."

સ્વામી બોલ્યા જે કઠલાલમાં એક સમે મહારાજ કાઠીઓ સહિત પધાર્યા ને ગામને પાદર થઈ ચાલ્યા, ત્યાં જેકુંવરબાઈ પાણી ભરવા નીકળ્યાં.

એમણે મહારાજ તથા અસવારને જોયા. એટલે પાણીની ગાગર લઈ પાછળ દોડ્યાં ને કહે : "ઊભા રહો, મહારાજ! ઊભા રહો." મહારાજ ઊભા રહ્યા. ડોસી આવીને મહારાજને કહેઃ "હે મહારાજ! આ ગાગરના પાણીમાં આપ પગ બોળો. તે પ્રસાદીનું પાણી હું પીશ. થોડું પાણી ગોળામાં નાખીશ અને વધે તે કૂવામાં નાખીશ એટલે બધું ગામ સત્સંગી થશે."

ડોસીની એવી હિંમત જોઈ મહારાજે પાણીની ગાગર મોઢે માંડી, પાણી પીધું. પછી ડોસી કહેઃ "મહારાજ! મારે ઘેર પધારો. રોટલા જમ્યા વિના જવાય નહિ. આપ પાછા વળો, નહિતર આડી ઊભી રહીશ." મહારાજ તેના ઘેર ગયા અને દાળ, ભાત, લાડુ, રોટલી તથા લીલું શાક કરી મહારાજને પોતાના ઓરડામાં થાળ પૂરી જમવા બેસાડ્યા અને કાઠીઓને બહાર બેસાડ્યા. મહારાજ તો ત્યાંથી જમીને ગયા. પછી તે ગામના માણસોએ અને નાતવાળાએ ડોસીને ઉપાધિ કરી. ડોસીને નાત બહાર કર્યાં.

ડોસીને કોઈ દેવતા કે પાણી તથા છાશ આપે નહિ ને નોતરું પણ ન આપે. એમ ડોસી એકલવાયાં થયાં પણઃ

"સ્વામિનારાયણ નામ લેતાં ન લાજું,
મારે સ્વામિનારાયણ ભજવા રે;
દુરિજનીઆના સંગ તજવા રે,
મારે સ્વામિનારાયણ ભજવા રે.
વાટે ઘાટે જાતાં ને વળતાં,
સ્વામિનારાયણ રટવા રે."

એમ રટના લગાડી. ડોસીની એવી ભગવાન ભજવાની

લગની જોઈ કોઈ પાસે આવી બેસે તેને સ્વામિનારાયણ વિના બીજી વાત કરે નહિ. એવી વાતો કરીને એમણે એક સો ડોસીઓને સત્સંગ કરાવી સર્વે ડોસીઓનો સંઘ લઈ વડતાલ આવી મહારાજને પગે લાગ્યાં.

મહારાજે પૂછ્યું જે, "હવે કેમ છે? લોકો ઉપાધિ કરે છે?" ત્યારે જેકુંવરબાઈ કહેઃ "હું રે જાણું લોકડિયા રે, કાલા લોક કહે છે મુને કાલી રે, થઈ મતવાલી, સહજાનંદ સંગ ચાલી, દુરજનિયા લોક દુરભંકર બોલે, તે હૈડે ન ધરવું. થઈ મતવાલી, સહજાનંદ સંગ ચાલી." એવાં ડોસીનાં વચન સાંભળી મહારાજ બહુ રાજી થયા ને ડોસીને એક મોજડી, ચરણારવિંદ અને હાર આપ્યો. મહારાજે સાથે આવેલ સર્વે બાઈઓને પ્રભુ ભજવાની વાત કરી. તે વાત સાંભળી સર્વે શાંતિ પામ્યા.

મહારાજ કહેઃ "હવે સૌ સૌના ગામ જાઓ." પછી તેઓ સર્વે કઠલાલ આવ્યાં. જેકુંવરબાને

ઉપાધિ મટી ગઈ. ગામ લોકો તો બોલવા લાગ્યા જે બિચારી પ્રભુ ભજે છે ને ભજાવે છે. તેને લોકો દુઃખ આપે છે તે તમારું શું લે છે? એવી રીતે લોકોએ પણ ગુણ લીધો ને એમ લાગ્યું જે આ કોઈ પૂર્વનાં મહાન મુક્ત છે માટે એને કલ્પાવીએ તો ભૂંડું થાય. એમ જેકુંવરબાનો મહિમા ગામના માણસો બહુ જાણતા થયા. તેમને તો રાત-દિવસ પ્રભુ ભજવાની વાત ગમતી. તેઓ કોઈ પુરુષ સાથે બોલતાં પણ નહિ. તેમને મનમાં ધીરજ હતી. ધર્મ વિના ભગવાન નથી ભજાતા. માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેથી દુઃખ સહન થાય ને લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે. એવી રીતે કઠલાલનાં જેકુંવરબાની વાત સ્વામીએ કહી. તે સાંભળી સર્વેને થયું જે

આપણે પણ સુખદુઃખ સહન કરી શ્રીજીને નિરંતર ભજવા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે નેવુંમો વિશ્રામ.

## વિશ્રામ ૯૧

એક સમે મુળીમાં સભા ભરાઈને બેઠી હતી. તે સભામાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બિરાજમાન હતા. ત્યારે લીલાપુરના પટેલ લાલજીભાઈએ કહ્યું જે, "મહારાજ! સુંદરજી સુતારની વાત કરો." મહારાજે સ્વામીને કહ્યું: "સ્વામી તમે વાત કરો." ત્યારે તદ્રૂપાનંદ સ્વામી બોલ્યા જે, સુંદરજી સુતાર ભૂજમાં રહેતા. નાતે ગુજ્જર સુતાર હતા. રાજના કારભારી હતા; તથા તોપખાનાના ઉપરી પણ હતા. રાજ્યની મિલકત, ઘરાણું, હથિયાર, ઘોડા, હાથી સામાન આદિ એમની પાસે રહેતાં હતાં.

તે બાવન બગીચાના ઉપરી હતા. તેમને રામાનંદ સ્વામીનો સત્સંગ હતો. શ્રીજીમહારાજનો જોગ થયો કે તરત જ માહાત્મ્યે સહિત ભગવાનપણાનો નિશ્ચય થયો. તે કોઈના દબાવ્યા દબાય નહિ. એવા સુંદરજી સુતાર તે રાવ સાહેબના કામે બહારગામ જતા હતા. તેમની સાથે પચાસ આરબ, પચાસ ઘોડા અને વીસ ઊંટ અને મશાલ છડીદાર હતા. શ્રીજી ભારે ભારે શેલાં, સોનેરી પાઘડીઓ, કડાં, પોંચીઓ, બાજુબંધ એવી શોભાએ સહિત સરધારમાં બિરાજમાન હતા. સુંદરજીભાઈ ત્યાં આવી દર્શન કરી બેઠા.

તે સમે મહારાજ બોલ્યા: "કોણ છે એ?"

સુંદરજી સુતાર બોલ્યા જે, "એ તો હું, આપનો દાસ છું."

મહારાજ કહે: "દાસ થવું ઘણું કઠણ છે."

સુંદરજી સુતાર કહે જે, "દાસ હોય તેને કંઈ કઠણ નથી."

શ્રીજી કહેઃ "દાસનાં લક્ષણ શું?"

સુંદરજીભાઈ કહેઃ "જેમ પોતાના સ્વામી કહે તેમ જ કરે."

મહારાજ કહે જે, "સ્વામી તો કહેશે કે અત્યારે સાધુ થાઓ, તો સાધુ થાશો?"

સુંદરજીભાઈ બોલ્યા જે, "સાચા સ્વામી જાણ્યા હશે અને મહારાજનો ખરો નિશ્ચય હશે તો જેમ કહેશો તેમ જ દાસ કરશે."

મહારાજ બોલ્યા જે, "દાસ હોય તો આ વેઢ, વીંટી, કડાં ઉતારો અને લૂગડાં ઉતારી મૂછ તથા દાઢી મૂંડાવો ને અલફી પહેરો." સુંદરભાઈ કહેઃ "મહારાજ! જેવી આપની આજ્ઞા."

પછી વાળંદ બોલાવી તેમણે દાઢી-મૂછ મૂંડાવી નાખી અલફી અને ટોપી પહેરાવીને પરમહંસ કરી કહ્યું જે, "હવે કાશીએ જાવ." એમ આજ્ઞા કરી. સુંદરજીભાઈ શ્રીજીની આજ્ઞા મુજબ ચાલી નીકળ્યા.

એકાદ-બે ગાઉ સુંદરજીભાઈ દૂર ગયા હશે ત્યારે બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, "આ શું કર્યું? સુંદરજીભાઈને પરમહંસ કર્યા તો હવે પછી કચ્છમાં ઉપાધિ થશે ત્યારે ત્યાં ખાવા નહિ મળે. બીજે ઉપાધિ થતી ત્યારે કચ્છમાં જઈ નિરાંતે રહેતા. તે તમોએ આ શું કર્યું." એમ કહી બ્રહ્માનંદ સ્વામી કીર્તન બોલ્યા જે, "હો સુંદર ઘનશ્યામ, જેમ રાખો તેમ રહીએ વચન સાથજી." એ કીર્તન બ્રહ્માનંદ સ્વામી બોલ્યા ને મહારાજને કહ્યું જે, "આ ઠીક ન કર્યું. સુંદરજીભાઈને પાછા ઘેર મોકલો, તો સારું."

મહારાજે સાધુને તેમને બોલાવી લાવવા પાછળ મોકલ્યા. તે સુંદરજીભાઈને બોલાવી લાવ્યા. સુંદરજીભાઈ પાછા આવ્યા ને મહારાજને પગે લાગ્યા. મહારાજ કહેઃ "હવે કાશી નથી જવું.

તમો તમારે ઘેર જાઓ."

સુંદરજીભાઈ કહે: "મહારાજ! સુખના સાગરમાંથી આ દુઃખના સાગરમાં હવે નથી જવું"

મહારાજ કહે: "દાસને તો જેમ કહીએ તેમ કરવું પડે, તો દાસ કહેવાય અને સુખને ઇચ્છે તે દાસ ન કહેવાય." એમ કહી અલફી ઉતરાવી અને તેમનો જે ભારે પોષાક હતો તે પહેરાવ્યો. મહારાજ તેમને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. શ્રીજી તેમના પર બહુ રાજી થયા અને કહ્યું: "હવે ઘેર જાઓ."

ત્યારે તેઓ કહે: "મહારાજ! હું આપની આજ્ઞાએ કરી ઘેર જાઉં; પણ જે રીતે સાંખ્યયોગી રહે છે એમ સંસારમાં મારાથી રહેવાય એવો વર આપો."

મહારાજ કહે: "જેવી તમારી મરજી." એમ કહી ઘેર મોકલ્યા. તેઓ સંસારમાં રહ્યા ત્યાં સુધી પોતાની કમાણી ઠાકોરજીને અર્થે ને સાધુને અર્થે વાપરતા અને રાજ્યમાં રહેતા તો પણ પોતાનું જે નિત્ય કર્મ, પાંચ વર્તમાન, માળા, માનસીપૂજા, ધ્યાન-સ્મરણ કરતા. એમાં અંતરાય થાય તો ક્રિયા પડતી મૂકે અને ભજન સુખેથી થાય એમ વર્તતા.

એક સમે મહારાજનાં ઘણા દિવસથી તેઓએ દર્શન કર્યાં નહોતાં. તેઓને મનમાં એમ થયું જે જ્યાં મહારાજ હોય ત્યાં જાઉં. એમ ધારી મુંદ્રાની ખાડીએથી જોડિયા ઊતર્યા. વશરામ સુતારને ઘેર આવી પૂછ્યું જે, "મહારાજ ક્યાં છે?" વશરામ સુતાર કહે: "ભાદરે છે." સુંદરજીભાઈ તથા વશરામ સુતાર બંને ભાદરે આવ્યા. ત્યાં ડોસાભાઈના ઘેર મહારાજ બિરાજમાન હતા. નિષ્કુળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી બંને જે ધોળે લૂગડે હતા તેઓ મહારાજની સેવા કરતા હતા.

તે સમે સુંદરજીભાઈ અને વશરામ સુતાર બંને આવ્યા ને

મહારાજને પગે લાગ્યા. મહારાજે સમાચાર પૂછ્યા.

સુંદરજીભાઈ બોલ્યા જે, "મહારાજ! હમણાં કચ્છ પધારો તો સારું. સર્વે હરિભક્તોને આપનાં દર્શનની અભિલાષા છે."

મહારાજ કહે: "ભલે." એમ બે દિવસ રહી જોડિયે આવ્યા અને જોડિયેથી નાવમાં બેસી ત્રણ ગાઉ ગયા ને તાપ લાગ્યો. નાવની બંધ છૂટી, અને નાવમાં પાણી ભરાયું ત્યારે મહારાજ તો જળમાં ઊતરી ચાલ્યા. એમની પાછળ સુંદરજીભાઈ પણ પાણીમાં ચાલ્યા તે જાણે સરખી જમીન ઉપર ચાલે તેમ ચાલતા હતા.

પછી તૂણાના ખાલે આવ્યા. પાણી ઉપર ચાલીને આવતા શ્રીજીને જોઈ ત્યાં ખાલે ઊભેલા માણસને થયું જે, "આ કોણ હશે?" એમ બોલતા હતા. તેને સુંદરજીભાઈ કહે: "એ તો ભગવાન છે." પછી તૂણા આવીને દરબારી ઉતારે રસોઈ કરાવી, મહારાજને જમાડ્યા. સુંદરજીભાઈ મહારાજનો પ્રસાદીનો થાળ જમ્યા. ત્યાંથી જૂત કરી ભૂજનગરમાં શ્રીજી તથા સુંદરજીભાઈ આવ્યા. સુંદરજીભાઈએ મહારાજને પોતાના ઘેર પધરાવ્યા. તેમની સેવા કરી, ભગવાનને વશ કરી પોતાના ઘેર રાખ્યા. મહારાજે કહ્યું જે, "માગો." ત્યારે સુંદરજીભાઈ બોલ્યા જે, "મહારાજ! મારે ઘેરથી તમારે બીજે ક્યાંય ન જવું એવો વર આપો."

મહારાજ કહે: "તમે જ્યારે રજા આપશો ત્યારે જઈશું." એમ કહી સુંદરજીભાઈને ઘેર છ માસ રહ્યા. દેશ-પરદેશના ભક્તજનો અકળાયા કે ક્યારે ભગવાનનાં દર્શન થાય? એમ પ્રાર્થના કરતા. તે સાંભળી મહારાજ દિવ્ય સ્વરૂપ દેખાડી મનુષ્ય ચેષ્ટા કરતા અને કહે: "સુંદરજી મને છાનો રાખજો, જગજીવન દ્વેષી છે. તે મને સુખે રહેવા નહિ દે. અહીં આવી તે પૂછે તો

કહેજો જે, "સ્વામિનારાયણ અહીં નથી."

મહારાજ સુંદરજી સુતારની મેડીમાં બિરાજમાન હતા, તે સમે જગજીવન મહેતા ત્યાં આવ્યા ને સુંદરજીભાઈને પૂછ્યું જે, "તમારે ઘેર સહજાનંદ છે?"

ત્યારે સુંદરજીભાઈ કહે: "અમારે ઘેર નથી."

મહારાજે જગજીવનને પોતાનો સાદ સંભળાવીને બોલાવ્યા ને કહ્યું: "અમે અહીં છીએ. મેડી પરથી નીચે ઊતરીને કહ્યું જે, "શું કામ છે?" એમ કહી મહારાજ જગજીવન મહેતા સામા આવી ઓસરીમાં બેઠા.

જગજીવને પૂછ્યું જે, "તમે ભગવાન છો? ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કરનારા તમે છો?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "હું ભગવાન છું. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરનારો પણ હું જ છું." એમ કહ્યું એટલે એ તો અતિશય દાઝે બળ્યો ને બળતો બળતો ઊઠી નીસર્યો ને તેણે ઘેર જઈ ઉપાધિ કરવાનો વિચાર કર્યો.

શ્રીજીએ સુંદરજીભાઈને કહ્યું જે, "હવે જગજીવન ઉપાધિ કરશે. માટે તમે કહો તો ગંગારામ મલ્લને ઘેર રહેવાનું સારું છે, તો ત્યાં જઈને રહીએ. એને ઘેર જગજીવન આવી શકે તેમ નથી." એમ સુંદરજીભાઈને પૂછીને જવા તૈયાર થયા. સુંદરજીને વર આપ્યો હતો તે ભૂલી ગયા. સુંદરજીભાઈને એમ થયું જે, "મહારાજ કહે છે તે ઠીક હશે. એમ જાણી હા પાડી." મહારાજને ગંગારામ મલ્લને ઘેર જવું હતું. તે સમે જગજીવનની સ્ત્રીએ પોતાનો રથ મહારાજ માટે મોકલ્યો. તેમાં બેસી શ્રીજી ગંગારામ મલ્લને ઘેર ગયા.

તે માહાત્મ્યે સહિત નિશ્ચય હતો તે કોઈ રીતે ન ફરે પણ ભગવાન વચને બંધાયા હતા તે બંધન થકી છૂટી ગયા. તેમ

ભક્તજનના મનોરથ પૂર્ણ કરતા હતા. એવી ઘણી લીલા કરતા અને સુંદરજી સુતાર તો એક ક્ષણ શ્રીજીથી વેગળા ન હોય તે તો મહારાજને સદાય પાસે ને પાસે જ દેખતા હતા. એમ શ્રીજીએ ઘણાં સુખ આપ્યાં તે કહેતાં થાકી જવાય પણ પાર આવે એમ નથી.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકાણુંમો વિશ્રામ.

## વિશ્રામ ૯૨

એક સમયે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ગામ મુળીમાં સભા કરી બિરાજમાન હતા, ત્યારે ગામ કંથારિયાના રાણા મોતીભાઈ તથા અડવાળના રાણા રૂપસિંહજીએ કહ્યું જે રાણા રાજગરની વાત કરો. મહારાજે સ્વામીને કહ્યું જે રાણા રાજગરની વાત કહો. તદ્રૂપાનંદ સ્વામી બોલ્યા જે, ગોલિડા ગામમાં રાજગર નામે બ્રાહ્મણ હતા. તેમને બ્રહ્માનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યાં હતાં.

એમને ચાર ભાઈ હતા. જેમના નામ રાણો, રાઘવ, વશરામ અને ભીમ. એમને ભગવાનનું બળ બહુ હતું અને ભગવાનની વાતો તેઓ કરતા. ગામ આખાને વિચાર થયો જે આવા સ્વામિનારાયણના જેવા ભક્ત બીજે નથી. એમના જેવા સાધુ આખા બ્રહ્માંડમાં નથી. એવી રીતે ગામ આખું ગુણવાળું છે. તે સમે ગામમાં એક અભાગી જીવ હતો. તેના દેહનો અંત આવી રહ્યો. તેથી યમદૂત એને તેડવા આવ્યા. તે સમે રાણો, રાઘવ, વિશ્રામ અને ભીમ એ ચારે ભાઈએ વિચાર કર્યો જે આપણા ગામમાં યમદૂત આવ્યા. આપણે પ્રગટ ભગવાનના ભક્ત છીએ તે જીવ યમદૂતને લેવા નહિ દઈએ.

એમ ધારી ચારે જણા લાકડી લઈ આવ્યા અને યમદૂતને

કહેઃ "જીવને લઈ જવા નહિ દઈએ." યમદૂત અને ભક્તો વચ્ચે તકરાર થઈ. યમદૂત સામા થયા પણ એમને નસાડી દીધા ને જીવ લેવા ન દીધો. એવા એ બળવાન હતા.

વિશ્રામ અને રાઘવ સાધુ થયા. રાઘવનું નામ રાઘવાનંદ સ્વામી પાડ્યું અને વિશ્રામનું નામ ગદાધરાનંદ સ્વામી પાડ્યું. તે બંનેને લોકો જમતગડાનંદ કહેતા. ભીમ ઘેર રહ્યો હતો. રાણાને જ્યારે દેહ મૂકવો હતો ત્યારે આગળથી સર્વેને કહ્યું જે, "જેને ધામમાં આવવું હોય તે પરવારીને તૈયાર થઈ જજો. મારે ધામમાં જવું છે," એમ કહ્યું. તે કોઈથી તૈયાર ન થવાયું. તેમનાં માતુશ્રી તથા તેમનો દીકરો એ બંને તૈયાર થયાં. એ બંનેને કહેઃ "મારા સામા બેસો અને મહારાજની મૂર્તિ સંભારો."

એમ કહે છે તે સમે મહારાજ અને કાઠીના અસવાર અને સાધુ કેટલાક રથમાં, કેટલાક વિમાનમાં બેઠેલા તેમ ગામના બધા લોકોએ જોયું. રાણો, રાણાનો દીકરો તથા રાણાનાં માતુશ્રી રથમાં બેઠાં. એવી રીતે આખા ગામ લોકોએ જોયું ને વિસ્મય પામ્યા. એવો પ્રગટ શ્રીજીનો મહિમા અને માહાત્મ્યે સહિત નિશ્ચય હતો ને કેફ હતો.

જેમ ગાંડો કેફમાં બોલે, તેમ કેફમાં બોલે જે આ તો ભગવાનના અલમસ્ત છે, માટે જેને આવા લક્ષણ હોય તેમના મા-બાપને પણ કૃતાર્થ જાણવાં. તે ધનનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે, સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે, તે સર્વે હરિભક્તનાં નામ કહ્યાં તે સંભારી રાખવા. તો સ્મૃતિ થઈ આવે ને મોટી પદવીને પામે ને ધામને પામે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે બાણુમો વિશ્રામ.

# વિશ્રામ ૯૩

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મુળીમાં જન્માષ્ટમીના દિવસે સભા કરી વિરાજમાન હતા ત્યારે વાતો કરતા હતા જે, મૂઢપણું; પ્રીતિ અને સમજણનું અંગ તેમાંથી મૂઢપણાનું અંગ જે હરિભક્તમાં હોય તે શ્રેષ્ઠ. તે મૂઢપણાનું અંગ તો માલોદના દુદા ભક્તનું છે. પ્રીતિનું અંગ જેતપરના દમા ઠક્કરનું છે. સમજણનું અંગ ઘાંટીલાના હરિ સુથારનું છે. એવી રીતે ત્રણ અંગવાળાની વાત કરી. પછી શૂરવીર ને પતિવ્રતાની વાત કરી.

લીલાપુરના લાલજી પટેલે પ્રશ્ન પૂછ્યો જે, "શૂરવીરનું અંગ કોને કહેવાય?"

અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, "શૂવીર હોય તે કોઈની છાયામાં ન દબાય ને કોઈથી એને હલકું વચન ન કહેવાય ને શ્રીજીનાં વચનમાત્ર યથાર્થ પાળે તે શૂરવીર."

એક વાર ઈડરના દરબાર જવાનસંગજી મહારાજ અમદાવાદ આવ્યા. રામ નવમીની અસવારીમાં નાહવા માટે નારણઘાટે જતા હતા ત્યારે કોઈ વાણિયા શાહુકારના છોકરાએ સ્વામિનારાયણને ગાળ દીધી. તે એમણે સાંભળી. પછી તે વાણિયાના છોકરાને પકડી લાવ્યા. પોતાના ઉતારે પહેરામાં ચોવીશ કલાકની કેદમાં બેસાડ્યો. તેમનો કારભારી કામદાર કહેઃ "અહીં સરકારી રાજ છે, તો આપણને હરકત આવશે." ત્યારે તેઓ કહે જે, "હરકત આવતી હોય તો ભલે, પણ મારા ઇષ્ટદેવને ગાળ આપી તે એણે મારું માથું કાપ્યું એવું મને દુઃખ લાગ્યું છે. આ સરકારી રાજ્ય છે, નહિતર તેની જીભ કાઢી નાખત. માટે સરકારી રાજના કાયદા પ્રમાણે એને શિક્ષા કરવી છે."

તે સમે ગામમાંથી મહાજન શાહુકાર આવ્યા ને ફોજદારને સાથે

લઈ આવ્યા. સરકારી કલેક્ટર સાહેબને બોલાવીને તે વાણિયાના છોકરાને છોડાવવો એમ વિચાર કરી આવ્યા. ત્યારે એમને કહ્યું જે સાંજના છ વાગે આવો. એમ કહી સર્વને ઘેર મોકલ્યા. જવાનસંગજી પોતે ચાર વાગે ફરવા નીકળ્યા. કલેક્ટરને ભેગા થયા અને કહ્યું જે, "અમારા ગુરુને વાણિયાના છોકરાએ ગાળ દીધી તેથી એને કેદ કર્યો છે. તેનો બાપ ફોજદારને લઈને આવ્યો છે, પણ આપ્યો નથી." કલેક્ટર સાહેબ કહે: "તમારે જે દંડ કરવો હોય તે લઈ કાઢી મૂકો." આમ ઉપાધિ થઈ, પણ શૂરવીરપણું ન મૂક્યું.

હવે પતિવ્રતાનું અંગ કહીએ છીએ જે, જેમ હરિવલ્લભને નાતની ઉપાધિ થઈને કહ્યું જે, "તિલક ઊભું કરો ને ચાંદલો ન કરો."

ત્યારે હરિવલ્લભ કહે: "જેમ ધણીવાળી બાઈ સધવા હોય ત્યારે તેને કહે જે, તારે બલોયું ન પહેરવું ને તે માને ત્યારે તે કેવી કહેવાય?" એમ નાતિલાને જવાબ આપ્યો તેથી નાતિલાએ ઉપાધિ કરી જે હરિવલ્લભને કોઈ પાણી ન આપે ને દેવતા પણ ન આપે. કોઈ મરી જાય તો આભડવા ન જવું.

તેવા સમયમાં તેમની માતુશ્રીનું મરણ થયું. તો પણ સગુંવહાલું કોઈ ન આવ્યું. ત્યારે અમદાવાદના સત્સંગી ભેગા થઈ દેહની ક્રિયા કરવા તૈયાર થયા. તે સમે કુસંગીએ આવીને ઉપાધિ કરીને કહ્યું જે, "અમે ડોસીને લઈ જઈશું." સત્સંગી કહે: "અમે લઈ જઈશું." ત્યાં ડોસી ધામમાં ગયાં હતાં તે પાછાં આવ્યાં ને કહ્યું જે, "કુસંગીને અડવા ન દેશો ને સત્સંગીને અડવા દેજો."

એમ કહી ડોસીએ સ્વામિનારાયણ નામની ધૂન કરાવી અને કહે મારા હરિવલ્લભને જે નાત બહાર મૂકે છે તેની છોકરી મારા હરિવલ્લભના છોકરા સાથે પરણાવશે. એમ કહી ડોસી ધામમાં ગયાં. ડોસીના બારમાના દિવસે કેટલાકે કજિયા કર્યા. સામસામા

કારજ કર્યાં. હજારો રૂપિયાનું ખર્ચ કર્યું ને સ્વામિનારાયણની જીત કરી. એવી રીતે જેને અંગ હોય તેને પતિવ્રતાનું અંગ કહેવાય. એમ બહુ વાત કરી.

પછી અગિયાર વર્તમાનની વાત કરીઃ ૧. હિંસા, ૨. સુરા, ૩. માંસ, ૪. ચોરી, ૫. આત્મઘાત, ૬. જારતા, ૭. દેવતાની નિંદા ન કરવી, ૮. વિધવાને ન અડકવું, ૯. વિમુખના મુખેથી કથા ન સાંભળવી, ૧૦. ન ખપતું હોય તેવું ખાવું નહિ, ૧૧. કોઈના માથે મિથ્યા અપવાદ ન મૂકવો, એમ અગિયાર વર્તમાનની વાત કરી.

પછી સાધુના વર્તમાનની વાર્તા કરી જે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન, નિઃસ્નેહ એ પાંચ વર્તમાનની વાત કરતા હતા. તે સમે બાર વાગ્યે, કૃષ્ણ જન્મની આરતી થઈ. સૌ દર્શન કરવા ગયા. એવી તો નિત્ય ઉપદેશની કેટલીક વાર્તાઓ કરતા.

વળી વચનામૃતમાં એમ કહ્યું છે જે જન્માષ્ટમી તથા રામનવમીના દિનમાં જે વાતો થાય તે સંભારી રાખવી. સાધુ, બ્રહ્મચારી તથા હરિભક્તોને સંભારી રાખવા. મહારાજે તથા સાધુએ જે વાત કરી હોય તેને સંભારી રાખવી. અંતકાળે મહારાજ સાંભરે ને સાધુ સાંભરે તો પાપી જીવને પણ ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.

તે ઉપર એક વાત છે જે, ગામ સુસવાવના ડોસાજી સમૈયો કરવા આવ્યા હતા ત્યારે પોતાની સાથે એક કુસંગી પસાયતો લાવ્યા હતા. તેમણે સમૈયામાં દર્શન કર્યાં અને વાતો સાંભળીને ઘેર ગયો. તેના દેહનું આયુષ્ય આવી રહ્યું હતું. મરવા ટાણે ડોસાભાઈએ કહ્યું જે, "આપણે મુળીએ ઠાકોરજીનાં દર્શન કરવા ગયા હતા ને ઠાકોરજીનાં દર્શન કર્યાં હતાં. તે સમે ઠાકોરજીએ જે વસ્ત્ર પહેર્યાં હતાં, ફૂલના હાર પહેર્યા હતા, ઘરેણાં તથા મુગટ ધારણ કર્યાં હતાં. તે સંભારીને તેની સ્મૃતિ કરાવી.

તે વખતે પસાયતાને ઠાકોરજીનાં દર્શન થયાં ને બોલ્યા જે, "અયોધ્યાપ્રસાદજી મહારાજ આવ્યા છે ને મને રથમાં બેસાડી ધામમાં લઈ જાય છે." એમ કહી ધામમાં ગયો. આવી રીતે તો હજારો માણસો ધામમાં ગયા છે. આવી તો ઘણી વાતો છે પણ દિશ માત્ર લખી છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ત્રાણુમો વિશ્રામ.

## વિશ્રામ ૯૪

એક સમે ગામ હળવદમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પધાર્યા હતા ત્યારે રાજા રણમલસિંહજી સીગરામ જોડાવીને સામા આવ્યા હતા. પોતાની અસવારી ને હાથી ઉપર રાજસાહેબના કુંવર રઘુભા બેઠા હતા. તે નગારા, નિશાન અને અસવારી લઈને સામા આવ્યા હતા. ગામ કોઈબાને સિમાડે વાવ છે ત્યાં સુધી સર્વે હરિભક્ત અસવારી લઈ સામા આવ્યા હતા. વાજતે-ગાજતે શહેરમાં પધરામણી કરાવી. મોરબીની ભાગોળે તળાવની પાળ પર દેરાતંબુ કરાવ્યા અને ઉતારો કરી સૌ જમવા પધાર્યા.

મહારાજની રસોઈ થઈ એટલે મહારાજ જમવા પધાર્યા ને જમ્યા. સાંજનો સમય થયા પછી સભા ભરાઈને બેઠી. સર્વે હરિભક્તો બેઠા છે ને ગવૈયા સાધુ કીર્તન બોલે છે, ત્યારે આથમણી બાજુથી એક વાદળી ચઢી આવી; તે જોઈ અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે જે, "દેવા ભક્ત ક્યાં છે? તેને બોલાવો."

ત્યારે દેવા ભક્ત કહે: "શું કામ છે, મહારાજ?" મહારાજ કહે: "આપણો મુકામ ઉપાડો. આ વાદળીમાં જળ ઘણું છે." પછી

દેવા ભક્ત બીજે મુકામ જોઈ આવ્યા ને કહ્યું: "મુકામ ઉપાડો."

મહારાજ મંદિરમાં પધાર્યા ને વહુજી મહારાજ ખેંગાર ભક્તને ઘેર ગયાં. હાથી, ઘોડા, ગાડી, ઊંટ સર્વ દરબારને ઉતારે ગયા. પછી સર્વે મંદિરમાં આવ્યા ને સભા થઈ. મહારાજ બિરાજમાન થયા તે સમે વરસાદ ઘણો વરસ્યો જે આંખ ઉઘાડવા દે નહિ. એવી રીતે સવારો સવાર વરસ્યો. સર્વેને લાગ્યું જે અયોધ્યાપ્રસાદજી મહારાજ બહુ સમર્થ છે જે આગળથી ચેતવણી આપે છે. એ તો ભગવાનના પુત્ર છે તેથી ભગવાનના જેટલું સામર્થ્ય છે એમ સહુ મહિમા જાણતા હતા.

જ્યારે વરસાદ વરસવા માંડ્યો ત્યારે રાજસાહેબે મહારાજને તેડવા માણસ મોકલ્યા ને કહ્યું જે વરસાદ આવે છે તે આપણને દરબારમાં બોલાવે છે. એમ માણસે આવી કહ્યું. મહારાજ કહે: "ઉતારો મંદિરમાં લાવ્યા છીએ તે કંઈ ફિકર નથી, એમ રાજસાહેબને કહેજો." માણસે આવી રાજસાહેબને વાત કરી તે એમને થયું જે ભગવાનના પુત્ર છે માટે તેઓશ્રીને આગળથી ખબર પડે છે એમ જાણી એમનો મહિમા ઘણો સમજતા. દરબારમાં સભા કરી કીર્તન ગવરાવતા અને મહારાજને પ્રશ્ન પૂછતા. તેનો ઉત્તર મહારાજ કરતા. તેમ રમૂજ થતી હતી ને અમૃતરસ વરસતો હતો.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે ચોરાણુમો વિશ્રામ.

## વિશ્રામ ૯૫

એક સમે વાસુદેવાનંદ સ્વામી મુળી હતા ત્યારે ગોપાલજી ત્રવાડી દર્શન કરવા આવ્યા. એમની સાથે તેમના ભાઈ ઉત્તમજી

પણ આવ્યા હતા. એમને પુત્ર ન હતો. સ્વામીને આવી પ્રાર્થના કરી જે, "મહાનુભાવાનંદ સ્વામી વર આપતા તે દીકરા થતા હતા. તો મને વર આપો તો દીકરો થાય." સ્વામી બોલ્યા જે, "મહાનુભાવાનંદ સ્વામી તો બહુ સમર્થ છે, તે જેમ કહે તેમ જ થાય. તમે આ રાધાકૃષ્ણદેવની માનતા રાખી છે તો તમારે પુત્ર થશે."

પછી એમને પુત્ર થયો. તેના કાકાનો દીકરો નાથુભાઈ તેને થયું જે મારે પણ દીકરો નથી. એટલે તે સ્વામી પાસે આવ્યો ને પ્રાર્થના કરી કહ્યું જે, "સ્વામી! તમે ઉત્તમજીને દીકરો આપ્યો છે તો મને શા માટે નથી આપતા?" ત્યારે તેને માનતા આપી જે તારે દીકરો થશે. પછી રામકૃષ્ણ ત્રવાડીએ પ્રાર્થના કરી કહ્યું જે, "સ્વામી! આપ કહો તે માનતા રાખું, પણ મારા હરજીવનને દીકરો થાય." સ્વામીએ તેને સેવા કરવાનું કહ્યું અને દીકરો થયો.

રામાનંદ સ્વામીનો કરાવેલ સત્સંગ એવા જે માલજી ત્રવાડી, એમનો દીકરો જે મોનજી હતો તેને બબ્બે બૈરાં થયાં પણ પુત્ર નહિ અને રાત-દિવસ ભજનમાં બેસે. માલજી ત્રવાડીને પણ ભજનમાં એમ થાય જે આને દીકરો થાય તો સારું. તે સારુ વઢવાણ મંદિર માટે સ્વામી લખણી કરવા આવ્યા હતા. તે વઢવાણ ગાડું જોડી સ્વામીને મૂકવા માટે માલજી પંડે ગયા.

પછી સ્વામી તો વસતડી પધાર્યા હતા. સ્વામી પોતાના મંડળ સાથે પાછા વઢવાણ આવ્યા ત્યારે સ્વામીને સાકરના લાડુની રસોઈ કરાવી જમાડ્યા. પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં અને પ્રાર્થના કરી કહ્યું જે, "સ્વામી! મારા મોનજીને પુત્ર આપો."

ત્યારે સ્વામી બોલ્યા જે, "ડોસા! દીકરા આપવા તે શું અમારા હાથમાં છે?"

ત્યારે ડોસા બોલ્યા જે, "આપો તો તમારા હાથમાં છે."

સ્વામી બોલ્યા જે, "અમારા આપ્યા દીકરા અપાય તો તમારા મોનજીને પાંચ દીકરા થાય." પછી એમને પાંચ દીકરા થયા ને એક દીકરી થઈ. પાંચે દીકરા ગુણિયલ, ભણીગણીને હોશિયાર થયા. એમ અમારા ગુરુ વાસુદેવાનંદ સ્વામી તે સર્વે બ્રહ્મચારીના ગુરુ છે. શ્રીજી તેમની દ્વારા પરચા આપતા.

ઇતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે પંચાણુમો વિશ્રામ.

## વિશ્રામ ૯૬

એક સમે ગામ હળવદમાં રાણા રણમલસિંહજીએ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને પ્રાર્થના કરી પહેલાં પોતાના દરબારમાં પધારવા કહ્યું. સાધુ, બ્રહ્મચારી અને સર્વેને આવવા માટે રાજસાહેબે ઘોડાગાડીઓ મોકલી તથા હાથી લઈ પોતે તેડવા આવ્યા ને વાજતે-ગાજતે દરબારમાં પધાર્યા. દરબારમાં મોટા સિંહાસન પર મહારાજ બિરાજમાન થયા ને રાજા સાહેબે પૂજા કરવા માંડી.

પ્રથમ પંચામૃત લઈ પગ ધોઈ ચંદન, પુષ્પ ચડાવી કુમકુમનો ચાંદલો કર્યો ને પુષ્પના હાર-તોરા લઈ પહેરાવ્યા. સોનેરી ડગલી પહેરાવી ને માથે પાઘડી બંધાવી, શેલું ઓઢાડી મોતીની માળા પહેરાવી. હાથમાં કડાં પહેરાવ્યાં અને રૂપિયાનો થાળ ભરી મૂક્યો. સાધુ, બ્રહ્મચારીની પૂજા પોતાના કુંવર પાસે કરાવી. સાધુ પાસે કીર્તન ગવડાવ્યાં.

પછી રાજસાહેબ અને મહારાજ બંને સભામાંથી ઊઠી એકાંતમાં જઈ બેઠા. રાજા રણમલસિંહજીએ મહારાજને કહ્યું જે, "મારે મોટું દુઃખ છે. તે તમો માટાડો તો મટે તેમ છે."

મહારાજે કહ્યું જે, "તમારે શું દુઃખ છે? તે કહો તો મટાડી દઈએ."

રાજસાહેબ બોલ્યા જે, "મારી સાથે એક દિવાનને ઘણો સ્નેહ હતો તે મરીને પ્રેત થયો છે. તે મેડીમાં દેખા દે છે. સૂઈએ ત્યારે કહે છે જે 'હોકો પીવો છે?' એમ આવીને કહે છે ને સુખે સૂવા દેતો નથી. માટે તેના જીવનો આપશ્રી મોક્ષ કરો તો અમે સુખી થઈએ."

વળી કહ્યું જે, "આ દુઃખ મટાડવા સારુ ગોસાઈનું મંદિર કરાવ્યું. કેટલાક સન્યાસી રાખ્યા, પ્રેતવાદી, ભૂવા, ભામા આદિ કર્યા પણ તે જતું નથી. આપ તો ભગવાનના પુત્ર છો. આ માટે તમારા આશરે આવ્યો છું."

મહારાજ કહેઃ "ક્યાં છે એ?"

રાજસાહેબ કહેઃ "અમારો સૂવાનો ઓરડો છે ત્યાં રહે છે." પછી ત્યાં જઈ બતાવ્યો. તે પોતાના દિવાનને નજરે જોતાં બતાવ્યું. મહારાજે હાથમાં પ્રસાદીનું પાણી લઈ ઓરડામાં છાંટ્યું. ત્યારે દિવાનનું પ્રેત કહેઃ "હે મહારાજ! આપ જ્યાં કહો ત્યાં જાઉં."

મહારાજ કહેઃ "બદ્રિકાશ્રમમાં જા." પ્રેત બદ્રિકાશ્રમમાં ગયો. આવી રીતે અયોધ્યાપ્રસાદજી મહારાજનો ઘણો પ્રતાપ જોઈ રાજસાહેબના મનમાં થયું જે કલ્યાણના કરનાર તો આ ભગવાનના પુત્ર છે. એમ વિચારી મહારાજને કહેઃ "આજથી આપનો આશ્રય લીધો છે. તો તમારે મને અંત સમે તેડવા આવવું પડશે." એવો વર માગ્યો. મહારાજ કહેઃ "અંતકાળે શ્રીજી સાથે હું તેડવા આવીશ." એમ કહી મહારાજ પાછા મંદિરમાં પધાર્યા.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે છન્નુમો વિશ્રામ.

# વિશ્રામ ૯૭

એક વાર રાજસાહેબ પોઢતા હતા તે વખતે તેમનો દિવાન મોક્ષને પામ્યો હતો. તેણે આવી કહ્યું જે, "આજથી હવે મારો પ્રેતનો દેહ મટી ગયો અને મને બહુ ઉપકાર કર્યો. મને પ્રેતના દેહમાં દુ:ખ બહુ હતું. તેમાંથી મુક્ત કર્યો. એવા આ અયોધ્યાપ્રસાદજી મહારાજ તેમનો આશ્રય કરજો. ભૂલશો નહિ. એ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણના પુત્ર છે.

તેમના આજ્ઞાથી હું બદ્રિકાશ્રમમાં ગયો છું અને સુખી છું. તમારે હંમેશાં સ્વામિનારાયણના નામનું ભજન કરવું. તમારા પર હેત હતું તેથી તમને પ્રતીતિ આવે તે માટે નારાયણની આજ્ઞા લઈને આવ્યો છું. હવે પછી તો નહિ આવી શકું. સુખે ભગવાનનું ભજન, તપ કરી ધામને પામીશ. એમ કહી તે ચાલ્યો ગયો.

સવારે નાહી-ધોઈ પોતાનું નિત્ય કર્મ કરી પોતાના માણસ મોકલી ખબર કઢાવી જે જાઓ, મહારાજની સભા બેઠી હોય તો દર્શન કરવા આવીએ. એમ આવીને માણસે કહ્યું ત્યારે મહારાજ કહે: "ભલે પધારે." પછી તે પોતાના દરબારી માણસે પાછા આવી કહ્યું જે, "ભલે પધારો." ત્યારે રાજસાહેબ પોતાના સિગરામમાં બેસીને દર્શને આવ્યા.

મહારાજની પાસે ઉત્તમાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી તથા મોટા સાધુઓની સભા ભરાઈને બેઠી હતી. તે સમે રાણા રણમલસિંહજી આવ્યા ને મહારાજે તેમને સભામાં આગળ બેસાડ્યા. તે સમે વચનામૃતની કથા વંચાતી હતી. કથા પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ વાતો કરતા હતા તે રહસ્યનું વચનામૃત વંચાવીને વાત કરી જે આ વચનામૃતમાં શૂરા ને પતંગનું દૃષ્ટાંત આપ્યું છે. તેમ વેગ કરવાનો કહ્યો. તે પર ઘણી વાતો કરી. પછી

કીર્તન ગવડાવી મહારાજ અને રાજસાહેબ એકાંતમાં બેઠા હતા. રાજસાહેબને રાત્રે દિવાનના પ્રેતે આવી જે વાત કરી હતી તે સર્વેના આગળ કહી.

મહારાજ કહેઃ "તમારા દિવાનનું પણ કલ્યાણ થશે."

રાજસાહેબે ફરીથી વર માગ્યો જે, "મહારાજ! મારો દેહ પડે ત્યારે મને ધામમાં તેડી જજો, એ વર આપો."

મહારાજે વર આપ્યો. તેઓએ વર માથે ચડાવ્યો. મહારાજનું માહાત્મ્ય તેઓ બહુ જાણતા. હંમેશાં સ્વામિનારાયણના નામની માળા ફેરવતા. અયોધ્યાપ્રસાદજી મહારાજે ચોવીશની સાલમાં અક્ષર નિવાસ કર્યો.

રાણા રણમલસિંહજીએ રાણા ડોસાજી સુસવાવવાળાને વાત કરી કહ્યું જે, "મહારાજે મને વર આપ્યો છે. તેઓએ આજ રાત્રે દર્શન આપ્યાં ને કહ્યુંઃ "આજથી ત્રણ દિવસે તમને તેડવા આવીશું. એમ મને કહ્યું છે."

ડોસાજી કહેઃ "પરવારીને તૈયાર થાઓ." એમ વાત કરે છે તે જ વખતે તાવ આવ્યો. ત્રીજો દિવસ થયો ત્યારે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ આવ્યા અને ધામમાં લઈ ગયા. રાણા ડોસાજીને પણ તે સમે શ્રીજીનાં દર્શન થયાં. એમને શ્રીજીની અનન્ય નિષ્ઠા હતી. આ વાત ડોસાજીએ પોતે કીધેલ છે તે લખી છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે સત્તાણુમો વિશ્રામ.

## વિશ્રામ ૯૮

આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ગામ શ્રી મુળીમાં

જન્માષ્ટમીના સમૈયે પધાર્યા હતા. ગયા જેઠ માસમાં શરીરે કસર જણાતી હતી. તેથી સર્વ હરિભક્તો સામૈયું લઈ સામા આવ્યા હતા. એમને લાગ્યું જે શ્રીજીમહારાજનાં પ્રગટ દર્શન દુર્લભ છે. તેમ આ અયોધ્યાપ્રસાદજી મહારાજનાં પણ દર્શન દુર્લભ છે. એમ જાણી મહારાજને પ્રાર્થના કરી જે અમારે ગામ પધારો.

ખાખરેચીના દરબાર સતાજી તથા હળવદના હરિભક્ત મહેતા રણછોડ, દવે મકનજી, શુકલ પુરુષોત્તમ, સોની વીરજી, જાની કાનજીભાઈ, આચાર્ય મોરારજી, દવે નરભેરામ, દવે પ્રાણજીવન, દવે મહાદેવ, ખત્રી હરજી, સિંધવ ખેંગાર, મહેતા વાલજી, રાવલ પુરુષોત્તમ, વૈદ્ય નરભેરામ આદિ સર્વે તેમ જ મચ્છુકાંઠાના હરિભક્તો, જેતપુરના દમા ઠક્કર, દેવળિયાના ઉધો ઠક્કર, વાંટાવદરના ઠક્કર વાઘા, ઠક્કર લાધા તથા સોની મહાદેવ આદિ સર્વેએ આવી પ્રાર્થના કરી કહ્યું જે, "મહારાજ! અમારા દેશમાં પધારો અને સર્વેને દર્શન આપો."

ત્યારે નિયમાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, પુરાણી ધર્મવલ્લભદાસજીને પૂછ્યું જે, "મચ્છુકાંઠા તથા હળવદમાં દેશકાળ કેવા છે?" ત્યારે પુરાણી બોલ્યા જે, "દેશકાળ તો સારા છે, પણ આ રણછોડ મહેતાને દશ હજાર રૂપિયાની ખોટ છે. બાકી બીજાના દેશકાળા સારા છે." ત્યારે મહારાજ કહે: "રણછોડને દેશકાળ કઠણ છે, તો નહિ આવીએ." ત્યારે રણછોડ મહેતા બોલ્યા જે, "મહારાજ! એક ખોટ તો થઈ છે પણ આપ ન પધારો તો બીજી ખોટ થાય; દેશકાળ કઠણ છે પણ આપ પધારશો તો બધા દેશકાળ સારા થશે."

એમ કહી રણછોડ મહેતા તો માથેથી પાઘડી ઉતારી બેઠા ને કહ્યું જે, "મહારાજ દશ હજાર ભરશે તો બે હજાર વધુ ભરશે. માટે આપ પધારો. બે હજાર રૂપિયા વાપરવાના છે, તો આપ હા

કહેશો ત્યારે પાઘડી માથે મૂકીશ ને અન્ન પણ પછી લઈશ." સર્વે સાધુ તથા હરિભક્તો બોલ્યા જે, હા કહો. મહારાજ કહે: "ભલે."

મહારાજ હળવદ જવા માટે ઉત્તમાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી, નિયમાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, સુકૃતાત્માનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી એ સર્વે સદ્‌ગુરુઓ અને વૃંદાવનદાસજી, ધર્મવલ્લભદાસજી આદિ મોટા સાધુઓ અને કેસવાનંદ સ્વામી, નિલકંઠાનંદ સ્વામી, શાંતાનંદ બ્રહ્મચારી તથા ગોપાલજી ત્રવાડી વગેરે સર્વે હરિભક્તને સાથે લઈ ચાલ્યા. મહારાજ કીર્તન કરતા. બ્રહ્મચારી અવિનાશાનંદ તે લખતા. ગવૈયા જિષ્ણુદાસજી, નંદકિશોરદાસજી, હરિકૃષ્ણદાસજી આદિ સર્વે હંમેશાં ગાવણું કરતા. તે સર્વેને સાથે લઈ ટીકર, સેડલા, કોંઢ, ગોળી ને કોઈબા આદિ ગામોમાં થઈ હળવદ પધાર્યા.

પ્રથમ રાજસાહેબની રસોઈ કરી. બીજે દિવસે મકનજીભાઈની, ત્રીજે દિવસે મોરારજીભાઈ, ચોથે દિવસે શુકલ પરસોત્તમની એમ ચાર દિવસ રસોઈ લીધી. પાંચમે દિવસે મોતૈયા લાડુ ને જલેબીની રસોઈ રણછોડ ભક્તની લીધી. છઠ્ઠે દિવસે મોતૈયા લાડુની રસોઈ સોની વીરજીભાઈની, સાતમે દિવસે જાની કાનજીભાઈની રસોઈ લીધી. આઠમે દિવસે વૈદ્ય નરભેરામભાઈની, નવમે દિવસે હરજીભાઈ ખત્રીની, દશમે દિવસે મહાદેવ દવેની લીધી. અગિયારમી રસોઈ પ્રાણભાઈ દવેની લીધી, બારમી રસોઈ ખેંગાર સિંધવની લીધી. એવી રીતે વીશ દિવસ રહ્યા અને રસોઈ તથા પૂજા તથા પધરામણી ધામધૂમથી થતી.

તે સમે રણછોડ મહેતાએ પ્રાર્થના કરી કહ્યું જે, "મહારાજ! મારે ઘેર પધારો."

મહારાજ કહે: "રણછોડ! તમે રસોઈ દીધી તે ઘણું છે."

પોતાના બે દીકરા દેવચંદ અને માધવજીને સાથે લઈ ઉત્તમાનંદ સ્વામી તથા નિર્દોષાનંદ સ્વામી પાસે આવી મહેતાએ કહ્યું જે, "સ્વામી! મારે ઘેર મહારાજ નહિ પધારે ત્યાં સુધી અન્ન ખાવું નથી."

ત્યારે સ્વામીએ મહારાજને કહ્યું. મહારાજે ગોપાલજી ત્રવાડી તથા મોરારજીને બોલાવી કહ્યું: "ભલે પધારો." રણછોડભાઈએ કહ્યું જે, "હાથી પર બેસી મારે ઘેર પધારો." ત્યાર પછી હાથી મંગાવ્યો ને તેના ઉપર મહારાજ બિરાજમાન થયા અને તેમને ઘેર પધાર્યા. કેશર, ચંદન ચર્ચી પૂજા કરતા હવા. નાના પ્રકારના પુષ્પના હાર, ગજરા અને બાજુબંધ ધારણ કરાવતા હતા. સોનાની કિનખાબની ડગલી પહેરાવી, માથે પાઘ બંધાવી. સોનેરી શેલું ઓઢાડ્યું ને પાંચસો રૂપિયાનો દોરો પહેરાવ્યો. હાથમાં કડાં અને પાંચસો રૂપિયા રોકડા આપ્યા. સાધુ, બ્રહ્મચારી તથા પાર્ષદની ચંદન પુષ્પથી પૂજા કરી, ધોતિયાં ઓઢાડી સાધુ પાસે કીર્તન ગવડાવ્યાં.

સંધ્યા આરતીનો વખત થયો એટલે આરતી, ધૂન પણ એમના ઘેર કરી મહારાજ મંદિરમાં પધાર્યા. પછી વહુજી મહારાજને પોતાના ઘેર પધરાવ્યા ને રૂપિયા પાંચસો મૂકી પૂજા કરી. એવી રીતે બે હજાર રૂપિયાની ભેટ કરી.

ગામના કેટલાક લોકો બોલ્યા જે, રણછોડભાઈ તો ગાંડા થઈ ગયા છે તે દશ હજારની ખોટ ગઈ છે ને કોઈને એક પૈસો આપવાની શક્તિ નથી ને આ બે હજારની પધરામણી કરી, છોકરાંને ભીખ માગતા કર્યા. સ્વામિનારાયણ આવી ખર્ચો પૂરશે તે જોઈશું. એમ કુસંગીઓ બોલવા લાગ્યા. ગામ આખું હિલોળે ચડ્યું જે આ તો બધુ ઠીક પણ રણછોડે આવા ખરાબ દેશકાળમાં મહારાજની સેવા કરી તે બહુ મોટું કામ કર્યું.

એવી રીતે જેને જેમ ફાવે તેમ બોલવા લાગ્યા. એટલામાં

રણછોડ ભક્તે મુંબઈમાં રૂનાં ધોકણાં મોકલ્યાં હતાં તેનો ભાવ એકદમ વધ્યો તે રૂના વેચાણનાં નાણાં ઘણાં આવ્યાં. ટપાલથી ખબર પડી જે ખોટ મટી ગઈ છે ને ત્રીસ હજારનો વધારો થયો છે. માણસોને ખબર પડી જે ભગવાન સ્વામિનારાયણે પરચો પૂર્યો ખરો. માણસે સત્કાર કર્યો હોય તે ખાલી નથી જતું. તે આ તો ભગવાનના પુત્ર છે. એમને આપ્યું હોય તેનું અનંત ઘણું પુણ્ય થાય છે. એમ સૌ ગામ લોકોને લાગ્યું.

રણછોડ તો મહારાજને પગે લાગી કહે જે, "મારા ઘેર ફરી વાર પધરામણી આવો તો સૌને આનંદ ઉત્સવ થાય. રૂપિયા જે આવ્યા છે તે તમારા ભાગ્યના છે. મારા ભાગ્યના નથી." એમ મહારાજને કહ્યું.

મહારાજ બોલ્યા જે, "એ તો તમારા ભાગ્યના ભગવાને આપ્યા છે તે સુખેથી વાપરો અને ભજન કરો.

ઉત્તમાનંદ સ્વામીને તેમણે કહ્યું જે, "મહારાજ મારે ઘેર પધારે." ત્યારે સ્વામીએ ના પાડી કહ્યું જે, "ભક્ત! તમે તો ઘણી સેવા કરી છે." પછી ફરી વાર પધરામણી કરાવી ત્યારે એકસો રૂપિયા મૂક્યા. એવા કપરા દેશકાળમાં પણ મહારાજની સેવા કરી રાજી કર્યા. એવા જે અયોધ્યાપ્રસાદજી મહારાજના મહિમાનો પાર આવે એમ નથી. એ તો ભગવાનના પુત્ર છે, તેમની શી વાત!

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે અઠ્ઠાણુમો વિશ્રામ.

## વિશ્રામ ૯૯

એક સમયે શ્રીજીમહારાજ બે દેશના ભાગ પાડતા હતા. તે સરખે ભાગે મંદિર નાખતા હતા. ત્યારે મંદિર નાનાં-મોટાં થવા

લાગ્યાં. ભાગ વહેંચનારને નાનાં-મોટાં થાય તેથી વહેંચતા ન ફાવ્યું એટલે કહ્યું જે, "મહારાજ! તમે વહેંચી આપો તો ઠીક."

શ્રીજીમહારાજ કહેઃ "એમાં મૂંઝાઓ છો શું?" એમ કહી પોતે ધાવા કરવા માંડ્યા તે મુંબઈ ને કરાંચીનો ધાવો, માંડવી ને બુરાનપુરનો ધાવો, વડનગર ને માણાવદરનો ધાવો, જૂનાગઢ ને ભૂજનો ધાવો, ગોંડળ ને ચરાડવાનો ધાવો, ગઢડા ને મુળીનો ધાવો, ધોલેરા ને અમદાવાદનો ધાવો, વડોદરા ને ઇડરનો ધાવો, ભરૂચ ને સિદ્ધપુરનો ધાવો, સુરત ને પ્રાંતિજનો ધાવો, ખંભાત ને માણસાનો ધાવો ને ઉત્તર વિભાગમાં છપૈયા એવી રીતે શ્રીજીમહારાજે ધાવા કર્યા.

તે જોઈ એમ થયું જે શ્રીજીમહારાજ આ શું કહે છે. એ સાંભળી એકબીજા સામું જોવા માંડ્યું. મહારાજ બોલ્યા જે, "સામું શું જુઓ છો?"

ત્યારે મુળજી શેઠે કહ્યુંઃ "આ જે ધાવા કર્યા એમાં કોઈ જગ્યાએ મંદિર છે ને કોઈ જગ્યાએ નથી; તે માટે એકબીજા સામું જુએ છે."

મહારાજ કહેઃ "છે તો બધું પણ તમે જોઈ શકતા નથી."

ત્યારે મુળજી શેઠ કહેઃ "આ તો વહેંચણીનું કામ છે. માટે સૌ જુએ અને સર્વના મનનો સંશય મટે એમ કરો."

ત્યારે શ્રીજી કહેઃ "મારા સામું જુઓ." પછી સર્વેએ છવ્વીશ ધામોનાં દર્શન કરી, જન્મસ્થાન છપૈયા જોઈ બહુ આનંદ પામ્યા. ને સૌનો સંશય હતો તે મટી ગયો ને નિવૃત્તિ પામ્યા. સર્વને થયું જે, જે રીતે કર્યું તે ઠીક કર્યું છે. આવો પ્રતાપ જોઈ અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ એ બંને મનમાં એમ જાણતા હતા. શ્રીજીમહારાજને તો બંને બરોબર છે.

તેમાં અયોધ્યાપ્રસાદજી મહારાજને નરનારાયણનો દેશ આવ્યો અને એમ વિચાર થયો જે આ મંદિર પૂરું કરવાને લાખો રૂપિયાનો ખર્ચ થશે. તે કેમ થશે? એમ વિચાર કરે છે ત્યાં શ્રીજીમહારાજ પોતે આવ્યા ને કહ્યું જે, "તમારે સૂઝે એટલા રૂપિયા વાપરજો તેમાં કોઈ દિવસ ખોટ નહિ આવે." પછી લાખો રૂપિયા વાપર્યા ને મંદિર કરાવ્યું ને કરોડોની આબરૂ વધારી. એવા સમર્થ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના મહિમાનો પાર આવે એમ નથી. તેમને શ્રીજી વિના બીજો વહેવાર નહોતો.

તેમને ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજને વિષે વૃત્તિ રહેતી. તે ધ્યાન ભજન કરતા અને કાવ્યો કરતા તો પણ એમ ને એમ મૂર્તિમાં જ રહેતા. શ્રીજીમહારાજ પાસે આવ્યા ત્યાંથી જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણે અવસ્થામાં શ્રીજીની મૂર્તિને તેજના સમૂહમાં દેખતા તેવા સ્થિતિવાળા હતા. એક સમે બાવન દિવસ સુધી સમાધિમાં રહ્યા ને અન્ન પાણી પણ ન લીધું.

તે સમે શુકમુનિ અને ગુણાતીતાનંદ સ્વામી આવ્યા ને પ્રાર્થના કરી જે, "મહારાજ! તમે અન્ન નથી લેતા તેથી સર્વ સાધુ, બ્રહ્મચારી ઉદાસ રહે છે. તો થોડું અન્ન લ્યો." એમ પ્રાર્થના કરી.

ત્યારે મહારાજ બોલ્યા જે, "હું તો શ્રીજી પાસે થાળ જમું છું." એમ કહી પાછી અંતર્દૃષ્ટિ કરી, મૂર્તિમાં જોડાઈ ગયા. એવી રીતે બાવન દિવસ પૂરા થયા.

આરતી થયા પછી સમાધિમાંથી ઊઠી કહ્યું જે, "ભોમાનંદ સ્વામી ક્યાં છે?" એમ કહી સૌને સંભાર્યા ને કહ્યુંઃ "સર્વે સાધુને બોલાવો અને આ દેશ તથા વડતાલ દેશમાં રસોઈ કરે, એમ પત્ર લખો. પછી મંદિરમાં સૌને રસોઈ કરાવી, સાધુનાં દર્શન કરી, અન્ન-જળ લીધું.

એવી રીતે સાધુનું માહાત્મ્ય જાણી ભગવાનના ઉત્સવોમાં પોતે સેવા કરતા. ફૂલમંડળી હોય તો હિંડોળામાં સેવા કરતા, પારણામાં ઝુલાવતા અને ગાવણું કરતાં અર્ધી રાત્રી થઈ જતી. પ્રેમે સહિત ભક્તિ કરતા. નિત્ય નવા નવા કીર્તન કરી ગાતા. પ્રભાતમાં ઊઠી પ્રભાતિયાં બોલતા. વહેલા ઊઠી વચનામૃત વાંચતા. સવારે સભામાં વાતો કરતા. સર્વ સાધુ તથા બ્રહ્મચારીને ઉપદેશ વચન કહેતા. જેવી રીતે શ્રીજીમહારાજ પ્રત્યક્ષ મનુષ્યરૂપે બિરાજતા ને સમાસ થતો હતો તેવો સમાસ અને આનંદ થતો.

પ્રેમભક્તિએ કરી હજારો રૂપિયાનું ખર્ચ કરતા. અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે માણસોનાં મન ખેંચાતાં હતાં. શ્રીહરિની સેવામાં અને તેમની સેવામાં કાંઈ ફેર નથી, એમ જાણી ઘણા પ્રેમીજનોએ હજારો રૂપિયાનો શિરપાવ, હાથી, ઘોડા અને ઘોડાગાડી, બળદની જોડી તથા ઘણાક માણસો તો શેલાં, પાઘડીઓ, સોનાનો દોરો, હીરા, કંઠી, સોનાનાં કડાં, દુશાલ એવા ઘણા પદાર્થ લઈ આચાર્ય મહારાજની પૂજા કરતા.

કેટલાક પુષ્પહાર, તોરા, પુષ્પની પોંચી, કડાં, પુષ્પની પછેડી, ટોપી એવી રીતે પુષ્પના શણગારમાં ગરકાવ થયેલા તેઓશ્રીને જોઈને આનંદ પામતા હતા. એવા જે આ અયોધ્યાપ્રસાદજી મહારાજના મહિમાનો પાર આવે એમ નથી. જેને એક વાર દર્શન કર્યાં હોય તે પણ નહિ ભૂલે. એમનાં દર્શનનું ફળ તો જેવું શ્રીજીમહારાજનાં દર્શનનું ફળ તેવું જ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનાં દર્શને કરી ત્રિવિધ તાપની નિવૃત્તિ થતી હતી. એવો એમનો ચમત્કાર હતો તેમાં કંઈ સંશય નથી.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે નવ્વાણુમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૦

નિર્દોષાનંદ સ્વામી વાંકાનેરમાં મંદિર કરાવતા હતા. તે સમે ગામના સુતારે ઉપાધિ કરી જે મંદિરમાં પર ગામના સુતારો કામ કરે છે, તેઓને વેઠ કર્યા વગર કામ નહિ કરવા દઈએ. એવી રાજ સાહેબ આગળ ફરિયાદ કરી. સુતારનું કામ બંધ કરાવ્યું. સ્વામીશ્રી રાજ સાહેબ પાસે ગયા, પણ તેઓશ્રી તો સ્વામીની સામે આવ્યા ને કહ્યું જે, "સ્વામી! આપે તસ્દી કેમ લીધી?"

સ્વામી બોલ્યા જે, "અમે સુતાર સારુ આવ્યા છીએ."

તેઓએ સ્વામીની પધરામણી કરાવી. રાજ સાહેબે સુતારને કહેવડાવ્યું જે, "સ્વામિનારાયણના મંદિરનો વાંધો ન ઉઠાવવો." એમ રાજ સાહેબે કહ્યું છે.

ત્યારે સુતાર કહેઃ "વાસગણું ભાંગીએ પણ મંદિરના સુતારની વેઠ લીધા વિના રહેવું નથી." એમ કહી ઘેર ગયા.

ત્યારે સ્વામીને હરિભક્તોએ આવી કહ્યું જે, "ઉપાધિ કરશે ને તે કહે છે જે કાં તો ગામમાંથી જાઉં, કાં તો મંદિરનું કામ બંધ કરાવું."

ત્યારે સ્વામી કહે ભલે. પછી તે દિવસે સુતાર માંદો પડ્યો, તે પગ પણ ન ચાલે. હાથ ચાલે નહિ. અશક્તિ થઈ ને છ માસ માંદો રહ્યો. તે મંદિરનું કામ ચાલ્યું ત્યાં સુધી માંદો રહ્યો.

રાજ સાહેબ અને વાણિયા આ જોઈ આશ્ચર્ય પામ્યા અને એમ જાણતા જે સ્વામિનારાયણના સાધુ બહુ સમર્થ છે.

નિર્દોષાનંદ સ્વામીના મહિમાનો પાર આવે એમ નથી. એમનો મહિમા તો અમે સંપૂર્ણ જાણીએ છીએ. એમનું સામર્થ્ય જેણે જોયું છે તે જાણે છે. વર કે શાપ આપે તો

તરત લાગે. એમ ઘણી વખત જોયું છે.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકસોમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૧

નિર્દોષાનંદ સ્વામી ગામ જોડિયામાં મંદિર કરાવતા હતા. એક અમલદારે આવી મંદિરનું કામ બંધ કરાવ્યું અને કહ્યું જે, "કાલે રાજકોટ આવવું પડશે ને નહિ આવો તો બાંધીને નગર મોકલવા પડશે. માટે દશ વાગે કાલે હાજર થજો." એમ કહીને ગયો.

સ્વામી તો માનસી પૂજા કરતા હતા. માનસી પૂજામાં શ્રીજીમહારાજે સ્વામીને દર્શન દઈ કહ્યું જે, "કાલે દશ વાગે એ અમલદારને હુકમ આવ્યો છે. તે અમલદારને હાથે-પગે બાંધીને લઈ જવો છે." એમ શ્રીજીએ કહ્યું.

બીજે દિવસે દશ વાગ્યા તે સ્વામીએ તેની ખબર કઢાવી. તે માણસ આવેલ હતું. તેમણે કહ્યું જે, "સ્વામી! એ અમલદારને તો બાંધીને નગર લઈ ગયા છે." એવા અમલદારના હાલ જોઈ બીજો અમલદાર સ્વામી પાસે આવ્યો અને મંદિર કરવાની રજા આપી. આ સાધુ બહુ મોટા છે એમ જાણી રસોઈ આપી પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. તેને સો રૂપિયાનો પગાર હતો, તે બસો રૂપિયાનો પગાર થયો.

એવું મોટાને રાજી કરવાનું ફળ છે. એ વાત જાણી ગામના માણસોને બહુ વિશ્વાસ આવ્યો ને કહ્યું જે, "આ તો બહુ મોટા છે. એને રાજી કરીએ તો સારું થાય." મંદિરનું કામ જ્યાં સુધી ચાલતું હતું ત્યાં સુધી કાંઈ હરકત ન આવી. એમના

મહિમાનો તો પાર આવે એમ નથી.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકસો એકમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૨

એક વખતે નિર્દોષાનંદ સ્વામી ગામ જાયવામાં મંદિરમાં ચોક છે ત્યાં એક બોરડી નીચે બેઠા હતા. તે માથે રૂમાલને કાંટો વળગ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે, "બોરડી તારો સ્વભાવ મેલ્યો નહિ. માટે જા. તારા કાંટા મટીને લય થઈ જશે."

એમ કહ્યું એટલે બોરડી ઉપર એક પણ કાંટો ન મળે! કેળ સુંવાળી હોય એવી સુંવાળી રેશમ જેવી બોરડી થઈ. તેના બોરાં સ્વાદુ થયાં. તે બોરાં મહારાજને જમાડી સ્વામી એમ કહેતા જાય જે આ બોરડીનાં બોર તો જેવા બદ્રિકાશ્રમમાં બોર છે, તેવાં જ સ્વાદુ છે. પછી થોડા દિવસ બોરડી રહી અને ધામમાં ગઈ. એમ બોરડીનો મોક્ષ કર્યો.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકસો બેમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૩

એક સમે ગામ મુળીમાં સભામાં સાંજે હરિભક્તો સર્વે કથા સાંભળતા હતા, તે ઊઠ્યા. તે સમે સદ્‌ગુરુવર્ય દેવાનંદ સ્વામીએ દરજી મુળજીને કહ્યું જે, "તમે રોકાઓ. મારે કાલ ધામમાં જવું છે. તે તમો વિમાન તૈયાર કરો."

ત્યારે મુળજી કહેઃ "સ્વામી! તમો તો સાજા સારા છો.

કાંઈ કસર નથી. તાવ પણ નથી તે આપ કેમ કરી ધામમાં જશો?"

ત્યારે સ્વામી કહેઃ "મારે કાલે પરોઢિયે નક્કી ધામમાં જવું છે." એમ કહ્યું તો પણ તેના માન્યામાં ન આવ્યું. ત્યારે સ્વામી કહેઃ "તમોને વિશ્વાસ ન આવે તો વહેલાં પરોઢિયે ઊઠી તમારા ઘરના ઉમરા સામું જોજો. જો કંકુનો સાથિયો ભાળો તો જાણજો જે સ્વામી ધામમાં ગયા."

પછી બીજે દિવસે વહેલા ઊઠી જોયું તો બારણા પાસે કુમકુમનો સાથિયો ભાળ્યો. એટલે તુરત મંદિરમાં આવ્યા અને સ્વામીના શિષ્યોને પૂછ્યું જે, "સ્વામીને કેમ છે?"

ત્યારે સંતો કહેઃ "સ્વામી તો પરોઢિયે પાંચ વાગ્યે સિદ્ધાસન વાળી, બેસી, શ્રીજીનું ધ્યાન કરી મૂર્તિમાં જોડાઈ ગયા."

તે સમે તેજના સમૂહમાં શ્રીજીમહારાજ તથા અનંત મુક્તનાં દર્શન ઘણાંકને થયા અને સ્વામીએ દેહત્યાગ કર્યો. શ્રીજીમહારાજ તથા અનંત મુક્તો તેડવા આવેલ તેમની સાથે ધામમાં પધાર્યા.

હવે તમો વિમાન કરો. પછી વિમાન કરી માંહી સ્વામીને પધરાવી વાજતે-ગાજતે વાડીએ અગ્નિ સંસ્કાર કરવા સર્વે ગયા. તેમ સ્વામીએ સ્વતંત્રપણે સંવત ૧૯૧૦ની સાલમાં દેહોત્સવ કર્યો.

ઈતિ શ્રી તદ્રૂપાનંદ મુનિ બ્રહ્મચારી કરુણાનંદ સંવાદે એકસો ત્રણમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૪

એક સમે ચુડાના શિવા શુક્લનો દીકરો લીલાધર માંદો થયો. તેને જમ તેડવા આવ્યા, ત્યારે તેણે કહ્યું જે, "આ

જમ મને લેવા આવ્યા છે. તે લઈ જશે." પોતાના બાપના બાપ એટલે કે દાદા દામોદર શુકલ મહારાજને મળેલા તે પાસે હતા તેથી જમ હતા તે દૂર ગયા. પછી દામોદર શુકલે તેને વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી તેથી જમ નાસી ગયા અને સાધુ તેડવા આવ્યા.

મહારાજના મુક્તનું સામર્થ્ય જોઈ બ્રહ્મચારી ઈશ્વરાનંદને વૈરાગ્ય થયો જે આ સંસારમાં તો કાંઈ સુખ નથી. ભગવાન ભજવામાં સુખ છે. એમ જાણી બ્રહ્મચારી ઈશ્વરાનંદને પરણવાને આઠ દિવસ બાકી હતા ને લગ્ન માંડી વાળ્યાં અને બ્રહ્મચારી થયા.

બ્રહ્મચારી આનંદાનંદ ધોળે લૂગડે હતા. તે ઠાકોરજીની સેવા કરતા હતા. તે સમે માંદા પડ્યા અને વીશ વીશ દિવસની લાંઘણ થઈ, મનમાં સંકલ્પ થયો જે હું હવે મરી જઈશ પણ બ્રહ્મચારી ન થવાયું.

જ્યારે કોગળિયું થયું હતું ત્યારે મારા માતુશ્રીએ પ્રતિજ્ઞા લીધેલી જે આ કોગળિયામાંથી બચે તો બ્રહ્મચારી કરવો છે. તે ડોશી મરી ગયા ને મારા મોટાભાઈ ઈશ્વરાનંદ તે પણ ધામમાં ગયા અને મારાથી બ્રહ્મચારી ન થવાયું. તેવામાં મહારાજશ્રી કેશવપ્રસાદજી મુળીએ આવ્યા. તેમણે કહ્યું જે, "આને બ્રહ્મચારી કરો."

તેવામાં વિચાર થયો જે હવે બ્રહ્મચારી થયા પહેલાં દેહ પડી જશે તો? તે સમે શ્રીજીમહારાજે દર્શન આપ્યાં અને કહે: "તમને બ્રહ્મચારી કરીએ." એમ કહી કહ્યું જે, "હવે સાજા થશો. તમારું નામ આનંદાનંદ." તે જ દિવસે કેશવપ્રસાદજી મહારાજે તેમને બ્રહ્મચારી કરી આનંદાનંદ નામ પાડ્યું અને કહે: "યોગ સારો રાખજો નબળા યોગે સારું ન રહે. ગોરધનભાઈ જેવા સમાધિનિષ્ઠને પણ ભય છે તેમ શ્રીજીમહારાજે કહ્યું છે."

ઈતિ શ્રી બ્રહ્મચારી કરુણાનંદ કથિત એકસો ચારમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૫

એક સમે શાસ્ત્રી બાલમુકુંદાનંદ સ્વામી શરીરે બહુ માંદા હતા ને સનેપાત થયો હતો તે દેહ રહે તેમ નહોતું. મહારાજ તેડવા આવ્યા. તેઓ કહે જે, "આ હજારો મુક્તો છે અને આ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુકુંદાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, આદિ સર્વે આવ્યા છે.

ત્યારે કરુણાનંદ બ્રહ્મચારીએ પૂછ્યું જે, "તમે એ સર્વેને ઓળખો છો?"

ત્યારે બાલમુકુંદાનંદ બ્રહ્મચારી કહેઃ "ઓળખું છું."

ત્યારે કરુણાનંદ બ્રહ્મચારી કહેઃ "મને તેડી જશે?"

તેઓ કહેઃ "એ તો એમની મરજી હોય તેમ કરે."

કરુણાનંદ બ્રહ્મચારી કહેઃ "સત્સંગના પૈસા ખરચીને અભ્યાસ કર્યો અને સત્સંગને અર્થે ઉપકાર કર્યા વિના જશો તો શ્રીજીના દેણિયાત રહેશો."

બાલમુકુંદ કહેઃ "એમની મરજી હોય તેમ કરે." આમ સંવાદ થાય છે ત્યાં મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી! હાલમાં સત્સંગમાં સર્વે સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદ માળા ફેરવે છે અને કહે છે જે હમણાં શાસ્ત્રીને મહારાજ રાખે તો ઠીક! તે હમણાં નહિ તેડી જઈએ." એમ કહ્યું, પછી મહારાજે શાસ્ત્રીને રાખ્યા.

તે સંવાદ કરુણાનંદ સ્વામીએ સાંભળ્યો અને શાસ્ત્રી શરીરે સારા થયા. તે સત્સંગમાં બહુ ઉપદેશ કરે છે અને જ્યાં જાય ત્યાં સમાસ થાય છે.

ઇતિ શ્રી બ્રહ્મચારી કરુણાનંદ કથિત એકસો પાંચમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૬

એક સમે પૂર્ણાનંદ સ્વામીને દેહ મૂકવાનો સમય થયો, તેથી બ્રહ્મચારી દિલગીર થયા અને કહ્યું જે, "સ્વામી! તમે તો ધામમાં ચાલ્યા તો મારા શા હાલ થશે? અને મારી પ્રકૃતિ આકરી છે." એમ લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારીએ સ્વામીને કહ્યું.

મહારાજે તેમને કહ્યું જે, "એને દેહને વિષે આસક્તિ છે. ઉધરસ અને તાવ આવે છે, તેથી આજથી આઠમે મહિને તેડી જઈશું." એમ કહ્યું એટલે બ્રહ્મચારી રાજી થયા.

માળા, ભજન, ભગવાનની ભક્તિ અને મૂર્તિ તેઓએ ધારવા માંડી, શરીરમાં ઉધરસ અને તાવ આવવા લાગ્યો. ગળફા છૂટવા માંડ્યા અને આ દેહ તો ભૂંડો છે, એવો દેહનો અભાવ આવ્યો. આઠ મહિનામાં આઠ દિવસ બાકી રહ્યા ત્યારે મહારાજે દર્શન આપ્યાં અને કહ્યું જે, "આઠ દિવસ પછી દેહ મુકાવી ધામમાં તેડી જશું." તે સમયે બ્રહ્મચારી નિષ્કામાનંદજી અમદાવાદ હતા. તેમને તેડાવ્યા અને કહ્યું જે, "હવે દેહનો ત્યાગ કરી ભગવાનના ધામમાં જાઉં છું."

ત્યારે બ્રહ્મચારી કરુણાનંદ કહેઃ "ધામમાં જવું છે તે શું આપણા હાથમાં છે?"

પૂર્ણાનંદ સ્વામી બોલ્યા જે, "હવે તો હાથમાં છે, કેમ જે મહારાજે આવી કહ્યું છે કેઃ "કાલે રાત્રે બાર વાગ્યે દેહ મેલાવવો છે." માટે જવ, તલ, ગાયનું છાણ, દર્ભની સળી તથા નારાયણ સરોવરનું જળ તૈયાર કરજો."

બીજો દિવસ થયો, નવરાવ્યા અને પૂછ્યું જે, "કાંઈ જમશો?"

ત્યારે કહેઃ "હવે નથી જમવું."

નિષ્કામાનંદ બ્રહ્મચારી કહેઃ "એમ લાંઘણ કરી દેહ ન મુકાય એ તો ખાધા વગર ન ચાલે. દેહ તો પડવાનો હશે ત્યારે પડશે."

ત્યારે સ્વામી કહેઃ "તમારે જમાડવાની તાણ બહુ હોય તો લાવો શેરેશેર ઘીનો શીરો ખાઈશ.

પછી શીરો કરીને ખવડાવ્યો તે સમે કહ્યું જે, "આજે દેહ જરૂર મેલવો છે. તે ખબરદાર રહેજો, મને શ્વાસ નહિ થાય!" એમ વાત કરીને પૂછ્યુંઃ "કેટલા વાગ્યા?"

ત્યારે કહ્યુંઃ "અગિયાર વાગ્યા."

તે સમે સ. ગુ. શ્રી નિલકંઠ બ્રહ્મચારી તથા સ. ગુ. શ્રી નિર્ગુણાનંદ બ્રહ્મચારી જેણે ખટરસનાં વર્તમાન પાળ્યાં છે અને કોઈ દિવસ અનાજમાં મીઠું પણ ખાતા નહિ તેઓ આવ્યા. તેમને સ્વામી કહેઃ "હું ધામમાં જાઉં છું." એમ કહે છે એટલામાં બાર વાગ્યા તે દેહ મૂકીને અક્ષરધામમાં ગયા.

ઈતિ શ્રી બ્રહ્મચારી કરુણાનંદ કથિત એકસો છમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૭

બ્રહ્મચારી લક્ષ્મીનારાયણ સ્વામી રાત્રે સૂતા હતા. તે સમે મહારાજ આવ્યા અને દર્શન આપી કહ્યુંઃ "અમે રામકૃષ્ણ મહેતાને ધામમાં તેડી જઈએ છીએ." રામકૃષ્ણ મહેતાને તેડી લાવ્યા. તેમને વિમાનમાં બેઠેલા જોયા અને ધામમાં લઈ ગયા.

તેમની પાસે કરુણાનંદ બ્રહ્મચારી સૂતા હતા. તેઓને ઉઠાડી કહે જે, "તમારે સ્નાન છે માટે પથારીથી દૂર બેસો." એમ કહી આસનથી દૂર બેસાડ્યા. સવાર થઈને દરવાજો ઉઘાડ્યો. માણસે આવી કહ્યું જે, "બ્રહ્મચારી કરુણાનંદને નવડાવજો."

ઈતિ શ્રી બ્રહ્મચારી કરુણાનંદ કથિત એકસો સાતમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૮

એક સમે બ્રહ્મચારી લક્ષ્મીનારાયણાનંદ સ્વામીએ વાતો કરી તેથી સત્સંગ કર્યો એવા રવાભાઈ નામે ગોદાવરી ગામના ગરાસિયાને જ્યારથી સત્સંગ થયો ત્યારથી વરસોવરસ રસોઈ આપતા અને ધોતિયાં ઓઢાડતા. તેમની ઉપર લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારી રાજી થઈ બોલ્યા જે, "માગો!" ત્યારે રવોજીભાઈ કહેઃ "અંતકાળે તેડવા આવજો." સ્વામી કહેઃ "એ તો શ્રીજીનો આપેલ વર છે."

લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારી માંદા થયા, દેહ મેલવો હતો ત્યારે કહ્યું જે, "રવાભાઈ ક્યાં છે?" ત્યારે કહેઃ "રવાભાઈ કારોલ ગયા છે." ત્યારે બ્રહ્મચારી કહે જે, "તે પણ મારી સાથે ધામમાં આવે છે." પછી વળી કહ્યુંઃ "આ વાસુદેવાનંદ સ્વામી અને શ્રીજીમહારાજ આવ્યા છે, તે રવાભાઈને તેડવા માટે કારોલ જાય છે."

જે દિવસે રવાભાઈએ દેહ મૂક્યો તે દિવસે રાત્રે તે સ્વામી પણ સાજા, સારા અને શરીરે કંઈ પણ મંદવાડ નહિ ને તરત દેહ મૂક્યો. કારોલના વાળંદને દર્શન થયાં અને ડાહ્યા વાણિયાને પણ દર્શન થયાં અને એમ જાણ્યું જે મુળીથી લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારી આવ્યા તે રવાભાઈને ધામમાં તેડી ગયા. એવી રીતે એમનો વર રાખવા સારુ એક રાત્રે દેહ મૂક્યો.

ઇતિ શ્રી બ્રહ્મચારી કરુણાનંદ કથિત એકસો આઠમો વિશ્રામ.

## વિશ્રામ ૧૦૯

એક સમે લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારી ઓસરીમાં સૂતા હતા. અર્ધી રાત ગઈ ને એમને મહારાજનાં દર્શન થયાં. તે સૂતા હતા

તે બેઠા થઈ પૂછ્યું જે, "મહારાજ! ક્યાં પધારો છો?"

મહારાજ કહેઃ "નડિયાદનાં ડોશીને તેડવા જવું છે." બ્રહ્મચારીએ રામપરાના એક બ્રાહ્મણ છગનભાઈને જગાડી કહ્યું જે, "જાવ, સામેની ધર્મશાળામાં બાઈઓમાં કોણ માંદુ છે?" બ્રાહ્મણ ખબર કાઢવા ત્યાં ગયા તો નડિયાદનાં ડોશી બોલ્યાં જે, "આ વખતે મારી દીકરીએ દેહ મૂક્યો."

ખેડાવાળા બ્રાહ્મણની દીકરીનો પતિ રાજકોટમાં કોગળિયાથી મરણ પામ્યો હતો. તેનો સરસામાન સંભાળવા જતી હતી. તે સત્સંગી ન હતી, પણ મુળી દર્શન કરવા ઊતરી તે આચાર્ય મહારાજ શ્રી કેશવપ્રસાદજી મહારાજના ઘરના ગાદીવાળાના હાથથી વર્તમાન ધરાવ્યા. માથું મુંડાવી પૂજા લીધી. પાંચ દિવસ વહુજી મહારાજનો સમાગમ થયો. રાધાકૃષ્ણ તથા હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરતાં. તે સમે મૂર્તિ અંતરમાં ઉતારતાં અને તે જ દિવસે રાત્રે દેહ મૂક્યો.

તે દિવસ ભીમ એકાદશીની રાત્રે ઉત્સવના ધામધૂમ સહિત દર્શન કર્યાં અને દશ વાગ્યા સુધી તેઓ ઠાકોરજી પાસે મંદિર ઉપર હતાં. વહુજી મહારાજ નીચે ઊતર્યાં ને તરત જ વહુજી મહારાજને અને બીજી ત્રણ બાઈઓને દર્શન આપી સહજાનંદ સ્વામી તેમને પોતાના ધામમાં લઈ ગયા.

ઈતિ શ્રી બ્રહ્મચારી કરુણાનંદ કથિત એકસો નવમો વિશ્રામ.

## વિશ્રામ ૧૧૦

એક સમે મુળીમાં લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારી સૂતા હતા. તે સમે મહારાજ આવ્યા અને બ્રહ્મચારીને ઉઠાડી કહેઃ "કેમ સૂઈ રહ્યા છો?" પછી તે બેઠા થયા. મહારાજનાં દર્શન કરી કહ્યું:

"શું આજ્ઞા છે? ક્યાં જાવ છો?" શ્રીજીમહારાજ બોલ્યાં: "નારાયણજીને તેડવા જઈએ છીએ." બ્રહ્મચારી કહે: "એ તો અમારા સંબંધી છે." મહારાજ કહે: "એટલા માટે તો તમને જગાડ્યા છે." એમ કહી મહારાજ ચાલ્યા અને બ્રહ્મચારી આસનથી નીચે બેઠા.

મહારાજ જાનીને તેડી લાવ્યા. તે પોતે જોયા. કાળુભાઈ આવ્યા અને એમને બ્રહ્મચારીએ કહ્યું જે, "નારાયણજી જાનીએ દેહ મૂક્યો." પરમાર કાળુભાઈએ મનમાં વિચાર કર્યો કે હજુ ગામમાંથી કોઈ આવ્યું નથી અને મંદિરનો દરવાજો પણ ઉઘડ્યો નથી તે સ્વામીને કેમ ખબર પડી હશે? તેમણે બ્રહ્મચારીને પૂછ્યું: "આપને કેવી રીતે ખબર પડી?" બ્રહ્મચારી કહે: "આ વખતે મહારાજ તેડી ગયા. તે મે નજરે જોયા અને તેથી પોતે લૂગડાંથી દૂર રહ્યા."

ઇતિ શ્રી બ્રહ્મચારી કરુણાનંદ કથિત એકસો દશમો વિશ્રામ.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવાએકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.